દરેક પ્રસંગે

દવેની

મીઠાઇઓ

શુભ શુકનવંતી જ
મનાય છે કારણ કે તે
શુદ્ધતાની ખાત્રી આપે છે

'દવે'ના સ્પેશ્યલ

શ્રીખંડ

ખાવો અને ખવડાવવો
એ એક ઉમદા કાર્ય છે

સુકા-લીલા દરેક પ્રકારના

હલવાઓ

'દવે'ની સ્પેશ્યાલીટી છે

દવે સ્વીટ માર્ટ

★ ડી'સીલ્વા રોડ, દાદર (W. R.) મુંબઇ-૨૮ ટે. નં. ૪૫૫૬૨૬
★ નોવેલ્ટી સિનેમા સામે-ગ્રાન્ટ રોડ, મુંબઇ-૭ ટે. નં. ૩૫૩૪૭૦

યુવાનીમાં કે વૃદ્ધાવસ્થામાં, માંદગીના અંગે કે બીજા કોઈ કારણોસર શકિતનો વ્યય થતાં શરીરનો ઉત્સાહ, યુવાનીનું જોમ ઘટી જવું, યુવાનીમાં કે વૃદ્ધાવસ્થામાં કોઈ પણ કારણના અંગે શિથિલતા જણાતી હોય, શરીરનો ઉત્સાહ અને જોમ ઘટી ગયું હોય, ખરે વખતે નિરાશા અનુભવતાં હો, વારંવાર કોઈ પણ કામમાં થાક જણાતો હોય, ત્યારે નવું લોહી, નવી તાકાત, સ્ફુર્તિ અને નવું યૌવન પ્રાપ્ત કરવા વિચારો ત્યારે યાદ રાખો.

શહેનશાહી યાકુતી

(રજીસ્ટર્ડ)

કિમતી ઔષધો મેળવી આ પીલ્સ તૈયાર કરી તેનાં ઉપર સોનાના વરખનું પડ ચડાવવામાં આવે છે. જેનાથી શકિતની ક્ષીણતા, લોહીની ઓછપ, મનની નબળાઈ, થાક, રોજિંદી પ્રવૃત્તિની મંદતા વગેરે દર્દોમાં રાહત આપે છે. યુવાનો અને વૃદ્ધોને એક સરખી ઉપયોગી છે. દરેકમાં ટ. પે. ટેક્સ અલગ.

કિમતી ગોળી ૪૦ રૂ. ૧૫/-, સ્પેશ્યલ સ્ટ્રોંગ તેજ બનાવટ ગોળી ૪૦ના રૂ. ૩૦/-

ભી. તી. ઓઈલ તીલ્લા કિંમત પૂરો કોર્સ રૂ. ૧૫/-, સ્પેશ્યલ સ્ટ્રોંગ તેજ બનાવટ પૂરો કોર્સ રૂ. ૩૦/-

જામનગરના પ્રખ્યાત અત્તરો

નીચેના ભાવ એક તોલાના છે:

બકુલ નં. ૧ રૂ. ૧૫), લવમી રૂ. ૨૦), જામનગરી ડોલર રૂ. ૧૨) ગુલાબ રૂ. ૧૬), ગ્રીન બકુલ રૂ. ૯), કેવડા રૂ. ૬), રજવાડી બકુલ નં. ૧ રૂ. ૪૦), [illegible] રાજ રૂ. ૧૦૦), માયલવ રૂ. ૧૦૦), ગાર્ડનીયા રૂ. ૬૦.

બે આની અને ૦।। તોલાના આકર્ષક પેકીંગમાં મોકલાય છે.

અત્તરોમાં ટ. પે. ટેક્સ અલગ લેવાય છે.

દરેક રૂ. ૩૦) ઉપરના ઓર્ડરમાં ૨।। ટકા કમિશન કાપી અપાય છે.

વૈદ્ય બી. રાણપુરી એન્ડ સન્સ
બધન ચોક, પો. બો. નં. ૧૧૩
જામનગર
પીન કોડ નં. ૩૬૧૦૦૧
(ગુજરાત)









આજની આધુનિક દુનિયામાં એલ્યુમિનિયમનો વપરાશ વધતો જાય છે. આ માટે આ ધાતુનાં કેટલાંક મૂળભૂત કારણો જવાબદાર છે. જેવાં કે:–

(૧) હલકું વજન (૨) આકર્ષક દેખાવ (૩) સસ્તી કિંમત (૪) તંદુરસ્તી માટે સલામત (૫) ઉષ્ણતાનું ઝડપી વહન (૬) કાટ ન લાગવો (૭) સહેલાઈથી પ્રાપ્ત.

ક્રાઉન

PURE ALUMINIUM
CROWN

બ્રાન્ડ



આવી આ ગુણિયલ ધાતુમાંથી બનાવેલ 'ક્રાઉન' બ્રાન્ડ એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝ્ડ વસ્તુઓ એક વિશેષ ગુણ ધરાવે છે. અને તે તેની બનાવટ પાછળનો વરસોનો અતિ સમૃદ્ધ અનુભવ.

અરધી સદીથી ય વધુ સમયથી અમે એલ્યુમિનિયમની સર્વ પ્રકારની વસ્તુઓ બનાવવામાં આગળ પડતો ભાગ ભજવી રહ્યા છીએ. વિશાળતર ક્ષેત્રમાં ઉપયોગી એવી અનેક પ્રકારની વસ્તુઓ અમે બનાવીએ છીએ. અમારી વસ્તુઓ સંરક્ષણ ખાતાઓમાં, ઘરોમાં, હોસ્પિટલોમાં અને વિવિધ પ્રકારના ઉદ્યોગોમાં બહુવિધ સેવાઓ આપે છે.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ
• શાખાઓ •
* મુંબઈ–400 020 : પો. બો. નં. ૧૧૦૧૦
* મદ્રાસ–600 001 : પો. બો. નં. ૧૩૮૯
* હૈદરાબાદ–500 029 : પો. બો. નં. ૩૦૨
* દિલ્હી–110 007 : ૨/૩૪, રૂપનગર
* કોચીન–682 011 : મહાત્મા ગાંધી રોડ

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ
ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ :: ૨૩, બ્રેબોર્ન રોડ, કલકત્તા – ૭૦૦ ૦૦૧

મુંબઇ ઓફિસ : લિબર્ટી બિલ્ડિંગ, મરીન લાઈન્સ, મુંબઈ–૪૦૦ ૦૨૦, ટે. નં. [illegible]
એરકંડિશન શો રૂમ : કંસારા ચાલ, કાલબાદેવી રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૨. ટે. નં. [illegible]

All Kinds of
Oils, Oilseeds, Oilcakes, De
Oilcake & Fartilizer Broker,

RASEX TRADERS

Gram : CAKESKING
Phone : 324254
Resi : 338170

109, Masjid Bunder Road,
Bombay-400 003.

Associate:

DIVIJAY ENTERPRISES

Oil Seeds, Oil Cakes & De Oil
Cake Broker & Commission
Agent

118, Bhailal Bhuvan, Keshavaji Naik Road,
BOMBAY - 400 009.

Phone : 338170

T. A. C/o. CAKESKING

ભાવિનાં કિતાબ

શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રીમુખ હજુર

આપના સોનેરી સ્વપ્નો સાકાર કરવા મહાન પ્રભાવશાળી યંત્રો પ્રાપ્ત કરો જ્યારે જ્યોતિષની ગુપ્તિત ચાવીથી ઉઘડી શકે છે. ત્યારે તમે શા માટે આવતી કાલના અંધારની અનિશ્ચિતતામાં અટવાયા કરો છો.

દરેક પ્રકારના જ્યોતિષ ને લગતા કામકાજ માટે નડતા ગ્રહોની શાન્તિ શાસ્ત્રોકત અનુષ્ઠાનો સહિત વિવિધ કાર્યો માટે વિશેષ માર્ગદર્શન મેળવવા માટે.

ધારેલા કાર્યોની સફળતા માટે મહાન પ્રભાવશાળી મંત્રો સહિત સિદ્ધિદાયક [illegible] લાભદાયી અલભ્ય શ્રેય ઈચ્છનાર મેળવી ભાગ્યશાળી બનો.

શ્રીજી કાર્યાલય

શ્રી મોતીલાલજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ

(ભુજપુર–કચ્છ)

૩૪, ખડક સ્ટ્રીટ, ૧ લે માળે, રૂમ નં. ૬૦. સત્કાર પાસે મસ્જીદ બંદર, મુંબઈ–૯

તા. ક. અમારા યંત્રો શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, ગોડીજી ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઈ–૨. થી મળશે.

ભૂલેશ્વરની પ્રખ્યાત........
મુંબઈની બનાવટ.......
સૌરાષ્ટ્રભરમાં વખણાયેલી

"શ્રી લક્ષ્મીદાસ છાપ" ટુકડા બીડી

ધુમ્રપાનનો અધિક આનંદ આપે છે.
જે
પીવામાં લીજજતદાર અને મધુરી છે.

બનાવનાર :

શ્રી મહાલક્ષ્મી સ્નફ ડીપો

૧૯/૮૭, ડૉ. આત્મારામ મરચન્ટ રોડ, ભૂલેશ્વર મુંબઈ–૨

ઘર વપરાશનાં દરેક જાતના વાસણો જેવા કે તાંબા, પિત્તળ, સ્ટેનલેશ સ્ટીલ, હિન્ડાલિયમ, મિલ્ક કુકર, દરેક જાતના પ્રેસર કુકર, રીટા એલ્યુમીનીયમ કીચન સ્ટેન્ડ અને છેલ્લી ઢબનાં વાસણો ક્યાંથી ખરીદશો ?

—ખરીદવાનું ભરોસાપાત્ર મથક—

શા. વૃજલાલ ચુનીલાલની કું.

POPULAR AROMATIC CO
off: 134 Kansara Chawl
opp: Cotton Exchange
Bombay-400 002.
C/o. Tel.: 343928

૧૩૪, કંસારા ચાલ,
કોટન એક્સચેન્જ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૩૪૩૯૨૮

Mfg. of:

Exports quality, Agarbattis, Perfumes, Dhoop & Attars

સમજદાર માબાપ પોતાના બાળકોને લગભગ વિનામૂલ્યે શિક્ષણ આપે છે!

કેવી રીતે તે બેન્ક ઓફ ઇન્ડિયા આપને સમજાવશે.

જુઓ, આપના બાળકના શિક્ષણનો ખર્ચ ભોગવવાનું કેટલું સહેલું છે! તે માટે આપ નાની રકમ બાજુએ મૂકીને તેને બેન્ક ઓફ ઇન્ડિયાની સંપત્તિ ઇન્કમ સર્ટિફિકેટ યોજનામાં જમા કરાવો. તેની ઉપર મળતું માસિક વ્યાજ આપના બાળકની સ્કુલ ફી તેમજ ભણતરને લગતા ઇતર ખર્ચ માટે પૂરતું થઈ રહેશે. બાળકની સ્કુલ ફી વગેરે નિશાળમાં, ચૂકવ્યા વગર અને યાદ દેવડાવ્યા વિના સીધી જમા કરાવતા રહેવાની સ્પષ્ટ સૂચના પણ આપ બેન્કને આપી શકો છો.

અને, અલબત્ત, આપની થાપણ તો મુદત પૂરી થાય ત્યારે ફરીથી રોકાણ કરવા માટે અકબંધ જ રહે છે – આપનું બાળક મોટું થઈ જાય તેની સાથે ભવિષ્યના આધાર રૂપ એ તો આપની મૂડી [illegible].

ઉદાહરણ તરીકે

આપની થાપણ રકમ	આપને મળતું માસિક વ્યાજ		
	૧૨ થી ૩૬ માસ માટે	૩૭ થી ૬૦ માસ માટે	૬૧ માસ અને તેથી વધુ માટે
રૂ.	રૂ. દર મહિને	રૂ. દર મહિને	રૂ. દર મહિને
૨૦૦૦	૧૫.૦૦	૧૯.૦૦	૨૦.૦૦
૩૦૦૦	૨૦.૦૦	૨૨.૦૦	[illegible]
૪૫૦૦	૨૪.૦૦	૨૭.૦૦	[illegible]
૬૦૦૦	૨૫.૨૫	૩૦.૦૦	[illegible]
[illegible]			

ઓછામાં ઓછી થાપણ રૂ. ૧૦૦/- [illegible] છે.

આપની નજીકની બેન્ક ઓફ ઇન્ડિયાની શાખાની મુલાકાતે વધુ વિગત માટે પધારો.

બેન્ક ઓફ ઇન્ડિયા

[illegible]

બેન્ક ઓફ ઇન્ડિયા – [illegible]

CONCEPT.BOI.2614-GUJ

પ્રતિષ્ઠિત સજ્જનોના અભિપ્રાયોનો સંક્ષિપ્ત સાર

પ્રો. ઘનશ્યામ જોષી

જર્મનીના ઉદ્યોગપતિ શ્રી ડબલ્યુ ફીંગલર: તમે કહેલી ચમત્કારિક બાબતોની વાત મેં મારા ઘણા મિત્રોને કરી છે. હસ્તરેખા જોવાની" તમારી વૈજ્ઞાનિક પદ્ધતિ અને વિચારો ખૂબ જ પ્રભાવ પાડનારા અને વિશ્વાસપાત્ર હતા.

સ્વીટઝર્લેન્ડ–ઝુરીચના ઉદ્યોગપતિ શ્રી જોર્જ માલામુડ: 'તમને મળીને અને તમારી મહત્ત્વની દિવ્ય વિદ્યાનો અનુભવ થઈને મને ખૂબ જ આનંદ થયો છે.

મોંબાસા ઓરીએન્ટલ ઈન્સ્યુ. કું.ના મંત્રી શ્રી આર. ડી. દોશી: સંગીત અને બીજી કલાઓ ઉપરાંત તમારું હસ્તરેખા વિજ્ઞાનનું જ્ઞાન ઘણું ચક્કર છે. તમારા કથનો ઘણા ચોક્કસ હતા.

ન્યાયિક વિભાગના પ્રધાન અને બેરિસ્ટર શ્રી એ. બી. પટેલ: (મોંબાસા) 'મને ખૂબ સંતોષ થયો. તમારા કથનો અને નિર્ણયો ખૂબ જ વૈજ્ઞાનિક હતા અને હસ્તરેખા વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ દર્શાવે છે.'

મોંબાસા ટાઈમ્સના તંત્રી શ્રી ડી. સી. ચેકની: તમારી કહેલી બાબતો દેખીતી રીતે જ ચોક્કસ હતી અને તમારું કહેલું ભાવિ કથન પણ એટલું જ ચોક્કસ છે.

હસ્તરેખા વિજ્ઞાનના અગ્રગણ્ય વિદ્વાન શ્રી. ફીરોઝ. નેશનલ બેન્ક ઓફ ઈન્ડિયા નૈરોબી :- મેં જીવનના અનેક વર્ષો આ વિદ્યાનો અભ્યાસ કર્યા પછી હસ્તરેષા વિજ્ઞાનમાં તમારી અદ્‌ભુત વિદ્વતાની હું ભારે પ્રશંસા કરું છું. તમારા કથનો તદન ચોક્કસ હતા અને ભવિષ્યની મુશ્કેલીઓથી સાવચેત રહેવા ઇચ્છનારે તમારું માર્ગદર્શન મેળવ્યા વિના રહેવું જોઈએ નહિ.'

મોંબાસાના બેરિસ્ટર શ્રી ડી. ડી. દોશી :- તમે આ વિષયમાં ખૂબ ઊંડો અભ્યાસ કર્યો છે અને વિશાળ અનુભવ ધરાવો છો.'

ડેપ્યુટી કલેકટર અને મેજીસ્ટ્રેટ શ્રી એમ. જી પરમાર બી. ડી. પી. એ. લંડન-સૂરત :–'મારી મૂળ શંકાઓ વૈજ્ઞાનિક રીતે તેમણે દૂર કરી. તેમનું તૈયાર કરેલું લાઈફ રીડીંગ એક અમૂલ્ય ખજાનો છે. તેમના ઊંડા અભ્યાસે અને વિદ્વત્તાએ મારા પર ખૂબ જ પ્રભાવ પાડ્યો છે. તેમણે કહેલી ઘટનાઓ જેમ બનવા માંડી તેમતેમ તેમના ઉત્તમ જ્ઞાનની સાબિતી મળવા માંડી.'

ફ્રી પ્રેસ જર્નલ, મુંબઈ.– પ્રો. જોષીના રોટરી ક્લબમાં થયેલા પ્રવચનમાં શ્રોતા વર્ગે તીવ્ર રસ ધરાવ્યો હતો અને તેમના જુદા જુદા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.'

ભારત સંગીતરત્ન બા. વસંત અમૃત:–'તેમના નિર્ણયો અને ભાવિકથનો સંપૂર્ણ સાચા અને ચોક્કસ છે. હસ્તરેખા વિજ્ઞાનના તેઓ અજોડ વિદ્વાન છે.

ડૉ. એસ. ઈ. નથ્થુ એલ. ડી. આર. સી. એસ. (ઈંગ્લેંડ) નૈરોબી:–'મારે કહેવું જોઈએ કે તેઓ આ વિજ્ઞાનમાં અજોડ બાક્ષસ ધરાવે છે.

ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ બોરીવલી - મુંબઈ, શ્રી. ચંદ્રકાંત એમ. મહેતા :- 'નાની ઉંમરે તેમણેમેળવેલી અદ્‌ભુત પપ્તિઓથી હું ખૂબ જ ચકિત થઈ ગયો છું કે તેઓ આ જમાનાના પ્રસિદ્ધ હસ્તરેખાના વિદ્વાનોથી ચઢિયાતા છે.

રોટરી ક્લબ પૂના : –'તેમણે હસ્તરેખાના વૈજ્ઞાનિક કારણોની, ભાવિ જોડેના તેના સંબંધોની, હસ્તરેખા, વિજ્ઞાનની જીવનમાં ઉપયોગિતાની, કેટલીક રેખા અને ચિન્હોની વિગતવાર ચર્ચા કરી હતી.

ટાંગાનિકા હેરોલ્ડ : –તા. ૨૬-૨-૪૭ 'પ્રો. જોષીએ "ભગવદ્ ગીતાનુ તત્વજ્ઞાન અને હસ્તરેખા વિજ્ઞાન" પર હિંદુ યુનિયનના આશ્રય અનેક શ્રોતાજનો સમક્ષ પ્રવચન આપ્યું...... શહેરની અગ્રગણ્ય વ્યકિતએ તેમના હસ્તરેખા વિજ્ઞાનની વિદ્વત્તાની પ્રશંસામાં તેમને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો.'

કાળીદાસ કાનજી એન્ડ કંપની, મુમ્બાસા :–'પ્રો. જોષીમાં અમે પ્રભાવશાળી વિદ્વતા જોઈ છે.'

યાર્ન મરચન્ટસ એસોસિયેશન – મુંબઈના સેક્રેટરી શ્રી. ડી. એસ. બોરડિયા બી. એ., એલ એલ. બી. : મારી હસ્તરેખાનો અભ્યાસ કરીને તેમના ભાવિકથનોએ મને તેમણે ખૂબ જ પ્રભાવિત કર્યો છે.

જ્યોતિષ સંસ્થા એસ્ટ્રોલોજીકલ સોસાયટી, ભારતીય વિદ્યા ભવન, મુંબઈ-૭ વિવિધ ગ્રહોનો હસ્તરેખા સાથેનો સંબંધ, વિવિધ રેખાઓની મીમાંસા જ્યોતિષ અને હસ્તરેખાના અન્યોઅન્ય સંબંધ તથા તમારી વકતૃત્વકલાની અમારી સોસાયટી ઊંડી પ્રશંસા કરતા ખૂબ આનંદ અનુભવે છે. આ વિષયના વિદ્યાર્થીઓએ અને બીજા શ્રોતાજનોએ તમારા હસ્તરેખા પરનાં પ્રવચનની ઊંડી કદર અને પ્રસંસા કરી છે.

લીલા એ. શાહ, જી. એ. એલ, એસ. ઈ. (લંડન સિનિયર વેલફેર ઓફિસર) : મોંબાસા 'તેમણે હસ્તરેખાનો અભ્યાસ ખૂબ કર્યો હોય એમ લાગે છે. તેઓ ઘણા સજાગ ગંભીર અને સ્પષ્ટ વકતા છે.'

ત્રિભોવનદાસ ગાંધી, ગોયા બજાર, અંકલેશ્વર : 'હું ખાત્રીથી કહી શકું છું કે શ્રી જોષી એક ભલા સદ્‌ગૃહસ્થ છે તેઓ હસ્તરેખા બારીકીથી જોનાર અને ઊંડું જ્ઞાન અને કુશળતા ધરાવે છે. હું એમને મુબારકબાદી આપું છું. આ શાસ્ત્ર માટે આજ ખોટી ગંદી વાતો ફેલાય છે તેનો ભ્રમ તમારા જેવા મરજીવા દૂર કરશે.'



પ્રસિદ્ધ ફિલ્મ ડાયરેક્ટર શ્રી સત્યેન બોઝનો
વિશ્વપ્રસિદ્ધ હસ્તરેખા વૈજ્ઞાનિક પ્રો. ઘનશ્યામ જોષી વિશે અભિપ્રાય

Satyen Bose

Tel 6170304

201-21 North Bombay Co-op.
Housing Society.
Juhu, BOMBAY-54,

The 23rd April,1975.

My dear Prof. Joshi,

I am writing this to thank you most sincerely as my consultation with you was really a pleasure. I found your reading of my palm astonishingly accurate. And I may add here that your first prediction has already proved to be absolutely correct within a week's time.

With kindest regards,

Yours sincerely,

Satyen Bose

અનુવાદ :—

મારા પ્રિય પ્રો. જોષી

મેં આપની તમારી સાથેની મુલાકાત ખુબ જ આનંદપ્રદ હતી તે બદલ ખુબ જ અંતઃકરણપૂર્વક આભાર માનવા આ પત્ર લખું છું.

મારા હાથનો રેખા અભ્યાસ અને ભવિષ્ય [illegible] ચોક્કસ હતું અને વધુમાં ઉમેરું છું કે તમારું પહેલું ભવિષ્યકથન એક અઠવાડિયામાં જ તદ્દન સાચું પડ્યું છે.

ખુબ જ માન સહિત.

આપનો અંતઃકરણપૂર્વક
સત્યેન બોઝ.

વિશ્વ પ્રતિષ્ઠિત હસ્તરેખા વૈજ્ઞાનિક પ્રો. ઘનશ્યામ જોષી એમ. એ. પૂર્વ મું. યુનિ. કોલેજોના પ્રોફેસર રોટરી લાયન્સ જેસી, મેડીકલ એસ્ટ્રોલોજીકલ સોસાયટી સન્માનિત તાજ ઈન્ટરકોન્ટીનેન્ટલ અને [illegible] નિયુક્ત ભારત-પરદેશના [illegible] તમારી હસ્તરેખાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી પ્રમાણભૂત માર્ગદર્શન આપશે. ઓફિસ/મળો ૨૩૫, ડી. એન. રોડ, પીરામલ મેન્શન, હેન્ડલુમ હાઉસ પાસે, ફોર્ટ, મુંબઈ-૧. ફોન : ૨૬૧૨૬૭

આંતરરાષ્ટ્રીય પ્રશંસા પ્રાપ્ત કરનાર સુશિક્ષિત હસ્તરેખા વૈજ્ઞાનિક
પ્રો. ઘનશ્યામ જોષી એમ. એ. (મું. યુનિ.)

તાજ ઈન્ટરકોન્ટીનેન્ટલમાં પરદેશી સજ્જનોને માર્ગદર્શન આપવા તેમની નિમણૂક થઈ ત્યારે—



(પૂર્વ મુંબઈ યુનિવર્સિટી કોલેજોના પ્રોફેસર પરદેશમાં પ્રવાસ કરી અનેક સંસ્થાઓથી સન્માનિત રોટરી, લાયન્સ, જેસી, ફ્રી મેશન, એસ્ટ્રોલોજીકલ, મેડીકલ એસો. સન્ડે સ્ટાન્ડર્ડ, લોકસત્તા, ફેમીના, ઓનલુકર, ચિત્રલેખાથી પ્રશસ્ત તાજ ઈન્ટરકોન્ટીનેન્ટલ નિયુક્ત પ્રમાણભૂત જીવનવૃત્તાંત માર્ગદર્શન આપશે. ૨૩૫, ડી. એન રોડ, ફોર્ટ, હેન્ડલુમ હાઉસ પાસે, ઈસ્ટર્ન વોચ કું.ની બાજુમાં, પીરામલ મેન્શન, મુંબઈ ૪૦૦ ૦૦૧. ફોન: ૨૬૧૨૬૭)

વર્ષોથી ઘેર ઘેર વપરાતી આંખની સુપ્રસિદ્ધ દવા

જીવદયા નેત્રપ્રભા

શ્રી હરિ
જીવદયા
નેત્ર પ્રભા

* રાત્રિ જાગરણ- ઉજાગરા, વાંચન, અતિ પરિશ્રમથી દુઃખતું માથું, આંખની લાલાશ, આંખની બળતરા ઉપર ઉપયોગી.

* ખીલ, ફુલુ, મોતિયા વિગેરે આંખના કોઈપણ જાતના ઓપરેશન બાદનું અંજન ફાયદાકારક
* 'જીવદયા નેત્રપ્રભા' આંખોનું ઉત્તમ ટોનીક છે.
* આંખોને નિરોગી અને સ્વચ્છ રાખવા તેમજ આંખોની તકલીફ અનુસાર દિવસમાં ૧ થી ૫ વખત અંજન કરી શકાય છે.

સર્વત્ર સર્વે દવાવાળા તથા પ્રોવીઝન સ્ટોર્સમાં મળે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય

મામાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૭. ફોન: ૩૬૬૫૧૦/૫૮૪૮૨૪

ખરીદ કરતી વખતે "પતંગીયા છાપ" તપાસીને લેશો.



અમારી બીજી બનાવટો

જયગુલાબ અગરબત્તી અને નારસીસ અગરબત્તી

૧૦૦ ફુલ અગરબત્તી

જેની સુવાસ તમોને મુગ્ધ કરશે

મોદી એન્ડ કું. ૨૬૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.
ડીપો : ૨૦૮, સેમ્યુઅલ સ્ટ્રીટ,
વડગાદી, મુંબઈ-૩.
ફોન : ૩૨૫૮૭૯

જન્મભૂમિ, મુંબઈ સમાચાર અને સંદેશ પંચાંગના મુખ્ય વિક્રેતા

જ્યોતિષીઓ માટે

- જન્માક્ષર બુક
- સપ્તવર્ગી (જન્મપત્રિકા બુક)
- ષડવર્ગી (જન્મપત્રિકા બુક)
- વર્ષફળની બુક
- ફલાદેશ માટે બુક ફાર્મ
- જન્માક્ષર ફાર્મ (નાના છાપેલાં)
- જન્માક્ષર ફાર્મ (લાંબા છાપેલાં)
- જન્માક્ષર ફાર્મ (ફકત બોર્ડર છાપેલાં)
- લગ્નપત્રિકા છાપેલી

—: વ્યાપારીઓ માટે :—

- નવી સાલના રોજમેળ
- દરેક ભાષાના પંચાંગો
- એકાઉન્ટ બુકો * ડાયરીઓ
- કેલેન્ડરો, ડફ્તા વિગેરે

હંમેશા અમારી "અશોક" એક્સરસાઈઝ બુકો વાપરો

* ઓફીસ અને સ્કુલને લગતી સ્ટેશનરી, દરેક ભાષાના ધાર્મિક પુસ્તકો, સેલ્સટેક્ષ અને ગુમાસ્તા ધારાનું સાહિત્ય મળશે *

* મહારાષ્ટ્ર સ્ટેટ્સની લોટરીની ટીકીટો અમારે ત્યાંથી મળશે. *

અશોક બુક સેન્ટર

દુકાન ફોન નં. ૩૩૧૭૦૬ ૧૫૭, સી. પી. ટેંક રોડ, માધવબાગ મુંબઇ નં. ૪૦૦ ૦૦૪ રહેઠાણ ફોન નં. ૩૩૫૯૩૭

फोन- ६१०६
निवास : ५६८२

तार : 'शांति निकेतन'

इन्दौर में उतरते ही याद रखिये

शांति निकेतन लॉज

रेलवे फाटक के सामने,
इन्दौर

SHANTINIKETAN LODGE
शान्ति-निकेतन लॉज

निवास का सुरक्षित स्थान

प्रमुख विशेषताएँ :—

★ स्टेशन से सिर्फ २ मिनिट की दूरी।

★ मोटर स्टेण्ड, बाजार एवं सिनेमाओं के अतिनिकट।

★ स्वच्छ, हवादार, सिंगल एवं डबल बेड्स के कमरे।

★ उचित किराया।

★ सभ्य एवं ईमानदार स्टाफ।

★ शीघ्र एवं विनयशील सेवा।

★ सभी आधुनिक सुविधाओं से परिपूर्ण स्थान।

निवास का श्रेष्ठ प्रतिष्ठान

शांति निकेतन लॉज

પ્રસ્તાવના

સં. ૨૦૩૨ નું વર્ષ દેશ પરદેશના રાજકારણમાં મહત્વનું બની રહ્યું છે, તેની સાથોસાથ ખગોળ સંશોધનના ક્ષેત્રે પણ માનવીએ આ વર્ષમાં એક વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ચંદ્ર ઉપર માનવીએ પગલાં પાડયા પછી મંગળ ઉપર વાઈકીંગ યાંત્રિક યાન ઉતારીને અને તેની પાછળ ટુંક સમયમાં બીજું વાઈકીંગ પણ ઉતારવાનો પ્રબંધ કરીને, વિજ્ઞાન અને ટેકનોલોજીની માનવીની સાધના સ્થળકાળની મર્યાદા લોપવા જેટલી સમર્થ બની છે તે બતાવી આપ્યું છે. આ સિદ્ધિ બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલવાના માનવીના યુગોથી ચાલુ રહેલાં પ્રયત્નોને ભારે વેગ આપશે. એ નિશંક છે. આ સિદ્ધિઓ માનવીના કલ્યાણ માટે ઉપકારક નિવડે એવી આશા રાખીએ.

* * *

સં. ૨૦૩૧ માં - ૧૯૭૫ ના જૂનમાં દેશમાં જાહેર થયેલી કટોકટીની સ્થિતિ અત્યારે પણ ચાલુ છે. એ દરમ્યાન કપરો સમય પાર કરીને દેશ વિકાસ અને પ્રગતિના માર્ગે વળ્યો છે. ગયા વર્ષમાં આ સ્થળેથી જણાવ્યું હતું તેમ આનાં પરિણામો ૧૯૭૬ માં અસરકારક રીતે જણાવા લાગ્યાં છે અને ભાવિનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. ૨૦૩૨ નું વર્ષ ભારતના ભાગ્ય પલટાનું વર્ષ બની રહેવાની અપેક્ષા ફળીભૂત થઈ છે. હજુ થોડાં કપરાં ચઢાણ બાકી છે, છતાં ૨૦૩૨ માં શરૂ થયેલી પ્રગતિ આવતાં પાંચ વર્ષમાં દેશની સૂરત પલટાવી શકાશે એવી શ્રદ્ધા જાગી છે. રાજકીય ક્ષેત્રે કટોકટીનો અમલ હળવો થવાની અને ૧૯૭૭ની નવી ચૂંટણીઓ યોજવાની પણ પૂરી શકયતા જણાય છે.

* * *

ગયા વર્ષના પંચાંગમાં આ સ્થળેથી અમે લગ્ન મુહૂર્તો વગેરે વિષે ચર્ચા કરી હતી. અને દેશ કાળને અનુકુળ થાય એ રીતે મુહૂર્તોને લગતા વિધિ - નિષેધને વ્યવહારૂ સ્વરૂપ આપવાની જરૂરિયાત દર્શાવી હતી. એ પછી આ સંબંધમાં દેશભરમાં ઠીક ઠીક ચર્ચા જાગી છે. અને વિવિધ પ્રકારનાં મંતવ્યો પણ રજુ થયાં છે. છતાં આખા પ્રશ્નને સમગ્ર રીતે વિચારીને સર્વમાન્ય બને એવો ઉકેલ હજુ સાંપડયો નથી.

મુહૂર્તોની બાબતમાં પણ વિશાળ શાસ્ત્ર રચાયેલું છે છતાં મુખ્યત્વે એ શ્રદ્ધાનો વિષય છે. અમે મુહૂર્તમાં માનતા નથી એમ કહેનારાઓ પણ (આપણા સમાજમાં) અમાસના દિવસે કોઈ મંગળ કાર્યો કરતા નથી એટલે એક યા બીજા પ્રકારે મુહૂર્તનો, સારા નરસા દિવસનો વિચાર સૌ કોઈ કરતા હોય છે. તેથી લગ્ન જેવી માનવજીવનની અત્યંત મહત્વની બાબતમાં મુહૂર્ત શાસ્ત્રની સદંતર ઉપેક્ષા કરી શકાય નહિ સાચાં મુહુર્તમાં, ચોક્કસ સમયની કુંડલી માંડીને શાસ્ત્રીય સિદ્ધાંતો પ્રમાણે એ કૂંડલીમાંના ગ્રહ યોગોના આધારે મુહુર્તનો સમય નક્કી કરવાનો હોય છે એટલે ગુરુ - શુક્ર જેવા ગ્રહો અસ્ત થવાથી નિર્બળ હોય તેવો સમય, અત્યંત આપદ્ધર્મની સ્થિતિ સિવાય સામાન્ય સંજોગોમાં મુહૂર્ત માટે લેવો જોઈએ નહિ એમ અમને લાગે છે.

અમાસ- એટલે ચંદ્રના અસ્તનો દિવસ આપણા સમાજમાં શુભ કાર્યો માટે નિષિદ્ધ ગણાયો છે. સૌ કોઈ આ હકીકત સ્વીકારે છે ચંદ્ર તેની કલા અનુસાર શુભ તેમજ પાપ ગ્રહ મનાયો છે. ગુરૂ અને શુક્ર બન્ને ગ્રહો શુભ ગણાય છે. ચંદ્રના અસ્તના દિવસોને (કૃષ્ણ ચૌદસ અને અમાવાસ્યાને) આપણે શુભ કાર્યો માટે વર્જ્ય ગણતા હોઈએ તો ગુરૂ અને શુક્રના અસ્તના દિવસોને વર્જ્ય ગણવાની શાસ્ત્રની પ્રણાલિકાનો સ્વીકાર કરવો જોઈએ.

બીજી તરફ બદલાયેલા દેશ કાળમાં ચાતુર્માસના નિષેધનો વ્યવહારૂ રીતે, સંજોગો સાથે સમન્વય સાધીએ તો તેમાં કંઈ ખોટું નથી. એટલે મુંબઈ જેવા શહેરોમાં અષાઢ, શ્રાવણ, કે આસો મહિનામાં લગ્ન મુહૂર્ત, જરૂરત પ્રમાણે લેવાય તેમાં અમને કાંઈ અજુગતું લાગતું નથી.

દિવાળીના ચોપડા પૂજનના મુહૂર્ત માટે પ્રદોષ કાળનું મહત્વ છે, એ સમયે ચોઘડિયાં ગૌણ બને છે. છતાં ચોઘડિયાંને મહત્વ આપવાનો લોકાચાર પણ ચાલુ જ છે. સં. ૨૦૩૨ના દિવાળીના મુહૂર્તમાં પ્રદોષકાળનો સમય સાંજે ૧૮-૧૦થી ૨૦-૩૯ વાગ્યા સુધીનો છે. તે દરમિયાન પૂજન કરવું શાસ્ત્રશુદ્ધ છે. પરંતુ એ સમયે રોગ તેમજ કાળ ચોઘડિયાં આવતાં હોવાથી લોકાચારને માન આપીને, મુહૂર્તના સમયમાં પ્રદોષ કાળનો ઉલ્લેખ કરેલો નથી. છતાં ૧૮-૧૦થી ૨૦-૩૯ના પ્રદોષ કાળ દરમિયાન ચોપડા પૂજન કરવામાં હરકત નથી એટલી સ્પષ્ટતા કરવી જરૂરી છે.

જન્મભૂમિ

ખગોળસિદ્ધ સૂક્ષ્મ નિરયન ભારતીય પંચાંગ (વર્ષ ૩૨મું)

વિ. સં. ૨૦૩૩ વિભવ સંવત્સર
શાલિવાહન શાકે ૧૮૯૮–૯૯
અનલ તથા પિંગલ સંવત્સર
ભારતીય રાષ્ટ્રીય શક ૧૮૯૮–૯૯
* બંગાળી સન ૧૩૮૩–૮૪

મહાવીર (જૈન) સંવત ૨૫૦૩
ખ્રિસ્તી ઇસ્વીસન ૧૯૭૬–૭૭–૭૮
પારસી સન ૧૩૪૬–૪૭
મુસ્લિમ સન ૧૩૯૬–૯૭ હિજરી
~ મલ્યાલમ સન ૧૧૫૨–૫૩

* બંગાળી સન મેષનો સુર્ય થાય ત્યારથી શરૂ થાય છે.
~ મલ્યાલમ સન સિંહનો સુર્ય થાય ત્યારથી શરૂ થાય છે.

* * *

ગયા વર્ષની માફક આ વર્ષે પણ સંખ્યાબંધ લેખો મોડા મળ્યા છે. અને તે કારણે પ્રસિદ્ધ કરી શકાયા નથી. સામાન્ય રીતે આ પંચાંગ નારીયેળી પૂર્ણિમા ઉપર પ્રસિદ્ધ થતું હોવાથી (આ વર્ષે અનિવાર્ય કારણસર થોડું મોડું થયું છે.) અષાઢ માસ પહેલાં મળતા લેખોને જ પંચાંગમાં સ્થાન આપી શકાય એ હકીકત લક્ષમાં રાખવાની લેખક બંધુઓને ફરી વિનંતિ કરીએ છીએ.

આ પંચાગના વાંચકો તરફથી સૂચનાઓ મળતી રહે છે. આવી બધી સૂચનાઓ ઉપર બરાબર લક્ષ આપીને તેનો યથાયોગ અમલ કરીએ છીએ.

આ વર્ષના પંચાંગમાં આપેલી મેષલગ્ન પ્રવેશ સારણી અને નવમાંશ પ્રવેશના સમયો વગેરેનું ગણિત ૨૩-૩૦ અયનાંશ પ્રમાણે કરીને, નવી સારણી બનાવી છે તે પ્રત્યે વાંચકોનું ધ્યાન દોરીએ છીએ.

* * *

આ પંચાંગના સંપાદન અને પ્રકાશનમાં વિવિધ કક્ષાની કામગીરી કરી રહેલા સંપાદકો, સહકારીઓ, લેખકો, જન્મભૂમિ સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ વ્યવસ્થાપકોથી માંડીને મોનો કાર્યકરો, કમ્પોઝીટરો, રીડર ભાઈઓ અને પ્રીન્ટરો સુધી સૌનો નાનો મોટો ફાળો હોય છે. આ સૌની નિષ્ઠા અને સહકારના પરિણામે આ પંચાંગ આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું છે અને દર વર્ષે વિસ્તાર પામતા સુજ્ઞ વાચકવર્ગની ચાહના પ્રાપ્ત કરી શક્યું છે. તે સૌના તરફથી મળતું પ્રોત્સાહન અમને વધુ ને વધુ કાર્યક્ષમ બનાવવાની પ્રેરણા આપી રહ્યું છે. એ સૌના અમે આભારી છીએ.

શ્રાવણ શુક્લ ૧૨ જન્મભૂમિ પંચાગ કાર્યાલય વતી
તા. ૭-૮-૧૯૭૫ લક્ષ્મીપ્રસાદ બારોટ

પંચાંગમાં આપેલા વિષયોની સમજણ

આ પંચાંગમાં આધુનિક વેધસિદ્ધ નાક્ષત્ર સૌર વર્ષમાન લેવામાં આવ્યું છે. તદનુસાર એક વર્ષના ૩૬૫ દિવસ, ૧૫ ઘડી, ૨૨ પળ, ૫૩ વિપળ અને ૫૧ પ્રતિવિપળ થાય છે. સં. ૨૦૩૩ના કાર્તિક શુક્લ પ્રતિપદાના દિવસે વર્ષારંભે ધુનન સંસ્કારયુક્ત સૂક્ષ્મ અયનાંશ ૨૩ અંશ, ૩૨ કલા, ૩૭ વિકલા છે. વર્ષારંભે મધ્યમ અયનાંશ ૨૩ અંશ, ૩૧ કલા, ૫૮ વિકલા છે. વર્ષાન્તે સૂક્ષ્મ અયનાંશ ૨૩ અંશ, ૩૨ કલા, ૫૩ વિકલા છે. મધ્યમ અયનાંશ કાઢવા માટે નાક્ષત્ર સૌર વર્ષમાં મધ્યમ અયનગતિ ૫૦ વિકલા લેવામાં આવેલ છે.

પંચાંગ અને સ્ટાન્ડર્ડ ટાઈમ: આ પંચાંગમાં સ્ટાન્ડર્ડ ટાઈમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મધ્ય રાત્રિએ તારીખ બદલાતાં ૦૦ કલાકથી શરૂ કરીને સળંગ ૨૪ કલાક ગણવામાં આવેલ છે, પરંતુ આપણો દિવસ – અહોરાત્ર - એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો ગણાય છે તેથી તિથ્યાદિ અને શાસ્ત્રાર્થના સમયો બીજા દિવસના સૂર્યોદય સુધી ૨૪ ઉપરાંત ગણીને આપેલ છે. આ તિથ્યાદિના સમાપ્તિ સમયો ઘડિયાળ મુજબ સ્ટાન્ડર્ડ સમયમાં હોવાથી ભારતના કોઈ પણ સ્થળ માટે તે એકસરખું જ ઉપયોગી બની રહે છે.

પાક્ષિક પંચાંગનાં પાનાંઓ પર આપેલા તિથિ, નક્ષત્ર, યોગ, કરણના સમયો તે તેના સમાપ્તિના સમયો છે. તે મધ્યરાત્રિથી શરૂ થતા ભારતના સ્ટાન્ડર્ડ ટાઈમના ઘડિયાળ મુજબના કલાક, મિનિટ છે. પ્રાચીન પ્રણાલિકાનુસાર તિથ્યાદિના સમાપ્તિના ઘડી-પળ મુંબઈના સ્પષ્ટ અર્કબિંબ સૂર્યોદયથી ગણીને આપેલાં છે. ચંદ્ર રાશિપ્રવેશ તથા ગ્રહનક્ષત્ર ચરણ પ્રવેશના સમયો એ તેના આરંભના સમયો છે.

પાક્ષિક પંચાંગના પાનાંઓમાં જે કરણોના સમાપ્તિ સમયો આપેલા છે તે કેવળ તિથિના મધ્ય ભાગે પૂરાં થતાં કરણો છે. બાકીના કરણો તિથિ સાથે જ સમાપ્ત થતાં હોઈ તિથિનાં સમાપ્તિ સમયોને જ તે કરણના સમાપ્તિ સમયો તરીકે ગણી લેવાના રહે છે.

સૂર્યોદય–સૂર્યાસ્ત: મુંબઈનો અર્કબિંબ દૃશ્ય વક્રીભવન સંસ્કારયુક્ત સેકંડ સુધી આપેલ છે. જન્માક્ષર માટેનો સૂર્યોદય અહીં આપેલ સૂર્યોદયમાં ૨ મિનિટ ૧૨ સેકંડ ઉમેરવાથી મેળવી શકાશે.

વેળાંતર: આ પંચાંગમાં વેળાંતર મધ્યાહ્ન સમયનું બપોરના ૧૨ કલાકનું આપેલ છે. તેનો ઉપયોગ સ્પષ્ટ મધ્યાહ્ન સાધનમાં થાય છે.

સાંપાતિક કાળ: આ પંચાંગમાં દરરોજનો મુંબઈ સ્થળ પરત્વેનો સાંપાતિકકાળ મધ્યરાત્રિના સ્થાનિક સમય ૦૦ કલાકનો આપવામાં આવેલ છે. આ પંચાંગના પૃષ્ઠ ૧૩૦ માં ૯૦ વર્ષનો સાંપાતિકકાળ, તેનો સંસ્કાર, ભારતનાં બીજાં સ્થળો માટે તે કાઢવાની રીત વગેરે આપેલ છે.

ત્યારબાદ જુદાં જુદાં કૅલેન્ડરો આપેલાં છે, તેમાં ખ્રિસ્તી, ભારતીય, પારસી, મુસ્લિમ વગેરે પ્રથાનુસારના દિનક્રમો આપેલ છે. છેલ્લે દિનક્રમ છે તે વ્યાપારીઓને વ્યાજ ગણવા માટે અને વહીવટીઓને ઉપયોગી હોય છે. દિનક્રમમાં ૧૦૩ ઉમેરવાથી દરિયાઈ રોજ આવે છે.

સ્પષ્ટ ગ્રહો: ઉપરના અર્ધા પાનામાં આટલું પંચાંગ આવી જવા બાદ બાકીના નીચેના અર્ધા પાનામાં દૈનિક સ્પષ્ટ ગ્રહો છે. આ સ્પષ્ટ ગ્રહો સવારના સ્ટાન્ડર્ડ ટાઈમ ૫-૩૦ના છે. તે ઉપરાંત ચંદ્ર બધા ગ્રહોમાં શીઘ્ર ગતિનો હોઈ સાંજે ૧૭-૩૦નો પણ આપેલ છે. સવાર–સાંજનો આ ચંદ્ર વિકલા સુધીનો સૂક્ષ્મ આપેલો છે અને તેની દર બાર કલાકની ગતિ પણ આપી છે. સંવત ૨૦૩૩ના કાર્તિકથી સં. ૨૦૩૪ના ફાલ્ગુન સુધી સૂર્યથી પ્લૂટો સુધીનાં બધા ગ્રહો સવારનાં ૫-૩૦ના અને ચંદ્ર સવાર તેમ જ સાંજનો વિકલાત્મક દર બાર કલાકની ગતિ સાથે આપવામાં આવેલ છે.

શાસ્ત્રાર્થ: જમણી બાજુના પૃષ્ઠ પર ઉપરના [illegible] શૈવ, જૈન વગેરે સંપ્રદાયોના પોતપોતાના નિયમો અનુસારના વ્રતો, પર્વો, ઉત્સવો, મુસ્લિમ, પારસી તથા ખ્રિસ્તીઓના મુખ્ય તહેવારો આપેલ છે. આ ઉપરાંત ગ્રહોના રાશિપ્રવેશ, તિથિ ક્ષયવૃદ્ધિ, મહાપાત, ચંદ્રદર્શન, શૃંગોન્નતિ, સંકષ્ટચતુર્થીના ચંદ્રોદય, દૈનિકયોગો તથા ભદ્રા, પંચક, વીંછુડો, પ્રારંભ અને સમાપ્તિના સમયો સાથે આપેલ છે. શાસ્ત્રાર્થ માટેનો દિવસ અહોરાત્ર મુજબ એટલે કે એક દિવસના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી મધ્ય રાત્રિએ પૂરા થતા ૨૪ પછીના ૧-૨-૩ ને ૨૫-૨૬-૨૭ તરીકે આપેલ છે. શાસ્ત્રાર્થમાં જ્યાં "સૂર્યોદય સુધી" એનો ઉલ્લેખ છે તેનો અર્થ "મુંબઈનો સૂર્યોદય" સમય એવો છે.

દર માસના પ્રારંભે પ્રતિપદા કે બીજના દિવસે ચંદ્રદર્શન તથા તેની શૃંગોન્નતિ પાક્ષિક શાસ્ત્રાર્થમાં દર્શાવેલ છે. તે ઉપરાંત, પૃષ્ઠ ૧૦૫ પર બારે માસના ચંદ્રદર્શન અને શૃંગોન્નતિના કોઠો આપેલ છે. તેની પાસે જ પડવા કે બીજને દિવસે દેખાનાર ચંદ્રની આકૃતિઓનું ચિત્ર આપેલ છે.

ચંદ્રનવમાંશ પ્રવેશ: ત્યાર પછી ચંદ્ર–નક્ષત્રચરણ પ્રવેશનો કોઠો આપેલ છે. ચંદ્રના નવમાંશ પ્રવેશના સમયો તેમાં દર્શાવેલ છે. તેમાં જ્યાં રાશિ બદલાય છે ત્યાં ત્યાં નવમાંશ કાળા ટાઈપમાં છે.

પૂનમ અમાસની કુંડલી: એ પછી નીચેની બાજુ વચ્ચે પૂનમ-અથવા અમાસની લગ્ન અને નવમાંશ કુંડલી તથા ગ્રહચાર આપેલ છે. તેમાં પૂનમ-અમાસની કુંડલીઓ સામાન્ય રીતે અન્ય પંચાંગોમાં અપાય છે તેમ સૂર્યોદય સમયની ન આપતાં પૂનમ અથવા અમાસ બરાબર જે મિનિટે પૂર્ણ થતાં હોય તે સમયની કુંડલી, નવમાંશ કુંડલી સ્પષ્ટગ્રહો [illegible] સાથે આપવામાં આવેલ છે.

નીચે ડાબી બાજુ ગ્રહનક્ષત્ર ચરણનવમાં પ્રવેશના સમયો તેમ જ વક્રી–માર્ગીના સમયો ક્રાંતિમાર્ગ વેધના નક્ષત્રચરણ પણ આપેલ છે.

પાનામાં જમણી બાજુએ છેવટના ભાગ ખગોળ ડાયરી આપી છે. ગણિત અને ખગો એક જ પાના ઉપર મળવાથી અભ્યાસીઓ સરળતા રહેશે.

દર વર્ષે અપાતાં બાર માસના સં પંચાંગમાં વધારો કરી સં. ૨૦૨૫ થી સંવત તથા વર્ષનું પંચાંગ એટલે કે કાર્તિકથી શરૂ કરી ફાલ્ગુન અમાસ પર્યન્તનું સંપૂર્ણ પંચાંગ વિસ્ શાસ્ત્રાર્થ સહિત આપવામાં આવે છે.

આગામી વર્ષનું પંચાંગ: સંવત ૨૦૩ નાં ચૈત્રથી આષાઢ સુધીનાં દરરોજના તિ તારીખ, વાર તથા સ્પષ્ટ ગ્રહો આપવામાં આવેલ છે.

જૈનોના ધાર્મિક પર્વો તથા [illegible] અલગ અલગ પણ આપેલ છે.

આસ્પેક્ટેરિયન: ગ્રહોના અંશાત્મક યો વિદેશી એફેમરીઓનું પરાવલંબન ટાળવા મા ફળજ્યોતિષમાં આવશ્યક એવા ગ્રહોના અંશાત્મ યોગો સવિસ્તૃત આપવાની આ પંચાંગે પ્રણાલિ શરૂ કરી છે. અહીં આપેલ સમયો યોગ અંશાત્મક યોગ થાય ત્યારના છે. પરદે એફેમરીમાં ન હોય તેવા, સૂર્ય સાથેના યો પણ અહીં આપ્યા છે. ચંદ્ર તેમ જ ગ્ર સાથેના પ્લુટોના અંશાત્મક યોગો પણ આપ્ છે. યોગ કરનાર ગ્રહથી બીજો ગ્રહ કે દૂર છે તે દર્શાવતો આંકડો મુકેલો છે. દા. ૪ એટલે તે ગ્રહ ચોથો છે. બહોળા વાચ સમુદાયને ઉપયોગી બને તે માટે આસ્પેક્ટેરિય અંગ્રેજીમાં આપેલ છે.

સં. ૨૦૩૨, શ્રાવણ શુક્લ ૧૪
તા. ૯–૮–૧૯૭૬

દત્તાત્રેય [illegible]

❁ શ્રીકાંચી કામકોટિ પીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્યનો આદેશપત્ર ❁ (૩)



श्रीमत्परमहंस परिव्राजकाचार्यवर्य–
श्रीजगद्गुरु श्रीमच्छंकरभगवत्पादप्रतिष्ठित
श्रीकाञ्ची कामकोटि पीठाधीश्वर
श्रीमच्चन्द्रशेखरेन्द्रसरस्वती श्रीपादादेशानु-
सारेण श्रीमज्जयेन्द्र सरस्वती श्रीपादैः
क्रियते नारायणस्मृतिः ।

अस्मत्पूज्यश्रीपरमेष्ठिगुरुभिः अष्टाशीतिवत्सरेभ्यः पूर्वं ईश्वरनामसंवत्सरे अनुष्ठेयपंचांगविषये मध्यस्थपण्डितनिर्णयपूर्वकं विचारं कृत्वा आस्तिकानां दैवपितृकार्याणां साफल्यार्थं कश्चिन्निर्णयः कृतः । तथा—"ज्योतिःशास्त्रान्तर्गतगणनविषये तिथ्यादीनां भूमध्यदृक्सिद्धं, उपरागादीनां भूपृष्ठदृक्सिद्धं च ग्राह्यमिति श्रीवेंकटेश्वर दीक्षित-सुंदरेश्वरश्रौतिप्रभृतीनां पक्षः । भूमध्यः अन्यः, भूपृष्ठः अन्य, तिथ्यादीनां भूमध्यदृक्तुल्यतैव ग्राह्या, प्रत्यक्षता न ग्राह्या इति श्रीकृष्णज्यौतिषिकादीनां पक्षः । अत्र श्रीअप्पुशास्त्रिणः, श्रीअप्पादीक्षितः, श्रीनिवासाचार्याः इत्येते मध्यस्था भूत्वा सुविचार्य श्रीवेंकटेश्वरदीक्षित–सुंदरेश्वरश्रौतीनां पक्ष एव श्रेयानिति निर्णयानुसारेण एतच्छ्रीमुखपत्रिका दत्ता । नारायणस्मृतिः । ईश्वरसंवत्सरे कार्तिकमासि त्रिंशत्तारिका ।।" इति ।

अयमेव निर्णयः अस्माभिरनुसृयते । सर्वैरप्यास्तिकैरनुसृत्य ऐहिकामुष्मिकस्वश्रेयसं प्राप्यतां इति आशास्महे । अपि च यन्त्रशोधितबीजसंस्कारादिशुद्धतिथिषु पूर्वोत्तरतिथ्योः परमनाडिकारूपौ यौ भोगौ तयोरन्तरं यत्, तत् वृद्धिप्रसक्तौ पंचनाडीः नातिक्रामति, क्षयप्रसक्तौ षण्नाडीः नातिक्रामति, तस्मात् "बाणवृद्धी रसक्षयः" इतिश्लोकानुसारिण्यैव अस्मत्परमेष्ठिगुरुनिर्णयरीतितिथयो भवन्ति ॥

अस्मिन्व्याससदसि निजश्रावणद्वाविंशत्रयोविंशत्तारिकयोः (तारीख ७–८ सप्टेंबर १९६६) गुर्जर–कर्णाटक– महाराष्ट्र-वङ्गोत्कलान्ध्र-द्राविड-देशीयाः ज्योतिःशास्त्रनिपुणाः पंचांगगणकपण्डिताः न्यायवेदान्तधर्मशास्त्रपण्डिताश्च ज्योतिःशास्त्रविचारार्थं संमिलिताः । अयनांशविषये प्रामाणिकीमेकां रीतिं निर्णेतुं विचारं कृत्वा अतिबाहुल्येन चित्रानक्षत्रपक्षमेवादृतवन्तः । तस्मादेतदनुसृत्य जन्मभूमिपंचांगं प्रवर्तयतां पं. अमृतलाल शाह महोदयानां स्वश्रेयसपरम्परा भूयादित्याशास्महे । तथैव आस्तिकैः एतत्पंचांगानुसारेण स्वस्वधर्मकार्याणि कृत्वा स्वश्रेयसपरंपरां प्राप्नुयुरित्याशास्महे ॥

मुद्रा

श्रीकालहस्तिक्षेत्रम्
पराभवसंवत्सरे निजश्रावणबहुलदशमी

અમારા પૂજ્ય શ્રી પરમેષ્ઠિ ગુરુએ ૯૦ વર્ષ પહેલાં ઈશ્વરનામ સંવત્સર દરમિયાન ધર્મકાર્યો માટે ઉપયોગમાં લેવાનારાં પંચાંગો બાબત મધ્યસ્થ પંડિતોએ આપેલા નિર્ણય પ્રમાણે વિચાર કર્યો, અને ધાર્મિક જનતાનાં દેવપિતૃકાર્યોની સફળતા માટે નિર્ણય કર્યો કે

જ્યોતિષશાસ્ત્રમાંના ગણિત વિષયમાં તિથ્યાદિ, ભૂકેન્દ્રીય દૃગ્પ્રત્યક્ષતુલ્ય લેવી, અને ગ્રહણાદિ વિષય માટે ભૂપૃષ્ઠિય દગ્પ્રત્યક્ષ તુલ્ય લેવી; એવો શ્રી વ્યંકટેશ્વર દીક્ષિત, સુંદરેશ્વર શ્રૌતિ વગેરેનો પક્ષ હતો. ભૂકેન્દ્ર અને ભૂપૃષ્ઠ જુદા જુદા છે. તિથ્યાદિ સાધન ભૂકેન્દ્રીય દૃગ્પ્રત્યક્ષ તુલ્ય લેવું. ભૂપૃષ્ઠિય લેવું નહિ એવો શ્રીકૃષ્ણજ્યોતિષી વગેરેનો પક્ષ હતો. ત્યાં શ્રી. અપ્પુશાસ્ત્રી, શ્રી અપ્પાદીક્ષિત તથા શ્રી શ્રીનિવાસાચાર્યની મધ્યસ્થી હેઠળ આ બંને પક્ષોનો સુયોગ્ય વિચાર કરવામાં આવ્યો અને શ્રી વ્યંકટેશ્વરદીક્ષિત તથા શ્રી સુંદરેશ્વરશ્રૌતિનો પક્ષ શ્રેયસ્કર છે તેવો નિર્ણય આપવામાં આવ્યો. તે નિર્ણય મુજબ આચાર્યશ્રીએ નારાયણસ્મૃતિરૂપ આજ્ઞાપત્ર, ઈશ્વર સંવત્સરમાં કાર્તિક માસે ૩૦મી તારીખે (કાર્તિક માસનો ૩૦મો દિવસ) આપ્યું હતું.

આ જ નિર્ણય અમારા તરફથી સ્વીકારાએલો છે. સર્વ આસ્તિક જનતાએ આનો જ સ્વીકાર કરી આલોક–પરલોકનું કલ્યાણ સાધવું એવી ઈચ્છા છે. કારણ કે, વેધયંત્રશોધિત બીજ સંસ્કારાદિયુક્ત તિથિમાં પૂર્વોત્તર તિથિનો જે પરમ્ ઘટિકારૂપ ભોગ હોય છે તે ભોગમાં જે અંતર આવે તે વૃદ્ધિ પ્રસંગે પાંચ ઘડીથી વધારે થતું નથી તેમ જ ક્ષય પ્રસંગે ૬ ઘડીથી ઓછું થતું નથી તેથી 'બાણવૃદ્ધિ રસક્ષય:' આ વચન મુજબ જ અમારા પરમેષ્ઠિ ગુરુએ કરેલા નિર્ણય પ્રમાણે તે તિથિઓ બને છે.

ચાલુ વર્ષે બીજા શ્રાવણની ૨૨/૨૩ તિથિના દિવસે (તા. ૭-૮ સપ્ટેમ્બર ૧૯૬૬) આ પંડિત સભામાં ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, બંગાલ, ઉત્કલ, આંધ્ર, દ્રાવિડ વગેરે પ્રદેશોના જ્યોતિષ શાસ્ત્રનિપુણ, પંચાંગ ગણિતપંડિત, ન્યાય-વેદાંત-ધર્મશાસ્ત્ર પંડિતો, જ્યોતિષશાસ્ત્રની વિચારણા માટે ભેગા મળ્યા હતા. તેમણે અયનાંશ બાબત પ્રમાણભૂત એવી એક પદ્ધતિ નક્કી કરવા માટે વિચાર કર્યો તેમાં બહુ મોટી બહુમતીથી ચિત્રાપક્ષનાજ અયનાંશનો સ્વીકાર થયો. તથી તેને અનુસરીને જન્મભૂમિ પંચાંગકર્તા પં. અમૃતલાલ શાહ આ શ્રેયકારી પરંપરા ચાલુ રાખે એવી ઈચ્છા છે. તેજ પ્રમાણે તૈયાર થએલા આવા પંચાંગોને અનુસરીને ધાર્મિક જનતા પોતાના ધર્મકાર્યો કરી સ્વશ્રેયસ, પરંપરા ચાલુ રાખે એવી ઈચ્છા છે.

મુદ્રા

શ્રી કાલહસ્તિક્ષેત્ર: પરાભવ સંવત્સરે નિજ શ્રાવણ બહુલ દશમી

પંચાંગના મુખપૃષ્ઠ પર સં. ૨૦૩૩ના સૂર્યના ઉત્તરાયણ શિશિરઋતુ પ્રવેશની મુંબઈ પરત્વેની નિરયન કુંડલી આપવામાં આવેલ છે.

☆ અ-નુ-ક્ર-મ-ણિ-કા ☆

વિષય પૃષ્ઠ
પ્રસ્તાવના ૧
પંચાંગના વિષયોની સમજ ૨
જગદ્‌ગુરુ શંકરાચાર્યના આશીર્વાદ ૩
અનુક્રમણિકા ૪

ફલાદેશ-સંશોધન વિભાગ

ગુરુ - શુક્રની યુતિ - પ્રાપ્તિ અને ભોગવટાનો સમન્વય ૫
વિંશોત્તરી દશા પાછળની શાસ્ત્રસંમત ભૂમિકા ૭
બુધના ગ્રહની શક્તિ અને ખૂબી ૯
ધન, પ્રતિષ્ઠા અને લોકચાહનાનો દાતા-શનિ ૧૧
સ્થળાંતરથી ભાગ્યોદય ૧૨
અષ્ટમ ચક્રાર્ધમાં મહત્ત્વનું શત્રુ ભવન ૧૩
નિરયન પદ્ધતિની દિનવાર વર્ષ કુંડલી અને ફળ ૧૪
જૈન જ્યોતિષમાં રોગ અને ચિકિત્સાનું વિવરણ ૧૭
કર્ક રાશિમાં શનિનાં ભ્રમણો ૧૯

ખગોળ વિભાગ

માસવાર આકાશ પરિચય ૨૧
સં. ૨૦૩૩ના ગ્રહણોની માહિતી ૨૪

લગ્ન ઉપનયન મુહૂર્ત

સંવત ૨૦૩૩ ના વર્ષનાં તૈયાર લગ્ન, ઉપનયન, વાસ્તુ—કળશ ખાતમુહૂર્તો, માસવાર વિવેચન સાથે ૨૭
સંવત્સર ફળ, જાહેર તહેવારો તથા લક્ષ્મીપૂજનનાં મુહૂર્તો ૩૧

પંચાંગ-સાયાર્થ-ગ્રહગણિત

૧ કાર્તિક ૨૦૩૩ થી ફાલ્ગુન ૨૦૩૪ પર્યંતનું પંચાંગ—ગણિત ૩૨-૧૦૩

(અ) ડાબી તરફના પાનાં ઉપરનાં ભાગમાં અનુક્રમે ઉદિત તિથિ, વાર, તિથ્યાદિના સમાપ્તિ કાળના સૂર્યોદયથી ઘડી-પળ, અંગ્રેજી તારીખ તિથ્યાદિના સમાપ્તિકાળ સ્ટેન્ડર્ડ ટાઈમમાં, ચંદ્ર રાશિ પ્રવેશ સમય, મુંબઈનો સૂર્યોદય, સ્પષ્ટ મધ્યાન્હ, સૂર્યાસ્ત, મધ્યાહ્‌ન સમયનું વેળાંતર તથા દિનમાન. સુરત — અમદાવાદના સૂર્યોદયાસ્ત અને દૈનિક મધ્યરાત્રિ સમયનો સાંપાતિકકાળ તથા છેલ્લે અંગ્રેજી, ભારતીય, પારસી તથા મુસ્લિમ તારીખ અને દિનક્રમ છે.

(બ) સવારના સ્ટા. ટા. ૫-૩૦ વાગ્યાના સ્પષ્ટ ગ્રહો અને સવાર સાંજનો ચંદ્ર ડાબી તરફના પાનામાં નીચેની બાજુમાં છે.

(ક) જમણી તરફના પાનામાં શાસ્ત્રીય વિષયો, તહેવારો - વ્રતો, અગત્યના યોગો, ભદ્રા, પંચક, પ્રદોષ, વિછુડો અને ચંદ્ર નક્ષત્ર ચરણ-પ્રવેશ સમયો આપેલ છે.

(ડ) નીચેની બાજુ ભૌમાદિક ગ્રહોની ક્રાંતિ અને શર, પખવાડિક કુંડલી અને સ્પષ્ટ ગ્રહો, ઉપરાંત નવમાંશ કુંડલી ગ્રહનક્ષત્ર - ચરણ - નવમાંશ પ્રવેશ. ક્રાંતિ-માર્ગના વેધો અને ખગોળ ડાયરી આપેલાં છે.

(૨) સંવત ૨૦૩૩ના વર્ષના ગ્રહચાર ૧૦૪--૧૦૫
(૩) ચંદ્રોદયાસ્ત સંકષ્ટ-ચતુર્થીના સાથે ૧૦૬
(૪) ૨૦૩૪ ના ચૈત્રથી આષાઢ સુધીના દૈનિક સ્પષ્ટ ગ્રહો ૧૦૭

વ્યવહારોપયોગી કેલેન્ડરો

૧ ભારતીય કેલેન્ડર ૧૦૮–૧૦૯
૨ જૈન તપાગચ્છીય તિથિ પત્રિકાઓ ૧૧૦–૧૧૧
૩ અચલગચ્છીય જૈન તિથિ પત્રિકા ૧૧૨

યોગાવલિ

૧ સં. ૨૦૩૩-૩૪ તથા ઈ. સ. ૧૯૭૭-૭૮ માટે Aspectarian ગ્રહોના પરસ્પર થતા અંશાત્મક યોગો વૈધૃતિ વ્યતિપાત ૧૧૩-૨૨
૨ વિછુડો, પંચક-વિંશોત્તરી દિનદશા ૧૨૨

સર્વતોભદ્રચક્રવેધ

ચંદ્ર સિવાયના ગ્રહોના સર્વતો— [illegible] સાથે ૧૨૩-૧૨૬
મુંબઈ પરત્વેની નિરયન દૈનિક મેષલગ્ન પ્રવેશસારણી ૧૨૭

કુંડલી ગણિત

૧ ચર સંસ્કાર કોષ્ટક, સમજ તથા ઉપયોગના ઉદાહરણ સાથે ૧૨૮–૧૨૯
૨ અયનાંશ-સંવત, શક, ઈસ્વીન સન્‌નો કોઠો તથા ૯૦ વર્ષના કોઈ પણ તારીખના અયનાંશ કાઢવાની - સમજ તથા કોષ્ટક ૧૩૦
૩ સાંપાતિક કાળ, તેને લગતાં કોષ્ટકો તથા સ્ટાંડર્ડ ટાઈમોની ફેરબદલી ૧૩૧
૪ ખગોલિક અક્ષાંશ સંસ્કાર ૧૩૧
૫ અવકહડાચક્ર ૧૩૨–૧૩૩
૬ દશવર્ગ બલ કોષ્ટકો સમજસહિત ૧૩૪–૧૩૫
૭ મુંબઈનું સાયન લગ્ન કોષ્ટક (ટેબલ ઓફ હાઉસીઝ) ૧૩૬–૧૩૭
૮ સ્પષ્ટ ચંદ્ર પરથી વિંશોત્તરી દશાનું કોષ્ટક ૧૩૮
૯ વિંશોત્તરી-અષ્ટોત્તરી મહાદશામાં અંતર્દશાના ભુક્ત સમયો તથા સમજ ૧૩૯

અક્ષાંશ–રેખાંશ એટલાસ

૧ કચ્છ-સૌરાષ્ટ્રનાં ગામો તથા ભારતનાં મુખ્ય શહેરોના અક્ષાંશ-રેખાંશ તથા સ્થાનિક સમય તફાવત ૧૪૦–૧૪૩
૨ પાકિસ્તાન, બ્રહ્મદેશ, મલાયા, અફઘાનીસ્તાન, આફ્રિકા વગેરે પ્રદેશોના અક્ષાંશ-રેખાંશ ૧૪૪

લગ્નદશમ સારણીઓ

૧ સાંપાતિકકાળની લગ્નસારણીઓ -તેનીસમજ અને અક્ષાંશ પલભા તથા રાશિઓની સ્વોદય પળોનું કોષ્ટક અને દશમ ભાવ સારણી ૧૪૫–૧૫૧
૨ મુંબઈ માટે દૈનિક નિરયન લગ્ન પ્રવેશ કોષ્ટક ૧૫૨–૧૫૩

પંચાંગ સંબંધી માહિતીદર્શક સમજણ

૧ પંચાંગના પાંચ અંગોની સમજ ૧૫૪
૨ ભારતીય ખ્રિસ્તી, મુસ્લિમ, પારસી વર્ષના પ્રકારો વગેરે ૧૫૫–૧૫૬
૩ નક્ષત્રો, રાશિઓ, ગ્રહોની માહિતી ૧૫૭

મુહૂર્ત પ્રકરણ

૧ મુહૂર્તમાં ત્યાજ્ય, સમય, ચોઘડિયાં, ઘાતાષ્ટક દિનશુદ્ધિ તથા નક્ષત્ર તારાબલ ૧૫૯
૨ ગોચર ગ્રહોનું ફલ તથા શુભાશુભયોગો ૧૬૦
૩ ષોડશસંસ્કાર, વિવિધ મુહૂર્તોની સમજ ૧૬૧
૪ દિશાશૂલ, નક્ષત્રશૂલ, યોગિની, ચંદ્રવાસ, યાત્રાપ્રવાસ, મુહૂર્ત વિચાર તથા ગોરખનાથનો કોઠો ૧૬૨
૫ વર-કન્યા મેળાપક, ગુણૈક્ય કોષ્ટક ૧૬૩
૬ ઉપનયન, વેવિશાળ તથા વિવાહ વિચાર ૧૬૪
૭ લગ્ન મુહૂર્ત વિચાર ૧૬૫–૬૬
૮ પ્રકીર્ણ મુહૂર્ત વિચાર ૧૬૭

વ્યાપાર વિભાગ

૧ વરસાદ તથા પાક સંબંધી આગાહી તથા મકરસંક્રાંતિનું ફલ ૧૬૮
૨ તેલીબીયાંના વાયદાના ભાવોની વધઘટ રાહુના હાથમાં ૧૬૯
૩ दैवज्ञ की दृष्टिमें व्यापार चक्र ૧૭૦–૧૭૧

ફલ વિભાગ

૧ સંવત ૨૦૩૨ નું બાર રાશિનું માસવાર ભવિષ્યફલ ૧૭૨–૧૮૫
૨ શનિની પનોતી તથા દિનદશા ૧૮૬
૩ સંવત ૨૦૩૪ નાં ઉપનયન મુહૂર્તો વગેરે ૧૮૮
૪ રાશિશીલ સર્વ સંગ્રહ ૧૮૯

ગુરુ-શુક્રની યુતિ: પ્રાપ્તિ અને ભોગવટાનો સમન્વય

લેખક: જમનાદાસ જીવરાજાણી
૪૫, ભાગ્યનગર બોરીવલી મુંબઈ ૪૦૦૦૯૨

બે સંપૂર્ણ નૈસર્ગિક શુભગ્રહો ગુરુ અને શુક્ર, એક બીજાના શત્રુ પણ ગણાય છે. એ બન્ને ગ્રહોની એક રાશિમાં યુતિ હોય તો કેવાં ફળ પ્રાપ્ત થાય તેની લેખકે અહિ વિશદ ચર્ચા કરી છે. ગુરુની સમૃદ્ધિ આપવાની શક્તિ અને તે ભોગવવા દેવાની શુક્રની શક્તિ એ બન્નેનો સમન્વય, એવા વખતે જરૂરી બને છે. એમ ન હોય તો, જીવનમાં અથડામણો–આંતરિક સંઘર્ષ પેદા થાય છે, બાહ્ય અને આંતરિક જીવનનાં વહેણો જુદાં પડે છે. લેખકે સંખ્યાબંધ કુંડલીઓ રજૂ કરીને ગુરુ–શુક્રની આ અનોખી રમત સમજાવી છે. (લેખકે જાતકોની જન્મ તારીખો વગેરે જરૂરી વિગતો આપેલી પરંતુ દેખીતાં કારણોસર આ લેખમાંથી એવી વિગતો કાઢી નાંખીને માત્ર ગ્રહયોગોનેજ આપ્યા છે.)

એક નવજાત શિશુ, કન્યા કે પુત્ર, (૧) યોગ્ય વયમાં વિદ્યાભ્યાસ અથવા સ્વમાનપૂર્વક આજીવિકા મેળવી શકે તેવી કળા પ્રાપ્ત કરી લે. (૨) પ્રાપ્ત વિદ્યા કે કળા દ્વારા 'અછત' વર્તાય નહીં તેટલી આવક, સાધન-સંપત્તિ મળતી રહે, (૩) અનુકૂળ જીવન સાથી મેળવી નવ-શિશુ પુત્ર કે કન્યાને જન્મ આપે અને (૪) પોતાની હયાતી સુધી 'ઈચ્છિત' ભોગવ્યા કરે.

મનુષ્યનાં લૌકિક સુખની 'ઈતિશ્રી' માટે આથી વિશેષ શું હોઈ શકે?

(૧) વિદ્યા અને કળા અનુક્રમે ગુરૂ અને શુક્રનાં કારકત્વ હેઠળ આવે છે. (૨) સંપત્તિ પ્રાપ્ત થવી, ભોગવવાની લાલસા કે ભૂખ સંતોષી શકાય તેટલી અને તેવી પ્રાપ્તિ માટેનાં સાધનો ગુરૂની પ્રતિભા કે કારકત્વ દ્વારા મેળવી શકાય પરંતુ ભોગની ઊણપ કે અછત વર્તાય નહીં. તેવો સંતોષ તો શુક્રજ આપી શકે. (૩) સંતતિનો કારક ગુરૂ છે. પરંતુ સંતતિની ઉત્પત્તિ શુક્રને આધીન છે, અને છેલ્લે આવે છે (૪) આજીવન ઈચ્છિત મેળવવાની, પ્રાપ્ત કરવાની, ભોગવવાની કે માણવાની વાત ગૌરવપૂર્ણ વિદ્વતા કે જ્ઞાન યુક્ત પ્રતિષ્ઠાનાં માધ્યમ દ્વારા ઈચ્છિત પ્રાપ્તિ ગુરૂને આધિન છે, પરંતુ પ્રાપ્તિ ને ભોગવવાનું, શુક્ર શિવાય શક્ય નથી. આ રીતે સંપૂર્ણ સુખી જીવન માટે ગુરૂ અને શુક્રનાં પૂર્ણ નિખાલસ સહકારની આવશ્યકતા છે.

જ્યોતિષ શાસ્ત્ર દ્વારા ફળ કથન કરવા માટે પ્રાચીન અને આધુનિક ગ્રહો મળી કુલ્લે બાર ગ્રહો છે. (સૂર્ય, ચંદ્ર અને રાહુ, કેતુ ગ્રહો નથી, પરંતુ નવ ગ્રહોનાં સરવાળામાં ગણાય છે, તેમજ હર્ષલ નેપચ્યુન અને પ્લુટો મળી બાર ગ્રહો) તેમાં ફક્ત ગુરૂ અને શુક્ર બેજ સંપૂર્ણ નૈસર્ગિક શુભ ગ્રહો છે, બાકીના બધાં અર્ધ શુભ, પાપ કે ક્રુર ગ્રહોની ગણનામાં આવે છે.

આ બે સંપૂર્ણ નૈસર્ગિક શુભ ગ્રહો ગુરૂ, શુક્ર એક બીજાનાં મિત્ર નથી શત્રુ છે.

એક બળવાન–બીજો નબળો

આ લેખમાં ગુરૂ-શુક્રની યુતિ વાળી કેટલીક કુંડલીઓ રજૂ કરી છે, જે કુંડલીમાં ગુરૂ નબળો અને શુક્ર બળવાન છે, તેઓનું લગ્નજીવન સુખી છે, જીવનવ્યવહાર માટેનાં સાધનોની ઊણપ નથી, પરંતુ 'ધનાઢ્ય' કોટિનાં નથી. જે કુંડલીમાં ગુરૂ બળવાન અને શુક્ર નબળો છે તેઓએ લગ્ન કર્યાજ નથી, અથવા તેઓનું લગ્નજીવન સુખી નથી, પરંતુ 'સંપત્તિવાન' ની કોટિમાં તેઓને મૂકી શકાય ગુરૂ-શુક્ર બેઉ બળવાન હોય કે બન્નેમાંથી કોઈ એક બળવાન હોય પરંતુ લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ ન હોય તેવી કુંડલીવાળા જાતકો 'ચારિત્ર્ય'ની મર્યાદા ઓળંગે છે, તેવું જણાય છે

જે રાશિમાં આ યુતિ થઈ હોય તેના આધારે તેઓનું વ્યવસાયિક વલણ રહે છે, આમ છતાં એક નોંધનીય હકીકત આ દરેક જાતકનાં જીવનમાં જોવા મળે છે કે, આ જાતકો જે કુટુંબ, સંસ્થા કે વર્તુળ સાથે સંકળાયેલા હોય છે, તે કુટુંબ, સંસ્થા કે વર્તુળ સામાન્ય સ્થિતિ કરતાં વિશેષ 'વૈભવી' છે. તેવું સ્પષ્ટ તરી આવે છે બીજુ આ જાતકો જીવનનાં લૌકિક સુખ માટેનાં સંપૂર્ણ સાધનો અને સગવડો ધરાવે છે, પરંતુ શુક્ર પ્રધાન વ્યક્તિ ગુરૂની આમન્યા સામે બંડ પોકારે છે. તો ગુરૂ પ્રધાન વ્યક્તિ શુક્રનો અસ્વીકાર કરે છે. બેઉ શુભ પરંતુ શત્રુ ગ્રહોનો સમન્વય સાધી આ જાતકો પુરૂષાર્થ દ્વારા ઈચ્છિત પ્રાપ્તિ-પ્રારબ્ધ મેળવી શકે એટલુ પ્રકૃતિ દ્વારા તેમને મળ્યું હોવા છતાં લગભગ બધાજ જાતકો કાં તો શુક્રની શક્તિનાં આધારે ગુરૂની સત્તા ફગાવે છે, અથવા ગુરૂનાં અહમ્ ને પોષી શુક્રનો પ્રેમ ગુમાવે છે.

ગુરૂ. શુક્રનાં સમન્વયનું અદભુત દર્શન કાલ-પુરૂષ (મેષ લગ્ન) ની કુંડળીમાં થાય છે, મેષ લગ્નની કુંડળીમાં ધનસ્થાનનો સ્વામી શુક્ર છે, કારક ગુરૂ છે. વ્યય-ભોગસ્થાનનો સ્વામી ગુરૂ છે, કારક શુક્ર છે, 'સ્વામી અને કારક' ગ્રહ સમૂહનાં બે શુભ શત્રુ ગ્રહોનું કેવુ સુંદર મિલન! ઉપરાંત જીવનમાં સફળતા, સિદ્ધિ, કીર્તિ કે પ્રગતિ માટે અનુષ્ઠાન ગ્રહ-શાંતિ કે ધાર્મિક-ક્રિયાકાંડ કરાના હોય છે, ધર્મસ્થાન ધનુ રાશિનો સ્વામી ગુરૂ છે, આર્ય પ્રણાલી મુજબ કર્મકાંડ કે ધાર્મિક ક્રિયા કરતો જ ઈચ્છિત પ્રાપ્તિ થઈ શકે ક્રિયા પૂર્ણ ફળદાયી બને. પત્નીસ્થાન- તુલારાશિ નો સ્વામી શુક્ર છે, શુક્ર (પત્ની) તન-મનથી પૂર્ણ સહકાર આપે તો જ ધર્મની ક્રિયા દ્વારા ધન (ઈચ્છિત) પ્રાપ્ત થાય ગુરૂ-શુક્રનાં સહજ સહયોગ દ્વારા જ લૌકિક સુખ શક્ય છે. તેનો જ્યોતિષિક પુરાવો આથી વિશેષ શું હોઈ શકે?

સંશોધન વિભાગ

આ બાબતો સમજવા માટે કેટલીક કુંડલીઓ તપાસીએ:

મકર રાશિમાં ગુરુ–શુક્રની યુતિ

(૧) વૃશ્ચિક લગ્ન, લગ્નમાં સૂર્ય, ધનુમાં વક્રી બુધ. મકરમાં ગુરૂ, શુક્ર, કેતુ. કુંભમાં હર્ષલ, કર્કમાં રાહુ, સિંહમાં ચંદ્ર, નેપચ્યુન અને તુલામાં મંગળ, શનિ. ગુરૂ નીચ રાશિમાં છે. શુક્ર, શનિ પરિવર્તન યોગ છે. લગ્નજીવન સુખી છે. મિલ્કત અને વાહન છે, મજદૂર ક્ષેત્રનાં આગેવાન અગ્રણી છે. લગ્નેશ સાથેશનિ હોવાથી શુદ્ધ ચારિત્ર્ય છે, ધનાઢ્ય નથી, પરંતુ ધનાઢ્ય બનવાની સંપૂર્ણ સગવડ છે. વૈભવી જીવન જીવે છે.

(૨) સિંહ લગ્ન, લગ્નમાં નેપચ્યુન, તુલામાં શનિ, મંગળ, વૃશ્ચિકમાં સૂર્ય, બુધ, ચંદ્ર, મકરમાં ગુરૂ, શુક્ર, કેતુ, કુંભમાં હર્ષલ અને કર્કમાં રાહુ, ગુરૂ નીચ રાશિમાં છે, શુક્ર–શનિ પરિવર્તન યોગમાં છે. જે વ્યક્તિઓને કોઈ બેંકસ કર્જ આપે નહીં, તેઓને બીજાઓ પાસેથી કર્જ અપાવે છે, સાથે સાથે કર્જ લેનાર વ્યક્તિના ઉત્કર્ષ માટે નિયમિત રીતે નિયત સમયે પ્રભુ પ્રાર્થના કરે છે, પરિણામે કર્જ લેનાર વ્યક્તિઓમાંની કેટલીક વ્યક્તિઓ ધનાઢ્ય બની ચૂકી છે. વ્યક્તિગત રીતે પોતે ઈચ્છે તો બીજાઓને રકમ અપાવવાના બહાને પોતે ધન મેળવી કે વાપરી શકે એ સ્થિતિ છે, પરંતુ તેમ કરતા નથી એટલે ધનાઢ્ય નથી. વૈભવી જીવન જીવે છે. લગ્નમાં કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી. કદાચ એટલા માટે જ રંગીન જીવનના શોખીન હશે?

(૩) વૃષભ લગ્ન, કર્કમાં રાહુ, સિંહમાં નેપચ્યુન, વૃશ્ચિકમાં શનિ, ધનુમાં મંગળ મકરમાં ગુરૂ, વક્રી શુક્ર, કેતુ, કુંભમાં સૂર્ય, બુધ, મીનમાં ચંદ્ર, હર્ષલ. ગુરૂ નીચ રાશિમાં છે. આ જાતકનાં ધાર્મિક પ્રવચનોમાં જેટલી હાજરી હોય છે, તેટલી હાજરી બીજી વ્યક્તિઓનાં ધાર્મિક પ્રવચનોમાં હોતી નથી. સંપૂર્ણ વૈભવી જીવન જીવે છે, લગ્ન થયા છે. પરંતુ શુક્ર વક્રી હોવાનાં કારણે પત્નીએ એનનો ત્યાગ કર્યો હશે? લગ્ન પર શનિની દૃષ્ટિ છે એટલે ચારિત્ર્યનો પ્રશ્ન ઉદ્‌ભવતો જ નથી. ધનાઢ્ય નથી, પરંતુ ધનાઢ્ય બનવું હોય તો 'ક્ષણ' નો સમય લાગે, એમના ચરણોમાં લોકો ધનનો ઢગલો કરવા તત્પર છે.

(૪) સિંહ લગ્ન, લગ્નમાં શનિ, મંગળ, કન્યામાં કેતુ નેપચ્યુન, વૃશ્ચિકમાં સૂર્ય બુધ, મકરમાં ગુરૂ, શુક્ર, મીનમાં રાહુ, વૃષભમાં ચંદ્ર, મિથુનમાં હર્ષલ, કર્કમાં પ્લુટો. સરકારી ખાતામાં નોકરી કરતા હતા, પરંતુ ઈમાનદારી અને વફાદારીથી ત્યાં કામ નહીં કરી શકાય, એવી ભાવનાનાં કારણે એ નોકરી છોડી, કોલેજમાં લેક્ચરર તરીકે જોડાયા મિલકત અને વાહન છે. ધનાઢ્ય નથી, વૈભવી જીવન જીવે છે, ધનાઢ્ય બનવાની તક જતી કરી, લગ્નમાં શનિ હોવાથી ચારિત્ર્યનો પ્રશ્ન નથી, પરંતુ પ્રેમલગ્ન કર્યા છે. લગ્ન જીવન સુખી છે.

(૫) કન્યા લગ્નમાં મંગળ, કેતુ, નેપચ્યુન, ધનુમાં સૂર્ય, મકરમાં બુધ, ગુરૂ, શુક્ર, મીનમાં રાહુ, મિથુનમાં હર્ષલ, ચંદ્ર, સિંહમાં શનિ વક્રી. જાતક એક કંપનીમાં ઓફિસર છે, મહિનાઓ સુધી કંપનીના કામ માટે પરદેશ રહેવા જવું પડે છે, ધનાઢ્ય નથી, પરંતુ અતિ વૈભવી જીવન જીવે છે, આ કંપની નાણાંભીડ પ્રસંગે આ જાતક પોતાના અંગત ખાતામાંથી કંપનીના લેણદારોને નાણાં ચૂકવી આપે છે, કારણ પોતે આપેલા સમયે કંપની નાણાં ચૂકવી શકે નહીં, તો પોતાની આબરૂનું શું? આ હોદ્દા પર બીજી વ્યક્તિ ધનાઢ્ય બની શકે પરંતુ આ વ્યક્તિનાં સ્વભાવમાં નથી. લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી. દેશમાં અને દેશ બહાર અનેક વૈભવપૂર્ણ રંગીન જીવન માણ્યું છે.

(૬) ધનુ લગ્ન, લગ્નમાં બુધ, મકરમાં ગુરૂ, શુક્ર, મીનમાં રાહુ, મિથુનમાં હર્ષલ, સિંહમાં શનિ, ચંદ્ર. કન્યામાં નેપચ્યુન, મંગળ, કેતુ, વૃશ્ચિકમાં સૂર્ય. ધનાઢ્ય પિતાનો પુત્ર છે. પિતાને ભારે આવક છે, જેટલા કુટુંબનાં સભ્યો છે તે બધાં જ વેલ્થટેક્સ ભરે છે, મકાન-વાહન છે. જાતકનાં લગ્ન થઈ ગયા છે, લગ્નજીવન સુખી છે, શ્વસૂર પક્ષ પણ ધનાઢ્ય છે. પરંતુ જાતક પોતે કોઈ વિશેષ વ્યવસાયની શોધમાં છે, પિતાનો ખાલી બેઠા 'ધનાઢ્ય' બનવાનો વ્યવસાય પસંદ નથી, પરિણામે બે–ત્રણ વ્યવસાયમાં નુકસાન કર્યું, હજી પણ વ્યવસાયની શોધ ચાલુ છે. પિતાને ભય છે, પોતાનું ધન આ જાતક નહીં સાચવી શકે, લગ્ન કે લગ્નેશ પર શનિનો અંકુશ નથી, ભાવિનાં ગર્ભમાં શું હશે?

(૭) વૃશ્ચિક લગ્ન, મકરમાં ચંદ્ર, બુધ, ગુરૂ, સૂર્ય, વક્રી શુક્ર, મીનમાં રાહુ, મિથુનમાં હર્ષલ, સિંહમાં શનિ, કન્યામાં કેતુ, મંગળ, નેપચ્યુન. ધનાઢ્ય નથી, છતાં પિતાનાં વર્તુળનો ઉપયોગ કરી, અતિ વૈભવી જીવન જીવે છે, શુક્ર વક્રી છે, હજી લગ્ન કર્યા નથી, આજના આ જાતકનાં સામાજિક વર્તુળનાં પ્રમાણમાં 'જૂનવાણી' હોવાનો ભાસ છે, લગ્ન કે લગ્નેશ સાથે શનિ સંબંધિત નથી, પરિણામે તે ભાવિનાં ગર્ભમાં શું પડ્યું છે?

વૃષભ રાશિમાં ગુરૂ–શુક્રની યુતિ.

(૮) તુલા લગ્ન, લગ્નમાં નેપચ્યુન, ચંદ્ર, મકરમાં રાહુ, વૃષભમાં શુક્ર, ગુરૂ, મિથુનમાં હર્ષલ, કર્કમાં કેતુ, વક્રી બુધ, સૂર્ય, મંગળ. કન્યામાં શનિ. પ્રેમલગ્ન કર્યા છે. લગ્ન જીવન સુખી છે. હિપ્નોટીઝમ અને ગૂઢ વિદ્યાનો શોખ છે. નાટક, સિનેમા, ઉચ્ચ કક્ષાની હોટલનાં વ્યવસાયનો શોખ છે, પિતા તરફથી મિલકત અને વાહન તેમ જ ફેક્ટરી મળેલા છે. ધનાઢ્ય નથી, તેમ ન કહી શકાય, વેલ્થટેક્સ ભરે છે. લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી, તેની અસર જણાય છે.

(૯) કન્યા લગ્ન, તુલામાં કેતુ, ધનુમાં શનિ, મીનમાં હર્ષલ, મેષમાં રાહુ, વૃષભમાં ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર. મિથુનમાં સૂર્ય, સિંહમાં મંગળ, નેપચ્યુન. આ સ્ત્રીજાતક છે, મિલકત વાહન છે. લગ્નજીવન સુખી છે, ધનાઢ્ય બિલકુલ નથી, વૈભવની કમી નથી. લગ્ન પર શનિની દૃષ્ટિ છે, ધાર્મિક છે.

(૧૦) ધનુલગ્ન, લગ્નમાં શનિ, ચંદ્ર. મીનમાં મંગળ, હર્ષલ, મેષમાં રાહુ, વૃષભમાં બુધ, ગુરૂ, શુક્ર, સૂર્ય. સિંહમાં નેનપ્યુન, તુલામાં કેતુ. શ્રીમંત કુટુંબની 'ગૃહલક્ષ્મી' છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં ઓછામાં ઓછા ચાર વખત ઘરની લાદી ડીટરજન્ટથી ધોવાય છે. બે નોકર ફક્ત સાફ સફાઈ તરફ લક્ષ્ય આપે છે. પુત્ર સંતાન વર્ષમાં ઓછામાં ઓછા બે વખત ભારત બહાર જાય છે, આધુનિક પરદેશી ગાડીઓ ચલાવવાનો આ પુત્રને મોહ છે, મિલ્કત, વાહન અને ઉદ્યોગ છે. લગ્નમાં શનિ હોવાથી, અતિ ધાર્મિકતા આવી હશે?

(૧૧) ધનુલગ્ન, મકરમાં રાહુ, વૃષભમાં ગુરૂ–શુક્ર, મિથુનમાં સૂર્ય મંગળ, હર્ષલ, કર્કમાં બુધ, કેતુ. સિંહમાં ચંદ્ર. કન્યામાં શનિ, તુલામાં નેપ્ચ્યુન. આ પણ એક સ્ત્રીજાતક છે, લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી, એટલે કદાચ 'ધાર્મિકતા' નો પ્રશ્ન ઊભો થાય. એ સિવાય ભૌતિક સમ્પદા માટે તો ટીકા ટીપ્પણ કરવાની જરૂર રહેતી જ નથી.

ઉપરની ૧૧ કુંડલીઓમાં મકરમાં ગુરૂ–શુક્ર (ગુરૂ નીચનો, શુક્ર મિત્રક્ષેત્રી તેમ જ કેટલીક કુંડલીઓમાં શુક્ર–શનિ પરિવર્તન યોગ) અને વૃષભમાં ગુરૂ–શુક્ર (શુક્ર સ્વગૃહી, ગુરૂ શત્રુક્ષેત્રી) ની યુતિ છે. ગુરૂ નબળો હોવાથી, ગર્ભ શ્રીમંત જેવી સ્થિતિવાળા આ જાતકો નથી. પરંતુ ગર્ભશ્રીમંત વ્યક્તિઓ જે વૈભવ ભોગવી નથી શકતા, તેથી વિશેષ વૈભવી જીવન આ જાતકોનું છે. લગ્નજીવન પણ સુખી છે. (શુક્ર વક્રીવાળા જાતકો સિવાય.)

ધનુ રાશિનાં ગુરૂ–શુક્ર.

(૧૨) કુંભલગ્ન, મેષમાં રાહુ, મિથુનમાં ચંદ્ર, હર્ષલ. સિંહમાં શનિ, કન્યામાં નેપચ્યુન, તુલામાં કેતુ, ધનુમાં ગુરૂ, શુક્ર, મકરમાં સૂર્ય, મંગળ, બુધ. ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મેલ કન્યા છે. ઉચ્ચ વિદ્યાભ્યાસ કરેલો છે. ભારતમાં સામાન્ય કોટીની વ્યક્તિ માટે દુર્લભ એવાં સૌન્દર્ય પ્રસાધનોનો ખડકલો આ જાતકનાં ઘરમાં છે, પરંતુ આડંબર વાળા વૈભવી જીવન તરફની 'સૂગ' જેવી સ્થિતિ આ જાતકની છે. ગુરૂએ પોતાનાં કારકત્વ હેઠળનું બધું જ આપ્યું છે, પરંતુ શત્રુક્ષેત્રી શુક્ર એ બધું ભોગવવા અટકાવતો હશે? કે પછી લગ્ન પરની શનિની દૃષ્ટિ? લગ્ન તરફ અણગમો છે.

(૧૩) મેષલગ્ન, લગ્નમાં રાહુ, મિથુનમાં હર્ષલ, સિંહમાં શનિ, કન્યામાં નેપચ્યુન, તુલામાં કેતુ, ચંદ્ર, ધનુમાં ગુરૂ શુક્ર, મકરમાં સૂર્ય, મંગળ, બુધ, ગર્ભશ્રીમંત કુટુંબની કન્યા છે. પૂરો વિદ્યાભ્યાસ કરેલો છે. ટાપટીપ કે સૌન્દર્ય પ્રસાધનોનો મોહ ઓછો છે. જીવન સાથી માટેનાં ચોક્કસ ખ્યાલો છે, એ કારણે જ પસંદગીની અનેક સુવિધાઓ હોવા છતાં, પસંદગી પૂર્ણ નથી થતી. શત્રુક્ષેત્રી શુક્ર, સ્વગૃહી ગુરૂનું પાણી માપે છે?

કર્ક રાશિનાં ગુરૂ–શુક્ર.

(૧૪) ધનુ લગ્ન, લગ્નમાં શનિ, મીનમાં રાહુ, હર્ષલ. વૃષભમાં ચંદ્ર, કર્કમાં સૂર્ય, ગુરૂ, શુક્ર, સિંહમાં બુધ, નેપ્ચ્યુન, કન્યામાં કેતુ, મંગળ, ગર્ભશ્રીમંત કુટુંબની કન્યા, ગર્ભશ્રીમંત કુટુંબમાં લગ્ન કર્યા, ૧૨ માસ પુરા થતા પહેલાં જ લગ્નજીવનમાં મુશ્કેલીઓ જણાઈ, પરિણામે છૂટાછેડા લીધા. વિલાસી જીવન માટેની સંપૂર્ણ સગવડો હોવા છતાં, સાદગીભર્યું જીવન જીવે છે. ગુરૂ ઉચ્ચનો છે, શુક્ર–ચંદ્ર પરિવર્તન યોગ હોવાથી, કદાચ શુક્ર અને ગુરૂ વચ્ચેની સ્પર્ધાને પરિણામે ક્ષણજીવી લગ્ન જીવન માણવાં મળ્યું કે પછી લગ્નમાં શનિનાં કારણે સાદગી આવી વૈભવી જીવન જીવવા માટે સાધન અને સંપત્તિ પણ છે, પરંતુ ઉચ્ચનો ગુરૂ 'સાધુ' જીવન જીવવાની ફરજ પાડતો હશે?

(૧૫) મકરલગ્ન, મીનમાં, રાહુ, હર્ષલ. કર્કમાં સૂર્ય, ગુરૂ, શુક્ર, સિંહમાં બુધ, નેપચ્યુન કન્યામાં મંગળ, કેતુ, ચંદ્ર, ધનુમાં શનિ, જાતકને સ્વતંત્ર ઉદ્યોગ છે, મકાન, વાહન છે, લગ્ન થઈ ગયા છે. છતાં લગ્ન-જીવનમાં રોજ એક ભય રહે છે, છૂટાછેડા તો નહીં લેવા પડે? ગુરૂ ઉચ્ચનો છે, શુક્ર અન્યોન્યથી નીચ બને છે, આ કારણે જ છૂટાછેડા નહી લેવાતા હોય? વિલાસી જીવનનો મોહ છે, પરંતુ તે માટેના સાધનો અને સગવડો નથી. લગ્નેશ શનિ વક્રી છે એટલે!

(અનુસંધાન ૨૦ મા પાને)

વિશોત્તરી દશા પાછળની શાસ્ત્રસંમત ભૂમિકા

લેખક : પુષ્કરભાઈ ગોકાણી બી. ઈ. (સીવીલ)
જવાહર માર્ગ, દ્વારકા : ૩૬૧ ૩૩૫

સંશોધન વિભાગ

ફલાદેશ માટેની વિવિધ પ્રકારની દશાઓમાં, વિશોત્તરી દશાનો વિશેષ પ્રચાર જણાય છે. વિશોત્તરી દશા શા માટે વધુ શાસ્ત્રસંમત છે તે આ લેખમાં વિગતથી દર્શાવવામાં આવ્યું છે એટલું જ નહિ પણ વિવિધ ગ્રહોની દશામાંનાં વર્ષ ક્યા ધોરણે નક્કી થયાં હશે એ મુંઝવતા પ્રશ્નનો ઉત્તર પણ તેમણે આપ્યો છે. અભ્યાસીઓ આ હકીકતની ચકાસણી કરીને દશાવર્ષની ભૂમિકાનું સત્ય સમજે તો એક અણઉકેલ ગણાતા કોયડાનું નિરાકરણ થઈ જશે.

જ્યોતિષ શાસ્ત્રની રચના વેદના એક અંગ તરીકે પૂણ્યશ્લોક ઋષિઓએ એટલા માટે કરી કે તે જાણીને મનુષ્ય યોગ્ય કર્મ યોગ્ય સમયે કરે અને કર્મનું વિશેષ ફળ મેળવે એટલું જ નહિ પણ ગ્રહોના આધારે ભવિષ્યનું યથોચિત દર્શન, કરી આવી પડનાર આપત્તિમાંથી પાર ઊતરવા યોગ્ય પગલાં લે, તથા આવનાર સુખ કે સંપત્તિમાં વિવેક અને ધર્મ ન ચૂકે.

જ્યોતિ : (ગ્રહો અને રાશીઓ) ના આધારે જીવનમાં આવનાર સારાનરસા પ્રસંગો જાણવા માટે દશાપદ્ધતિ એ જ્યોતિષનું એક મહત્વનું પ્રબુદ્ધ પાસું છે. દશા પદ્ધતિઓ પ્રાચીન ગ્રન્થોમાં ઘણી મળી આવે છે. તેમાંએ અષ્ટોત્તરી, વિશોત્તરી, કાલચક્ર, યોગીની દશા આદિ વિશેષ પ્રચલિત છે. આ દશાઓમાં વિંશોત્તરી દશા ચોક્કસ સ્પષ્ટ દર્શન આપે છે. તેમ અનુભવે જણાયું છે, તેથી જ માત્ર વિશોત્તરી દશા ફલાદેશ માટે લેવી જોઈએ એટલું જ નહિ પણ વિશોત્તરી દશા લેવા માટે કેટલાક વૈજ્ઞાનિક તર્કશુદ્ધ કારણો પણ મળી આવે છે, તેથી વિશોત્તરી દશા જ ફલાદેશ માટે બહુજન હિતાય ઉપયોગમાં લેવી જોઈએ એમ મારો નમ્ર મત છે.

વિશોત્તરીની વિશિષ્ટતા

વિશોત્તરી દશા વિશે સંશોધન કરતાં, તેમાં વશિષ્ટ દર્શન મળી આવે છે, જેને આપણે ક્રમશ: સમજવા પ્રયત્ન કરીશું.

. તેમાં દર્શાવેલ દશાગ્રહોનો ક્રમ સાંપ્રત આકાશની સ્થિતિથી સંબંધ ધરાવે છે.

તેમાં નિરૂપાયેલ ગ્રહની દશા અવધિનાં વર્ષો સમતોલ છે.

તેનો પુરા 'નભચક્ર' સાથે અંશાત્મક સંબંધ છે.

તેમાં ગ્રહોના ભોગની અવધિ ગ્રહોની અવકાશી સ્થિતિ અને ગતિ ઉપર આધારીત છે.

તેમાં નવે નવ ગ્રહની અસરો આવરી લેવાઈ છે, જે અન્ય દશાઓમાં ખાસ લક્ષ્યમાં લેવાયું નથી.

આપણે જાણીએ છીએ કે આકાશમાં અબજો સૂર્યમંડળો છે, અને આ જ્યોતિપૂંજોની આપણા ઉપર પ્રબળ અસર છે. કારણ આકાશમાં સ્થિત આ જ્યોતિપૂંજોમાં ઘણા તો એટલા વિશાળ છે કે આપણી સૂર્યમાળાના છેલ્લા ગ્રહ પ્લુટોની કક્ષા અવકાશમાં જેટલો ફલક આવરી લે છે, તેનાં કરતાં પણ તે જ્યોતિપૂંજો મોટા છે. અર્થાત પ્રકાશની ગતિએ (સિકન્ડના ત્રણ લાખ કિલોમીટરથી પણ વધુ) તે વિશાળ જ્યોતિપૂંજની આરપાર જવું હોય તો પણ લગભગ ૬ કલાકથી વધારે સમય લાગે.

આ જ્યોતિપૂંજોને પ્રાચીન ઋષિ - મુનિઓએ ૨૭ ભાગમાં - જેને નક્ષત્ર કહે છે—વિભાગી છે. અને તે સમૂહોની આપણા ઉપર કેવી અસર પડે છે. તેનું નિરૂપણ કરેલું છે.

અસરોનો અભ્યાસ

આપણી પૃથ્વીની નજીક ગ્રહો આવેલા હોઈ આપણી ઉપર તે ગ્રહોના તત્ત્વોની - આપણાથી તે જેટલા દૂર છે, અને જેટલા કદ તથા વજનમાં છે તેના પ્રમાણમાં-અસર પડે છે. વળી ગ્રહો સૂર્ય આસપાસ ફરતા હોઈ, તેમજ પૃથ્વી પણ સૂર્ય આસપાસ ફરતી હોઈ, તેની બદલાતી સ્થિતિ મુજબ તે ગ્રહોની વત્તીઓછી પણ ચોક્કસ અસર પડે છે. વળી તે અસરોનો - ગ્રહો આપણાથી તારાઓની અપેક્ષાએ ખૂબ જ નજીક હોઈ— આપણે સારો અભ્યાસ કરી શકયા છીએ.

ઉપરોકત ૨૭ નક્ષત્ર સમૂહોની સવિશેષ જે અસરો છે, તેને સ્પષ્ટ કરવા ઋષિઓએ તે અસરોને આપણા ગ્રહોની અસરો સાથે સરખાવી છે. તેથી જે નક્ષત્રની સમગ્ર અસર સૂર્યમંડળના જે ગ્રહ જેવી હોય, તે ગ્રહને તેનો સ્વામી ગણવામાં આવ્યો છે. વળી અવકાશી પદાર્થો સમતુલામાં અને સમ અંતરે એકસરખી અસરો નીપજાવે છે.

નક્ષત્રો અને સ્વામીઓ

(૧) એટલે નભચક્રના ૨૭ નક્ષત્રોમાં પહેલા નંર નક્ષત્રની અસર પછીના નવ નક્ષત્ર બરોબર અને તે પછીના નવ નક્ષત્ર બરોબર-એ જ ક્રમમાં છે. તેથી ૨૭ નક્ષત્રોના સ્વામીઓ એક જ ક્રમમાં એ જ રીતે આવેલા છે. એટલે દરેક ત્રણ સમઅંતરે આવેલા નક્ષત્રો લગભગ એકસરખી અસરો દર્શાવે છે. તેથી તેના સ્વામીઓ એકસરખા છે

(૨) ભચક્ર ૩૬૦ અંશમાં વહેંચાયેલું છે, અવકાશી પીંડ-નક્ષત્રો તેમાં દરેક ૧૩° ૨૦'માં વ્યાપેલા છે, દરેક નવ નક્ષત્ર ૧૨૦ અંશ આવરી લે છે અને તે વિશોત્તરી દશાના ૧૨૦ વર્ષ સાથે સુમેળ ધરાવે છે.

(૩) વળી આકાશમાં સૂર્ય આસપાસ પૃથ્વી ફરે છે પણ આપણે-પૃથ્વી ઉપરની અસરોના આધારે ભવિષ્ય કથન કરતાં હોઈ પૃથ્વીને સ્થિર અને સૂર્યને ફરતો ગણીએ તો ગ્રહની સ્થિતિ અને ગણના સહેલી પડે છે. તેથી સૂર્યને ઠેકાણે પૃથ્વી મૂકીએ તો પરિણામ એક જ આવે.

આપણી સૂર્યમાળામાં નીચે દર્શાવ્યા છે તે રીતે તે ક્રમમાં દરેક ગ્રહ સૂર્યથી દૂર છે અને સૂર્ય આસપાસ ફરે છે :

સુ - બુ - કે - શુ - પૃથ્વી - ચં - મં - રા - ગુ - શ

હવે અહીં પૃથ્વીની જગ્યાએ સૂર્ય ઉપરોક્ત કારણસર ગોઠવીએ તો ગણના એકસરખી રહેતી હોઈ ક્રમ નીચે મુજબ થશે:

પૃથ્વી - બુધ - કેતુ - શુક્ર - સૂર્ય - ચંદ્ર - મંગળ - રાહુ - ગુરૂ - શનિ

વિશોત્તરી મહાદશા પણ આમ એ જ ક્રમમાં આવે છે, તેથી વિશોત્તરી દશા અન્ય દશા કરતાં સવિશેષ વૈજ્ઞાનિક અને પૂર્ણ છે.

નક્ષત્રો			સ્વામીઓ	દશાવર્ષ
૧ અશ્વિનિ	૧૦ મઘા	૧૯ મૂલ	કેતુ	૭
૨ ભરણિ	૧૧ પૂર્વા ફાલ્ગુની	૨૦ પૂ. ષાઢા	શુક્ર	૨૦
૩ કૃતિકા	૧૨ ઉ. ફાલ્ગુની	૨૧ ઉ. ષાઢા	સૂર્ય	૬
૪ રોહિણી	૧૩ હસ્ત	૨૨ શ્રવણ	ચંદ્ર	૧૦
૫ મૃગશીર્ષ	૧૪ ચિત્રા	૨૩ ધનિષ્ઠા	મંગળ	૭
૬ આર્દ્રા	૧૫ સ્વાતિ	૨૪ શતભીષા	રાહુ	૧૮
૭ પુનર્વસુ	૧૬ વિશાખા	૨૫ પૂ. ભાદ્રપદા	ગુરૂ	૧૬
૮ પુષ્ય	૧૭ અનુરાધા	૨૬ ઉ. ભાદ્રપદા	શનિ	૧૯
૯ આશ્લેષા	૧૮ જ્યેષ્ઠા	૨૭ રેવતી	બુધ	૧૭
			કુલ વર્ષ	૧૨૦

(૩) વૃષભ લગ્ન, કર્કમાં રાહુ, સિંહમાં નેપચ્યુન, વૃશ્ચિકમાં શનિ, ધનુમાં મંગળ મકરમાં ગુરૂ, વક્રી શુક્ર, કેતુ. કુંભમાં સૂર્ય, બુધ, મીનમાં ચંદ્ર, હર્ષલ. ગુરૂ નીચ રાશિમાં છે. આ જાતકનાં ધાર્મિક પ્રવચનોમાં જેટલી હાજરી હોય છે, તેટલી હાજરી બીજી વ્યક્તિઓનાં ધાર્મિક પ્રવચનોમાં હોતી નથી. સંપૂર્ણ વૈભવી જીવન જીવે છે, લગ્ન થયા છે, પરંતુ શુક્ર વક્રી હોવાનાં કારણે પત્નીએ એનનો ત્યાગ કર્યો હશે? લગ્ન પર શનિની દૃષ્ટિ છે એટલે ચારિત્ર્યનો પ્રશ્ન ઉદ્ભવતો જ નથી. ધનાઢ્ય નથી, પરંતુ ધનાઢ્ય બનવું હોય તો 'ક્ષણ' નો સમય લાગે, એમના ચરણોમાં લોકો ધનનો ઢગલો કરવા તત્પર છે.

(૪) સિંહ લગ્ન, લગ્નમાં શનિ, મંગળ, કન્યામાં કેતુ નેપચ્યુન, વૃશ્ચિકમાં સૂર્ય બુધ, મકરમાં ગુરૂ, શુક્ર, મીનમાં રાહુ, વૃષભમાં ચંદ્ર, મિથુનમાં હર્ષલ, કર્કમાં પ્લુટો.સરકારી ખાતામાં નોકરી કરતા હતા, પરંતુ ઈમાનદારી અને વફાદારીથી ત્યાં કામ નહીં કરી શકાય, એવી ભાવનાનાં કારણે એ નોકરી છોડી, કોલેજમાં લેકચરર તરીકે જોડાયા મિલકત અને વાહન છે. ધનાઢ્ય નથી, વૈભવી જીવન જીવે છે, ધનાઢ્ય બનવાની તક જતી કરી, લગ્નમાં શનિ હોવાથી ચારિત્ર્યનો પ્રશ્ન નથી, પરંતુ પ્રેમલગ્ન કર્યા છે. લગ્ન જીવન સુખી છે.

(૫) કન્યા લગ્નમાં મંગળ, કેતુ, નેપચ્યુન, ધનુનો સૂર્ય, મકરમાં બુધ, ગુરૂ, શુક્ર, મીનમાં રાહુ, મિથુનમાં હર્ષલ, ચંદ્ર, સિંહમાં શનિ વક્રી. જાતક એક કંપનીમાં ઓફિસર છે, મહિનાઓ સુધી કંપનીના કામ માટે પરદેશ રહેવા જવું પડે છે, ધનાઢ્ય નથી, પરંતુ અતિ વૈભવી જીવન જીવે છે, આ કંપની નાણાંભીડ પ્રસંગે આ જાતક પોતાના અંગત ખાતામાંથી કંપનીના લેણદારોને નાણાં ચૂકવી આપે છે, કારણ પોતે આપેલા સમયે કંપની નાણાં ચૂકવી શકે નહીં, તો પોતાની આબરૂનું શું? આ હોદ્દા પર બીજી વ્યક્તિ ધનાઢ્ય બની શકે પરંતુ આ વ્યક્તિનાં સ્વભાવમાં નથી. લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી. દેશમાં અને દેશ બહાર અનેક વૈભવપૂર્ણ રંગીન જીવન માણ્યું છે.

(૬) ધનુ લગ્ન, લગ્નમાં બુધ, મકરમાં ગુરૂ, શુક્ર, મીનમાં રાહુ, મિથુનમાં હર્ષલ, સિંહમાં શનિ, ચંદ્ર. કન્યામાં નેપચ્યુન, મંગળ, કેતુ, વૃશ્ચિકમાં સૂર્ય. ધનાઢ્ય પિતાનો પુત્ર છે. પિતાને ભારે આવક છે, જેટલા કુટુંબનાં સભ્યો છે તે બધાં જ વેલ્થટેક્સ ભરે છે, મકાન-વાહન છે. જાતકનાં લગ્ન થઈ ગયા છે, લગ્નજીવન સુખી છે, શ્વસૂર પક્ષ પણ ધનાઢ્ય છે. પરંતુ જાતક પોતે કોઈ વિશેષ વ્યવસાયની શોધમાં છે, પિતાનો ખાલી બેઠા 'ધનાઢ્ય' બનવાનો વ્યવસાય પસંદ નથી, પરિણામે બે–ત્રણ વ્યવસાયમાં નુકસાન કર્યું, હજી પણ વ્યવસાયની શોધ ચાલુ છે. પિતાને ભય છે, પોતાનું ધન આ જાતક નહીં સાચવી શકે, લગ્ન કે લગ્નેશ પર શનિનો અંકુશ નથી, ભાવિનાં ગર્ભમાં શું હશે?

(૭) વૃશ્ચિક લગ્ન, મકરમાં ચંદ્ર, બુધ, ગુરૂ, સૂર્ય, વક્રી શુક્ર, મીનમાં રાહુ, મિથુનમાં હર્ષલ, સિંહમાં શનિ, કન્યામાં કેતુ, મંગળ, નેપચ્યુન. ધનાઢ્ય નથી, છતાં પિતાનાં વર્તુળનો ઉપયોગ કરી, અતિ વૈભવી જીવન જીવે છે, શુક્ર વક્રી છે, હજી લગ્ન કર્યા નથી, આજના આ જાતકનાં સામાજિક વર્તુળનાં પ્રમાણમાં 'જૂનવાણી' હોવાનો ભાસ છે, લગ્ન કે લગ્નેશ સાથે શનિ સંબંધિત નથી, પરિણામે તે ભાવિનાં ગર્ભમાં શું પડ્યું છે?

વૃષભ રાશિમાં ગુરૂ–શુક્રની યુતિ.

(૮) તુલા લગ્ન, લગ્નમાં નેપચ્યુન, ચંદ્ર, મકરમાં રાહુ, વૃષભમાં શુક્ર, ગુરૂ, મિથુનમાં હર્ષલ, કર્કમાં કેતુ, વક્રી બુધ, સૂર્ય, મંગળ. કન્યામાં શનિ. પ્રેમલગ્ન કર્યા છે. લગ્ન જીવન સુખી છે. હિપ્નોટીઝમ અને ગૂઢ વિદ્યાનો શોખ છે. નાટક, સિનેમા, ઉચ્ચ કક્ષાની હોટલનાં વ્યવસાયનો શોખ છે, પિતા તરફથી મિલકત અને વાહન તેમ જ ફેકટરી મળેલા છે. ધનાઢ્ય નથી, તેમ ન કહી શકાય, વેલ્થટેક્સ ભરે છે. લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી, તેની અસર જણાય છે.

(૯) કન્યા લગ્ન, તુલામાં કેતુ, ધનુમાં શનિ, મીનમાં હર્ષલ, મેષમાં રાહુ, વૃષભમાં ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર. મિથુનમાં સૂર્ય, સિંહમાં મંગળ, નેપચ્યુન. આ સ્ત્રીજાતક છે, મિલકત વાહન છે. લગ્નજીવન સુખી છે, ધનાઢ્ય બિલકુલ નથી, વૈભવની કમી નથી. લગ્ન પર શનિની દૃષ્ટિ છે, ધાર્મિક છે.

(૧૦) ધનુલગ્ન, લગ્નમાં શનિ, ચંદ્ર, મીનમાં મંગળ, હર્ષલ, મેષમાં રાહુ, વૃષભમાં બુધ, ગુરૂ, શુક્ર, સૂર્ય. સિંહમાં નેનપ્યુન, તુલામાં કેતુ. શ્રીમંત કુટુંબની 'ગૃહલક્ષ્મી' છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં ઓછામાં ઓછા ચાર વખત ઘરની લાદી ડીટરજન્ટથી ધોવાય છે. બે નોકર ફકત સાફ સફાઈ તરફ લક્ષ્ય આપે છે. પુત્ર સંતાન વર્ષમાં ઓછામાં ઓછા બે વખત ભારત બહાર જાય છે, આધુનિક પરદેશી ગાડીઓ ચલાવવાનો આ પુત્રને મોહ છે, મિલકત, વાહન અને ઉદ્યોગ છે. લગ્નમાં શનિ હોવાથી, અતિ ધાર્મિકતા આવી હશે?

(૧૧) ધનુલગ્ન, મકરમાં રાહુ, વૃષભમાં ગુરૂ–શુક્ર, મિથુનમાં સૂર્ય મંગળ, હર્ષલ, કર્કમાં બુધ, કેતુ. સિંહમાં ચંદ્ર. કન્યામાં શનિ, તુલામાં નેપખ્યુન. આ પણ એક સ્ત્રીજાતક છે, લગ્ન કે લગ્નેશ સાથે શનિનો સંબંધ નથી, એટલે કદાચ 'ધાર્મિકતા' નો પ્રશ્ન ઊભો થાય. એ સિવાય ભૌતિક સમ્પદા માટે તો ટીકા ટીપ્પણ કરવાની જરૂર રહેતી જ નથી.

ઉપરની ૧૧ કુંડલીઓમાં મકરમાં ગુરૂ–શુક્ર (ગુરૂ નીચનો, શુક્ર મિત્રક્ષેત્રી તેમ જ કેટલીક કુંડલીઓમાં શુક્ર–શનિ પરિવર્તન યોગ) અને વૃષભમાં ગુરૂ–શુક્ર (શુક્ર સ્વગૃહી, ગુરૂ શત્રુક્ષેત્રી) ની યુતિ છે. ગુરૂ નબળો હોવાથી, ગર્ભ શ્રીમંત જેવી સ્થિતિવાળા આ જાતકો નથી. પરંતુ ગર્ભશ્રીમંત વ્યક્તિઓ જે વૈભવ ભોગવી નથી શકતા, તેથી વિશેષ વૈભવી જીવન આ જાતકોનું છે. લગ્નજીવન પણ સુખી છે. (શુક્ર વક્રીવાળા જાતકો સિવાય.)

ધનુ રાશિનાં ગુરૂ–શુક્ર.

(૧૨) કુંભલગ્ન, મેષમાં રાહુ, મિથુનમાં ચંદ્ર, હર્ષલ. સિંહમાં શનિ, કન્યામાં નેપચ્યુન,, તુલામાં કેતુ, ધનુમાં ગુરૂ, શુક્ર, મકરમાં સૂર્ય, મંગળ, બુધ. ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મેલ કન્યા છે. ઉચ્ચ વિદ્યાભ્યાસ કરેલો છે. ભારતમાં સામાન્ય કોટીની વ્યક્તિ માટે દુર્લભ એવાં સૌન્દર્ય પ્રસાધનોનો ખડકલો આ જાતકનાં ઘરમાં છે, પરંતુ આડંબર વાળા વૈભવી જીવન તરફની 'સૂગ' જેવી સ્થિતિ આ જાતકની છે. ગુરૂએ પોતાનાં કારકત્વ હેઠળનું બધું જ આપ્યું છે, પરંતુ શત્રુક્ષેત્રી શુક્ર એ બધું ભોગવતા અટકાવતો હશે? કે પછી લગ્ન પરની શનિની દૃષ્ટિ? લગ્ન તરફ અણગમો છે.

(૧૩) મેષલગ્ન, લગ્નમાં રાહુ, મિથુનમાં હર્ષલ, સિંહમાં શનિ, કન્યામાં નેપચ્યુન, તુલામાં કેતુ, ચંદ્ર, ધનુમાં ગુરૂ શુક્ર, મકરમાં સૂર્ય, મંગળ બુધ, ગર્ભશ્રીમંત કુટુંબની કન્યા છે. પૂરો વિદ્યાભ્યાસ કરેલો છે. ટાપટીપ કે સૌન્દર્ય પ્રસાધનોનો મોહ ઓછો છે. જીવન સાથી માટેનાં ચોક્કસ ખ્યાલો છે, એ કારણે જ પસંદગીની અનેક સુવિધાઓ હોવા છતાં, પસંદગી પૂર્ણ નથી થતી શત્રુક્ષેત્રી શુક્ર, સ્વગૃહી ગુરૂનું પાણી માપે છે?

કર્ક રાશિનાં ગુરૂ–શુક્ર.

(૧૪) ધનુ લગ્ન, લગ્નમાં શનિ, મીનમાં રાહુ, હર્ષલ. વૃષભમાં ચંદ્ર, કર્કમાં સૂર્ય, ગુરૂ શુક્ર, સિંહમાં બુધ, નેપ્ચ્યુન, કન્યામાં કેતુ, મંગળ ગર્ભશ્રીમંત કુટુંબની કન્યા, ગર્ભશ્રીમંત કુટુંબમાં લગ્ન કર્યા, ૧૨ માસ પુરા થતા પહેલાં જ લગ્નજીવનમાં મુશ્કેલીઓ જણાઈ, પરિણામે છૂટાછેડા લીધા. વિલાસી જીવન માટેની સંપૂર્ણ સગવડો હોવા છતાં, સાદગીભર્યું જીવન જીવે છે. ગુરૂ ઉચ્ચનો છે, શુક્ર–ચંદ્ર પરિવર્તન યોગ હોવાથી, કદાચ શુક્ર અને ગુરૂ વચ્ચેની સ્પર્ધાનાં પરિણામે ક્ષણજીવી લગ્ન જીવન માણવા મળ્યું, કે પછી લગ્નમાં શનિનાં કારણે સાદગી આવી! વૈભવી જીવન જીવવા માટે સાધન અને સંપત્તિ પણ છે, પરંતુ ઉચ્ચનો ગુરૂ 'સાધુ' જીવન જીવવાની ફરજ પાડતો હશે?

(૧૫) મકરલગ્ન, મીનમાં, રાહુ, હર્ષલ કર્કમાં સૂર્ય, ગુરૂ, શુક્ર, સિંહમાં બુધ, નેપચ્યુન, કન્યામાં મંગળ, કેતુ, ચંદ્ર, ધનુમાં શનિ, જાતકને સ્વતંત્ર ઉદ્યોગ છે, મકાન, વાહન છે, લગ્ન થઈ ગયા છે. છતાં લગ્ન-જીવનમાં રોજ એક જ ભય રહે છે, છૂટાછેડા તો નહીં લેવા પડે? ગુરૂ ઉચ્ચનો છે, શુક્ર અન્યોન્યથી નીચ બને છે, એ કારણે જ છૂટાછેડા નહીં લેવાતા હોય? વિલાસી જીવનનો મોહ છે, પરંતુ તે માટેનાં સાધનો અને સગવડો નથી. લગ્નેશ શનિ વક્રી છે એટલે?

(અનુસંધાન ૨૦ મા પાને)

વિશોત્તરી દશા પાછળની શાસ્ત્રસંમત ભૂમિકા

લેખક : પુષ્કરભાઈ ગોકાણી બી. ઈ. (સીવીલ)
જવાહર માર્ગ, દ્વારકા : ૩૬૧ ૩૩૫.

ફલાદેશ માટેની વિવિધ પ્રકારની દશાઓમાં, વિશોત્તરી દશાનો વિશેષ પ્રચાર જણાય છે. વિશોત્તરી દશા શા માટે વધુ શાસ્ત્રસંમત છે તે આ લેખમાં વિગતથી દર્શાવવામાં આવ્યું છે એટલું જ નહિ પણ વિવિધ ગ્રહોની દશામાંનાં વર્ષ કયા ધોરણે નક્કી થયાં હશે એ મુંઝવતા પ્રશ્નનો ઉત્તર પણ તેમણે આપ્યો છે. અભ્યાસીઓ આ હકીકતની ચકાસણી કરીને દશાવર્ષની ભૂમિકાનું સત્ય સમજે તો એક અણઉકેલ ગણાતા કોયડાનું નિરાકરણ થઈ જશે.

સંશોધન વિભાગ

જ્યોતિષ શાસ્ત્રની રચના વેદના એક અંગ તરીકે પુણ્યશ્લોક ઋષિઓએ એટલા માટે કરી કે તે જાણીને મનુષ્ય યોગ્ય કર્મ યોગ્ય સમયે કરે અને કર્મનું વિશેષ ફળ મેળવે એટલું જ નહિ પણ ગ્રહોના આધારે ભવિષ્યનું યથોચિત દર્શન, કરી આવી પડનાર આપત્તિમાંથી પાર ઊતરવા યોગ્ય પગલાં લે, તથા આવનાર સુખ કે સંપત્તિમાં વિવેક અને ધર્મ ન ચૂકે.

જ્યોતિ : (ગ્રહો અને રાશીઓ) ના આધારે જીવનમાં આવનાર સારાનરસા પ્રસંગો જાણવા માટે દશાપદ્ધતિ એ જ્યોતિષનું એક મહત્ત્વનું પ્રબુદ્ધ પાસું છે. દશા પદ્ધતિઓ પ્રાચીન ગ્રન્થોમાં ઘણી મળી આવે છે. તેમાંએ અષ્ટોત્તરી, વિશોત્તરી, કાલચક્ર, યોગીની દશા આદિ વિશેષ પ્રચલિત છે. આ દશાઓમાં વિંશોત્તરી દશા ચોક્કસ સ્પષ્ટ દર્શન આપે છે. તેમ અનુભવે જણાયું છે, તેથી જ માત્ર વિશોત્તરી દશા ફલાદેશ માટે લેવી જોઈએ એટલું જ નહિ પણ વિશોત્તરી દશા લેવા માટે કેટલાક વૈજ્ઞાનિક તર્કશુદ્ધ કારણો પણ મળી આવે છે, તેથી વિશોત્તરી દશા જ ફલાદેશ માટે બહુજન હિતાર્થ ઉપયોગમાં લેવી જોઈએ એમ મારો નમ્ર મત છે.

વિશોંત્તરીની વિશિષ્ટતા

વિશોત્તરી દશા વિશે સંશોધન કરતાં, તેમાં વિશિષ્ટ દર્શન મળી આવે છે, જેને આપણે ક્રમશઃ સમજવા પ્રયત્ન કરીશું.

૧. તેમાં દર્શાવેલ દશાગ્રહોનો ક્રમ સાંપ્રત આકાશની સ્થિતિથી સંબંધ ધરાવે છે.

૨ તેમાં નિરૂપાયેલ ગ્રહની દશા અવધિનાં વર્ષો સમતોલ છે.

૩ તેનો પુરા 'નભચ' સાથે અંશાત્મક સંબંધ છે.

૪ તેમાં ગ્રહોના ભોગની અવધિ ગ્રહોની આવકાશી સ્થિતિ અને ગતિ ઉપર અધારીત છે.

૫ તેમાં નવે નવ ગ્રહની અસરો આવરી લેવાઈ છે, જે અન્ય દશાઓમાં ખાસ લક્ષ્યમાં લેવાયું નથી.

આપણે જાણીએ છીએ કે આકાશમાં અબજો સૂર્યમંડળો છે, અને આ જ્યોતિપૂંજોની આપણા ઉપર પ્રબળ અસર છે. કારણ આકાશમાં સ્થિત આ જ્યોતિપૂંજોમાં ઘણા તો એટલા વિશાળ છે કે આપણી સૂર્યમાળાના છેલ્લા ગ્રહ પ્લુટોની કક્ષા અવકાશમાં જેટલો ફલક આવરી લે છે, તેનાં કરતાં પણ તે જ્યોતિપૂંજો મોટા છે. અર્થાત પ્રકાશની ગતિએ (સિકન્ડના ત્રણ લાખ કિલોમીટરથી પણ વધુ) તે વિશાળ જ્યોતિપૂંજની આરપાર જવું હોય તો પણ લગભગ ૬ કલાકથી વધારે સમય લાગે.

આ જ્યોતિપૂંજોને પ્રાચીન ઋષિ - મુનિઓએ ૨૭ ભાગમાં - જેને નક્ષત્ર કહે છે—વિભાગી છે. અને તે સમૂહોની આપણા ઉપર કેવી અસર પડે છે. તેનું નિરૂપણ કરેલું છે.

અસરોનો અભ્યાસ

આપણી પૃથ્વીની નજીક ગ્રહો આવેલા હોઈ આપણી ઉપર તે ગ્રહોના તત્ત્વોની - આપણાથી તે જેટલા દૂર છે, અને જેટલા કદ તથા વજનમાં છે તેના પ્રમાણમાં-અસર પડે છે. વળી ગ્રહો સૂર્ય આસપાસ ફરતા હોઈ, તેમજ પૃથ્વી પણ સૂર્ય આસપાસ ફરતી હોઈ, તેની બદલાતી સ્થિતિ મુજબ તે ગ્રહોની વત્તીઓછી પણ ચોક્કસ અસર પડે છે. વળી તે અસરોનો - ગ્રહો આપણાથી તારાઓની અપેક્ષાએ ખૂબ જ નજીક હોઈ— આપણે સારો અભ્યાસ કરી શકયા છીએ.

ઉપરોક્ત ૨૭ નક્ષત્ર સમૂહોની સવિશેષ જે અસરો છે, તેને સ્પષ્ટ કરવા ઋષિઓએ તે અસરોને આપણા ગ્રહોની અસરો સાથે સરખાવી છે. તેથી જે નક્ષત્રની સમગ્ર અસર સૂર્યમંડળના જે ગ્રહ જેવી હોય, તે ગ્રહને તેનો સ્વામી ગણવામાં આવ્યો છે. વળી અવકાશી પદાર્થો સમતુલામાં અને સમ અંતરે એકસરખી અસરો નીપજાવે છે.

નક્ષત્રો અને સ્વામીઓ

(૧) એટલે નભચક્રના ૨૭ નક્ષત્રોમાં પહેલા નવ નક્ષત્રની અસર પછીના નવ નક્ષત્ર બરોબર અને તે પછીના નવ નક્ષત્ર બરોબર-એ જ ક્રમમાં છે. તેથી ૨૭ નક્ષત્રોના સ્વામીઓ એક જ ક્રમમાં એ જ રીતે આવેલા છે. એટલે દરેક ત્રણ સમઅંતરે આવેલા નક્ષત્રો લગભગ એકસરખી અસરો દર્શાવે છે. તેથી તેના સ્વામીઓ એકસરખા છે

(૨) ભચક્ર ૩૬૦ અંશમાં વહેંચાયેલું છે, અવકાશી પીંડ-નક્ષત્રો તેમાં દરેક ૧૩° ૨૦' માં વ્યાપેલા છે, દરેક નવ નક્ષત્ર ૧૨૦ અંશ આવરી લે છે અને તે વિશોત્તરી દશાના ૧૨૦ વર્ષ સાથે સુમેળ ધરાવે છે.

(૩) વળી આકાશમાં સૂર્ય આસપાસ પૃથ્વી ફરે છે પણ આપણે-પૃથ્વી ઉપરની અસરોના આધારે ભવિષ્ય કથન કરતાં હોઈ પૃથ્વીને સ્થિર અને સૂર્યને ફરતો ગણીએ તો ગ્રહની સ્થિતિ અને ગણના સહેલી પડે છે. તેથી સૂર્યને ઠેકાણે પૃથ્વી મૂકીએ તો પરિણામ એક જ આવે.

આપણી સૂર્યમાળામાં નીચે દર્શાવ્યા છે તે રીતે તે ક્રમમાં દરેક ગ્રહ સૂર્યથી દૂર છે અને સૂર્ય આસપાસ ફરે છે :

સૂ - બુ - કે - શુ - પૃથ્વી - ચં - મં - રા - ગુ - શ

હવે અહીં પૃથ્વીની જગ્યાએ સૂર્ય ઉપરોક્ત કારણસર ગોઠવીએ તો ગણના એકસરખી રહેતી હોઈ ક્રમ નીચે મુજબ થશે:

પૃથ્વી - બુધ - કેતુ - શુક્ર - સૂર્ય - ચંદ્ર - મંગળ - રાહુ - ગુરૂ - શનિ

વિશોત્તરી મહાદશા પણ આમ એ જ ક્રમમાં આવે છે, તેથી વિશોત્તરી દશા અન્ય* દશા કરતાં સવિશેષ વૈજ્ઞાનિક અને પૂર્ણ છે.

નક્ષત્રો			સ્વામીઓ	દશાવર્ષ
૧ અશ્વિનિ	૧૦ મઘા	૧૯ મૂલ	કેતુ	૭
૨ ભરણિ	૧૧ પૂર્વા ફાલ્ગુની	૨૦ પૂ. ષાઢા	શુક્ર	૨૦
૩ કૃતિકા	૧૨ ઉ. ફાલ્ગુની	૨૧ ઉ. ષાઢા	સૂર્ય	૬
૪ રોહિણી	૧૩ હસ્ત	૨૨ શ્રાવણ	ચંદ્ર	૧૦
૫ મૃગશીર્ષ	૧૪ ચિત્રા	૨૩ ધનિષ્ઠા	મંગળ	૭
૬ આર્દ્રા	૧૫ સ્વાતિ	૨૪ શતભીષા	રાહુ	૧૮
૭ પુનર્વસુ	૧૬ વિશાખા	૨૫ પૂ. ભાદ્રપદા	ગુરૂ	૧૬
૮ પુષ્ય	૧૭ અનુરાધા	૨૬ ઉ. ભાદ્રપદા	શનિ	૧૯
૯ આશ્લેષા	૧૮ જ્યેષ્ઠા	૨૭ રેવતી	બુધ	૧૭
			કુલ વર્ષ	૧૨૦

દશાવર્ષોની સમતુલા

(જ) વળી દશાને ભાગે આવેલ વર્ષ એક સમતુલા ઊભી કરે છે. તે નીચે દર્શાવેલ વિગતે સ્પષ્ટ થાય છે:

બુ કે શુ સૂ ચં. મં રા ગુ શ
દશાવર્ષ |૧૭+૭+૨૦+૬+૧૦| |૭+૧૮+૧૬+૧૯|
૬૦ વર્ષ ૬૦ વર્ષ

(ઝ) આપણા વાર જે ક્રમમાં આવે છે, તે ક્રમ દરરોજ સવારે જે હોરા (સૂર્યોદય સમયે) આવતી હોય તે ક્રમમાં દર્શાવાયા છે. *

સૂર્ય ચંદ્ર મંગળ બુધ ગુરૂ શુક્ર શનિ
એટલે
દશા વર્ષ
સૂ ચં મં (રા) બુ (કે) ગુ શુ શ
|૬+૧૦+૭+૧૮| |૧૭+૭+૧૬| |૨૦+૧૯|
૪૧ વર્ષ ૪૦ વર્ષ ૩૯ વર્ષ

આમ પણ વિંશોતરી દશા ભાગ બીજી રીતે પણ એક પ્રકારની સમતુલા ઊભી કરે છે.

---

* રાહુ કેતુ બાદ કરતાં આકાશમાં આ પ્રમાણે ગ્રહો છે: ક્રમ : સૂ બુ શુ પૃ મં ગુ શ. તેમાં પૃથ્વી સૂર્યની જગ્યાએ ગણત્રી ક્રમમાં આપણે મૂકીએ છીએ પણ પૃથ્વી ગ્રહ ઉપર તો સર્વ અસર તપાસવાની હોઈ ચન્દ્ર ત્યાં મૂકવાથી ક્રમ નીચે મુજબ થશે. ચં - બુ - શુ - સૂ - મં - ગુ - શ.—દરરોજ પહેલી હોરા (વર્ચસ્વ) જે ગ્રહની હોય તે ૨॥ ઘટીકા - એક કલાક ચાલે. તેથી ૨૪ કલાકમાં ઉપરોક્ત હોરા અવળા ક્રમમાં (કારણ કે ગતિ અવળી છે) આવે છે. દા. ત. સૂર્યથી ગણીએ

૧ ૮
તો સૂ-શુ-બુ-ચં- શ- ગુ - મં-સૂ-શુ-બુ-ચં-શ
૧૫ ૨૨ ૨૪ ૨૫
ગુ- મં- સૂ- બુ- ચં- શ - ગુ-મં-સૂ-શુ-બુ-ચં.

આમ ૨૨મી હોરા પહેલી હોરા હોય તેની જ આવે અને ૨૫મી હોરા ચન્દ્રની આવી તેથી ૨૪ હોરાએ ૨૪ કલાક પૂરા થતાં દિવસ પૂરો થઈ, બીજે દિવસ ઊગ્યો એટલે સૂર્ય પછી ચંદ્ર વાર અર્થાત રવિ પછી સોમવાર આવ્યો. સોમથી ગણતાં ૨૨મી હોરા સોમની જ આવે પછી તે ક્રમમાં ચં-શુ-ગુ-મં એટલે મંગળ વાર આવે.
૨૨ ૨૫
મંગળથી ગણીએ તો - મં-સૂ-શુ-બુ આમ બુધવાર આવે. આમ વાર પણ હોરા ક્રમમાં ગોઠવાયા છે.

મહાદશાનાં વર્ષની ગણતરી

(૬) એક પ્રશ્ન સ્વાભાવિક ઊભો થાય છે કે આ દશાઓના ભોગ માટે વર્ષોની અવધિ શા માટે અમુક પ્રકારની નીચે દર્શાવ્યા મુજબ છે ?

બુ - કે- શુ - સૂ - ચં - મં - રા - ગુ - શ
૧૭ ૭ ૨૦ ૬ ૧૦ ૭ ૧૮ ૧૬ ૧૯

આ રૂએ શ્રી રેલેએ એમના પુસ્તકમાં બહુ જ સરસ સિદ્ધાંત આપ્યો છે. દરેક ગ્રહ જે નક્ષત્રમાં હોય તેનાથી ૧૦મે કે ૧૯મે એટલે ૧૨૦ અંશ કે ૨૪૦ અંશ ઉપર અથવા ફરી તે જ જગ્યાએ, તે શર અને ક્રાંતિ ઉપર આવે (અને ત્યારે તે અસ્તનો ન હોય) તેટલા વર્ષ દરેક ગ્રહની મહાદશાના વર્ષ ગણવામાં આવ્યા છે. આમ ચન્દ્રને જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રમાં તે જ શર અને સેતે ક્રાંતિ ઉપર બરોબર ભચક્રમાં - તે સ્થળે (જ્યારે તે અસ્તનો ન હોય ત્યારે) અથવા ૧૨૦° અંશે કે ૨૪૦° અંશે બરોબર તે દિશાની ક્રાંતિ અને તે શર ઉપર આવતાં બરોબર ૧૦ વર્ષ લાગે છે; અને મંગળને ૭, રાહુને ૧૮, ગુરુને ૧૬, શનિને ૧૯ વગેરે અવધિ લાગે છે અને તે અવધિ એ રીતે દરેક ગ્રહની દશાના ભોગ માટે આપી છે. તેમાં થોડા દિવસોની ન્યુનાધિકતા છે તેથી ગણત્રી માટે પૂરા વર્ષ લેવાયા છે. પણ આ ગણત્રી ચોક્કસ રહી છે.

(૭) પ્રચલિત દશાઓમાં વિંશોત્તરી દશા એવી છે કે જેમાં નવે નવ ગ્રહને આવરી લેવામાં આવ્યા છે. પ્રાચીન ઋષિમુનિઓ મંદમાં મંદ ગતિ કરનાર શનિને જોઈ શક્યા હતા. ત્યારે પછીના હર્ષલ, નેપચ્યુન, અને પ્લુટો તેઓ જોઈ શક્યા નહોતા. પણ તેઓ સૂ. ચં. મં. બુ. ગુ. શુ. શ. સિવાય ખગોળમાં અન્ય નજીકના ગ્રહોની અસરથી વાકેફ હતા. તે સર્વ અસરોને તેમણે રાહુ અને કેતુની ગણનામાં સમાવી લીધી હોય તેમ જણાય છે. એટલે વિંશોત્તરી દશાક્રમ બહુ જ પૂર્ણ અને યોગ્ય પદ્ધતિ ગણાઈ છે.

(૮) બહુ જ ચોક્કસ નિર્ણય આપતી કૃષ્ણમૂર્તિ પદ્ધતિનું સમગ્ર ગણિત વિંશોત્તરી દશાના નક્ષત્ર સ્વામીઓના આધાર ઉપર જ અને તેની એ અવધિ ઉપર જ રચાયું છે. એ અપૂર્વ સિદ્ધાંત બહુ જ ચોક્કસ પરિણામ ઉપરના વિંશોત્તરી ક્રમના આધારે જ આપે છે. તેથી વિંશોત્તરી દશા સિદ્ધ સાચી અને જ્યોતિષ ફલકથન કહેનારા માટે ઉપયોગી દશા છે, એમ ફલીત થાય છે.

આમ વિંશોત્તરી દશા (૧) આકાશી સર્વગ્રહોને આવરી લેતી, (૨) સમતોલ અવધી વર્ષ ભોગવાળી, (૩) અવકાશી ગ્રહોની સૂર્ય આસપાસ ભ્રમણ-સ્થિતિ અનુસાર ક્રમમાં દર્શાવાએલી (૪) અને નભચક્રના સમાંતરે અંશાત્મક (૧૨૦°) ભાગને આવરી લેતી (૫) તર્કશુદ્ધ સૈદ્ધાંતિક ગણનાવાળી (૬) અનુભવસિદ્ધ દશા હોઈ – જ્યોતિષ ફળકથન માટે તે દશા જ લેવી જોઈએ.

---

* શ્રી રેલે જણાવે છે કે ઈ. ૫૩૨માં મેષ સંપાત બિંદુ અને વિષુવ બિંદુ એક જ હતા. અને દર વર્ષે તે ૫૮.૬૮ સેકન્ડ પાછળ ખસે છે. (આપણે વર્ષની લંબાઈ ફેરના કારણે પાછળ ખસવાનો દર ૫૦.૨૫ સેકન્ડ ગણ્યો છે.) આમ ૫૮.૬૮ (વિકલા) સેકન્ડ પાછળ ખસવાની ગતિએ આ સંપાત બિંદુ દર ૧૦૦ વર્ષે ૧.૬૩ અંશ પાછળ ખસે છે, અને તે ગણના મુજબ રેલે અયનાંશ નીચે મુજબ છે.

ઈ.સ.	૧૮૦૦,	૧૯૦૦,	૧૯૭૦,	૧૯૮૦,	૧૯૯૦,	૨૦૦૦,	૨૦૧૦.
અય.	૨૦°૩૯'	૨૨°૧૮'	૨૩°૨૫'	૨૩°૩૬,	૨૩°૪૫	૨૩°૫૫,	૨૪°૦૫.

ઈ. સ. ૬૪૯ બીજી સપ્ટેમ્બર શકે ૫૭૨ ભાદ્રપદ કૃષ્ણ પંચમીને બુધવારે પરાશર શાખાના મહર્ષિએ ગણના કરી ત્યારે ઉપરોક્ત દશા ભોગ અવધિ કાલ આવ્યો હતો – તેમ તેમની ગણત્રી આધારે ફલીત થાય છે.

✡

નિરયન પદ્ધતિ

(૧૬ મા પાનાથી ચાલુ)

હોવાથી સારું નરસું ફળ આપશે નહિ
લગ્નના અંશની યુતિમાં સહમ આવી જાય
આ કારણે જાતકને ૫-૫-૭૬ થી દેહ, આજી
અને તંદુરસ્તી માટે સુખ—આપશે ને આપવા
શરૂ કર્યું છે. જાતકનો મન માનતો વિવાહ
હતો તેવો ચાન્સ તા. ૫-૬-૭૬ થી શરૂ
વિવાહ પણ આલેખ પૂરો લખાતાં
થઈ ગયો છે.

(૩) વાર સહમ: આયુષ્ય બાબત, સહમે
સૂર્ય છે. તે દેહનો કારક છે અને શનિ સૂ
પરિવર્તન છે. જેથી તા. ૧૧-૩-૭૬ થી બેઠે
અઠ્ઠાવીશમું વર્ષ આવરદાને માટે શુભ છે. લા
સ્થાને આ સહમ છે એટલે આવરદાનો લાભ

(૪) નક્ષત્ર સહમ ક્રિયામાણ ગણાય
દિનવાર વર્ષ પ્રવેશે પુષ્ય નક્ષત્ર હતું અને
૨ માસ ૨૪ દિવસ ૧૨ કલાક સુધી જ
નક્ષત્રથી સાતમું તારાયંત્ર પ્રમાણે થતું હતું.
નિધના હતું એટલે ૨૮ મા વર્ષના આ શરૂઆતનો
સમય ખરાબ ગયો ત્યાર પછી આશ્લેષા
છે જે તારાયંત્ર પ્રમાણે ૮ મું છે. એટલે મૈ
છે અને કર્મસ્થાને પોતાના સહમેશ
દશ્ય ગોળાર્ધમાં કુંડલીના દશમા ભાવે ક્રિયામાં
હોવાથી આખું વર્ષ ધંધામાં અને
પ્રકારે તા. ૫-૬-૭૬ થી શુભ જવાનું છે.
સહમેશ અને સહમ દશ્ય ગોળાર્ધમં છે તેમ
સહમેશ ચંદ્ર અને સુખસ્થાને બેઠેલા ગુરૂ
અરસપરસ દષ્ટિ શુભ છે. આ જોતાં ૨૮
અને ૨૯ મું વર્ષ સુખદાયી જશે. કારણ
૨૯ મા વર્ષે પરમ મૈત્રીવાળું નક્ષત્ર મઘા
છે. આથી જ્યોતિષરસિકો પોતાના જીવન
સારાં નરસાં વર્ષ સમય ક્રિયામાણ નક્ષત્ર
સહેલાઈથી જાણી શકે છે.

(૫) યોગસહમ - રોગ સહમ ભા
સ્થાને પોતાની રાશિમાં છે. તેમજ કોઈ ગ્રહ
દષ્ટિ કે, યુતિ નથી. આથી જાતકને રોગ થવા
યોગ આખું વર્ષ નથી.

|જ્યોતિષરસિકોને આ બાબતની ટી
સ્વીકારી, ભૂલ હશે તો સુધારીશ તો મને
આભારી કરશો. તા. ૧૬-૬-૭૬ બુધવાર

બુધના ગ્રહની શક્તિ અને ખુબી

લેખક : જ્યોતિવિદ આનંદ પ્રસાદ ત્રિવેદી એલ. એલ. બી. એડવોકેટ

અંબિકા નિવાસ, સરદાર પટેલ સોસાયટી પાસે, મણિનગર. અમદાવાદ ૮. ફે. નં. ૯૭૬૪૧.

વાણી અને બુદ્ધિના કારક ગણાતા બુધ વિષે આ લેખ સારી માહિતી પૂરી પાડે છે. જેની વહેલે બેઠાં તેનાં ગીત ગાય, એવો ગણાતો આ ગ્રહ માનવીના જીવનમાં કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે. તે લેખકે દર્શાવ્યું છે. અભ્યાસીઓને આ લેખ સારું માર્ગદર્શન પૂરું પાડશે.

બુધનો ગ્રહ પ્રકાશિત અને બધા ગ્રહોમાં જુદો તરી આવે તેવો છે. સૂર્યથી તેનું અંતર આશરે ૩ કરોડ અને ૬૦ લાખ માઈલ થાય છે. સૂર્યમાળામાં સૂર્યથી તે સૌથી નજીકનો ગ્રહ છે. તેનો વ્યાસ 3000 માઈલનો છે, તે સૂર્યની પરિક્રમા ૮૮ દિવસમાં પુરી કરે છે. (પૃથ્વી પરથી જોતાં આ સમય એક વર્ષ જેટલો લાગે છે) સૂર્યની આજુબાજુના તેના પરિભ્રમણ દરમિયાન તે વર્ષમાં ત્રણથી ચાર વખત વક્રી થાય છે. સૂર્યથી તે વધારેમાં વધારે ૨૮ અંશ એટલે કે, એક એક રાશિ આગળ કે પાછળ હોય છે. તે પોતાની ધરી ઉપર ફરવામાં ૨૪ કલાક ૬ મીનીટ લે છે, તેને વાયુમંડળ નથી. તેના ઉપર પ્રાણીસૃષ્ટિનું અસ્તિત્વ માનવામાં આવતું નથી, વૈજ્ઞાનિકોનું માનવું છે કે, બુધની ધરા પર સુવર્ણમાત્રાનું વધારે પ્રમાણ હોવું જોઈએ. તે સૂર્યની નજીક હોવાને કારણે સૂર્યની સાથે ઉદય અને અસ્ત થાય છે, તેથી સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી થોડો વખત જ ક્ષિતિજ ઉપર દેખાય છે, બુધ ગ્રહ નાનો પણ દેખાવે બહુ ચમકદાર છે, સૂર્યથી આગળ પાછળ ૧૩ અંશની અંદર હોય ત્યારે વક્રી અને ૧૨° ની અંદર હોય ત્યારે અસ્ત થાય છે.

બુધ પૃથ્વી તત્વનો ગ્રહ છે. તેનું આધિપત્ય શરીરના માંસ તથા ત્વચા ઉપર છે. કુંડળીમાં બુધ દૂષિત હોતાં ચામડીના રોગ, રક્તપિત્તનો રોગ, બહેરાપણું, અજીર્ણ, શૂળ, સંગ્રહણીનો રોગ વિગેરે થાય છે. બુધનું નંગ પન્ના છે, તે હરિત-લીલા રંગનો કારક ગ્રહ છે. તેનો વિહારના સ્થાનોમાં વસવાટ માનવામાં આવ્યો છે.

બુધનો "અસ્તભંગ"

કુંડળીમાં તે લગ્નમાં બળવાન છે. પૂર્વ દિશામાં તે બળવાન છે. તે દિવસે અને રાત્રે બળવાન છે, તે શિઘ્ર ફળદાયી છે. કુંડળીમાં કેન્દ્ર, ત્રિકોણમાં બળવાન બુધ હોય તો સારૂ ફળ આપે છે, ઉચ્ચનો હોય, કે સ્વક્ષેત્રી હોય કે, મિત્રક્ષેત્રી હોય અને ૬, ૮ કે ૧૨ સ્થાનો સિવાય બીજા કોઈ પણ સ્થાને હોય યા ૬,૮ કે ૧૨ ભાવોમાંથી કોઈનો તે સ્વામી ન હોય તો સારો ગણાય છે, તે શુભ ગ્રહ સાથે સૌમ્ય અને ક્રૂર ગ્રહ સાથે અશુભ થાય છે. અસ્તનો હોતાં બુધ પાપગ્રહનું ફળ આપે છે. અસ્તનો હોવા છતાં તે જે રાશિમાં બેઠો હોય તેનો સ્વામી ૬, ૮ કે ૧૨ સ્થાને ન હોય યા ૬, ૮ કે ૧૨ ભાવનો સ્વામી થતો ન હોય તો તેનો "અસ્તભંગ" થાય છે. આવી રીતે અસ્તભંગ થતો હોય તેવો બુધ ખરાબ નથી. બલ્કે કેન્દ્ર, ત્રિકોણ કે શુભયોગમાં હોય તો સારૂ ફળ આપે છે. ઘણીખરી કુંડળીઓમાં તે સૂર્યની યુતિમાં જોવા મળે છે. તે પૈકી ઘણીખરીમાં તે અસ્તનો જોવા મળે છે. લગ્નથી ૬, ૮ કે, ૧૨મે સ્થાને હોય યા તે ભાવો પૈકી કોઈનો તે સ્વામી હોય તો નિર્બળ થાય છે.

તેના મિત્ર ગ્રહ, શુક્ર, સૂર્ય અને રાહુ છે. મંગળ ગુરૂ અને શનિ તેના સમગ્રહ છે અને ચંદ્ર તેનો શત્રુ છે તે મિથુન અને કન્યા રાશિનો સ્વામી છે. કન્યા તેની ઉચ્ચ અને મૂળ ત્રિકોણ રાશિ છે. બુધ જ એક એવો ગ્રહ છે જે પોતાની કન્યા રાશિમાં ઉચ્ચનો થાય છે બીજા બધા ગ્રહો, બીજા ગ્રહોની રાશિઓમાં ઉચ્ચ થતા હોય છે, જેમ કે, ગુરૂ ચંદ્રની કર્ક રાશિમાં ઉચ્ચ થાય છે, શુક્ર, ગુરૂની મીન રાશિમાં અને શનિ, શુક્રની તુલા રાશિમાં ઉચ્ચ થતા હોય છે.

મન, બુદ્ધિ અને વાણીનો કારક

બુધ એ મન, બુદ્ધિ અને વાણીનો કારક ગ્રહ છે કેન્દ્રે, ત્રિકોણે કે, બીજા બળના શુભયોગમાં તે બળવાન હોતાં, વ્યક્તિને તે અસાધારણ બુદ્ધિ શક્તિ અને પ્રતિભા અર્પે છે. રાજકારણી પુરૂષોની કુંડળીમાં બળવાન બુધ જોવા મળે છે. મહાત્મા ગાંધીજીની કુંડળીમાં તુલાનો બુધ લગ્નમાં હતો. પંડિત જવાહરલાલ નહેરૂની કર્ક લગ્નની કુંડળીમાં, ચોથા સ્થાને તુલાનો બુધ હતો. સરદાર વલ્લભભાઈ પટેલની મેષ લગ્નની કુંડળીમાં, સાતમા સ્થાને કેન્દ્રમા, તુલાનો બુધ હતો. રવિન્દ્રનાથ ટાગોરની કુંડળીમાં મેષ લગ્નમાં, પ્રથમ સ્થાને બુધ હતો. સ્વર્ગસ્થ લાલ બહાદૂર શાસ્ત્રીની ધન લગ્નની કુંડળીમાં, દશમ સ્થાને, કન્યાનો ઉચ્ચનો બુધ હતો. પૃથ્વીરાજ ચૌહાણની કુંડળીમાં દશમે મકરનો બુધ હતો, અમેરિકાના પ્રખ્યાત પ્રમુખ અબ્રાહમ લિંકનની કુંભ લગ્નની કુંડળીમાં બુધ પ્રથમ ભાવે હતો. પ્રમુખ જોનસનની સિંહ લગ્નની કુંડળીમાં લગ્ને બુધ હતો. પ્રમુખ રૂઝવેલ્ટની કુંડળીમાં સાતમે કુંભનો બુધ હતો. હેરી ટ્રુમેનની કુંડળીમાં દશમે વૃષભનો બુધ, શનિની યુતિમાં હતો. રીચાર્ડ નિક્સનની સિંહ લગ્નની કુંડળીમાં, પાંચમે ધનનો બુધ છે, ગુરૂ નાનકની કુંડળીમાં ચોથે વૃશ્ચિકનો બુધ હતો. કેન્દ્ર, ત્રિકોણે રહેલા, ઉચ્ચ, સ્વક્ષેત્રી, મિત્રક્ષેત્રી કે, સમક્ષેત્રી, બુધે ઉપરોક્ત સત્પુરૂષોને સારૂ ફળ આપ્યું છે. તેમાં પણ આ રીતનો ઉચ્ચનો કે, સ્વરાશિનો બુધ હોય તો ઘણું સારૂ ફળ આપે છે. કેન્દ્રમાં ઉચ્ચ કે, સ્વરાશિનો બુધ ભદ્રયોગ કરે છે. તે વ્યક્તિને બુદ્ધિ, ધન, યશ અને કીર્તિ પ્રદાન કરે છે.

સંશોધન વિભાગ

જ્યોતિષ શાસ્ત્રના જ્ઞાન માટે

જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર વગેરે શાસ્ત્રમાં રસ કેળવવા અને તેમાં નિષ્ણાત થવા પણ બળવાન બુધ કેન્દ્ર, ત્રિકોણમાં હોવો જરૂરી છે, ઘણા બધા જ્યોતિષવિદ્યાના જાણકાર માણસોની કુંડળીમાં, બુધ કેન્દ્ર, ત્રિકોણમાં જોવામાં આવે છે. ભારતના પ્રખ્યાત જ્યોતિષી ડૉ૦ બી. વી. રામનની કુંભ લગ્નની કુંડળીમાં બુધ સપ્તમ સ્થાને કેન્દ્રમાં જ છે. સ્વ. પ્રો. બી. સૂર્યનારાયણરાવ (ડૉ૦ બી. વી. રામનના દાદા)ની વૃષભ લગ્નની કુંડળીમાં, કુંભનો બુધ દશમ સ્થાનમાં હતો. જ્યોતિષશાસ્ત્રના અચ્છા જાણકાર હોવા ઉપરાંત તેઓએ સારાં એવાં પુસ્તકો આ શાસ્ત્રના લખ્યાં હતાં. જ્યોતિષશાસ્ત્રમાં ખૂબ રસ ધરાવનાર ડૉ. સંપૂર્ણાનંદ કે જેઓ મધ્ય પ્રદેશના ગવર્નરપદે રહી ચૂક્યા હતા તેમની કુંડળીમાં દશમસ્થાને મકરનો બુધ હતો.

સત્ય અને અધ્યાત્મ માટે

સાચા સંત પુરુષ થવા માટે પણ કેન્દ્ર ત્રિકોણના બળવાન બુધની જરૂર રહે છે. આદ્ય શંકરાચાર્ય તથા રામાનુજાચાર્યની કુંડળીમાં દશમભાવે, કેન્દ્રમાં મેષનો બુધ હતો. ગીતાના ઉપદેશક ભગવાન શ્રી કૃષ્ણની વૃષભ લગ્નની કુંડળીમાં પંચમસ્થાને, ત્રિકોણે, ઉચ્ચનો કન્યાનો બુધ માલુમ પડે છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસને કુંભ લગ્નમાં બુધ પ્રથમ સ્થાને હતો. સ્વામી વિવેકાનંદને, લગ્નમાં મકરનો બુધ હતો. શિવાજીના ગુરૂ રામદાસ સ્વામીને તેમની કુંડળીમાં દશમ સ્થાને, મીનનો બુધ હતો. બુધ એ સત્ય અને આધ્યાત્મિકતાનો પ્રતિક ગ્રહ છે, તે નિર્બળ હોય તો વ્યક્તિને સત્યના માર્ગેથી વિચલિત કર્યા સિવાય રહે નહિ. અને સબળ હોય તો સાચો માર્ગ [illegible]

જ્યારે. આનો એવો અર્થ નથી થતો કે કુંડળીમાં બુધ સિવાય બીજા ગ્રહો ગમે તે સ્થિતિમાં હોય તો ચાલે. બીજા ગ્રહોના શુભ યોગમાં બુધ હોય તે બહુ જરૂરી છે. આવી સ્થિતિ હોય ત્યારે પણ મુખ્ય ભાગ બુધ ભજવતો હોય છે અને વ્યક્તિને ઉન્નતિના પંથે લઈ જતો હોય છે.

વકીલ અને ન્યાયાધીશ માટે

જેમ સફળ સત્પુરુષ, સારા જ્યોતિષી અને સાચા સંત થવા માટે બળવાન બુધની જરૂર રહે છે તેમ સારા ન્યાયાધીશ અને વકીલ થવા માટે પણ સુસ્થિત બુધ અનિવાર્ય છે. ન્યાયમૂર્તિ કે. ટી. મંગળ મૂર્તિની કુંડળીમાં લગ્નમાં વૃષભનો બુધ હતો. સફળ ઉદ્યોગપતિ થવા માટે પણ બળવાન બુધ કેન્દ્ર, ત્રિકોણ હોવો જરૂરી છે. રામકૃષ્ણ દાલમીયાની કુંડળીમાં દશમ સ્થાને મીનનો બુધ છે. હેનરી ફોર્ડને નવમે કર્કનો બુધ હતો. સફળ લશ્કરી કામગીરી બજાવતા ઉચ્ચ લશ્કરી અમલદારોની કુંડળીમાં પણ બળવાન બુધ જોવા મળે છે. જનરલ માણેકશાની સિંહ લગ્નની કુંડળીમાં સપ્તમ સ્થાને કેન્દ્રમાં કુંભનો બુધ છે. આદર્શ શિક્ષક માટે પણ બળવાન બુધ કારણભૂત હોય છે. ઓકસફર્ડ યુનિવર્સિટીના તત્વજ્ઞાનના શિક્ષક, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી સર્વેપલ્લી રાધાકૃષ્ણનની કુંડળીમાં કન્યાનો ઉચ્ચનો બુધ લગ્નમાં બેઠો હતો. શ્રી વી. વી. ગીરીની તુલા લગ્નની કુંડળીમાં દશમ સ્થાને કર્કનો બુધ છે.

મગજની સર્વોચ્ચ શક્તિ

બુધ માણસના મગજની સર્વોચ્ચ શક્તિનો કારક ગ્રહ છે. જ્યારે માણસના મગજની સ્વાભાવિક શક્તિનો કારક ગ્રહ ચંદ્ર છે. મહાન પ્રાચીન જ્યોતિષી ટોલેમી, તેના પુસ્તકમાં લખે છે કે ‘Mercury is the ruler of the rational soul, the moon of the animal soul આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે માણસને અસામાન્ય શક્તિશાળી, બળવાન બુધ જ બનાવે છે એવી જ રીતે બુધ અને ચંદ્ર બન્ને ગ્રહો ઉપર પાપગ્રહોની અશુભ દૃષ્ટિ પડતી હોય, તેમજ ગુરુ કે શુક્રની બચાવ કરનારી દૃષ્ટિ પડતી ન હોય તો માણસને ગાંડપણ સુધીના મગજના રોગ તથા નર્વસ સીસ્ટમના રોગ થાય છે. બુધ અને ચંદ્ર સ્થિર રાશિમાં જો આ પ્રમાણે હોય તો મગજના રોગની શક્યતા વિશેષ રહે છે.

અન્ય ગ્રહો સાથેના યોગો

બુધની સાથે જે ગ્રહ હોય યા તેને જોતાં હોય તે તેમના ગુણદોષ બુધને આપે છે. ગુરુ તથા બુધનો શુભ યોગ થતો હોય તો માણસને પરોપકારી અને દાતા બનાવે છે. પણ અશુભ યોગ ઉડાઉ અને ભપકાદાર બનાવે છે. બુધ અને શનિનો શુભ યોગ માણસની પ્રમાણિકતા અને વફાદારીનું પ્રતિપાદન કરે છે. જ્યારે અશુભ યોગ માણસને કાવત્રાબાજ અને વહેમી બનાવે છે. બુધની સાથે ઉચ્ચ કે સ્વગૃહી મંગળ હોય તેવી વ્યક્તિ દાકતર કે એન્જીનીયર હોય તેમ જોવા મળે છે. એક બહેનની તુલા લગ્નની કુંડળીમાં બુધ ચતુર્થસ્થાને, ઉચ્ચના મંગળની યુતિમાં હોવાથી તેણી ઇંગ્લેન્ડની હોસ્પિટલમાં દાકતર તરીકેની સફળ કામગીરી બજાવે છે.

કુંડળીમાં નિર્બળ મંગળની સાથે બુધની યુતિ કે દૃષ્ટિ થતી હોય તેવી વ્યક્તિ તરંગી હોવા ઉપરાંત ખંડનાત્મક નીતિ અખત્યાર કરતી જોવા મળે છે. બુધની સાથેનો સૂર્યનો શુભ યોગ માણસને પ્રતિભા અને સ્વતંત્રપણું આપે છે. અશુભયોગ તેને અભિમાની અને સ્વપ્રસંશક બનાવે છે, બહુ અહંકારી માણસોની કુંડળીમાં બુધ અને સૂર્ય ૬, ૮ ૧૨ સ્થાનમાં નિર્બળ થઈ બેઠેલા હોય છે યા તેના સ્વામી તરીકે દૂષિત થઈ સાથે બેઠેલા જોવા મળે છે બુધ અને શુક્રના યોગ માણસને સ્નેહાળ અને કલાપ્રેમી બનાવે છે. જ્યારે અશુભ યોગથી તે આત્મરત અને અવ્યવસ્થિત થાય છે.

જેની કુંડળીમાં ચંદ્ર, બુધ બન્ને બળવાન હોય, એકબીજાના શુભ યોગ કે દૃષ્ટિમાં હોય તેવી વ્યક્તિ આદર્શ બની સૌની કૃપાપાત્ર થતી જોવા મળે છે. અશુભ યોગ માણસને અવિચારી અને બુદ્ધિહીન બનાવે છે. જેની કુંડળીમાં એકલો બળવાન બુધ, સુસ્થિત હોય તેવી વ્યક્તિ સાવચેત અને બુદ્ધિશાળી માલુમ પડે છે. જ્યારે નિર્બળ બુધ હોય તેવો માણસ, બીજાની બાબતમાં માથુ મારતો અને ઉત્કંઠા બતાવતો જોવા મળે છે.

ચારિત્ર્યનું ઘડતર

બળવાન બુધ, વ્યક્તિને ગમે તેવી આફતમાંથી ઉગારી લે છે. ને તેના ચારિત્ર્યનું ઘડતર કરે છે. અને ઉન્નતિનો માર્ગ તેના માટે મોકળો કરી આપે છે. તે કસોટીકાળમાંથી તેની સાથે ઊભો રહી તેને વિચલિત થવા દેતો નથી. તેમ આફતથી તેને ભાંગી પડવા દેતો નથી. જ્યારે નિર્બળ બુધ માણસને અનીતિ અખત્યાર કરતાં રોકી શકતો નથી. કુંડળીમાં બળવાન બુધ હોય તેવા માણસો મોતના મોંમાં જઈ પાછા આવ્યાના દાખલા મોજુદ છે, બળવાન બુધ તેની મહાદશા આંતરદશામાં શુભ ફળ આપે છે. જન્મરાશિથી તેનું ૨, ૪, ૬, ૮ ૧૦ અને ૧૧માં સ્થાનમાં ગોચર ભ્રમણ શુભફળ દાયી મનાયું છે. ને શુભફળદાયી હોય ત્યારે વિદ્યાર્થિને પરીક્ષામાં સફળતા અપાવે છે. મહત્વાકાંક્ષી વિદ્યાર્થિને પરદેશ ગમન કરાવે છે. માણસને નોકરી ધંધામાં બઢતિ અપાવે છે.

બળવાન બુધ વગર ઉચ્ચ પ્રકારનું માનસ અને સદાચાર સંભવી શકતાં નથી. માણસનું માનસ, મનોબળ, ચારિત્ર્યબળ કેવું છે તે તેની કુંડળીમાં બુધની સ્થિતિ ઉપરથી જાણી શકાય છે. સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે વ્યક્તિની પ્રમાણિકતાનું પ્રમાણ તેના હાથમાં, બુધનો પહાડ તેમાં પડેલાં ચિહનો તથા રેખાઓ કનિષ્ઠિકા આંગળીની સ્થિતિ જોઈ નક્કી કરી શકાય છે. ‘બુધે બેવડાય’ ‘બુધ કરે શુદ્ધ’ વગેરે ઉક્તિઓ બુધના ગુણ તથા તેની ખાસિયત દર્શાવે છે. કુંડળીમાં બુધની સ્થિતિ જોઈ માણસ પોતાના જીવનનું કાર્યક્ષેત્ર નક્કી કરી શકે છે.

લોકચાહનાનો દાતા-શનિ

(૧૧ મા પાનાથી ચાલુ)

સુખી (૨) ત્રીજે શનિ પોતાના પરાક્રમ કાર્યોથી સુખી.

(૩) પાંચમે શનિ સંતાનોથી સુખી.

(૪) દશમે શનિ વેપાર ઉદ્યોગથી સુખી

હવે આપણે જોઈએ.

વિભાગ ૫ મો. ધનેશ શનિ ઉચ્ચનો તુલાનો.

ધનેશ શનિ-જન્મકુંડલીમાં ધન અને મકર લગ્નમાં ધનેશ શનિ થાય છે.

આ શનિ જન્મકુંડલીમાં ઉચ્ચનો થયો હોય છે તો તે સુંદર ફળો આપતો દ્રષ્ટિમાન થાય છે. માણસને એટલી ઉચ્ચ કોટી સુધી લઈ જાય છે કે તેને ધનાદિક સુખ ફૂલવૃત બને છે. તે ઉચ્ચ આત્મબળ અને જ્ઞાન બળ પણ આપે છે.

૧. સંત વિનોબા ભાવે

ધનલગ્ન-ધનેશ શનિ ઉચ્ચનો ૧૧મે.

૨. માઓત્સે તુંગ

૨. મકર લગ્ન-ધનેશ શનિ ઉચ્ચનો ૧૦મે

શનિના સ્થાનનું મહત્વ પણ અહીં દેખાય છે.

૧૧ મે શનિ-પ્રેમથી લોકહૃદયમાં સ્થાન પામે છે.

૧૦મે શનિ સત્તાથી લોકહૃદયમાં સ્થાન મેળવે છે.

હવે ચર્ચા સમેટતાં જોઈએ કે આજના યુગમાં ધનવૈભવ, પૈસો, કીર્તિ અને સત્તા જ્યારે બીજા ધન ભાવમાં શનિ જોડાયેલો હોય ત્યારે સહજ પ્રાપ્ત થાય છે. ઉપરના દ્રષ્ટાંતોમાં આપણે શનિ ભૌતિક સુખ આપનાર પ્રબળ ગ્રહ છે તે પુરવાર થાય.

મારાં અલ્પ જ્ઞાનના તારણો અહીં મેં રજુ કર્યા છે. વિદ્વાનો આ બાબત વધુ પ્રકાશ નાખશે તેવી આકાંક્ષા છે.

☆

સંશોધન વિભાગ

ધન, પ્રતિષ્ઠા અને લોકચાહનાનો દાતા-શનિ

લેખક : પ્રવિણચંદ્ર કાન્તિશંકર જોશી
રંભાનિવાસ, સરકારી પ્રેસ પાસે, ભાવનગર ૩૬૪૧૦૧

શનિ વિષેની સામાન્ય ભડક એટલી બધી વ્યાપક છે કે તેનું નામ પડતાં જ અનિષ્ટનો ભય ઊભો થતો હોય છે. પરંતુ શનિ પણ અન્ય ગ્રહો જેવો જ યોગકારક ગ્રહ છે. એટલું જ નહીં પણ દેશકાળના પરિવર્તનની દષ્ટિએ તેનું મૂલ્યાંકન થાય તે જરૂરી છે. આ લેખમાં શનિ, ધન, પ્રતિષ્ઠા, સ્થાન અને લોકચાહના પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે એવું લેખકે પ્રતિપાદન કર્યું છે. આ દષ્ટિએ પણ અભ્યાસીઓ શનિ વિષે વિચારે એ જરૂરી છે.

આજના યુગમાં ધન-સંપત્તિનું સુખ પાપ ગ્રહો વધારે આપતા જોવા મળે છે, તેમાં ખાસ કરીને શનિ જાતકને ધનવાન બનાવે છે. માન, પ્રતિષ્ઠા અને કીર્તિ અપાવે છે. ઊંચા પ્રકારની શકિત અને દઢતા તથા પોતાના કાર્ય પરત્વેની તન્મયતા અને તમન્ના શનિ આપતો જોવા મળે છે.

શનિનું નામ સાંભળતાં જ માણસો ચમકે છે, ગભરાય છે. પરંતુ આજના યુગમાં ધન સંપત્તિ ઉપર શનિનું પ્રભુત્વ વધારે જોવા મળે છે.

પૈસો પૈસો ને પૈસો, આજે લોકો ધન-લક્ષ્મી પ્રાપ્ત કરવા, ધનવાન થવા ઉત્સુક છે ત્યારે જાતકને ઉત્તમ ધનસુખ મળશે કે નહિ? તે પ્રશ્નનો જિજ્ઞાસુઓ બીજા ધન ભાવ અને શનિના સમન્વય ઉપરથી નિર્ણય કરી શકે છે.

અમારી દષ્ટિએ ધનભાવનો અને ધનેશનો શનિ સાથેનો સબંધ જાતકને ધનાદિક સુખ આપી, જીવનમાં માન, પ્રતિષ્ઠા કીર્તિ અને સત્તા પ્રાપ્ત કરાવે છે.

વિગતથી તે જાણવા માટે આપણે તેને નીચે પ્રમાણે પાંચ ભાગમાં વહેંચશું.

ધનસુખ માટે ધનભાવ ધનેશ અને શનિનો નિચે મૂજબ પરસ્પર સબંધ જરૂરો છે.

વિભાગ (૧) બીજા ધનભાવમાં શનિ
(૨) બીજા ધનભાવ ઉપર શનિની દષ્ટિ
(૩) બીજા ધનભાવના સ્વામી ધનેશ ઉપર શનિની દષ્ટિ.
(૪) ધનેશ અને શનિની યુતિ
(૫) ધનેશ શનિ-ઊંચનો-તુલાનો.

ઉપરના પાંચે મુદ્દાઓને આપણે વિગતથી જોઈએ.

વિભાગ-૧ ધનભાવમાં શનિ.

બીજા ભાવને ધનભાવની સાથે કૌટુંબિક ભાવ પણ કહ્યો છે. બીજા ભાવમાં રહેલો શનિ જાતકને વાણીમાં પ્રભાવશાળી બનાવે છે. ઉત્તમ ધનાદિક સુખ આપે છે. પણ કૌટુંબિક સુખમાં તે અતૃપ્તિ રાખે છે.

દા. ત.: (૧) પંડિત જવાહરલાલ નહેરુ
કર્ક લગ્ન શનિ સિંહનો બીજા ધનભાવમાં
(૨) મહાત્મા ગાંધી
તુલા લગ્ન શનિ બીજે વૃશ્ચિકનો.

ઉપરના બંને દષ્ટાંતો ઉપરથી માલૂમ પડે છે કે શનિ જાતકની એકાગ્રતા દિર્ઘ દ્રષ્ટિ પોતાના ધ્યેયને પૂર્ણ કરવાની તન્મયતા, તમન્ના આપે છે.

૩. દાદાભાઈ નવરોજી
મેષ લગ્ન બીજે શનિ

સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે ની અડગ ઘોષણા શનિના બળ દ્વારા જ પ્રગટ થયેલી જોવા મળે છે. બચપણમાં પિતાનું મૃત્યુ કટુંબ સુખની અતૃપ્તિ પણ અહિં દષ્ટિગોચર થાય છે.

વિભાગ ૨ બીજો:

બીજા ધનભાવ ઉપર શનિની દષ્ટિ: શનિ જન્મકુંડલીમાં જે સ્થાનમાં હોય ત્યાંથી તે ૩-૭-૧૦ સ્થાન ઉપર દષ્ટિકર્તા થાય છે.

આ વિભાગમાં આપણે ત્રણ ભાગ તે રીતે પાડશું.

૧. ત્રીજી દષ્ટિ—એટલે બારમે રહેલા શનિનાં ધન ભાવ ઉપર દષ્ટિ

૨. સાતમે દષ્ટિ—એટલે આઠમે રહેલો શનિ, ધન ભાવ ઉપર દષ્ટિ

૩. ૧૦ દશમે દષ્ટિ—એટલે પાંચમે રહેલો શનિ, ધન ભાવ ઉપર દષ્ટિ

ધનભાવ ઉપર દષ્ટિકર્તા શનિ જાતકને લોકો ઉપર પ્રભુત્વ, લોકપ્રિયતા, સત્તા અને દઢતા આપતો પણ દષ્ટિગોચર થાય છે.

(૧) શ્રી શ્યામ પ્રસાદ વસાવડા
બારમે મકરનો શનિ હતો.
૨. લોકમાન્ય તિલક
બારમે મિથુનનો શનિ હતો.

(૨) સાતમે દ્રષ્ટિ જન્મ કુંડલીમાં આઠમે રહી શનિ બીજા ધનભાવ ઉપર જયારે દ્રષ્ટિ કર્તા થાય છે. ત્યારે તે જાતક ઉત્તમ ધનસુખ તો મેળવે જ છે. પરંતુ તેમાં જ્યારે શનિ ઊંચનો થયો હોય છે ત્યારે હૃદયની વિશાળતા પણ આપણને દ્રષ્ટિગોચર થાય છે.

દા. તા. ૧. ડૉ. રાધાકૃષ્ણ
ધન લગ્ન શનિ આઠમે.

શનિની ધનભાવ ઉપરની દ્રષ્ટિ અગાધ શકિત, સત્તા અને સૌમ્યતા આપતી આપણને અહિં દ્રષ્ટિગોચર થાય છે.

૨. દાદા સાહેબ માવલંકર
મકર લગ્ન ધનેશ શનિ આઠમે રહી ધન ભાવ ઉપર પૂર્ણ દ્રષ્ટિ.

૩. દશમે શનિની દ્રષ્ટિ એટલે જન્મકુંડલીના પાંચમા ભાવમાં રહીને ધનભાવ ઉપર દ્રષ્ટિ કરતો શનિ જાતકને સર્વ પ્રકારના સુખો આપે છે સાથો સાથ તે જાતકને દ્રઢ નિશ્ચયી અને અફર નિર્ણયો વાળો બનાવે છે.

દા. ત.

(૧) સ્વ. શ્રી રાજગોપાલાચારી
વૃશ્ચિક લગ્ન-શનિ પાંચમે. પ્રથમ રાષ્ટ્રપતિ થયાં દ્રઢ સ્વભાવથી સર્વ કોઈ જ્ઞાત છે.

૨. સ્વ. ક. મા. મુનશી
મીન લગ્ન પાંચમે શનિ તેમના જીવનથી સર્વ કોઈ જ્ઞાત છે.

વિભાગ ૩ જો.

ધનેશ ઉપર શનિની દ્રષ્ટિ

ધનેશ ગમે તે ગ્રહ હોય તેની ઉપર શનિની જ્યારે દ્રષ્ટિ પડતી હોય છે. ત્યારે તો જાતક ધનવાન લક્ષ્મીવાન તો થાય જ છે પરંતુ લોકનાયક રાજયોગ પણ જોવા મળે છે.

૧. સરદાર પટેલ-ભારતના લોકશાહીના ઘડવૈયા.

વૃશ્ચિક લગ્ન ધનેશ ગુરૂ બારમે તેની ઉપર ત્રીજે રહેલાં શનિની દ્રષ્ટિ

વિભાગ ૪ થો.

ધનેશ અને શનિની યુતિ આ યોગ જ્યારે જન્મ કુંડલીમાં થાય છે ત્યારે તે જાતક ઊત્તમ ધનસુખ તો પામે છે જ પરંતુ સાથો સાથ ઉત્તમ બૌદ્ધિક શકિત મેળવી ને આધ્યાત્મિક બાબતોમાં પણ સુખ પ્રાપ્ત કરનાર જોવા મળે છે.

શનિના સ્થાન અને દ્રષ્ટિની મહત્તા ઉપરની ચર્ચાથી ફલિત થાય છે: (૧) જો શનિ સર્વ પ્રકારે

(અનુસંધાન ૧૦મા પાને)

☆ સ્થળાંતરથી ભાગ્યોદય ☆

લે : શ્રી બચુભાઈ જોષી, ટાવર પાસે, જામ ભાણવડ, સૌરાષ્ટ્ર.

દુર્ભાગ્યનો સામનો કરવા માટેના માનવીના પુરુષાર્થ દરમિયાન, સ્થળાંતર પણ મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે. જન્મ સ્થળથી અમુક દિશામાં ભાગ્યોદય થવાનો નિર્દેશ કરતા ઉલ્લેખો જ્યોતિષ શાસ્ત્રમાં મળી આવે છે. અહીં લેખકે ભાગ્ય સ્થાન અને ચતુર્થ સ્થાનોની ચર્ચા કરીને ભાગ્ય સહમનું ગણિત રજૂ કરીને અભ્યાસીઓને તેમાં વધુ ઊંડા ઉતરવાની પ્રેરણા આપી છે.

ભાગ્યોદય એ એક એવો શબ્દ છે કે જે સાંભળતા માનવને પરમ સુખની કલ્પના થાય છે અને ભાગ્યોદય કાળને તે પોતાના સંપૂર્ણ સુખનો કાળ માને છે. પરંતુ ભાગ્યોદય કોને કહેવો? ભાગ્યોદય એટલે શું? તેનું યોગ્ય અર્થ હજુ આજ મોટા ભાગના લોકો સમજતા નથી અને માત્ર સુખ–પૈસા મળે તેને ભાગ્યોદય માને છે. જ્યોતિષ શાસ્ત્રના નિયમ મુજબ જો પૈસા જ ભાગ્ય-ગણાતા હોત તો કુંડલીમાં ધન ભાવ અને ભાગ્ય ભાવ એમ બે જુદા જુદા ભાવો ન કરતાં, એક જ ભાવને મહત્ત્વ અપાયું હોત. મને લાગે છે કે પૈસા અને કીર્તિ વગેરે પ્રાપ્ત થયા પછી તેનો સંપૂર્ણ ઉપભોગ અને સદુપયોગ કરવો તેને ભાગ્ય કહી શકાય.

પુરુષાર્થ

પ્રત્યેક માનવ સુખ મેળવવા મથતો રહે છે. પરંતુ જેની પાસે ભાગ્યનું બળ નથી. તે સુખી થઈ શકતો નથી પોતાનાં ભાગ્યમાં પરમાત્મા એ શું નિર્માણ કર્યું છે? તે પ્રાકૃત માનવ જાણી શકતો નથી. જ્યોતિષી અમુક ખ્યાલ આપી શકે છે બાકી સર્વજ્ઞ તો એક પરમાત્મા જ છે. આપણા પૂર્વજોએ પોતાની આર્ષ દૃષ્ટિ દ્વારા ભાગ્ય જાણવાનું શાસ્ત્ર નિર્માણ કર્યું પણ તેઓની દૃષ્ટિએ આટલું જ બસ નથી. દુર્ભાગ્યને હટાવી, સદ્ભાગ્યની પ્રાપ્તિ કરવા માટેના પુરુષાર્થો પણ તેઓએ દર્શાવ્યા છે તે પુરુષાર્થોમાંનો એક પુરુષાર્થ સ્થળાંતર છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાથી ભાગ્યોદય થાય તેવા ઘણા દાખલા આજે પણ જોવા મળે છે. પ્રાચીન ઇતિહાસોમાં પણ તેવું છે. રાવણે લંકામાં નિવાસ કરી વિજય પ્રાપ્ત કર્યો. તેમાં પણ કહેવાય છે કે લંકા નામનું સ્થળ જ્યોતિષ દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું. આમ સ્થળાંતર અને ભાગ્યોદય પણ ઘણે અંશે સંકળાયેલા છે.

જન્મકુંડલીમાં ભાગ્ય નામનો જે ભાવ છે તે નવમો ભાવ છે. આ ભાવને ધર્મ ભાવ પણ કહેવામાં આવે છે આ નવમ ભાવમા બેઠેલા ગ્રહો તેના પર અન્ય ગ્રહોની દૃષ્ટિ તથા નવમેશ ક્યાં પડેલો છે, વગેરે બાબતોનો વિચાર કરવાથી જાણી શકાય છે કે માણસોના ક્યાં નિવાસ કરવાથી કેટલા પ્રમાણમાં અને ક્યારે ભાગ્યોદય થાય? તે માટે સૌ પ્રથમ એ જાણવું જોઈએ કે ભાગ્યોદય યોગ છે કે નહિ અને હોય તો ક્યાં છે? આ પ્રશ્નોને નજર સમક્ષ રાખીને જ્યોતિષીએ ફલાદેશ કરવું જોઈએ. ભાગ્યોદયનો યોગ ન હોય તો પછી સ્થળાંતર એક વિકલ્પ બની રહે છે.

પરસ્પર સંબંધ

મારા વર્ષો પછીના અનુભવે મને સમજાયું છે કે સદ્ભાગ્ય અને સ્થળાંતર અરસપરસ સંકળાયેલ છે. ભાગ્યેશ પર ગુરુની દૃષ્ટિ હોય તો સ્થળાંતર દ્વારા ભાગ્યોદય થાય છે. ભાગ્યેશ પર શનિની દૃષ્ટિથી ભાગ્યોદયમાં વિલંબ થાય છે. ભાગ્યેશ ઉંચ નો હોય તો શ્રેષ્ઠ ભાગ્યોદય ગણાય. ભાગ્યેશ નીચ રાશિમાં હોય તો ઘણી પરેશાની કરે છે. ભાગ્યોદય માટે જાતકને અનેક પ્રયત્નો કરવા પડે છે. એક જાતકે તો ભાગ્યોદય માટે સૌરાષ્ટ્રનાં ઘણાં ગામો ફરી જોયા. પરંતુ આખર પિતૃભૂમિમાં જ રહ્યા (અહીં જન્મભૂમિ એટલે પિતૃભૂમિ એમ અર્થ છે.) ભાગ્યેશની સ્થિતિ સારી ન હોય કિંવા ભાવ બગડેલો હોય તો સ્થળાંતરથી ભાગ્યોદય થતો નથી તેમ મને લાગ્યું છે. ટૂંકામાં ભાગ્ય, ભાવ અને ભાગ્યેશની સ્થિતિ જેટલી સારી તેટલું દૂર જવાથી ભાગ્ય પણ સારું બને અને ભાગ્ય નબળું તેટલું જન્મભૂમિથી નજીક રહેવું હિતાવહ હોય છે.

જન્મભૂમિ માટેનું સ્થાન એ ચોથું સ્થાન છે. જન્મભૂમિથી બહાર ભાગ્યોદય થશે કે નહિ તે માટે ચોથું સ્થાન પણ જોવું જોઈએ. ચોથા ભાવમાં પાપગ્રહની સ્થિતિ હોય અથવા દૃષ્ટિ હોય તો સ્થળાંતરથી ભાગ્યોદય થાય. વળી એક વિશેષ બાબત પણ મને જોવા મળી છે. ચતુર્થેશ ત્રીજા ભાવમાં હોય તો ગમે તેવી નબળી સ્થિતિમાંથી જાતક આગળ આવે છે. પરંતુ બહુ દૂર સ્થળાંતર ન કરવું જોઈએ. સિવાય કે ભાગ્યેશ બહુ સારો હોય. આ વિષય ને વધુ ચકાસવા માટે ભાગ્યેશ અને ચતુર્થેશની સ્થિતિ પરથી વધુ ખ્યાલ લાવી શકાય. ચતુર્થેશ ત્રિષડાયમાં ન હોતા કેન્દ્ર ત્રિકોણમાં હોય તો જન્મભૂમિમાં ભાગ્યોદય થાય (ભાગ્યોદય યોગ તો હોવો જોઈએ) ચતુર્થેશ ૬-૮ મે હોતા પણ ભાગ્યોદયમાં વિલંબ કરે છે.

ચતુર્થેશની સ્થિતિ

ચતુર્થેશની સ્થિતિનું બારે ભાવોનું સંક્ષિપ્ત ફલાદેશ આપણે જોઈએ આ ફલાદેશ લોમશ સંહિતાનું છે. ચતુર્થેશ સ્વગૃહી હોય તો જાતક ચતુર અધિકારયુક્ત, ઉત્તમ સ્વભાવવાળો, અભિમાની, સંપત્તિવાન, વિજાતિપ્રિય અને સુખી થાય છે. ચતુર્થેશ પાંચમે વા નવમે હોય તો તે જાતક સુખી, સર્વ મનુષ્યોમાં પ્રિય, દેવભક્ત, આપબળે જ આગળ આવી દુઃખનો નાશ કરનારો થાય છે. ચતુર્થેશ છઠ્ઠે હોતા જાતક ક્રોધી અને સ્વચ્છંદી બને છે. ચતુર્થેશ છઠ્ઠે હોય તેવી કુંડલીઓ બહુ ઓછી જોવાયેલ છે. ચતુર્થેશ લગ્ને વા સાતમે હોય તો પિતાની સંપત્તિ પ્રાપ્ત થતી નથી અને પ્રાપ્ત થાય તો વ્યય થઈ જાય છે. ચતુર્થેશ દશમે શુભ છે. જન્મભૂમિમાં જ ભાગ્યોદય કરે છે. ચતુર્થેશની બારમે સ્થિતિ સારી નથી. ધનોપાર્જન માટે સ્થળાંતર હિતાવહ બનતું નથી. ત્રીજે કે અગિયારમે ચતુર્થેશની સ્થિતિ સ્થળાંતરથી ભાગ્યોદય માટે સારી ગણાય છે. તેમાં પણ ચતુર્થેશ ત્રીજે હોતાં જાતકને આગળ આવવા માટે સારો અવકાશ પ્રાપ્ત થાય તેવું અનુભવે જાણવા મળ્યું છે. જાતક ઉદાર, ગુણવાન, દાતા, સ્વબળે આગળ આવનાર થાય છે. ચતુર્થેશ બીજે હોતા જાતક માની અને સાલસી બને છે. અર્થોપાર્જન પણ કરે છે. આ પ્રમાણે ચતુર્થેશની સ્થિતિ પરથી સ્થળાંતર કરવું કે નહિ તેનો ખ્યાલ કરવો ભાગ્યેશ ૬-૮ ૧૨મે શુભ નથી.

સ્થળાંતરથી ભાગ્યોદય માટે જાતક તત્ત્વ નામના ગ્રંથમાં વર્ણન જોવા મળે છે. તે સૂત્ર ભાષાનો ગ્રંથ છે. ત્યાં કહ્યું છે કે ચતુર્થેશ આઠમે હોતા જાતક ભાગ્યહીન થાય. પરંતુ અહીં અપવાદ છે. ભાગ્યેશની સ્થિતિ બહુ સારી હોય. તો ઉપરોક્ત યોગનો ભંગ થાય છે. લગ્ન-બીજા અને સાતમાના સ્વામીઓ ૬-૮-૧૨મે હોય તો વિવાહ પછી જાતક ભાગ્યહીન થાય છે. નવમેશ છઠ્ઠે હોય શત્રુગ્રહ અથવા નીચ રાશિસ્થ ગ્રહથી દૃષ્ટ હોતાં જાતક ભાગ્યહીન થાય છે. આ પ્રમાણે યોગો ત્યાં બતાવ્યા છે. સિંહ લગ્નમાં ત્રીજે મંગળ મને સ્થળાંતર માટે સારો જોવા મળ્યો છે. કારણ કે મંગલ ચતુર્થેશ તથા ભાગ્યેશ બને છે. આ બાબતમાં લાભેશનો પણ વિચાર કરવો ઘટે છે.

ભાગ્યસહમનું સરળનું ગણિત

કોઈ પણ માણસના ભાગ્યનું બળ કેટલું છે. તે જાણવાની એક ગણિત પદ્ધતિ પણ જ્યોતિષ ગ્રંથમાં જોવા મળે છે. આ પદ્ધતિનો બરાબર વિચાર કરવામાં આવે તો ભાગ્ય બળનો ખ્યાલ કરવો ઘણો જ સુગમ બને છે. આ પદ્ધતિ એવી છે કે સ્પષ્ટ લગ્નમાં સ્પષ્ટ ચંદ્ર ઉમેરીને સ્પષ્ટ સૂર્ય બાદ કરવાથી જે રાશ્યાદિ આવે તેને ભાગ્ય સહમ જાણવું. આવેલા રાશ્યાદિનાં સ્વામીને ભાગ્યેશ જેવો ગણવામાં આવે છે. તેનાં બળાબળના ખ્યાલ કરવાથી પણ ફલાદેશ થઈ શકે છે. દા. ત. ધનલગ્નમાં એક જાતકનો જન્મ

(અનુસંધાન ૧૪મા પાને)

અદૃશ્ય ચક્રાર્ધમાં મહત્ત્વનું શત્રુ ભવન

લેખક : પંડિત હરિકૃષ્ણ રેવાશંકર યાજ્ઞિક, તંત્રી : “જ્યોતિર્વિજ્ઞાન
ઠે. જયહિંદ એસ્ટેટ નં. ૩, B. ભુવનેશ્વર, સેન્ટ્રલ બેંક સામે, મુંબઈ–૪૦૦ ૦૦૨

શત્રુભુવન - છઠ્ઠા સ્થાન - વિષે લેખકે અહિં જુદી જ દૃષ્ટિએ રજૂઆત કરી છે. રોગ - ઋણ અને શત્રુ વગેરેનો નિર્દેશ કરતું આ સ્થાન, દક્ષિણ ભારતના જ્યોતિષીઓએ બોધેલા વિપરીત રાજયોગમાં ફાળો આપે છે. આ લેખમાં અદ્રશ્ય ચક્રાર્ધની દૃષ્ટિએ આ સ્થાનની ચર્ચા કરીને લેખકે–ગ્રહોની પૂર્ણિમા તેમ જ અમાવાસ્યાની વિશેષ વિચારણા રજૂ કરી છે.

અંતરિક્ષના મંડળમાં દ્વાદશ રાશિ નવ ગ્રહ અને પંચતત્વમાં સમન્વિત કરેલ પિંડ અને બ્રહ્માંડના સૂક્ષ્મ ભેદને જ્યોતિષશાસ્ત્ર દ્વારા સમજવા માટે વિવિધ આયોજન કરેલ છે. તેમાં સૂર્યના ભ્રમણ પર આધારિત દ્વાદશ ભાવ દ્વારા માનવજીવનના મહત્વના પ્રશ્નોનું સંકલન કરી વિદ્વાનો એ પોતાના જ્ઞાનદ્વારા અનેક સમસ્યાઓનો ઉકેલ કરી માનવ મનને પ્રસન્નતા આપેલ છે.

દૃશ્ય ચક્રાર્ધ

પૂર્વ ક્ષિતિજે સૂર્યોદયથી આરંભ કરી સૂર્યાસ્ત સુધીનાં સ્થાનો દૃશ્ય ચક્રાર્ધનાં છે તેમાં પ્રથમ દેહભુવન, વ્યયભવન, લાભ, કર્મ, ભાગ્ય આયુષ્ય અને સ્ત્રીભુવન ત્યાર બાદ સૂર્ય અસ્તમાં અર્થાત્ અદૃશ્ય ચક્રાર્ધમાં પ્રવેશ કરે છે, ત્યાં પ્રથમ શત્રુસ્થાન, સંતતિસ્થાન, સુખસ્થાન, પરાક્રમ, ધન ભવન આ પ્રમાણે પ્રથમથી જ સાતમા દૃશ્ય ચક્રાર્ધમાં અને સાતમાંથી પ્રથમ સુધીના સ્થાનો અદૃશ્ય ચક્રાર્ધમાં આવે છે.

દૃશ્ય ચક્રાર્ધમાં ગ્રહો ફળદાયક બને છે. અદૃશ્ય ચક્રાર્ધમાં ફળનું શ્રેય પ્રાપ્ત કરે છે. પ્રથમ સ્થાનથી દૃશ્ય ચક્રાર્ધની ગણતરી કરતાં આઠમું અને સીધી ગણધરીમાં છઠ્ઠું સ્થાન એટલે જ રીપુસ્થાન-શત્રુ અરિ ક્ષત, માતુલ અને રોગ ચોર વગેરેનો નિર્ણય કરવા માટેનું સ્થાન મનાય છે. માનવજીવનમાં દેહની ઉત્પત્તિ સાથે જ રોગ અને શત્રુનો ઉપદ્રવ હોય જ છે એનું બળાબળ શત્રુ સ્થાન પર આધારીત છે.

ગ્રહયોગો

છઠ્ઠા સ્થાનમાં પાપ ગ્રહો બળવાન તેમ જ લાભકર્તા છે. જ્યારે શુભગ્રહો નિર્બળ બને છે. પરંતુ છઠ્ઠે ચંદ્ર - બુધ શુભ ફળદાતા છે. કાળ પુરુષની કુંડલીમાં છઠ્ઠા સ્થાને કન્યા રાશિ આવે છે અને કન્યા રાશિનો સ્વામી બુધ હોવાથી આસ્થાનમાં બળવાન બને એ યોગ્ય છે. પરંતુ ચંદ્રને છઠ્ઠે બળવાન કહ્યો છે, તે સબંધી વિદ્વાનોએ સંશોધન કરી નિર્ણય કરવો જોઈએ. બાકી ગુરુ છઠ્ઠે, બુધ સાથે શત્રુત્વ હોવાથી અશુભ ફળ આપી શકે અને શુક્ર ત્યાં કન્યા રાશિમાં નીચનો થવાથી નિર્બળ બને એ સમજી શકાય તેમ છે. જ્યારે સૂર્ય, મંગળ, શનિ અને રાહુ આમ ગ્રહો માટે છઠ્ઠું સ્થાન શ્રેષ્ઠ માન્યું છે.

સૂર્ય શત્રુસ્થાને શુભ ફળદાયક બને છે. તેવી જ રીતે મંગળ શત્રુસ્થાને હોય ત્યારે દ્રવ્ય, જમીન, સોનું, વસ્ત્રલાભ, રાજાની કૃપા, શત્રુનાશ, આરોગ્ય તેમ જ વિવિધ પ્રકારનાં સુખ પ્રાપ્ત થાય છે. શત્રુસ્થાનનો શનિથી રાજસન્માન, વસ્ત્ર, સોનું - માનવૃદ્ધિ, મિત્રોથી યશ, અને ઈચ્છા મુજબ સંપત્તિ - સુખ દ્રવ્યલાભ, પ્રાપ્તિ થાય છે.

રાહુ પણ છઠ્ઠે પુત્ર સુખ - સ્ત્રી અને દ્રવ્યથી પ્રસન્ન બનાવે છે. કાલપુરુષની કુંડલીમાં રાહુ માટે કન્યા રાશિ સ્વગ્રહની અને શનિ માટે મિત્રક્ષેત્રી છે. જેથી આ બધા ગ્રહો છઠ્ઠા સ્થાને શુભ ફળદાયક છે.

અદૃશ્ય ચક્રાર્ધ

ગ્રહોના ભ્રમણની દૃષ્ટિએ વિચાર કરવા જતાં પશ્ચિમ ક્ષિતિજે ગ્રહ આવ્યા પછી અસ્ત થાય છે. અને પશ્ચિમ ક્ષિતિ જ પછીનું પ્રથમ સ્થાન એટલે કુંડલીનું છઠ્ઠું સ્થાન છે અને ત્યાં પાપગ્રહો શુભ ફળ આપે છે જ્યારે શુભ ગ્રહો નિર્બળ બને છે. આ વિચારણીય મુદ્દો છે. અદૃશ્ય ચક્રાર્ધનો અર્થ સૂર્યથી સાતમી રાશિ પછીનો ભાગ એટલે કુંડલીમાં ધનભવનથી રીપુસ્થાન સુધીનાં પાંચ સ્થાનોને જ અદૃશ્ય ચક્રાર્ધમાં ગણી શકાય. આ પાંચે સ્થાનો માનવીના ભૌતિક જીવન સાથે સંકળાયેલાં છે. સંપત્તિ કુટુંબ અને વાહન પછી યશ, પરાક્રમ-ભાઈ - બહેન, ચોથું માતા - ઘર - જમીન - વાહન-નોકર, પાંચમુ વિદ્યા - બુદ્ધિ - સંતાનો સમાજમાં સ્થાન અને છઠ્ઠું શત્રુ સ્થાન કે જ્યાં રોગ - શત્રુ અને ચોર સામે વિજયી થવાનું. આ સ્થાન તે માતુલ સ્થાન છે, એટલે મામા કે માસીનું સુખ પણ જોઈ શકાય. કારણ માતાના સ્થાનથી ત્રીજું એટલે માના ભાઈ - બહેનનું સ્થાન છે. આ સ્થાનમાં બળવાન ગ્રહોથી માનવી નિરોગી બને છે. નિર્બળ ગ્રહોથી રોગિષ્ટ રહે છે. શત્રુથી વિવાદ-ઘર્ષણ દ્વારા પાપગ્રહોથી યશસ્વી થઈ સર્વ પ્રકારે લાભો પ્રાપ્ત કરે છે. જ્યારે નિર્બળ ગ્રહો દ્વારા પરાજયને પ્રાપ્ત કરી નિરાશામાં જીવન મૃતઃપ્રાય રહે છે!

કેટલાક દાખલા

શત્રુપતિ લાભસ્થાનમાં હોય એવી કુંડલીઓનો વિચાર કરતાં શ્રીમતી ગાંધીને છઠ્ઠે શુક્ર, રાહુ અને છઠ્ઠાનો સ્વામી ગુરૂ ૧૧ મે. સ્વ. લાલબહાદુર શાસ્ત્રીને છઠ્ઠે વૃષભ રાશિ તેનો સ્વામી શુક્ર ૧૧મે, માજી રાષ્ટ્રપતિ સ્વ. રાધાકૃષ્ણનની કુંડલીમાં છઠ્ઠે કુંભ રાશિ તેનો સ્વામી શનિ ૧૧ મે, તેવી જ રીતે ચીનના માંધાતા માઓ - ત્સે - તુંગની કુંડલીમાં છઠ્ઠે મિથુન રાશિ, તેનો સ્વામી બુધ નવમે છે. એક પ્રખર વિદ્વાન જ્યોતિષ જે સરકારી ક્ષેત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે એમને છઠ્ઠે વૃશ્ચિક રાશિ છે ને મંગળ ૧૧ મે. તેવી જ રીતે ધનપતિ કે જે એક જાણીતા યશસ્વી દાનેશ્વરી છે, તેમની કુંડલીમાં છઠ્ઠે વૃષભ રાશિ છે અને શુક્ર ૧૧ મે છે. ગુજરાતના એક જાણીતા ઉદ્યોગપતિને છઠ્ઠે મિથુન રાશિ, બુધ ૧૧ મે છે. ઉપરોક્ત જે કુંડલીઓના શત્રુસ્થાન પર વિચાર કર્યો છે. તે બધી જ વ્યક્તિઓ આરોગ્યવાન, તેમ જ ગમે તેવી શત્રુઓ કે વિરોધીઓની બુદ્ધિને નિષ્ફળ બનાવે તેવા છે. શત્રુપતિ લાભમાં હોવાથી વિરોધીઓ પર વિજય પ્રાપ્ત થાય છે.

સંશોધન વિભાગ

છઠ્ઠે ગુરુવાળી કુંડલીમાં સ્વ. પુરુષોત્તમદાસ ટંડન, સ્વ. શ્રી નેહરુજી, શ્રી નંદાજી વગેરે વ્યક્તિઓ ચારિત્ર્યશીલ, અજાતશત્રુ અને ભાવનાપ્રધાન તેમ જ પરોપકારી જીવન દ્વારા લોકહૃદયમાં સન્માનીય બની છે. તેમાં સ્વ. ટંડનને મિથુનનો અને શ્રી નંદાજીને કન્યાનો ગુરુ એટલે શત્રુક્ષેત્રી, જ્યારે શ્રી નેહરુજીને ધનનો સ્વગૃહી ગુરુ હોવાથી મહાન ભારતના મહાન સુકાની અને સંત જેવું જીવન જીવી લોકાદર પામ્યા છે.

પિતા કરતાં વધુ કીર્તિ અને સંપત્તિ પ્રાપ્ત કરનાર ભિન્ન ભિન્ન સ્વભાવની વ્યક્તિઓમાં શત્રુપતિ નવમો જોવામાં આવેલ છે. તેમાં પ્રથમ મહાન ત્યાગી સંત શ્રી ડોંગરે મહારાજ જેમને શ્રીમદ્ ભાગવત સપ્તાહોમાં આયોજનો દ્વારા લાખોની સંપત્તિ લોકહિતાર્થે વાપરી છે અને લોકોના હૃદયમાં સંસ્કારો અને શ્રદ્ધા ભક્તિનું સિંચન કર્યું છે. તેમના છઠ્ઠે તુલા રાશિ છે. તેનો સ્વામી શુક્ર—મકરનો મિત્રક્ષેત્રી નવમે છે.

ગુજરાતના અગ્રણીશ્રી હિતેન્દ્ર દેસાઈને છઠ્ઠી

ધનરાશિનો સ્વામી ગુરુ મીનનો સ્વગૃહી નવમે છે.

ષષ્ઠેશ અન્ય સ્થાનોમાં

જાણીતા સંગીતસમ્રાટ રાહુલ દેવને છઠ્ઠે મકરનો મંગળ, શત્રુપતિ નવમે - રાશિપરિવર્તન યોગથી સિનેસંગીત ક્ષેત્રમાં અજોડ બની કીર્તિ અને સંપત્તિ મેળવી છે. તેવી જ રીતે કલાકાર દેવન વર્માને છઠ્ઠે મિથુન રાશિનો સ્વામી બુધ નવમે સ્વગૃહી હોવાથી કલાના ક્ષેત્રે કીર્તિ અને ભાગ્યોદય થયો છે.

જ્યારે છઠ્ઠે મેષ રાશિ અને નવમે કર્કના મંગળવાળા ગ્રહસ્થ ઝવેરાતના અગ્રણી વ્યાપારી હોઈ દેશ - પરદેશમાં પોતાની વ્યાપારની નિપૂણતાથી કીર્તિ અને સંપત્તિને પ્રાપ્ત કરી છે.

છઠ્ઠે રાહુવાળા શક્તિસંપન્ન વ્યક્તિમાં સરદાર પટેલ, રશિયાના શ્રી ક્રુશ્ચેવ અને ઈન્દીરા ગાંધી વગેરે વહીવટી સંચાલનમાં યશસ્વી બન્યાં છે. શત્રુ કે વિવાદ - વિરોધી વર્ગ પર વિજય પ્રાપ્ત કરીને યશ, સંપાદન કરેલ છે. ફક્ત ક્રુશ્ચેવને રાહુ સાથે બુધ નીચેનો હોઈ ભાગ્યેશ છઠ્ઠે હોવાથી અંતમાં ભાગ્ય મંદતા સ્વીકારવી પડી છે.

શત્રુપતિ વ્યયસ્થાન

શત્રુપતિ વ્યયસ્થાને હોય તેવા કીર્તિવાન મહાનુભાવોમાં ચક્રવર્તી રાજગોપાલાચારીને છઠ્ઠાનો સ્વામી મંગલ ૧૨ મે હતો. એક જાણીતા ઉદ્યોગપતિના અને એક જાણીતા અખબારના માલિકને છઠ્ઠે ધન રાશિ છે તેનો સ્વામી ગુરુ ૧૨ મે છે. બન્ને પોતપોતાના ક્ષેત્રોમાં અગ્રણી બન્યા. જ્યારે ખાંડ બજારમાં એક આગેવાન ઉદ્યોગપતિને છઠ્ઠે મીનનો શુક્ર અને તેનો સ્વામી ગુરુ મકરનો ચતુર્થમાં છે. તેવી જ રીતે રૂ બજારના અગ્રણી ઉદ્યોગપતિને છઠ્ઠે મકર રાશિ તેનો સ્વામી શનિ ચતુર્થે છે. આ બન્ને વ્યક્તિ સ્વ-પરાક્રમથી સતત-ઘર્ષણ અને વિરોધી વર્ગને પરાજય આપી સર્વ પ્રકારે પ્રસન્નતામાં છે. બન્નેમાં દ્રવ્ય મેળવી તેનો લોકો માટે ઉપયોગ કરવાની શુભ વૃત્તિ પણ છે.

ભારતના સંરક્ષણ પ્રધાન શ્રી ચવ્હાણને મકરનો મંગલ છઠ્ઠે છે, ભારત - પાક યુદ્ધ સમયે તેમને મળેલો વિજય અને આજે સંરક્ષણ પ્રધાન બન્યા પછીની તેમની યશસ્વીતા છઠ્ઠે મંગલ અને છઠ્ઠાનો સ્વામી શનિ દશમે છે તેને આભારી છે. બીજા એક સર્વોદય કાર્યકરને મીનનો મંગળ અને ગુરુ છઠ્ઠે હોવાથી વ્યવસાય છોડી લોકસેવાના ક્ષેત્રમાં વર્ષોથી જોડાયા છે. મંગળને લીધે શત્રુ કે વિરોધી પ્રત્યે સખત હોવા છતાં ગુરુ મીનનો હોવાથી હૃદય દયા અને પ્રેમથી પૂર્ણ છે.

ગ્રહોની પૂર્ણિમા

સૂર્યથી પ્રતિયોગમાં આવનાર ગ્રહ દશ્ય ચક્રાર્ધને પૂર્ણ કરે તેને જ પૂર્ણિમા કહે છે. એવી જ રીતે અદશ્ય ચક્રાર્ધને પૂર્ણ કરી ગ્રહમીલન થાય તેને અમાવાસ્યા કિંવા એકમેકમાં તન્મય થવું. આત્મા અને મનનો એકાત્મ ભાવ થવો એ જ અમાસ કહેવાય છે. તેવી જ રીતે મંદ ગતિ ગ્રહની આગળ જતો શીઘ્ર ગતિ ગ્રહ જ્યારે પ્રતિયોગ કરે ત્યારે પૂર્ણિમા બને છે. અને તેમાં શીઘ્ર ગતિ ગ્રહ બળવાન બની સોળે કળાએ ખીલે છે. તેનું પૂર્ણ ફળ તે આપે છે. પ્રતિયોગમાં મંદ ગતિ ગ્રહનું ફળ અનિશ્ચિત હોય છે. આમ દશ્ય ચક્રાર્ધ જેવી રીતે સૂર્ય - ચંદ્ર પરથી વિચારીએ છીએ તેવી જ રીતે દરેક ગ્રહનાં દ્રશ્ય ચક્રાર્ધનો વિચાર કરી શીઘ્ર ગતિ ગ્રહના ફળને શુભ માની તેનું વર્ણન જાતક માટે યોગ્ય ફળદર્શક બને. દશ્ય ચક્રાર્ધ પૂર્ણ થતાં જ મિલન માટેના માર્ગ પર શીઘ્ર ગતિ ગ્રહ ભ્રમણ કરી આગળ વધે છે. જેથી આ બન્ને ક્ષિતિજોના આસપાસની સ્થિતિ મહત્ત્વની હોય છે. દશ્ય ચક્રાર્ધથી અષ્ટમ સ્થાન રીપુ સ્થાન છે. જ્યારે તેની વામ ગતિએ ગણતાં અષ્ટમ સ્થાન મૃત્યુ - આયુદોષનું સ્થાન છે. મૃત્યુ માટે કોઈપણ રોગની ઉત્પત્તિ કે અકસ્માતનું સર્જન થવું આવશ્યક છે. જેથી રોગ કે અકસ્માતનું પ્રમાણ તે ગ્રહ પર નિર્ભર હોવાથી તેના વિષે વિચાર કરી શકાય. અષ્ટમ સ્થાન મૃત્યુનું સ્થાન છે સાથે ગતિનું સ્થાન છે. જેના પર ગતિજન્મ અને પુનર્જન્મની સ્થિતિની કલ્પના આવી શકે છે. ગુપ્ત સંપત્તિનો વિચાર થાય છે. છઠ્ઠા પર શત્રુદ્વારા વિરોધ કે વિજય અને રોગની ક્ષમતા - શક્તિનો નિર્ણય થાય છે.

તેવી જ રીતે પૂર્વ ક્ષિતિજની આજુબાજુ ધન - વ્યયનાં સ્થાનો છે. આ પ્રમાણે દશ્ય અને અદશ્ય ચક્રાર્ધનાં આ ચતુષ્કોણ સ્થાનો એટલે ૨-૬-૮-૧૨ આ ચારે સ્થાનો ગ્રહોથી ભરેલાં હોય. એક પણ સ્થાન ગ્રહ વિનાનું ન હોય ત્યારે શ્રીમંત થવાનો યોગ બને છે. આમ દશ્ય - અદશ્ય ચક્રાર્ધ પરથી ફળ નિર્ણય કરવાની આ પદ્ધતિ વિચારણીય હોવાથી અહીં ચર્ચા કરી છે વાંચકો વિચાર કરીને આમાંથી ફળાદેશની સૂક્ષ્મ બાબતો વધુ પણ સમજી શકાશે.

★

સ્થળાંતરથી ભાગ્યોદય

(૧૨ મા પાનાથી ચાલુ)

થયો છે. તો ઉદાહરણ આપણે જોઈએ;

સ્પષ્ટ લગ્ન.. ૮-૩- ૯-૨૩
+ „ ચંદ્ર... ૩-૭-૩૪-૪૭
૧૧-૧૦-૪૪-૧૦
સૂર્ય... ૭
૯-૧૧-૪૮-૪૮
ભાગ્ય સહમ..... ૧-૨૮-૫૫-૨૬

ઉપરોક્ત ભાગ્ય સહમ વૃષભ રાશિમાં છે ધન લગ્નની કુંડળીમાં છઠ્ઠા ભાવમાં છે. ષષ્ઠેશ ત્રીજા ભાવમાં છે. જાતક નોકરી કરે છે. સાધારણ સ્થિતિમાં જીવે છે. બહુ ધન - સંપત્તિ પ્રાપ્ત કરી શકે નહીં. આમ ફલાદેશ બેસે છે. આ રીતે દરેક કુંડલીમાંથી ભાગ્યાંક કાઢી શકાય છે અને તે પરથી ભાગ્યની ચકાસણી પણ થઈ શકે છે.

કઈ દિશામાં અને કેટલે દૂર જવું?

સૌ પ્રથમ ભાગ્યોદય યોગ છે કે નહીં તે જાણવું. ભાગ્યને ચકાસવાની પદ્ધતિથી તેનું બળ નક્કી કર્યા બાદ એ વાત આવે છે કે કઈ દિશામાં કેટલે દૂર જાતક જાય તો તેનો ભાગ્યોદય થાય? આ વાત નક્કી કરવા માટે કોઈ ધનેશની દિશા પ્રમાણે તથા કોઈ લાભેશની દિશા પ્રમાણે જવાનું લખે છે. પરંતુ મારા અનુભવે મને સમજાયું છે કે ભાગ્યેશ જે રાશિમાં હોય તે દિશામાં જવું અથવા કુંડલીમાં લગ્ન એ પૂર્વ, દશમ ભાવ દક્ષિણ, પશ્ચિમ સપ્તમ ભા તથા ઉત્તર દિશા ચતુર્થ ભાવ જાણવી. દાખ તરીકે ધનલગ્નની કુંડલીમાં સૂર્ય ભાગ્ થઈને ચોથા ભાવમાં છે તો ચોથા ભાવની રા મીન, એટલે ઉત્તર દિશા અને ચોથા ભાવ દિશા પણ ઉત્તર છે. તેથી જાતકને ઉ દિશામાં નિવાસ કરવો હિતાવહ છે. ભાવની ત રાશિની દિશા જુદી જુદી હોય તો બન્ને દિ હિતાવહ છે તેમ જાણવું

ત્યાર બાદ કેટલું દૂર જવું તે વાત આવે છે. આ વાત નક્કી કરવી અશક્ય તો નથી પણ કઠિન તો ખરી જ. ભાગ્યેશ કેન્દ્રમાં કે ત્રિકોણમાં હોય તો બહુ દૂર જવામાં વાંધો નથી અન્યથા જાતકે, પોતાના પ્રદેશથી નજીક રહેવું જોઈએ. ભાગ્યેશ ઉચ્ચનો હોય તો ઘણે દૂર જવાથી પણ સારૂ, પરંતુ સાથોસાથ વિદેશની મુસાફરીનો પણ યોગ હોય તો વિદેશે ભાગ્યોદય છે તેમ ફલાદેશ કરી શકાય. વિદેશ જવા માટે ત્રીજો ભાવ જોવો જોઈએ. ત્રીજો ભાવ તૃતીયેશની સાથે ચંદ્ર - મંગલનો સંબંધ હોય તો વિદેશ જવાના ચાન્સ જાતકને મળે છે અન્યથા પોતાના જ દેશમાં ભાગ્યોદય થાય. લગ્નમાં શનિ હોય, તો વિદેશની મુસાફરીમાં પણ ભાગ્યોદય થવામાં વિઘ્ન કરે છે. લગ્ને શનિ શ્રીમંત વ્યક્તિને પણ એકાદ વખત નુકસાનીમાં ઉતારી દે છે માટે લગ્ને શનિ હોય તો તેનું બળાબળ તપાસી, ફલાદેશ કરવો જોઈએ. ધનેશ અને અષ્ટમેશનું પરિવર્તન મેં એક કુંડલીમાં જોવા મળ્યું. જાતક ગર્ભશ્રીમંત છે અને વિદેશ પણ જઈ આવ્યા છે. વડીલોની મિલકત છે. આ રીતે અમુક ખાસ કુંડલીઓનો અભ્યાસ કરીને જ્યોતિર્વિદોની પ્રીતિ માટે મેં આ લેખ રજૂ કર્યો છે. ભાગ્યને ચકાસવાની સહમ પદ્ધતિ પણ મને માર્ગદર્શક નીવડી છે. વિદ્વાનો આ વિષય પર વધુ પ્રકાશ પાડશે એ જ અભ્યર્થના.

નિરયન પદ્ધતિની દિનવાર વર્ષ કુંડળી અને ફળ

લેખક : જ્યોતિર્વિદ રતિલાલ ભગવાનદાસ મોડાસાવાળા
૧૪૨, રામ ભુવન, બ્લોક નં. ૩, વડાલા, ૪૦૦ ૦૦૪, ફોન ૪૭૪૪૫૪

સાયન પદ્ધતિમાં પ્રોગ્રેસ કુંડલી માંડવાની પ્રથા પ્રચલિત છે અને તેનો વ્યાપક ઉપયોગ પણ થાય છે. આ લેખમાં નિરયન પદ્ધતિ પ્રમાણે આવી વર્ષકુંડલી કાઢવાની રીત લેખકે સમજાવી છે. લેખકે વિવિધ સહમોનું ગણીત રજૂ કરીને તેનું ટૂંકું ફલાદેશ પણ આપ્યું છે. તેથી અભ્યાસીઓને આ લેખ ઉપયોગી થશે એવી આશા છે.

જાતકની પ્રતિવર્ષ કુંડળી બનાવવા માટે જ્યોતિષાચાર્યોએ જુદી જુદી પદ્ધતિઓ દર્શાવી છે. આ આચાર્યોના સિદ્ધાંત માર્ગદર્શનાધારે દિનવાર વર્ષકુંડળી ઉપજાવી, ફળ અનુભવી, જ્યોતિર્વિદોની પારખ માટે અહીં રજૂ કરું છું. પંચાંગ ફલનો એક શ્લોક જણાવે છે કે તિથિથી શ્રી (સંપત્તિ) જ્ઞાન, વારથી આયુષ્ય જ્ઞાન, નક્ષત્રથી પાપહર (ક્રિયામાણ) જ્ઞાન, યોગથી રોગ નિવારણ, જ્ઞાન અને કરણથી સર્વ સિદ્ધિ (સુખ) જ્ઞાન મળે છે. આ પાંચે અંગો દ્વારા ઉત્તમ ફળ જાણી શકાય છે.

કુંડલી કાઢવાની રીત

૧. આ સંશોધને દિનવાર વર્ષકુંડળી પ્રોગ્રેસ કુંડળી પ્રમાણે કાઢવાની છે.

૨. દિનવાર વર્ષકુંડળી ફળ માટે જન્મ સમયના અને દિનવાર વર્ષકુંડળી સમયના સ્પષ્ટ ગ્રહો, પંચાંગ ઉપજાવવાના છે.

૩. એક દિનવાર એટલે કે એક વર્ષ પ્રમાણે જે વર્ષની દિનવાર વર્ષકુંડળી કાઢવી હોય એટલામા દિનવાર પ્રમાણેની દિનવાર વર્ષકુંડળી ગણાય છે.

૪. જન્મકુંડળીના ભાવો, ગ્રહો અને પંચાંગ ગતિમાન છે. આ આધારે નવા નવા જીવનમાં ફેરફારો થાય છે.

૫. જન્મ પછી બીજા દિનવારના સૂર્યોદય આધારે સ્થાનિક જન્મ સમયની કુંડળી કાઢવામાં આવે છે તે બીજા વર્ષની દિનવાર વર્ષકુંડળી કહેવાય છે.

૬. ખાસ ધ્યાન રાખવું કે જેટલામા વર્ષની કુંડળી કાઢવાની હોય તેટલામા દિનવારનો સ્થાનિક સૂર્યોદય સાથે સ્થાનિક સૂર્યોદય અંતર સમય જન્મનો લેવાનો છે, તેટલો આ દિનવાર અને સાંપાતિક કાળ દિનવાર વર્ષદિનનો લેવાનો છે.

૭. લગ્ન અને દશમ કાઢવા માટે જન્મ સ્થળની અક્ષાંશ સારણી વાપરવાની છે.

૮. સૌર વર્ષ અંગ્રેજી તારીખ પ્રમાણે દિન વાર વર્ષકુંડળી પ્રોગ્રેસ્ડ પદ્ધતિ પ્રમાણે કાઢવાની છે.

૯. પંચાંગ તિથિ, વાર નક્ષત્ર, યોગ અને કરણ મળીને થાય છે,

જુદા પ્રકારના સહમ

૧૦. સહમ તાજિકની નીલકંઠી ગ્રંથના ત્રીજા પ્રકરણમાં જે સહમો આપ્યા છે તે સહમ અને પંચાંગ સહમ જુદા છે.

૧૧. પંચાંગ સહમ:-

૧. તિથિ સહમ = તિથિ + લગ્ન

૨. વારસહમ = વારેશ રાશિ અંશ કળા + લગ્ન.

૩. નક્ષત્ર સહમ = જન્મના નક્ષત્રથી દિન વાર વર્ષ સમયે જે નક્ષત્ર હોય તે.

૪. યોગ સહમ=યોગ + લગ્ન.

૫. કરણ સહમ = તિથિ ૨૪ કલાકની અડધી ગતિ + લગ્ન.
આ પાંચ સહમોને પંચાંગ સહમ કહે છે. અને આ સહમોથી ઉપરના બતાવેલા શ્લોકમાં જણાવેલ વિષયનું ફળ જોવાય છે.

૧૨. સહમ જે રાશ્યાદિ અંશ કળાનો હોય તે દિનવાર વર્ષ કે જન્મકુંડળીમાં તે રાશિ જે ભાવમાં હોય ત્યાં મૂકવાનો હોય છે.

૧૩. નક્ષત્રને શ્લોકમાં પાપહર ક્રિયામાણ બતાવેલ છે. જેથી નક્ષત્ર સર્વરાશિમાં જેટલું ભુક્ત અને ભોગ્ય હોય તેની એટલે ચંદ્રની જે ગતિ ૨૪ કલાકની હોય એ પ્રમાણે દિવસની ૪ મિનિટના હિસાબે અને મહિને બે કલાકના હિસાબે બાર માસની ગણવાની છે. નક્ષત્ર યંત્ર પ્રમાણે ૩-૫-૭ માં નક્ષત્ર સમાતું ન હોય તે વર્ષનું ભોગ્ય એટલા સમયનું સારું ફળ આપે છે અને ૩-૫-૭માં સમાતું હોય તો સારું ફળ તે વર્ષના ભોગ્ય સમય પૂરતું મળતું નથી.

૧૪. નક્ષત્ર તારા યંત્ર.

જન્મનક્ષત્ર	સંપત્ત	વિપત્ત	ક્ષેમા	યમા	સાધના	નિધન
૧	૨	૩	૪	૫	૬	૭
મૈત્રી	પરમ મૈત્રી					
૮	૯					

જન્મ નક્ષત્રથી દિનવાર વર્ષનું જેટલા અંતરે નક્ષત્ર આવતું હોય તે આંકડો જો ૯ કરતાં વધારે હોય તો શેષ ૧ વધે તો જન્મમાં, બે વધે તો સંપતમાં, ૩ વધે તો વિપતમાં, ૪ વધે તો ક્ષેમામાં, ૫ વધે તો યમામાં, ૬ વધે તો સાધનામાં, ૭ વધે તો નિધનામાં, ૮ વધે તો મૈત્રીમાં અને શૂન્ય વધે તો પરમ મૈત્રીવાળું નક્ષત્ર જાણવું. આ નવ પૈકીમાં ૩, ૫ અને ૭માં આ નક્ષત્ર ખરાબ ફળ આપે છે બાકીના સારા ફળ આપે છે.

૧૫. સહમેશ એટલે સહમ જે રાશિનો હોય તે રાશિપતિ સહમેશ કહેવાય છે.

૧૬. સહમેશ ઉચ્ચ, સ્વગૃહી, મિત્રક્ષેત્રી અને વર્ગોત્તમી હશે તો શુભ છે.

સંશોધન વિભાગ

૧૭. સહમેશ શુભ ગ્રહયુક્ત, કે દૃષ્ટ હશે તો સારું ફળ આપશે.

અંશાત્મક ગ્રહોની દૃષ્ટિ

૧૮. સહમને દૃષ્ટિ નથી પરંતુ સહમને દિન વાર વર્ષ કુંડળીના દશ્ય ગોળાર્ધમાંથી જે ગ્રહ જેવી દૃષ્ટિ કરતો હશે તેવું ફળ સહમ આપશે. સહમને દશ્ય ગોળાર્ધ એટલે ભાવ, ૭, ૮, ૯. ૧૦, ૧૧ અને ૧૨ ભાવથી અદશ્ય ગોળાર્ધ એટલે ૧, ૨, ૩, ૪, ૫, અને ૬ ભાવને દૃષ્ટિ કરે તે ફળ આપે. પરંતુ અદશ્ય ભાવથી દશ્ય ભાવમાંના સહમને દૃષ્ટિ શુભ કે પાપગ્રહ કરતો હશે તે સહમને ફળ આપવા અવરોધ કરે છે.

૧૯. સહમ પોતાના સહમેશથી કે શુભ ગ્રહ યુતિ કે દૃષ્ટિવાળો ન હોય તો સહમનું ફળ ક્રિયમાણ નક્ષત્રના આધાર પર રહે છે.

૨૦. સહમ અષ્ટમેશયુક્ત કે દૃષ્ટ હશે તો શુભ ફળ નહિ આપે.

૨૧. ઈત્થશાલ યોગ–શીઘ્ર ગતિવાળો ગ્રહ પોતાના દીપ્તાંશથી અધિક અંશવાળો થઈને મંદ ગતિ વાળા ગ્રહ નજીક હોય તો તે ભાવ અને સહમ સંબંધી ફળ જલદી આપે છે.

૨૨. દિનવાર વર્ષકુંડળીમાં રાશિદૃષ્ટિ જોવાની નથી પરંતુ અંશાત્મક દૃષ્ટિ જોવાય છે.

૨૩. ગ્રહોની દૃષ્ટિ માટેના દીપ્તાંશો. સૂર્ય, ૧૫°, ચંદ્ર ૧૨°, મંગળ ૮°, બુધ અને શુક્ર ૭°, અને ગુરૂ–શનિના ૯°, છે.

૨૪. યુતિ: સૂર્ય સાથે જો ગ્રહ દૃષ્ટિ કરે તે ગ્રહ અને સૂર્યના દીપ્તાંશનો સરવાળો કરી તેના અડધા અંશ આવે તે યુતિ માટે દીપ્તાંશ ગણાય

(૧૬) નિરયન પદ્ધતિની દિનવાર વર્ષ કુંડળી અને ફળ :

છે. તે પ્રમાણે બધા ગ્રહોનું, જોવું, તે પ્રમાણે દૃષ્ટિ માટે ગણાય છે.

૨૫. રદયોગ : જો ગ્રહ અસ્ત, નીચ, શત્રુ-ક્ષેત્રી, અને વક્રી થઈ ઇન્થશાલ યોગ કરતો હોવા છતાં દૃષ્ટિ તેજ ધારણ કરી શકતો નથી આથી તે ઇન્થશાલ યોગ આદિ કે અંતમાં ફળ આપતો નહિ હોવાથી, રદયોગ ગણાય છે.

ઉદાહરણની કુંડળી

ઉપર દર્શાવેલા નિયમોના આધારે દિનવાર વર્ષ અને જન્મ કુંડળી આધારે ઉદાહરણ :-

જાતક:- જન્મ ઉ. અ. ૨૩,° પૂર્વ રેખાંશ ૭૩°-૧૮° તફાવત અંતર મિ.૩૬ - સે.૪૮- જન્મ સમયે જન્મસ્થળનો સ્થાનિક—સૂર્યોદય ૬ કલાક ૩૫ મિનિટનો હતો.

જન્મ તા. ૧૪-૨-૧૯૪૯ સોમવાર સંવત ૨૦૦૫, માઘ વદ -૨.

સૂર્યોદયાત્ જન્મ સમય સ્થાનિક ૧૪ કલાક ૩૯ મિનિટ

પૂર્વાફાલ્ગુની: જન્મનક્ષત્ર સર્વક્ષ ૨૦ ક. - ૫૮ મિ. ભુક્ત ૧૧ ક. - ૫૪ મિ. ભોગ્ય ૯ ક.-૦૪ મિ. છે. જન્મયોગ-સુકર્મા ભુક્ત ૫ કલાક ૩૪ મિ. અને ભોગ્ય ૧૪ કલાક ૩૬ મિનિટ. જન્મકરણ ગર ભુક્ત ૩૭ મિનિટ ભોગ્ય ૯ કલાક ૨૯ મિનિટ. જન્મકુંડળી :

	લગ્ન	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	
રાશિ	૫	૧૦	૪	૧૦	૧૦	૯	૮	૯	૪
અંશ	૧૮	૦૨	૧૦	૦૯	૧૧	૨૭	૧૭	૧૦	
કળા	૩૯	૩૨	૫૨	૧૧	૨૬	૧૭	૧૫	૧૩	

૨૪ કલાકની ગતિ

		વક્રી				વક્રી
૦૧	૧૫	૦૦	૦૦	૦૦	૦૧	૦૦
૦૦	૦૯	૪૭	૦૧	૧૩	૧૪	૦૪
૩૫	૧૧	૦૦	૦૦	૦૦	૦૦	૦૦

દિનવાર વર્ષકુંડલી જાતકનો જન્મ તા. ૧૪-૨-૧૯૪૯ ના રોજ છે. તા. ૧૪-૨-૧૯૭૬ ના ૨૮ મું વર્ષ પ્રવેશ્યું છે.

જન્મ તા. ૧૪-૨-૧૯૪૯

પૂર્ણ વર્ષ ૨૭
ના દિનવાર ૨૭-૦-૦૦
દિનવાર

તારીખ ૧૧-૩-૧૯૪૯ ના રોજ વર્ષ ૨૮ પ્રવેશ શુક્રવારે.

[અહીં ભૂલ જણાય છે : ફેબ્રુઆરીના ૨૮ દિવસના હિસાબે ૨૮ મા વર્ષ પ્રવેશની દિનવાર તારીખ ૧૩-૩-૧૯૪૯ આવવી જોઈએ —સંપાદક]

દિનવાર વર્ષકુંડલી કાઢવા માટે ઇષ્ટ સાં. કાળ

	ક.	મિ.	સે.
જન્મ દિને સૂર્યોદયાત સ્થાનિક જન્મ સમયે	૧૪	૩૯	૦૦
તા. ૧૧-૩-૧૯૪૯ ના રોજ સ્થાનિક સમય સૂર્યોદય	૬	૧૧	૦૦
સ્થાનિકજન્મ સમય તા. ૧૧-૩-૪૯ નો	૨૦	૫૦	૦૦

દિનવાર વર્ષ કુંડળી કાઢવા માટે ઇષ્ટ સાંપતિકાળ

	ક.	મિ.	સે.
તા. ૧૧-૩-૪૯નો સૂર્યોદય પહેલાનો સાંપતિકકાળ	૧૧	૧૨	૩૦
સૂર્યોદયાસ્ત સ્થા. જન્મ-	૨૦	૫૦	૦૦
તા. ૧૧-૩-૪૯ સ્થા. સમયનો સંસ્કાર	૦૦	૦૩	૨૫
તા. ૧૧-૩-૪૯ નો ઇષ્ટ સાંપતિકકાળ	૮	૦૫	૫૫

નિરયન ૨૩ ઉ. અ. લગ્નસારણી જોતાં લગ્ન ૬ રાશિ ૬ અંશ ૩૦ કલા.

દશમ સારણી જોતાં દશમ ૩ રાશિ ૬ અંશ ૦૦ કળા

દિનવાર શુક્રવાર તા. ૧૧-૩-૪૯ ની વર્ષ કુંડલી તા. ૧૧-૩-૭૬ ની

ગ્રહ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રાહુ	લગ્ન
રાશિ	૧૦	૩	૧૦	૧૦	૯	૧૦	૪	૦	૬
અંશ	૨૭	૧૩	૨૮	૦૩	૦૨	૧૮	૮	૦૪	૦૫
કળા	૩૭	૪૪	૫૧	૦૦	૦૯	૨૪	૧૪	૩૬	૩૦

						વક્રી		
૨૪ કલાક	૦૧	૧૪	૦૦	૦૧	૦૦	૦૧	૦૦	૦૦
ની ગતિ	૦૦	૪૦	૪૭	૨૩	૧૧	૧૫	૦૪	૦૩
અંશમાં	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૧૧

દિનવાર શુક્રવાર તા. ૧૧-૩-૪૯ ના પંચાંગ સહમ સર્વ સિદ્ધિ

૧ તિથિ સહમ = ધનસહમ

	રા. અં કળા	ગતિ અંશ કળા
ચંદ્ર	૩-૧૩-૪૪	૧૪-૪૦
બાદ		
સૂર્ય	૧૦-૨૭-૩૭	૦૧-૦૦
તિથિ	૪-૧૬-૦૭	૧૩-૪૦
+ લગ્ન	૬-૦૫-૩૦	

તિથિ સહમ ૧૦-૨૧-૩૭ સહમેશ શનિ
ધન સહમ

૨ કરણ સહમ = સિદ્ધિ સહમ

	અં ક.
તિથિ ગતિ	૧૩-૪૦ ના અડધા
	૬-૫૦-૦૦
+ લગ્ન રાશિ	૬-૦૫-૩૦-૦
કરણસહમ	૬-૨૨-૧૦-૦૦
સર્વસિદ્ધ સહમ	૬અ શિ.૧૨એ-૨૦ કર્મસુખ

સહમ: સહમેશ શુક્ર

૩ વાર સહમ = આયુષ્ય સહમ
શુક્રવાર - વારેશ શુક્ર

	રા અં. કલા
શુક્ર	૧૦-૧૮-૨૪
+લગ્ન	૬-૦૫-૩૦

વાર સહમ ૪-૨૩-૫૪ સહમેશ સૂર્ય
આયુષ્ય સહમ.

૪ નક્ષત્ર સહમ

જન્મ સમયે પૂર્વાફાલ્ગુની નક્ષત્ર હતું. વર્ષ પ્રવેશ સમયે પુષ્ય નક્ષત્ર આવ્યું.

સર્વક્ષ - ભુક્ત	૨૦-૦૦
ભોગ્ય	૫-૩૮
સર્વક્ષ	૨૫-૩૮

૪ વર્ષપ્રવેશ સમયે પુષ્ય નક્ષત્ર પૂરું થવા માટે ૫ કલાક ૩૮ મિનિટ બાકી (ભોગ્ય) હતા. ૨૪ કલાકનું ૧ વર્ષ હિસાબે ૫ કલાકના ૨ માસ ૧૫ દિવસ થાય. ૪ મિનિટનો એક દિવસ પ્રમાણે, ૩૮ મિનિટના ૯ દિવસ ૧૨ કલાક થાય. બધું મળી ૨ માસ ૨૪ દિવસ ૧૨ કલાક પછી આશ્લેષા નક્ષત્ર બેઠું.

તારાયંત્ર પ્રમાણે જન્મનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીથી પુષ્ય નક્ષત્ર ૨૫ મું છે. તેને ૯ થી ભાગતાં શેષ ૭ રહે. તારાયંત્ર પ્રમાણે ૭ મું નક્ષત્ર નિધન થયું. જેથી જાતકના વર્ષપ્રવેશ તા. ૧૧-૩-૭૬ વર્ષ ૨૮ના ૨ માસ - ૨૪ દિવસ ૧૨ કલાક એટલે ૧૧-૩-૭૬થી (૧૨ કલાક) તારીખ ૫ જૂન ૧૯૭૬ નો સમય પિતાનો મંદવાડ, ધંધાની મંદી સખત વિતાડી ગયો અને ૬ જૂન ૭૬ થી સમય સુધરતો ગયો. જાતકનું વેવિશાળ મનગમતું થયું અને પિતાને ધંધામાં સફળતા મળવા માંડી. ચંદ્ર જે ભાવે હોય તે ભાવે નક્ષત્ર સહમ જાણવું.

૫ યોગ સહમ = રોગ સહમ

	રા અં ક	ગતિ અં ક.
સૂર્ય	૧૦-૨૭-૩૭ ગતિ	૧-૦
+ ચંદ્ર	૩-૧૩-૪૪	૧૪-૪૦
યોગ સહમ	૨-૧૧-૨૧	૧૫-૪૦
રોગ સહમ		

સહમેશ બુધ

દિનવાર વર્ષકુંડલી ફળ

(૧) તિથિ સહમ ધન સહમ પંચમ સ્થાને છે. સહમેશ શનિ છે. સહમેશ શનિ સાતમી દૃષ્ટિ કરે છે. પોતાની મૂળ ત્રિકોણ રાશિને અને સૂર્ય રાશિ પરિવર્તન યોગને લીધે શુભ દૃષ્ટિ છે તેમજ સહમને અસ્તનો દોષ લાગતો નથી. શનિની દૃષ્ટિ દશ્ય ગોળાર્ધથી છે. જે શુભફળ આપશે. જાતકને આશ્લેષા નક્ષત્ર બેઠા પછી પોતાને અને પિતાને ધંધામાં બરકત આવવી શરૂ થઈ ગઈ છે. તા. ૫-૬-૭૬ થી શુભ અનુભવ જાતકને થવા માંડ્યો છે.

(૨) કરણ સહમ - સર્વસિદ્ધિ સહમ—એટલે સુખ સહમ લગ્ને છે અને સહમને શનિની ત્રીજી દૃષ્ટિ છે. અંશાત્મક સારી છે. પરંતુ શનિ વક્રી

(અનુસંધાન ૮મા પાને)

: જૈન જ્યોતિષમાં રોગ અને ચિકિત્સાનું વિવરણ :

લેખક : કીર્તિકુમાર કેશવલાલ શાહ, બી. કોમ. (ઓનર્સ)
૩૪, કરણપરા, કનક કોટેજ, રાજકોટ.

ગયા વર્ષના પંચાગમાં આ વિષય ઉપર પ્રસિદ્ધ થયેલા આ લેખકના લેખના અનુસંધાનમાં અહીં તેમણે રોગ અને ચિકિત્સાનું વિશેષ વિવરણ કર્યું છે. આ લેખમાં રજૂ થયેલી કેટલીક હકીકતો અને જ્યોતિષના માન્ય ગ્રંથોમાં દર્શાવેલી બાબતો વચ્ચે કેટલું સામ્ય અને કેટલી વિસંગતીઓ છે તેનો અભ્યાસી ઓ વિચાર કરે એ દૃષ્ટિએ આ લેખ અહિ રજૂ કર્યો છે.

રોગ બાબતે ક્યો ગ્રહ ક્યારે કેવા પ્રકારની તક્લીફ ઊભી કરશે તે માટે આર્હંત જૈન જ્યોતિષ પ્રમાણે નીચેની વિગતો દર્શાવું છું. રાશિના ૬ અંશનો એક એવા પાંચ પાયામાં ગ્રહો આવતા કઇ રીતે ફળ આપે છે તે માટે "વ્યવહાર ચર્ચાના" ટીકાકાર લખે છે કે, બુધ ગ્રહ એ આખી રાશિમાં ફળદાયક છે. સૂર્ય - મંગળ આદિમાં, ગુરૂ - શુક્ર મધ્યમાં, ચંદ્ર તથા શનિ અંત ભાગમાં ફળ દેનારા જાણવા. ફળદાયકનો અર્થ અહીં શુભ ગોચરમાં રહેલો શુભ ફળદાયક તેમજ અશુભ ગોચરમાં રહેલો અશુભ ફળ આપે.

વક્ર કે અતિચારી ગતિના ગ્રહો માટે નીચે પ્રમાણે સમજવું. મંગળ વક્ર ગતિમાં કે અતિચારી ગતિમાં હોય તો ૧૫ દિવસ સુધી પૂર્વની રાશિનું ફળ આપે. બુધ દશ દિવસ, ગુરૂ એક માસ, શુક્ર ૧૦ દિવસ, શનિ પાંચ માસ સુધી ફળ આપે છે. અહીં પૂર્વની રાશિ એટલે વક્રી હોય તો પછીની રાશિનું અને અતિચારી હોય તો પહેલાની રાશિનું ફળ આપે છે.

રોગીની પરિસ્થિતિ ક્યારે નબળી થઈ જાય તે માટે કેન્દ્રસ્થાનમાં પડેલા ગ્રહની દિશા જાણવી. જેમ કે પ્રથમ સ્થાન તે પૂર્વ દિશા, સપ્તમ સ્થાન તે પશ્ચિમ દિશા, ચતુર્થ ઉત્તર અને દશમ દક્ષિણ છે. તેમાં પણ લગ્ને બુધ - ગુરૂ સારા. દશમે રવિ - મંગળ સારા. સપ્તમમાં શનિ તેમજ ચતુર્થમાં શુક્ર ચંદ્ર; આ ઉપરાંત ગુરૂ, શુક્ર, રવિ ત્રણ ગ્રહો દિવસે બળવાન જાણવા. બુધ એ રાત્રિ તેમ જ દિવસે પણ બળવાન છે. ચંદ્ર - મંગળ - શનિ એ રાત્રિએ બળવાન છે. તેથી જો રાત્રીબલી ગ્રહ નબળો હોય તો રાત્રિએ રોગીની પરિસ્થિતિ ખરાબ કરે, અને કેન્દ્રસ્થાને ગ્રહો ઊલટા - સૂલટા હોય તો લગ્નથી બબ્બે કલાક આવી જે સ્થાનમાં જે ગ્રહ નબળો રહેલ હોય તે પ્રમાણે ગણતરી કરી સમય શોધવો. જો દિવસબલી ગ્રહો કુંડલીમાં નબળા હોય તો દિવસે તબિયત ખરાબ જાણવી.

લગ્નબળ અને મનુષ્યની તંદુરસ્તી

આર્હંત જૈન જ્યોતિષ દર્શનમાં લગ્ન એ શરીર છે. ષડ વર્ગ એ અંગો છે. ચંદ્ર એ પ્રાણ છે. સાત ગ્રહો એ સાત ધાતુ છે. પ્રાણ નાશ પામવાથી દેહ, ધાતુ અને અંગ પણ નાશ પામે છે. તેથી પ્રયત્ન વડે ચંદ્રનું બળ ધ્યાનમાં લેવું.

જન્મલગ્ન એ જાતકની શરીર બાબતની લાક્ષણિકતાઓ દર્શાવે છે. તેની મદદ વડે શરીરની મજબૂતાઈ કે નબળાઈ તેમ જ શરીરનો બાંધો કેવો હશે, સુડોળ કે બેડોળ - તેમ જ આકર્ષક પ્રભાવશાળી કે ગંભીર તે તેમાં પડેલ ગ્રહ - રાશિ અને તેના નક્ષત્રના ગુણધર્મ પ્રમાણે વિચારવું. જ્યારે શરીરમાંના કયા વિભાગમાં રોગની ઉત્પત્તિ થશે તે રાશિના પાયાનુસાર જાણવું.

જાતકનું જન્મલગ્ન હોય તે દોષવાળું ન હોવું જોઈએ. જો લગ્ન દોષયુક્ત હોય તો પણ નાદુરુસ્ત તબિયત રાખે છે. તેથી તે બધી બાબતોનો નિર્ણય કર્યા પછી જ રોગની બાબતે પ્રકાશ પાડવો.

સૂર્ય - ચંદ્રની શરીર પર અસર

સૂર્ય મનુષ્યના જીવનનો પ્રદાતા છે. તે જિંદગી આપનાર છે. તેની પ્રબળ અસર માનવની જીવનશક્તિ ઉપર પડે છે. તે જીવનશક્તિ આપનાર પદાર્થ પર સીધી અસર કરે છે. તે શરીરનો બાંધો બાંધે છે. હૃદયની ગતિને નિયંત્રિત કરે છે. તેનાથી ઉત્પન્ન થતાં રોગમાં મુખ્યત્વે હાર્ટની બીમારી, તાવ, અતિસાર વગેરે છે. સૂર્ય એ જીવનનું પોષણ કરનાર છે. પુરુષની તંદુરસ્તી માટે સૂર્ય તેમ જ તેનું નક્ષત્ર તપાસવું અત્યંત આવશ્યક છે.

સ્ત્રીઓની સુંદરતા, સ્વભાવની વિશિષ્ટતા તેમ જ તેમની જીવનશક્તિ અને ચૈતન્યનો અધિપતિ ચંદ્ર છે. સ્ત્રીઓની તંદુરસ્તીનો આધાર ચંદ્રના બળ ઉપરથી જાણવો.

ચંદ્ર ઉદય પામે ત્યાંથી દસ દિવસ મધ્યમ બળવાળો જાણવો. બીજા દસ દિવસ સુધી અધિક બળવાન અને ત્રીજા દસ દિવસ સુધી હીન - બળવાન છે. તેથી તે તંદુરસ્તી ઉપર અસરકર્તા બને છે તથા કૃષ્ણચતુર્દશી - અમાવાસ્યા શુક્લ પ્રતિપદા એ ત્રણ દિવસ સર્વથા ખરાબ જાણવા તે પરથી ચંદ્ર બળ જાણવું ઉપયોગી થશે.

અહીં જો ચંદ્ર પર સૌમ્ય ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો નિરંતર બળવાન છે.

બીજા એક મતે કૃષ્ણપક્ષની અષ્ટમીના અર્ધા ભાગ પછી અને શુક્લ અષ્ટમીના અર્ધા સુધી ચંદ્ર ક્ષીણ જાણવો. બાકીના સમયમાં પુષ્ટ જાણવો. ચંદ્ર કંઠ, હૃદય (સ્ત્રીઓનું) શ્વાસનળી, છાતી, હોજરી, તેમજ પાંડુ રોગ વગેરે ઉપર અસર કરે છે. આ સ્ત્રીઓની તંદુરસ્તી માટે જાણવાનું છે. ચંદ્ર, પુરુષોના મન ઉપર અસર કરે છે.

ગ્રહોનું શરીરાદિ રોગ પર પ્રભુત્વ

૧. બુધ :- બુધ સૌમ્ય ગ્રહ છે. તે પાપગ્રહ સાથે પાપ અને શુભ ગ્રહ સાથે શુભ છે. તે આખી રાશિમાં ફળદાયી છે. તે [illegible] રોગ, ઉદર રોગ, દૃષ્ટિપાત, મન્દાગ્નિ, શૂળ- મનોવિકાર વાણીદોષ- માથાનો દુઃખાવો, મોં પર ખીલ થવા, વાયુપ્રકોપ, અજીર્ણ પેરેલીસીસના હુમલા સાથે સંબંધીત છે.

સંશોધન વિભાગ

૨ મંગળ : મંગળ ગરમ છે. તે બીજદોષ, કફ- અગ્નિપીડા-ઊલટી-બ્લડ પ્રેસર, ઉપરાંત જનનેન્દ્રિય, લોહીને ગરમ કરવું- કપાળ, સ્તન, સ્નાયુ તથા વાઢકાપનો નિર્દેશક છે.

૩. ગુરૂ : ગુરૂ કફપ્રધાન છે. તે થોડો નરમ ગ્રહ છે. ક્લેજું, ભેજું નસ- કાન- પેટ- લોહીની શુદ્ધતા અશુદ્ધતા, ફ્રેક્ચર, ગાંઠ વાટે પીત્ત જવું. આમરક્ત વગેરે...

૪. શુક્ર:- શુક્ર- નરમ ભીનાશવાળો મિશ્ર -પ્રકૃત્તિનો ગ્રહ છે. તે શુક્ર સ્થાન પર પ્રબળ અસર કરે છે. વધરાવળ પેડુનો દુઃખાવો મધુપ્રમેહ શુક્રદોષ, ગુપ્તભાગમાં દરદ, ખરજવું, કરમિયા, આંતરડું વધવું, જંઘાનો લકવા, કબજિયાત, પેશાબની બળતરા, કમર નીચેના મણકામાં સડો વગેરે...

૫. શનિ:- શનિ થોડા અંશે ઠંડો સૂકો - વાયુની ગતિ જેવો અટકતો અટકતો ચાલનાર છે. તે હાડકાં, સાંધા, ઉધરસ, સન્નિપાત, નખ-વાત ગભરામણ - બીક - જીભ ન ખૂલવી, હરસ, પથરી વગેરે રોગ કરે છે.

જૈન જ્યોતિષમાં શનિગ્રહ વિષે ઘણું બધું લખાયું છે. તેમાં રોગ બાબતે બે બાબતો આલેખું છું. જે લોકોને શનિ ઊંચ કે નીચ, ત્રિકોણ સ્થાન કે દશમા સ્થાનમાં રહ્યો હોય તેને એક અથવા બે ઓપરેશન (વાઢકાપ) કરાવવા પડે છે. આ ઉપરાંત જે વ્યક્તિની કુંડલીમાં શનિ દુઃખિત ન હોય અને બળવાન- ઊંચ કે સ્વગૃહી હોય તો તે જાતકને ગમે તે કારણે જો ઓપરેશન કરાવવું

મટે તો તુરત જ તે ઓપરેશન કરાવવા તૈયાર થઈ જાય છે. જ્યારે નબળા શનિવાળી વ્યકિત કે દૂષિત શનિવાળી વ્યકિત ઓપરેશન નામ પડતા જ ડરે છે.

૬. રાહુ :- છીંક, ભૂખ લાગવી, ખાઉધરા, અરૂચિ થવી, પ્રેમમાં નિષ્ફળતા મળવાથી મગજનું ચસકી જવું. રાહુ જન્મલગ્નમાં છઠ્ઠે-આઠમે કે બારમે હોય ત્યારે તેવા જાતકોને છીંક બહુ જ મોટેથી આવતી હોય છે.

૭. કેતુ:- ખાજ-ખુજલી, પેટમાં કૃમિ થવા, માનસિક કષ્ટ તેમજ દાઝવું, દવા ઊલટી-સૂલટી થઈ જવી, સંધી રોગ-દાદર- કાનમાં કાનખજૂરાનું ઘૂસી જવું વગેરે ઉપદ્રવો કરે છે.

દ્વિગ્રહનું શરીર પર વર્ચસ્વ

ભદ્ર બાહુસંહિતા પ્રમાણે દ્વિગ્રહનું શરીર-રોગ પરનું પ્રભુત્વ નીચે પ્રમાણે સમજવું: સૂર્ય તથા મંગળનું મનુષ્યની આંખ તથા પાંપણ, કીકી- આંખની શકિત, ઝામર તેમજ ગળ્યું, ખાટું, ખારૂં, તીખું વગેરે ખાવાથી આંખ પર થતી અસર દા.ત. લગ્ને ગુરૂ હોય અને જો તે ગળ્યા પદાર્થ વધુ ખાતા હોય તો તેને આંખમાં અવશ્ય ખીલ થાય છે.

શુક્ર અને ચંદ્રનું જીભ પર એટલે કે જીભ પર થતા ચાંદા, જીભ લાંબી રહે, ટૂંકી રહે, બોલી ન શકાય. બોલતા બોલતા અચકાવું પડે—સ્વાદની ખબર ન પડે. જીભ વારંવાર સુકાઈ જાય- ચીકણા પદાર્થ જીભ સાથે તાળવામાં ચોંટી જાય. જીભ બે દાંત વચ્ચે આવી જાય વગેરે...

બુધનું નાક, નાકની નસ, બન્ને નસકોરાના વાળ ખેંચાવા, વાળ વધવા, નાકની અંદર મસા થવા, નાકના પડદાની સ્થિતિ ખરાબ થવી, નસકોરી ફૂટવી, વગેરે.

ગુરૂ મનુષ્યના અવાજ, સ્વર, કંઠ, કંઠનલિકાની બાબત હોઠ-દાંત વગેરેને સીધી અસર કરે છે.

રાહુ કેતુ- દરેક બાબતે આવેલી આફતો, [illegible] પણ ઉપર થતી દુર્ઘટનાની બાબતે [illegible] પ્રકાર, સ્વપ્ના આવવાથી થતી બીમારી [illegible] ગભરાવાથી થતી બીમારી.

[illegible]

સૂલટો કરે છે, કળતર થવી, લોખંડ લાગવું, કુતરું કરડવું, સાંધા દુ:ખવા વગેરે...

ગ્રહ શાસલ પ્રમાણે સૂર્ય અસ્થિનો સ્વામી છે. ચંદ્ર લોહીનો અધિષ્ઠાતા છે. મંગળ મજ્જાનો અધિપતિ છે. બુધ વાણી અને ત્વચાનો અધિપતિ છે. ગુરૂ મેદનો અધિપતિ છે. શુક્ર વીર્યનો અને રત્ન નાડી તેમજ સાંધાનો માલિક છે. રાહુ - કેતુ આંગળીઓ- અંગુઠાઓ અને હથેળીના માલિક છે.

સ્વરોદયથી રોગ વિચાર

જૈન શાસ્ત્રમાં સ્વરોદય ઉપર ખૂબજ ભાર મુકાયો છે. તેમજ મોટા ભાગના જૈનાચાર્યોએ તેને સાંસારીક બાબત કહી છે. જૈનાચાર્ય હેમચંદ્રાચાર્ય કહે છે કે જો પ્રશ્ન કરનાર પ્રથમ નામ જાણવાવાળાનું એટલે કે સ્વરોદય શાસ્ત્રીનું લે અને પછી રોગીનું નામ લે તો ઈષ્ટસિદ્ધિ સમજવી એટલે કે રોગી સાજો થશે અને પ્રથમ જો રોગીનું નામ લે તો રોગી જલદી સાજો નહીં થાય તેમ જાણવું. આ ઉપરાંત રોગ બાબતે પણ સ્વરોદયમાં નીચે મુજબની કેટલીક હકીકતો છે! ડાબો સ્વર ચાલતો હોય અને જમણી તરફ ઊભો રહી રોગીના રોગ માટે પ્રશ્ન કરે તો રોગ મટે નહીં. સૂર્ય નાડીના ઊંચા ભાગ તરફ રોગી હોય અને ડાબી તરફ પૂછનાર માણસ પ્રશ્ન પૂછે તો રોગી સાજો ન થાય. પ્રશ્ન વખતે સુષુમ્ણા સ્વર વહે તો રોગી જીવે નહીં પણ ચંદ્રનાડીમાંથી સૂર્યનાડીમાં વાયુ સંક્રમણ કરે તો તે રોગમાંથી થોડો મુકત થાય. જો પ્રથમ શૂન્ય સ્વર (સુષુમ્ણા) વહે પછી થોડો પૂર્ણ સ્વર વહે તો મૂર્છા પામેલો રોગી નિશ્ચય જીવે. સ્વર જો નીચે મુખે વહે તો રોગી ઊઠે. બે બાજુ સ્વર વહેતો હોય અને કોરે રહી પ્રશ્નકર્તા પ્રશ્ન પૂછે તો રોગી જીવી જાય છે. ઘણા બધા રોગોથી પીડાતો હોય તો પણ મૃત્યુ ન પામે. જો પ્રશ્ન સમયે પૃથ્વીતત્ત્વ વહેતું હોય તો પ્રારબ્ધ કે નસીબનો દોષ જાણવો. જલતત્ત્વમાં જલ સંબંધી દોષ, તેજતત્ત્વમાં પિતૃદોષથી પીડા થઈ છે તેમ જાણવું. પાર્શ્વચંદ્રજી કહે છે કે સૂર્યનાડી ચાલતી હોય અને પૃચ્છકના મુખમાંથી ભયંકર શબ્દો બોલાઈ જાય તો રોગી બચી જાય છે.

આ ઉપરાંત વાયુતત્ત્વમાં વાયુ રોગની પીડા જાણવી. અગ્નિતત્ત્વમાં પીત્ત રોગ, પૃથ્વીતત્ત્વમાં મિશ્ર રોગ, જળતત્ત્વમાં કફ રોગ જાણવો.

કેટલાક રિષ્ટ યોગ

(૧) ત્રીજા સ્થાનમાં રહેલ શુક્ર કે ત્રીજા સ્થાને દૃષ્ટિ કરતો શુક્ર ડાયાબિટીસ કરે છે. કીડનીની કામગીરી પણ બગાડે છે.

(૨) ત્રીજા સ્થાનમાં અનેક શુભ- અશુભ ગ્રહો બેઠાં હોય તો પૂર્વ જન્મનું કર્મબળ નબળું હોઈ આ જન્મમાં જાતક રોગી રહે છે.

(૩) વધારે પાપગ્રહો કેન્દ્રમાં રહેલા જણાય તો જાતકની તંદુરસ્તી નબળી રહે છે.

(૪) વ્યયભુવનમાં શુક્ર ચંદ્રની સાથે શરૂઆતના ૧૩ અંશનો હોય તો આંખને પીડા કરે છે.

(૫) ત્રીજા સ્થાનમાં સૂર્ય-ચંદ્ર ક્રૂર રાશિના ખરાબ પાયામાં રહેલ હોય તો જાતક બીમાર જાણવો.

(૬) બુધ અને સૂર્ય કોઈ એક રાશિના ગમે તે પાયામાં કે અંશના રહ્યા હોય અને જો તેના પર સૌમ્ય ગ્રહની દૃષ્ટિ હોય તો તેનો રોગ ડૉકટરો ન પારખી શકે.

(૭) આર્હત જૈન જ્યોતિષ એમ કહે છે કે જો સૂર્ય અને ચંદ્ર એકબીજાની રાશિના હોય તો શરીર શોષાયેલું રહે છે.

(૮) લગ્નથી પંચમમાં રહેલો કેતુ સંગ્રહણીનો રોગ કરે છે. શુક્ર-શનિ-સૂર્ય સાથે રહ્યાં હોય તો મીઠી પેશાબનો રોગ કરે છે

(૯) ગોચરમાં જે રાશિનો ચંદ્ર હોય તેના સ્વભાવ - લક્ષણ અને અંગ પર પ્રભુત્ત્વ ધરાવતા ભાગ પર ક્યારેય વાઢકાપ કે ઓપરેશન ન કરાવવું તેમ જૈનાચાર્ય હરિભદ્રસૂરિશ્વર કહે છે.

નાડી ચક્ર અને રોગની અવધી

રોગીના જન્મનક્ષત્રની એક (સરખી) નાડી ઉપર જ્યારે સૂર્ય- હોય અને જેટલું નક્ષત્ર સૂર્યને ભોગવવાનું હોય તેટલા વખત સુધી રોગીને કષ્ટની પરંપરા રહે છે.

રોગીના જન્મનક્ષત્રની એક (સમાન) નાડી ઉપર જો ચંદ્ર હોય તો આઠ પ્રહર સુધી ભયંકર પીડા થશે. તેમ કહેવું. તે વખતે જો બીજા ક્રૂર ગ્રહો ત્યાં જ રહેલાં હોય તો રોગીનું મૃત્યુ થાય તેમ કહેવું. આ જિનેશ્વરોનું વચન છે.

રોગ - શાંતિના ઉપચારો

અ ગ્રહની પ્રભુતાની વસ્તુ પાસે રાખવી:- જ્યારે કોઈ પણ ગ્રહ ગોચરમાં અશુભ હોય અને તેની મનુષ્યના શરીરાદિ અંગ પર અસર હોય ત્યારે જૈન દર્શનોમાં તેમજ ચૌદ વિદ્યાપૂર્વપ્રવાદ પૂર્વપ્રવાદ લોકબિંદુસાર પૂર્વમાં નીચેના ઉપાયો જણાવ્યા છે:

(૧) સૂર્ય અને મંગળની તુષ્ટિ માટે વિદ્રુમ પાસે રાખવાં.
(૨) બુધની શાંતિ માટે સુવર્ણ મહોરી રાખવું.
(૩) ગુરૂની શાંતિ માટે મોતી પાસે રાખવા.
(૪) શુક્ર-ચંદ્રની શાંતિ માટે રૂપું રાખવું.
(૫) શનિની શાંતિ માટે લોઢું પાસે રાખવું.
(૬) રાહુ-કેતુની શાંતિ માટે બકરાને ભોજન કરાવવું.

બ સૂર્યાદિ ગ્રહો જો ગોચરમાં વિરૂદ્ધ હોય તો તેની શાંતિ માટે અનુક્રમે:

(૧) સૂર્ય : રાતા પુષ્પથી પૂજા કરવી, (ભગવાન કે ઈષ્ટદેવની).
(૨) ચંદ્ર - શુક્ર: શ્વેત પુષ્પથી પૂજા કરવી.
(૩) મંગળ : રાતા પુષ્પથી પૂજા કરવી.
(૪) બુધ : લીલા પુષ્પથી પૂજા કરવી.
(૫) ગુરુ : પીળા પુષ્પથી પૂજા કરવી.
(૬) શનિ - રાહુ - કેતુ : કાળા પુષ્પથી પૂજા કરવી.

ક સૂર્ય - ચંદ્ર અને નક્ષત્રની ગણતરીએ: આર્દ્રાથી બાર નક્ષત્રો મધ્યભાગ, મધ્યયોગી એટલે કે તે ચંદ્રની સાથે રહેનારાં છે. ક્ષીણ ચંદ્રવાળાઓએ કે નબળા ચંદ્રવાળાઓએ તે યોગમાં ઔષધિ લેવી કે જેથી રોગનો ઉપદ્રવ બહુ ન થાય.

જ્યેષ્ઠાથી નવ નક્ષત્રો ચંદ્રનાં પશ્ચિમાર્ધ ભોગવનારા છે. તે ચંદ્રની પાછળ ચાલનારા છે. જો ચંદ્ર કેન્દ્રમાં હોય તે જાતકે અશ્વિનીમાં ચાર

(અનુસંધાન ૨૬ મા પાને)

કર્ક રાશિમાં શનિનાં ભ્રમણો

લેખક : હેમચંદ્ર નરસી

(સનાતન ધર્મભૂષણ, જ્યોતિમણી, આયુર્વેદ ભૂષણ)

અત્યાર સુધીમાં વીસમી સદીમાં શનિ કર્ક રાશિમાં ત્રણ વાર આવ્યો. તે જ પ્રમાણે વૃષભ-મિથુનમાં ગુરુ અને કન્યા–મીનના રાહુ–કેતુના ભ્રમણની વિગતો–લેખકે અહીં આપી છે. જે સંશોધન કરનાર અભ્યાસીઓને ઉપયોગી થશે.

શ્રી સચ્ચિદાનંદમય ભગવાનની દીવ્ય અને માયાવી શકિત તથા ઈચ્છાથી ઉત્પન્ન થઈ; આજે ૩૮,૯૩,૦૭૬ વર્ષથી ટકી રહેલ આ સૃષ્ટિના કાળચક્રમાં ગોઠવાયલા ભચક્રના નિયમ પ્રમાણે થતા રહેલા પરિવર્તનો અનુસાર, આ વીસમી સદીમાં, તારીખ ૨૩-૭-૧૯૭૫ (સંવત ૨૦૩૧ આષાડી પુનમ) બુધવારે, મકર રાશિના ચંદ્ર વખતે, શનિ ત્રીજી વખત, કર્ક રાશીમાં આવ્યો છે. જે આ સદીમાં છેલ્લી વખત થયું છે અને હવે આ સદીમાં ફરીથી કર્ક રાશિમાં નહીં આવે ... આ વખતે, ચંદ્ર ૧૦ના, ગુરુ ૧ના, રાહુ ૮ના, અને કેતુ ૨ના હતા.

આનાથી અગાઉ (બીજી વખત) ૩૦ વર્ષ પર તારીખ ૨૭-૫-૧૯૪૬ (સંવત ૨૦૦૨ વૈશાખ વદ ૧૧) સોમવારના મીન રાશિના ચંદ્રે વખતે આ શનિ કર્ક રાશિના થયા હતા. અને ત્યારે ગુરૂ ૬ના, રાહુ ૨ના અને કેતુ ૮ના હતા..... આ કર્ક રાશિના શનિ, ૭-૭-૪૮ લગી કર્ક રાશિમાં રહી, ૮-૭-૪૮ના સિંહ રાશિમાં આવી, ૫-૯-૫૦ના ત્યાંથી ખસી કન્યા રાશિમાં ગયો હતો.

આવી રીતે મે ૧૯૪૬ થી સપ્ટેમ્બર ૧૯૫૦ લગી થયેલા શનિના પરિવર્તનોના સમયમાં હિંદુસ્તાનમાં થયેલા ખૂના મરકી, પડેલા ભાગલા; નકશા અને રાજ્ય તંત્રોમાં થયેલા પરીવર્તનો; શ્રી ગાંધીજીની થયેલી હત્યા; અને યાવદચંદ્ર દિવાકરૌ હિંદુસ્તાનની પડોશમાં અસ્તીત્વમાં આવેલ નવો દેશ - પાકિસ્તાન વગેરે ઘટનાઓ આપણી નજર સમક્ષ છે

૬૦ વર્ષ પહેલાં

(પહેલી વખત) આનાથી પહેલા ૬૦ વર્ષ પર તારીખ ૨૦-૭-૧૧૭૬ (સંવત ૧૯૭૨ આષાડ વદ ૬) ગુરુવારે મીન રાશિના ચંદ્ર વખતે, આ શનિ કર્ક રાશિનો થયો હતો. અને ત્યારે ગુરુ ૧ના રાહુ ૧૦ ના, અને કેતુ ૪ના હતા. આ કર્ક રાશિનો શનિ ૨૭-૮-૧૯૧૮ લગી કર્ક રાશિમાં રહી, ૨૮-૮-૧૮ ના સિંહ રાશિમાં આવી ૧૬-૧૦-૨૦ ના ત્યાંથી ખસી કન્યા રાશિમાં ગયો હતો.

આવી રીતે જુલાઈ ૧૯૧૬ થી ઓક્ટોબર ૧૯૨૦ લગી થયેલા શનિના ભ્રમણના સમયમાં થયેલું પહેલું વિશ્વયુદ્ધ, લાખો માણસોની કતલ, કરોડોનો ધુમાડો, નકશા તથા રાજ્ય તંત્રોમાં થયેલા પરીવર્તનો વગેરે એતિહાસિક ગ્રંથોમાં જડાયેલાં છે.

આ વસ્તુસ્થિતિમાં એક ખાસ બાબત નોંધવાની અને શાસ્ત્રીઓએ લક્ષ્યમાં લેવાની એ છે કે, પહેલી વખતના શનિના આવા ભ્રમણમાં, એક નેજા અને એક રાજ ચિન્હ હેઠળ, એક શૃંખલામાં બંધાયલા મુલકો–દેશો, શનિના બીજી વખતના આવા ભ્રમણમાં અને ભ્રમણ પછી; છૂટતા થયા, શૃંખલા તુટતી થઈ, રાજ્ય તંત્ર બદલાતા અને ખોરવાતા ગયા; એકીકરણ, અનેકીકરણમાં પરીવર્તન પામ્યું; જગતમાંની શાંતિ, આબાદી, સુલેહ સંપ વીચલીત થતી ચાલી; જગતના કેટલાંક ભાગો (મુલકો, દેશો) અનાથ અને વિધવા બનતા ગયા ......અને હવે આવ્યું આ વીસમી સદીમાં, શનિનું ત્રીજી વખતનું આવું છેલ્લું ભ્રમણ.

— — —

આ ત્રીજી વખતના શનિના આવા ભ્રમણમાં, તારીખ ૨૩-૭-૭૫ ના શનિ જ્યારે કર્ક રાશિમાં આવ્યો તે વખતે રવિ પણ કર્ક રાશિમાં હતો; અને શુક્ર સિંહ રાશિમાં રાહુ વૃશ્ચિક રાશિમાં ચંદ્ર મકર રાશિમાં, મંગળ અને ગુરુ મેષ, રાશિમાં, કેતુ વૃષભ રાશિમાં, તથા બુધ મિથુન રાશિમાં હતા.

વૃષભ રાશિમાં ગુરુ

તા. ૮-૭-૧૯૭૬ (૨૦૩૨ આષાઢ સુદ ૧૨) ગુરુવારે વૃષભ રાશિમાં આવેલ ગુરુ, આ વર્ષે ત્રણ રાશિ બદલશે. તા. ૧૭-૧૦-૧૯૭૬ (૨૦૩૨ માગસર વદ ૧) સુધી વૃષભ રાશિમાં રહી, તા. ૧૮મી શનિવારે મેષ રાશિ ના થઈ, ૧૦-૨-૧૯૭૭ (૨૦૩૩ મહા વદ ૭) ગુરુવારે ફરીથી વૃષભ રાશિમાં આવી, તા. ૧૮-૭-૧૯૭૭ (૨૦૩૩ ના શ્રાવણ સુદ ૨) સોમવારે, મિથુન રાશિમાં આવશે.

આ વીસમી સદીમાં ૬ વખત ગુરુ વૃષભ રાશિમાં આવી ગયો છે.

(૧) ૧૧-૬-૧૯૦૫ (૧૯૬૧ જેઠ સુદ ૯) રવિવાર. એ વખતે ચંદ્ર ૬ના, શનિ અને કેતુ ૧૧ ના, રાહુ ૫ ના હતા.

(૨) ૨૬-૫-૧૯૧૭ (૧૯૭૩ જેઠ સુદ ૫) શનિવાર: એ વખતે ચંદ્ર અને શનિ ૪ નો રાહુ ૯ ના, કેતુ ૩ ના હતા.

(૩) ૧૦-૫-'૧૯૨૯ (૧૯૮૫ વૈશાખ સુદ ૧૧) શુક્રવાર એ વખતે ચંદ્ર ૨ ના, શનિ ૯ ના, રાહુ ૧ ના, કેતુ ૭ ના હતા.

(૪) ૨૪-૪-૧૯૪૧ (૧૯૯૭ ચૈત્ર વદ ૧૩) ગુરુવાર એ વખતે ચંદ્ર ૧૨ ના શનિ ૧ ના, રાહુ ૬ ના, કેતુ ૧૨ ના હતા.

(૫) ૬-૪-૧૯૫૩ (૨૦૦૯ ચૈત્ર વદ ૭) સોમવાર એ વખતે ચંદ્ર ૯ ના, શનિ ૭ નો રાહુ ૧૦ ના, કેતુ ૪ ના હતા.

(૬) ૨૧-૩-૧૯૬૫ (૨૦૨૧ ફાગણ વદ ૪) રવિવાર એ વખતે ચંદ્ર ૭ ના શનિ ૧૧ ના, રાહુ ૨ ના, કેતુ ૮ ના હતા.

મિથુન રાશિમાં ગુરુ

આવી જ રીતે આ વીસમી સદીમાં ૬ વખત ગુરુ મિથુન રાશિમાં આવી ગયો છે.

(૧) ૨૨-૬-૧૯૦૬ (૧૯૬૨ આષાઢ સુદ ૧) શુક્રવાર, એ વખતે ચંદ્ર ૩, શનિ ૧૧ ના, રાહુ ૪ ના, કેતુ ૧૦ ના હતા.

(૨) ૭-૬-૧૯૧૮ (૧૯૭૪ વૈશાખ વદ ૧૩) શુક્રવાર. એ વખતે ચંદ્ર ૧ ના શનિ ૪ ના, રાહુ ૮ ના, કેતુ ૨ ના હતા.

(૩) ૨૧-૫-૧૯૩૦ (૧૯૮૬ વૈશાખ વદ ૭) બુધવાર. એ વખતે ચંદ્ર ૧૧ ના, શનિ ૯ના, રાહુ ૧ ના, કેતુ ૭ ના હતા.

(૪) ૪-૫-૧૯૪૨ (૧૯૯૮ વૈશાખ વદ ૪) સોમવાર, એ વખતે ચંદ્ર ૯ ના, શનિ ૨ ના, રાહુ ૫ ના, કેતુ ૧૧ ના હતા.

(૫) ૧૧-૪-૧૯૫૪ (૨૦૧૦ ચૈત્ર સુદ ૯) રવિવાર. એ વખતે ચંદ્ર ૪ ના શનિ ૭ ના, રાહુ ૯ ના, કેતુ ૩ ના હતા.

(૬) ૨૩-૩-૧૯૬૬ (૨૦૨૨ ચૈત્ર સુદ ૧) બુધવાર, એ વખતે ચંદ્ર ૧૨ ના, શનિ ૧૧ ના, રાહુ ૨ ના, કેતુ ૮ ના હતા.

રાહુ અને કેતુ વિચાર

તારીખ ૧૨-૧૦-૧૯૭૫ / ૨૦૩૧ આસો સુદ ૮) રવિવારે, તુલા રાશિનો થયેલો રાહુ અને મેષ રાશિનો થયેલ કેતુ, હવે તા. ૧-૫-૧૯૭૭ (૨૦૩૩ વૈશાખ સુદ ૧૩) ના કન્યા રાશિ અને મીન રાશિનાં થશે.

આ વીસમી સદીમાં, ૪ વખત, કન્યા રાશિના રાહુ અને મીન રાશિના કેતુ થયાં હતાં.:

(૧) ૮-૧૧-૧૯૦૨ (૧૯૫૯ [illegible]

સુદ ૮) સોમવાર. એ વખતે ચંદ્ર ૧૧ નો, શનિ અને ગુરુ ૧૦ ના હતા.

(૨) ૧૪-૭-૧૯૨૧ (૧૯૭૭ આષાડ સુદ ૧૦) ગુરુવાર એ વખતે ચંદ્ર ૭ ના, શનિ ૬ ના, ગુરુ ૫ ના હતા.

(૩) ૧૮-૨-૧૯૪૦ (૧૯૯૬ મહા સુદ ૧૦) રવિવાર. એ વખતે ચંદ્ર ૨ ના, શનિ ૧ ના, ગુરુ ૧૨ ના હતા.

(૪) ૨૩-૯-૧૯૫૮ (૨૦૧૪ ભાદરવા સુદ ૧૧) મંગળવાર. એ વખતે ચંદ્ર ૧૦ ના શનિ ૮ ના, ગુરુ ૭ ના હતા.

ફલાદેશ

કર્ક રાશિના શનિથી, કન્યા અને મીન રાશિના રાહુ અને કેતુથી, તથા ગુરુના થતા ૩ પરીવર્તનોથી જણાય છે કે, પશુઓની હાની થાય, ઘાસ, બેંસ મોંઘા થાય. બાળકો અને સ્ત્રીઓના રોગ વધે. આમ જનતામાં પેટ, છાતી, આંખના રોગ અને જ્વર પિડા થાય હવાઈ, દરિયાઈ તોફાનો ઉપરાંત અકસ્માતો થાય. (દુનિયામાં, બળવા, ભુકંપ, આગના બનાવો, સમુદ્ર કંપ, હિમ વર્ષા અગ્નિ વર્ષા થાય. સિંધુ દેશ, સિંગાપુર, આફ્રિકામાં ઉત્પાત, દેશ (સીમા) ભંગ, છત્ર ભંગ, સત્તાધિશોમાં, રાજ્ય તંત્રમાં, રાજ મંત્રીઓમાં ફેરફાર થતા રહે.

૩ મહારથીઓ જાય-અદલાય. રાજા રાજા વચ્ચે, પ્રજા પ્રજા વચ્ચે વિરોધ, વિક્ષેપ, કલહ થાય, પર્વતવાસીઓ, સામુદ્રિક પ્રદેશ વાસિઓને ત્રાસ થાય. ૪ વર્ષે વૃદ્ધ નેતાઓને હાની. પ્રવાસીઓને ત્રાસ થાય. શ્રીમંતો અને સત્તાધિકારીઓ પર આફત ઉતરે. બેટ વાસમાં વરસાદ થાય, ભાદરવે ઓછો જશે. નદીઓમાં પૂર આવે- નુકશાન કરે. નવા કરવેરા આવે. ☆

ગુરુ-શુક્રની યુતિ : પ્રાપ્તિ અને ભોગવટાનો સમન્વય

(૬ઠ્ઠા પાનાથી ચાલુ)

(૧૬) મકરલગ્ન, લગ્નમાં કેતુ, મીનમાં મંગળ, વૃષભમાં સૂર્ય, બુધ, શનિ, હર્ષલ, કર્કમાં ગુરૂ શુક્ર, રાહુ, કન્યામાં નેપચ્યુન, ચંદ્ર : જાતકનો સ્વતંત્ર વ્યવસાય છે, સ્થાવર મિલ્કત અને વાહન છે. લગ્નજીવનના દશ વર્ષ બાદ છૂટાછેડાનો આગ્રહ કે ભય (?) છે. આ કુંડળીમાં પણ ઉપરની કુંડળીની માફક શુક્ર અન્યોન્યથી નીચ બને છે, પૂર્ણ ઈચ્છાથી પ્રયત્ન કરવા છતાં છૂટાછેડા લઈ શકાશે? (પત્નીની કુંડળીમાં યોગ નથી) -

ગુરૂ-શુક્રનો સમન્વય

ઉપરની પાંચ કુંડળીઓ (નંબર ૧૨થી ૧૬) માં ગુરૂ બળવાન છે. શુક્ર નબળો છે, કદાચ એ કારણે જ શુક્રની સંપૂર્ણ અનુકૂળતા હોવા છતાં ગુરૂનો 'અહંમ્' રુકાવટ ઉભી કરતો હશે, આદ્ય શંકરાચાર્યે મંડનમિશ્રની પત્ની સાથેનાં શાસ્ત્રાર્થમાં વિજયી થવા માટે પોતાનાં આત્માને બીજી વ્યક્તિનાં દેહમાં પ્રવેશી કરાવી પૂર્ણતા માટે ખૂટતો અનુભવ પ્રાપ્ત કર્યો. મંડનમિશ્રની પત્ની વિદ્વતાની દૃષ્ટિએ ગુરૂ અને શાસ્ત્રાર્થની આગવી કળા તેમ જ 'સ્ત્રી' હોવાનાં નાતે શુક્રની સમ્યક્ યુતિ જેવી હતી. તેનો ભગવાન શંકરનાં અવતાર સમા આદ્ય શંકરાચાર્ય-ગુરૂ-પર આ વિજય ન હતો, પરંતુ ગુરૂ-શુક્રની સમ્યક્તા કે પૂર્ણતા દ્વારા, ગુરૂની અપૂર્ણતા દૂર કરી તેને પૂર્ણ બનાવવાનો પુરુષાર્થ હતો, જો બળવાન ગુરૂ શુક્રનાં પડકાર સામે ટકી ન શક્યા હોત તો, જગતને 'શંકરાચાર્ય'ની પ્રાપ્તિ ન થઈ હોત. ગુરૂએ વિજય મેળવવા માટે, શુક્રના અનુભવ વગરની અપૂર્ણતાને પૂર્ણતામાં પરિવર્તીત કરવા શુક્રનાં સહકાર અને સત્તાનો સ્વીકાર કર્યો તો જ આમ બની શક્યું. બળવાન ગુરૂવાળા જાતકો એ આમાંથી 'સત્ય' તારવવું જોઈએ. શ્રી અરવિંદ અને માતાજી, રામકૃષ્ણ પરમહંસ અને શ્રીમની શારદામણી દેવી, સ્વામી વિવેકાનંદ અને સીસ્ટર નિવેદિતા, કૃષ્ણમૂર્તિ અને એની બેસન્ટ, સ્વામી રામદાસ (આનંદગીરી) અને કૃષ્ણામાતાજી, સિદ્ધ પુરૂષો, વિભૂતિઓ કે અતિમાનવોનાં જીવનમાં ગુરૂનું શુક્ર સામે બંડ નથી, પરંતુ શુક્રની નિર્મળ સહાય દ્વારા ગુરૂની પરમ પ્રાપ્તિ છે.

(૧૭) કર્ક લગ્ન, લગ્નમાં શનિ, મંગળ, ચંદ્ર કન્યામાં નેપચ્યુન, તુલામાં સૂર્ય, બુધ, વૃશ્ચિકમાં ગુરૂ, શુક્ર, કેતુ, વૃષભમાં રાહુ, મિથુનમાં હર્ષલ. ફિલ્મી દુનિયાની પ્રથમ કક્ષાની એક અભિનેત્રી સંવાદ પણ બોલી શકે નહી, ગળાની એટલી ખરાબ સ્થિતિ થઈ હતી, એવા સમયે આ જાતકે સંવાદ માટે પોતાના ગળાની (અવાજની) સેવા આપી હતી. વિલાસીતા માટે બધું જ છે, પરંતુ વૈભવનો અભાવ વિલાસ માણવા દેતો નથી. લગ્ન થયા નથી, એમ ન કહી શકાય, પરંતુ લગ્ન કર્યા નથી એમ કહી શકાય. અન્યોન્યથી ગુરૂ ઉચ્ચ છે.

(૧૮) કર્ક લગ્ન, લગ્નમાં નેપચ્યુન, સિંહમાં રાહુ. કન્યામાં મંગળ, તુલામાં સૂર્ય, બુધ, શનિ, વૃશ્ચિકમાં ગુરૂ, શુક્ર, કુંભમાં ચંદ્ર, કેતુ હર્ષલ, આ જાતક ખાળવી માંડી હીરાનો વ્યાપાર કરતી એક વ્યક્તિનાં સંબંધી અને સહકારી છે, લગ્ન થયા છે, અન્યોન્યથી શુક્ર નીચ છે.

(૧૯) તુલા લગ્ન, વૃશ્ચિકમાં બુધ, ગુરૂ, શુક્ર, ધનુમાં સૂર્ય, રાહુ, મકરમાં મંગળ, કુંભમાં શનિ, મીનમાં ચંદ્ર, મેષમાં હર્ષલ, મિથુનમાં કેતુ, સિંહમાં નેપચ્યુન, કેન્દ્રીય સરકારનાં એક વિભાગમાં અમલદાર છે, લગ્ન થયા છે, ગુરૂ અન્યોન્યથી નીચ બને છે.

વૃશ્ચિક રાશિમાં

બીજી કોઈ પણ રાશિનાં ગુરૂ-શુક્ર કરતાં વૃશ્ચિક રાશિનાં ગુરૂ શુક્રવાળા જાતકોનું જીવન 'અકળ' જણાયું છે. વૈભવ વિલાસની તમન્ના આવા જાતકો ને નથી હોતી એવું નથી. પરંતુ એક પ્રકારની એવી 'પૂર્ણતા' હોય, છે જેમાં 'તમન્ના' નું સ્થાન નથી. હું સમજી શકયો છું, ત્યાં સુધી આવા જાતકો ને વધુમાં વધુ સુખી કહી શકાય, કારણ દુઃખની શોધને આ લોકોના જીવનમાં સ્થાન નથી. તેમ જ વધુમાં વધુ દુઃખી પણ કહી શકાય, કારણ સુખ શું છે? તેનું નથી. જરા બીજી રીતે આ પરિસ્થિતિને તપાસ માતા યશોદા, રાધા, ગોપીકાઓ, અર્જુન, ઉ અને સુદામા કૃષ્ણ માટે હતા, કે કૃષ્ણ આ માટે હતા? યશોદા, રાધા, ગોપીકાઓ અને કૃષ્ણ ગુરૂ અને શુક્રનાં ભેદ પાડવા જઈશું તો, મુશ્ ઉભી થશે. પ્રથમ દૃષ્ટિએ કદાચ ગુરૂ જ નહીં, પરંતુ ગુરૂનાં અભાવવાળુ શુક્ર તત્ત્વ એમ તો ન જ કહી શકાય. આ બધાનાં જીવ સુખી કે દુઃખી કહી શકાશે? સુખ-દુઃખની અ ભૂતીનો અભાવ, એવું કંઈક વિશિષ્ટ ત વૃશ્ચિક રાશિ સાથે સંકળાયું હોય એવું લા કરે છે.

બે સંપૂર્ણ નૈસર્ગિક શુભ-શત્રુ ગ્રહો ગુરૂ અ શુક્ર એક બીજા પર વિજય મેળવવા કે એક બીજા હરાવવા મથતા હોય એવું લાગ્યા કરે છે, પર પ્રારબ્ધ બળે ગુરૂ-શુક્રની યુતિ પ્રાપ્ત થઈ હો આકાશમાં આ બન્ને ગ્રહો એક જ રાશિ હોય એ સમયે પૃથ્વી પર જન્મ લેવાનું સ ભાગ્ય પ્રાપ્ત થયું હોય તો, સહજ પુરૂષાર્થ ગુરૂના અહંકાર પર અને શુક્રની વિલાસીતા અંકુશ મેળવી અથવા ગુરૂની આડંબરયુ સાધુતા અને શુક્રની અમર્યાદ શક્તિને ના લૌકિક સુખ ધન, માન, સંપત્તિ, સંતતિ અ ઈચ્છિત પ્રાપ્તિની અનુકૂળતા, આ યુતિ મહામૂલી ભેટ છે.

પૃથ્વી પર જન્મતી દરેક વ્યક્તિને આ યુતિ જન્મવાની તક મળતી નથી. પરંતુ જ્યોતિ શાસ્ત્રનો ઉપયોગ કરી મેળાપક કે મુહૂર્ત આવી યુતિ સાધી, લૌકિક સુખ પ્રાપ્ત કરી શ છે. આની જ કોઈ' કલ્પના કે હકીકત અ 'રહસ્ય' જ્યોતિષ શાસ્ત્રમાં સમાયુ હશે? ☆

આકાશ પરિચય

પ્રારંભિક માહિતી :- અહીં પ્રત્યેક મહિનામાં આકાશમાં રાત્રે ક્યા સમયે ગ્રહનક્ષત્રો ક્યા પ્રકારે દેખાશે તેનું સામાન્યતઃ સ્થૂળ વર્ણન આપવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં ૨૭ નક્ષત્રોને ૧૭ દેવોના અધિષ્ઠાતા માનવામાં આવ્યા છે તેથી તે સર્વે નક્ષત્રોના દર્શન માટે જનસમાજમાં આતુરતા હોય તે સહજ છે. આ સત્તાવીશ નક્ષત્રોમાંના કેટલાક નક્ષત્રોના તારાઓ ખૂબ તેજસ્વી હોવાને લીધે તુરત નજરે પડે છે અને ઓળખાય છે. જ્યારે કેટલાક તેટલા સ્પષ્ટ જોઈ શકાતા નથી. તેથી સ્પષ્ટ અને તેજસ્વી દેખાતા તારાનક્ષત્ર પરથી તેને આધારે અસ્પષ્ટ તારાઓ ઓળખી શકાય. ઉદાહરણ તરીકે અશ્વિની નક્ષત્રના બે તેજસ્વી તારાઓની પૂર્વે કંઈક ઉત્તર તરફ ભરણીના ત્રણ અસ્પષ્ટ તારાઓની ત્રિકોણાકૃતિ પારખવાનું સહેલું બને છે. મૃગ નક્ષત્રના ઉત્તર તરફના બે પગના જે બે તારા તેમાંથી પૂર્વ તરફનો તારો અને પુનર્વસુ એની વચ્ચે આર્દ્રાનો મધ્યમ તેજસ્વી તારો પણ જોઈ શકાશે. પુનર્વસુ અને મઘાની વચ્ચે પુષ્યના ત્રણ તારાની ત્રિકોણાકૃતિ ઓળખવાનું સરળ થશે. પુષ્યનો ત્રિકોણ જ્યારે મુંબઈમાં (૧૯ ઉત્તર અક્ષાંશ પર) મધ્યાકાશમાં આવે ત્યારે તે આકાશમધ્યબિંદુની બરાબર ઉપર (સ્વસ્તિક પર) આવે છે અને તે જ વખતે પુષ્યની દક્ષિણે થોડા અંતરે આશ્લેષાના પાંચ અસ્પષ્ટ તારાઓ ઓળખી કાઢવાનું મુશ્કેલ નહિ બને. પ્રશ્વા અને મઘાના મધ્યભાગે આશ્લેષા હોય છે. ચિત્રાની પૂર્વ તરફ ૨૦-૨૫ અંશના અંતરે વિશાખાના ચાર તારાઓ હોય છે. મૂળની પૂર્વે પૂર્વાષાઢાના બે કે ચાર અને પૂર્વાષાઢાની પૂર્વે ઉત્તરાષાઢાના બે કે ચાર તારાઓ હોય છે. પૂર્વાભાદ્રપદા અને દક્ષિણમત્સ્યની મધ્યમાં શતતારકા એ ખૂબ અસ્પષ્ટ તારકા છે. અશ્વિની આકાશમધ્યબિંદુ પર આવે ત્યારે સ્વસ્તિકથી નૈઋત્ય તરફ નજીકમાં જ રેવતી અસ્પષ્ટ છતાં જોઈ શકાશે. આમ બહુ તેજસ્વી નહિ અને અસ્પષ્ટ એવા નક્ષત્રોનું સ્થાન તેજસ્વી તારા નક્ષત્રની મદદથી શોધી કાઢી તેને ઓળખી શકાશે.

બીજા કેટલાક નિયમો મુજબ સ્વાતિનો અતિ તેજસ્વી તારો મુંબઈમાં મધ્યાહ્નને આવે ત્યારે તે બરાબર આકાશમધ્ય પર જ હોય છે, તે સમયે તેનાથી છેક દક્ષિણ ક્ષિતિજ પર મિત્ર અને બ્રહ્મા એ બે તેજસ્વી તારકજોડી પ્રકાશતી હોય છે. તે જ પ્રમાણે હસ્તુપુંજ મધ્યાકાશ પર હોય ત્યારે દક્ષિણ ક્ષિતિજમાં ચાર તેજસ્વી તારાનો ચોરસ જોવા મળે તે ત્રિશંકુ છે. ધનિષ્ઠા મધ્યાકાશમાં હોય ત્યારે તેની ઉત્તર તરફ હંસમંડળ હોય છે. અશ્વિની મધ્યાકાશે હોતાં દક્ષિણ ક્ષિતિજે તેજસ્વી યમુના હશે. આ નિયમો ખ્યાલમાં રાખવાથી નક્ષત્રતારાઓને ઓળખવામાં ને દર્શન કરવામાં સરળતા થશે.

કાર્તિક-માસ : (તા. ૨૪ ઓક્ટો.થી ૨૧ નવે.)

આકાશ દર્શન : કાર્તિક મહિનાનું પ્રથમ ચંદ્ર-દર્શન તા. ૨૪ ઓક્ટોબરને રવિવારના સૂર્યાસ્ત પછી ૭ ને ૧૭ મિનિટ સુધી પશ્ચિમ ક્ષિતિજ પર થઈ શકશે. નવા ચંદ્રની ઉત્તર તરફનું શૃંગ ઊંચું થયેલું દેખાશે.

આ માસમાં મંગળ-બુધ એ બંનેનો અસ્ત હોવાથી તેમના દર્શન થઈ શકશે નહીં. રાતના પ્રારંભે પૂર્વ બાજુએ ગુરૂ જોઈ શકાશે. ૮ નવે.ની પરોઢે ચંદ્ર-ગુરૂ બંને નજીક નજીક જોઈ શકાશે. આ સમયે ચંદ્ર બિંબમાંથી ગુરુ ગ્રહ ઢંકાઈ જવાનો યોગ છે, જેને પિધાન કહેવાય છે. આ પિધાન કેવળ દક્ષિણ એટલાન્ટીક અને અન્ટાર્કટીમાં દેખાય શુક્ર-દર્શન રાત્રીની શરૂઆતમાં એટલે કે અંધકારના ઓછાયા ઊતરતા હશે ત્યારે પશ્ચિમ ક્ષિતિજે કરી શકાશે. શનિ મહારાજના દર્શન પ્રભાતે મધ્યાકાશ નજીક કરી શકાશે.

નક્ષત્ર દર્શન : આ માસમાં રાત્રે નવ વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજ પર મૃગશીર્ષ નક્ષત્રના તારા ઊગતાં દેખાશે. તેની ઉપરની બાજુ રોહિણીનો તેજસ્વી તારો જોઈ શકાશે. ડાબી બાજુના ઈશાન ખૂણે બ્રહ્મહૃદય નામનો તેજસ્વી તારો ચમકતો હશે. રોહિણીની ઉપરની બાજુ કૃતિકા નક્ષત્રનો તારા-પૂંજ હશે. તેમની ઉપરની બાજુએ અનુક્રમે ભરણી, અશ્વિની અને રેવતી નક્ષત્રના તારાઓ હશે. મધ્યાકાશમાં પૂર્વા તથા ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રના તારા દેખાતા હશે. જ્યારે પશ્ચિમ ક્ષિતિજે દેખાતો તારો હશે ઉત્તરાષાઢા. પશ્ચિમ ક્ષિતિજે છટાદાર ફ્લાળ મારતો તારો શ્રવણ ચમકતો દેખાશે. વાયવ્યમાં અભિજીત, દક્ષિણ ક્ષિતિજે અગ્રનદ અને તેની ઉપરની બાજુએ મીનાસ્યના તારા દેખાશે. ઉત્તર દિશામાં ધ્રુવના તારાની નજીક શરમાતી શર્મિલાના તારા-ગુચ્છના મનોહર દર્શન કરી શકાશે.

માર્ગશીર્ષ માસ : (તા. ૨૨ નવેમ્બરથી ૨૧ ડિસે.)

આકાશ દર્શન : આ માસનું પ્રથમ ચંદ્રદર્શન ૨૨ નવેમ્બરને સોમવારે સૂર્યાસ્ત પછી ૬ ને ૫૪ મિનિટ સુધી પશ્ચિમ ક્ષિતિજ પર કરી શકાશે. નવા ચંદ્રની ઉત્તર તરફનું શૃંગ ત્યારે ઊંચું થયેલું દેખાશે.

આ માસમાં અસ્ત હોવાને કારણે મંગળના દર્શન કરી નહીં શકાય. ૩૦ નવેમ્બરના દિવસે પશ્ચિમ દિશામાં બુધનો ઉદય થશે ત્યાર પછી તેના દર્શન સાંજના અંધારા ઊતરતાં આખો મહિનો કરી શકાશે. રાત્રીના પ્રારંભથી ગુરૂ પૂર્વમાં આખી રાત જોઈ શકાશે. શુક્રના દર્શન પણ પશ્ચિમમાં કરી શકાશે. શનિ મહારાજ મધ્યરાત્ર પહેલાં જ માત્ર દેખાશે.

૨૪ નવેમ્બરના ચંદ્ર - શુક્ર ના સૂર્યાસ્ત વખતે અને ૫ ડિસેમ્બરના પરોઢીએ ચંદ્ર - ગુરૂની જોડી નજીક—નજીકમાં શોભતી હશે, ૧૧ ડિસેમ્બરના મધ્ય રાત્રી પછી અને ૪ ક. ને ૨૨ મિનિટે ચંદ્ર - શનિની યુતિ મધ્યાકાશની નજીકમાં સુંદર રીતે જોઈ શકાશે.

નક્ષત્ર દર્શન : આ માસમાં રાતના નવને સુમારે પૂર્વ ક્ષિતિજ પર પુનર્વસુ નક્ષત્રમાંના કેસ્ટર અને પોલક્સ નામના તેજસ્વી તારા ઊગતા દેખાશે. તેની ઉપર આર્દ્રા, મૃગશીર્ષ, રોહિણી અને કૃતિકા નક્ષત્રના તારાઓ પૂર્વ—આકાશની શોભા વધારતા જોઈ શકાશે. ઈસાન બાજુએ, બ્રહ્મહૃદયના સુંદર દર્શન થશે તો મધ્યાકાશે રેવતી અને અશ્વિનીના તારાઓ જોઈ શકાશે. તે સમયે પશ્ચિમ ક્ષિતિજે શ્રવણ અને અભિજીતના તેજસ્વી તારા ચમકતા હશે અને તેની ઉપર અનુક્રમે, ધનિષ્ઠા, શતતારકા પૂર્વા ભાદ્રપદા તથા ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રના તારાઓ ચમકતા દેખાશે. દક્ષિણ દિશામાં અગ્રનદ અને મીનાસ્યના દર્શન થશે. ઉત્તરમાં ધ્રુવના તારાની ઉપરની બાજુએ શર્મિષ્ઠા પૂંજ તથા વાયવ્યમાં હંસ મંડળને વિહરતા જોઈ શકાશે.

પોષ માસ : (તા. ૨૨ ડિસેમ્બરથી [illegible] જાન્યુઆરી).

આકાશ દર્શન : આ માસનું પ્રથમ ચંદ્ર - દર્શન ૨૨ ડિસેમ્બરને બુધવારના સૂર્યાસ્ત પછી ૭ ને ૩૭ મિનિટ સુધી પશ્ચિમ ક્ષિતિજ પર કરી શકાશે. ત્યારે ચંદ્રની ઉત્તર તરફનું શૃંગ ઊંચું થયેલું દેખાશે.

આ માસમાં મંગળ મહારાજ અસ્તના હોવાથી તેમના દર્શન કરી નહીં શકાય. ૧-૧-૧૯૭૭ના દિવસે બુધનો અસ્ત પશ્ચિમમાં થશે એટલે તે પહેલાના દિવસોમાં સંધ્યાકાળે તેમના દર્શન પશ્ચિમમાં કરી શકાશે. રાત્રીના પ્રારંભે મધ્યાકાશની નજીક ગુરૂને જોઈ શકાશે. શુક્રના દર્શન પશ્ચિમમાં અને શનિના દર્શન પૂર્વમાં સંધ્યાકાળે કરી શકાશે. ૨૪મી ડિસેમ્બરના સાંજના ચંદ્ર - શુક્ર, તથા ૮મી જાન્યુઆરીએ ચંદ્ર-શનિના નજીક - નજીક તેમજ સુંદર દર્શનનો લહાવો લઈ શકાશે. ૧૨મી જાન્યુઆરીએ થનારી મંગળ - બુધની યુતિ સૂર્યની અતિ નજીક થતી હોવાથી આપણાથી જોઈ નહીં શકાય.

નક્ષત્ર દર્શન : આ માસમાં રાતના ૯ વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજે મઘા-નક્ષત્રનો તેજસ્વી તારો ઊગતો જોઈ શકાશે. તેની નજીકમાં આશ્લેષા નક્ષત્રમાંનો 'આલ્ફાર્ડ' નામનો તારો ચમકતો હશે. તેની ઉપર અનુક્રમે પુષ્ય નક્ષત્રનો તારાગુચ્છ, પુનર્વસુમાંના કેસ્ટર, તથા પોલેક્સ, આર્દ્રા, મૃગશીર્ષમાંના કાલ રાજન્યા, નામના તેજસ્વી તારાઓના સુંદર દર્શન કરી શકાશે. આકાશ મધ્યમાં કૃતિકા-નક્ષત્રનો તારાપૂંજ તથા ચમકતા રોહિણી નક્ષત્રના દર્શનનો લાભ લઈ શકાશે.

પશ્ચિમમાં પૂર્વા-ભાદ્રપદા નક્ષત્રના તારાઓ ચમકતા દેખાશે. નૈઋત્ય ખૂણે મીનાસ્ય અને વાયવ્યમાં હંસ મંડળમાંના તારાઓ જોઈ શકાશે. આકાશની દક્ષિણ ક્ષિતિજે અગ્રનદનો તેજસ્વી

તારો ચમકતો હશે. શરમાતી શર્મિષ્ઠા ઉત્તરમાં ધ્રુવતારાની નજીકમાં વાયવ્ય તરફ મલકતી હશે.

માઘ માસ : (તા. ૨૦ જાન્યુઆરીથી ૧૮ ફેબ્રુઆરી).

આકાશ દર્શન : આ માસનું પ્રથમ ચંદ્ર-દર્શન તારીખ ૨૦મી જાન્યુ. ને ગુરૂવારના સૂર્યાસ્ત પછી ૭ને ૧૯ મિનિટ સુધી પશ્ચિમ ક્ષિતિજ પર કરી શકાશે. ત્યારે ચંદ્રની દક્ષિણ તરફનું શૃંગ ઊંચું થયેલું દેખાશે.

આ માસમાં ૨૩ જાન્યુઆરીના દિવસે મંગળનો ઉદય પૂર્વ દિશામાં થતો હોવાથી તેના દર્શન પૂર્વ ક્ષિતિજે સૂર્યોદય પૂર્વે પરોઢીએ કરી શકાશે. બુધના દર્શન પરોઢીએ સૂર્યોદય પૂર્વે, પૂર્વ ક્ષિતિજ પર કરી શકાશે. રાત્રીના પ્રારંભે ગુરૂ તથા શુક્રના દર્શન પશ્ચિમમાં થશે, શનિ મહારાજ રાત્રીના પ્રારંભે પૂર્વમાં દેખાશે અને તે આખીરાત જોઈ શકાશે.

૨૩મી જાન્યુઆરીના ચંદ્ર-શુક્ર; તથા ૧૨મી ફેબ્રુઆરીના દિવસે પરોઢીએ બુધ તથા મંગળ નજીક, નજીક આવેલા પૂર્વમાં જોઈ શકાશે. ૨૬ ફેબ્રુઆરીના ચંદ્ર-મંગળ, એક બીજાની નજીક સરકતા જોઈ શકાશે.

નક્ષત્ર દર્શન : આ માસમાં રાતના ૯ વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો "ડેનેબોલા" નામનો તારો ઊગતો દેખાશે. તેની ઉપરની બાજુએ અનુક્રમે પૂર્વાફાલ્ગુની, મઘા, આશ્લેષા, પુષ્ય અને પુનર્વસુ નક્ષત્રમાંના કેસ્ટર તથા પોલક્સ, નામના તારાના દર્શન થશે. ત્યારે મધ્યાકાશમાં રોહિણી, મૃગશીર્ષ અને આર્દ્રા નક્ષત્રના તેજસ્વી તારાઓ ચમકતા જોઈ શકાશે. દક્ષિણમાં નૌકાતલ અને નૌશીર્ષમાંના તારાઓ તથા અગસ્ત્ય અને અગ્રનદના સુંદર દર્શન થશે. ઉત્તરમાં ધ્રુવના તારાની જમણી બાજુ ઈશાનમાં સપ્તર્ષી દેખાશે. તો વાયવ્ય ક્ષિતિજે શર્મિષ્ઠા પુંજ આકાશની શોભા વધારતા દેખાશે. પશ્ચિમ ક્ષિતિજ પર રેવતી નક્ષત્રના તારાઓ પ્રકાશ રેલાવતા જોઈ શકાશે.

ફાલ્ગુન માસ : (૧૯ ફેબ્રુઆરીથી ૧૯ માર્ચ)

આકાશ દર્શન : ફાલ્ગુન માસનું પ્રથમ ચંદ્રદર્શન ૧૯ ફેબ્રુઆરીને શનિવારના સૂર્યાસ્ત પછી ૭ વાગીને ૫૦ મિનિટ સુધી કરી શકાશે. તે સમયે ચંદ્રનું ઉત્તર તરફી શૃંગ ઊંચું થયેલું જોઈ શકાશે.

આ માસમાં મંગળ મહારાજના દર્શન પરોઢીએ પૂર્વ દિશામાં કરી શકાશે. ૨૪મી ફેબ્રુઆરીથી બુધનો અસ્ત થતો હોવાથી તે પૂર્વે તેના દર્શન સૂર્યોદય અગાઉ પૂર્વ ક્ષિતિજે કરી શકાશે. ગુરૂ-શુક્રના દર્શન રાત્રીના પ્રારંભે પશ્ચિમ દિશામાં થશે. રાત્રીના પ્રારંભે જ પૂર્વમાં શનિ દેવના દર્શન કરી શકાશે. ૨૧ ફેબ્રુઆરીના ચંદ્ર-શુક્ર; ૨૪ ફેબ્રુઆરીના ચંદ્ર-ગુરૂના એક બીજાની નજીક-નજીકમાં સુરમ્ય દર્શનનો લાભ આપી શકાશે.

નક્ષત્ર- દર્શન : આ માસમાં રાત્રે ૯ વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજે ચિત્રા તથા સ્વાતિ નક્ષત્રના તેજસ્વી તારાઓ ઊગતા દેખાશે. તેની ઉપર અનુક્રમે ઉત્તરા- ફાલ્ગુની, પૂર્વાફાલ્ગુની, મઘા, આશ્લેષા, તેમજ પુષ્ય નક્ષત્રના તારાઓ ચમકતા જોઈ શકાશે. મધ્યાકાશમાં પુનર્વસુ અને આર્દ્રા નક્ષત્રના તારાઓ ચમકતા હશે અને તેની પશ્ચિમ બાજુએ મૃગશીર્ષ નક્ષત્રમાંના કાક્ષી તથા રાજન્ય નામના તેજસ્વી તારાઓ દેખાશે. પશ્ચિમ ક્ષિતિજે અશ્વિની નક્ષત્ર ઝબકતું જોઈ શકાશે. તેની ઉપરની બાજુએ અનુક્રમે ભરણી, કૃતિકા અને રોહિણી નક્ષત્રમાંના તારાઓ દેખાશે. દક્ષિણ ક્ષિતિજે તેજસ્વી અગસ્ત દક્ષિણની શોભા વધારતો જોઈ શકાશે. ઉત્તરમાં ધ્રુવતારાની જમણી બાજુએ સપ્તર્ષી તો ડાબી બાજુએ વાયવ્યમાં શર્મિષ્ઠાના સુંદર મનોહારી દર્શન થશે.

ચૈત્ર માસ : (તા. ૨૦ માર્ચથી ૧૮ એપ્રિલ)

આકાશ દર્શન : આ માસનું પ્રથમ ચંદ્રદર્શન ૨૧મી માર્ચને સોમવાર સાંજના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજે ૮ ને ૧૫ મિનિટ સુધી કરી શકાશે. નવા ચંદ્રની દક્ષિણ તરફનું શૃંગ ત્યારે ઉપર તરફ દેખાશે.

આ માસમાં મંગળ, પરોઢીએ પૂર્વમાં દેખાશે. ૨૬ માર્ચના બુધનો ઉદય થશે એટલે ત્યાર પછી તેના દર્શન સાંજનું અંધારું ઢળ્યા પછી પશ્ચિમમાં કરી શકાશે. ગુરૂ પણ સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં જ દર્શન આપશે. ૨ એપ્રિલના શુક્રનો અસ્ત થશે. સામાન્યતઃ તે ૩૦ માર્ચ સુધી સંધ્યા કાળે પશ્ચિમમાં જોઈ શકાશે. ૬ એપ્રિલના દિવસે શુક્રનો ઉદય પૂર્વમાં થશે એટલે ત્યાર પછી તેના દર્શન સૂર્યોદય પૂર્વેના પરોઢીએ પૂર્વ દિશામાં કરી શકાશે. રાત્રીના પ્રારંભે શનિ આકાશ-મધ્યની નજીકમાં હશે. ૨૧મી માર્ચના સંધ્યાકાળે ૬ ને ૩૭ મિનિટે પશ્ચિમમાં ચંદ્ર-શુક્રની યુતિ થતી જોઈ શકાશે. ૨૪ માર્ચના ચંદ્ર-ગુરૂ, ૩૦ માર્ચના ચંદ્ર શનિ, તેમજ ૨૭મી માર્ચના બુધ-શુક્રને નજીક- નજીકમાં જોવાનો લહાવો લઈ શકાશે.

૧૮ એપ્રિલના ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોઈ શકાશે.

નક્ષત્ર દર્શન : આ માસમાં રાતના ૯ વાગ્યાની આસપાસ ચિત્રા અને સ્વાતિ પૂર્વ ક્ષિતિજે સારા એવા ઉપર આવેલા જોઈ શકાશે. ચિત્રાના ચમકતા તારાની નજીક જ હસ્ત નક્ષત્રના પાંચ તારાઓનું જૂથ સુંદર રીતે ચમકતું હશે.

તેની ઉપર ઉત્તરા-ફાલ્ગુનીમાંના 'ડેનેબોલા નામનો તેજસ્વી તારો દેખાશે. મધ્યાકાશમાં તે સમયે મઘા તથા આશ્લેષા નક્ષત્રના તારાઓ મધ્યાકાશની શોભા વધારતા જોઈ શકાશે. પશ્ચિમ ક્ષિતિજે રોહિણી નક્ષત્ર જગા રોકી રહેલું દેખાશે. તેની ઉપરની બાજુએ અનુક્રમે મૃગ, આર્દ્રા અને પુનર્વસુ નક્ષત્રમાંના તારાઓ શોભામાં અભિવૃદ્ધિ કરતા નજરે પડ્યા કરશે. દક્ષિણ દિશામાં અગસ્તના સુંદર દર્શન કરી શકાશે. તો ઉત્તરમાં ધ્રુવના તારાની ઉપરની બાજુએ સપ્તર્ષી તથા અરૂંધતી જોઈ શકાશે.

વૈશાખ માસ : (૧૯ એપ્રિલથી ૧૮ મે)

આકાશ-દર્શન : આ માસનું પ્રથમ ચંદ્રદર્શન તારીખ ૧૯ એપ્રિલને મંગળવારના સાંજના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજે ક. ૭-૪૮ મિ. સુધી થઈ શકશે, ત્યારે ચંદ્રની ઉત્તર તરફનું શૃંગ ઉંચું થયેલું દેખાશે.

આ માસમાં મંગળ અને શુક્રના દર્શન પૂર્વ દિશામાં પરોઢીએ કરી શકાશે. ૨૩મી એપ્રિલ બુધનો પશ્ચિમમાં અસ્ત થશે. તા. ૧૨મી મેના દિવસે તેનો ઉદય થયા પછી તે સૂર્યોદય પહેલા પરોઢીએ પૂર્વ ક્ષિતિજ પર દર્શન આપશે.. રાત્રીના પ્રારંભે પશ્ચિમ ક્ષિતિજ પર ગુ મહારાજના દર્શન કરી શકાશે. ત્યારે શનિ પણ ત્યાં બિરાજમાન હશે.

૧૯ એપ્રિલના ચંદ્ર-બુધ, દર્શન ૧૩મી મે શુક્ર અને મંગળ પરસ્પરની નજીક-નજીક સુંદર રીતે થઈ શકશે.

નક્ષત્ર-દર્શન : આ માસમાં રાત્રીના વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજ પર અભિ અને જયેષ્ઠાના તેજસ્વી તારાઓ ચમકતા જો શકાશે. જયેષ્ઠાની નજીકમાં જ અનુરાધા નક્ષ હશે. તેની ઉપર તરફ અનુક્રમે વિશાખા, સ્વા તથા ચિત્રાના સુંદર તારાઓ જોઈ શકાશે. મધ્યાકાશમાં મઘા, પૂર્વા - ઉત્તરા - ફાલ્ગુ નક્ષત્રના તારાઓ હશે. આકાશની પશ્ચિ ક્ષિતિજે ત્યારે મૃગનક્ષત્ર ચમકતું હશે. તે ઉપરની બાજુએ અનુક્રમે આર્દ્રા, પુનર્વ માંહેના કેસ્ટર તથા પોલક્સ, પુષ્ય નક્ષત્ર તારાપુંજ તથા આશ્લેષાના તેજસ્વી તારા દર્શન કરી શકાશે. દક્ષિણ દિશામાં મિત્ર ત મિત્રક તેમજ અગસ્તના સુંદર દર્શન કરી શકાશે. ઉત્તરમાં ધ્રુવના તારાની ઉપરની બાજુએ સપ્તર્ષી તથા અરૂંધતીના સ્પષ્ટ દર્શન કરી શકાશે.

જયેષ્ઠ માસ : (૧૯ મેથી ૧૬ જૂન)

આકાશ-દર્શન : આ માસનું પ્રથમ ચંદ્ર દર્શન તારીખ ૧૯મી મે ગુરૂવારે સાંજના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજે ૮ને ૧૧ મિનિટ સુધી કરી શકાશે. ત્યારે ચંદ્રની ઉત્તર તરફનું શૃંગ ઊંચું થયેલું હશે.

આ માસમાં મંગળ, શુક્ર તથા બુધના દર્શન પરોઢીએ પૂર્વ દિશામાં સ્વચ્છ રીતે કરી શકાશે. ૨૩મી મેના ગુરૂનો પશ્ચિમમાં અસ્ત થશે તેથી તેના દર્શન કરી શકાશે નહીં. શનિદેવ રાત્રીના પ્રારંભે પશ્ચિમમાં સારાં એવા ઉપ આવેલા જોઈ શકાશે. ૧૫મી જૂનના પરોઢીએ ચંદ્ર-ગુરૂ તથા ૧૨મી જૂનના ચંદ્ર-શુક્ર ના નજી નજીકમાં દર્શન કરી શકાશે. ૩૭ જૂનના મંગ અને શુક્રની જોડી સાંજના પૂર્વમાં શોભતી હશે.

નક્ષત્ર દર્શન : આ માસમાં રાત્રીના વાગ્યાની આસપાસ ઈશાન ખૂણે હંસ નામનો તેજસ્વી તારો તેમજ પૂર્વ ક્ષિતિજે શ્રવ નામનો તારો ઊગતો જોઈ શકાશે. તેની ઉપ

અભિજીત તથા જયેષ્ઠા નામના ચમકતા તારાના સુંદર દર્શન કરી શકાશે. આકાશ મધ્યમાં ત્યારે ચિત્રા, સ્વાતિ તથા ઉત્તરા-ફાલ્ગુની નક્ષત્રના તારાઓના દર્શન થશે. પશ્ચિમ ક્ષિતિજે પુનર્વસુમાંના તારાઓ ઝળકતા જોઈ શકાશે. તેની ઉપરની બાજુએ અનુક્રમે પુષ્ય, આશ્લેષા, મઘા તથા પૂર્વા નક્ષત્રમાંના તારાઓ ચમકતા હશે. દક્ષિણ દિશામાં મિત્ર, મિત્રક તથા ત્રિશંકુના સુંદર દર્શન થશે તો ઉત્તરમાં સપ્તર્ષી તેમજ ઈશાન ખૂણે હંસ મંડળ તરતું હશે.

આષાઢ માસ (૧૭ જૂનથી ૧૬ જુલાઈ)

નક્ષત્ર-દર્શન: આ માસનું પ્રથમ ચંદ્ર-દર્શન તારીખ ૧૮મી જૂન શુક્રવારની સાંજના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજે ૮ને ૩૦ મિનિટ સુધી કરી શકાશે. નવા ચંદ્રની ઉત્તર તરફનું શૃંગ ત્યારે ઊંચું થએલું દેખાશે.

આ માસમાં મંગળ તથા શુક્રના દર્શન પરોઢીએ પૂર્વમાં થશે તેમાં પણ મંગળનો ગ્રહ શુક્રથી સારો એવો ઉપર આવેલો દેખાશે. ૧૮મી જૂનના ગુરૂ મહારાજનો ઉદય થશે તે પછી તેમના દર્શનનો લાભ પરોઢીએ પૂર્વમાં લઈ શકાશે. બુધ દેવનો અસ્ત ૧૯મી જૂનના અને ઉદય ૯મી જુલાઈના થશે એટલે તે પછી તેમને સંધ્યાકાળે પશ્ચિમ ક્ષિતિજ પર જોઈ શકાશે. શનિ મહારાજના દર્શન સંધ્યાકાળે પશ્ચિમ દિશામાં કરી શકાશે. ૨૦મી જૂનના બુધ તથા ગુરૂની યુતિ થશે પણ તે આપણાથી જોઈ શકાશે નહીં. ૨૦મી જૂનના ચંદ્ર-શનિ, તથા ૧૩મી જુલાઈના ચંદ્ર-ગુરૂને એક બીજાથી નજીક આવેલા જોઈ શકાશે.

નક્ષત્ર-દર્શન: આ માસમાં રાત્રે ૯ વાગ્યાની આસપાસ પૂર્વમાં શ્રવણ નક્ષત્ર સારૂં એવું ઉપર આવેલું જોઈ શકાશે. તેની ઉપરની બાજુએ અગ્નિ ખૂણામાં મૂળ નક્ષત્ર હશે. તેની ઉપરની બાજુએ પૂર્વ તરફની શોભા જ્યેષ્ઠાનો તેજસ્વી તારો વધારતો હશે. મધ્યાકાશમાં ત્યારે સ્વાતિને સુંદર રીતે જોઈ શકાશે. પશ્ચિમ ક્ષિતિજે મઘા નક્ષત્ર ચમકતું હશે. તેની ઉપરની તરફ અનુક્રમે પૂર્વા, ઉત્તરા, હસ્ત તથા ચિત્રા નક્ષત્રના તારાઓના દર્શન કરી શકાશે. વાયવ્ય ખૂણે સપ્તર્ષીના દર્શન થશે. ઈશાન ખૂણે હંસ મંડળ વિહાર કરતું જોઈ શકાશે. એ દક્ષિણ ક્ષિતિજે મિત્ર તથા મિત્રકના ચમકતા તારાઓનું સુંદર દર્શન કરી શકાશે.

અધિક શ્રાવણ: (૧૭ જુલાઈથી ૧૪ ઓગસ્ટ)

આકાશ દર્શન: આ માસનું પ્રથમ ચન્દ્ર-દર્શન તારીખ ૧૭મી જુલાઈના રવિવારની સાંજના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજે ૭ ને ૫૭ મિનિટ સુધી કરી શકાશે. નવા ચન્દ્રની ઉત્તર તરફનું શૃંગ ત્યારે ઉંચું થયેલું દેખાશે.

આ માસમાં મંગળ, શુક્ર અને ગુરૂના દર્શન પરોઢીએ પૂર્વ દિશામાં કરી શકાશે. બુધને સાંજના અંધારૂં થયે પશ્ચિમ ક્ષિતિજે જોઈ શકાશે. ૨૫મી જુલાઈના શનિ મહારાજ અસ્તના થાય છે. ૨૦ મી જુલાઈ પરોઢીએ બુધ, શનિ, ૧૦મી ઓગસ્ટના, ચન્દ્ર – ગુરૂ તથા ૧૧મી ઓગસ્ટના ચન્દ્ર અને શુક્ર સાંજના એકબીજાની અતિ નજીક – નજીકમાં આવશે.

નક્ષત્ર દર્શન: આ માસમાં રાત્રીના ૯ વાગ્યાની આસપાસ પૂર્વ દિશામાં ઉત્તરા–ભાદ્રપદા, નક્ષત્રમાંના તારાઓ ઉગતા જોઈ શકાશે. તેની ઉપરની બાજુએ અનુક્રમે પૂર્વા–ભાદ્રપદા, શતતારકા, ધનિષ્ઠા તથા શ્રવણ નક્ષત્રમાંના તારાઓ દેખાશે. આકાશ મધ્યમાં ત્યારે અભિજીતનો તારો ચમકતો હશે. પશ્ચિમ ક્ષિતિજ પર ઉત્તરા – ફાલ્ગુની નક્ષત્રમાંનો 'ડેનેબોલા' નામનો તારો જોઈ શકાશે. તેની ઉપર તરફ અનુક્રમે હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા તથા જ્યેષ્ઠા – નક્ષત્રમાંના તારાઓના દર્શન કરી શકાશે. દક્ષિણ ક્ષિતિજે મિત્ર તથા મિત્રક નામના તેજસ્વી તારાઓ ઝબુંકતા હશે. ઉત્તરમાં વાયવ્ય ખૂણે સપ્તર્ષીનો મનોહર દર્શન કરી શકાશે તો ઈશાન ખૂણે હંસમંડળ સારૂં એવું ઉપર આવેલું જોઈ શકાશે.

શ્રાવણ: (તા. ૧૫ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર)

આકાશ – દર્શન: આ માસનું પ્રથમ ચન્દ્ર દર્શન ૧૬મી ઓગસ્ટને મંગળવારે સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજ પર ૮ ને ૨ મિનિટ સુધી કરી શકાશે. ચન્દ્રની ઉત્તર તરફનું શૃંગ ત્યારે ઊંચું થયેલું હશે.

આ માસમાં મંગળ, ગુરૂ તથા શુક્ર અનુક્રમ પ્રમાણે પરોઢીએ પૂર્વ ક્ષિતિજ પર જોઈ શકાશે. શનિ મહારાજ ૨૭મી ઓગસ્ટે ઉદય પામી રોજ પરોઢીએ પૂર્વ દિશામાં દર્શન આપશે. ૨૭મી ઓગસ્ટે બુધનો અસ્ત થાય છે, તે ૧૧ સપ્ટેમ્બરના તેનો ઉદય થયા પછી તે પણ પરોઢીએ પૂર્વમાં જોઈ શકાશે. ૨૩ ઓગસ્ટના શુક્રની સાથ પુનર્વસુ નક્ષત્રમાંનો પોલેક્સ નામનો તારો પરોઢીએ પૂર્વમાં મનહારી દર્શન આપશે. ૪ સપ્ટેમ્બરના પરોઢીએ પૂર્વમાં મંગળ – ગુરૂના સુંદર દર્શન કરી શકાશે. ૧૦મી સપ્ટેમ્બરના ચન્દ્ર – શુક્રની જોડી નજીક - નજીક આવેલી જોઈ શકાશે.

નક્ષત્ર દર્શન: આ માસમાં રાત્રીના ૯ વાગ્યાની આસપાસ પૂર્વ દિશામાં અશ્વિની નક્ષત્ર ઉગતું જોઈ શકાશે. અગ્નિ ખૂણે ફોમલ હાઉટ રસ' નામનો તેજસ્વી તારો ઉપર આવેલો દેખાશે. ઈશાન ખૂણે શરમાતી – મલકાતી શર્મિષ્ઠાપૂંજ જોઈ શકાશે. પશ્ચિમ ક્ષિતિજ પર સ્વાતિનો તેજસ્વી તારો ચમકતો હશે. તેની ઉપરની બાજુએ સાધારણ – નૈઋત્ય ખૂણે વિશાખા, અનુરાધા, જયેષ્ઠ તથા મૂળ નક્ષત્રના તારાઓ સુરમ્ય રીતે વિહરતા હશે. ઉત્તરમાં ધ્રુવના તારાની ડાબી બાજુએ સપ્તર્ષીના સુંદર દર્શનનો લાભ લઈ શકાશે.

ભાદ્રપાદ માસ :–(૧૪ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર)

આકાશ – દર્શન :– આ માસનું પ્રથમ ચન્દ્ર–દર્શન તા. ૧૪મી સપ્ટેમ્બરની સંધ્યાએ સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજે ૭ ને ૨૩ મિનિટ સુધી કરી શકાશે. ચન્દ્રની ઉત્તર તરફનું શૃંગ ત્યારે ઊંચું થયેલું જોઈ શકાશે.

આ માસમાં મંગળ, ગુરૂ, શુક્ર તથા શનિ એમ ચારે ગ્રહોના દર્શન પરોઢીએ પૂર્વ દિશામાં કરી શકાશે. તેમાં પણ મંગળ તથા ગુરૂ સારા એવા ઉપર આવેલા હશે. ૫ મી ઓક્ટોબરના બુધનો અસ્ત થશે તેથી તે પહેલાં તેના દર્શન પણ પરોઢીએ પૂર્વમાં જ કરી શકાશે. ૪ ઓક્ટોબરની મધ્ય રાત્રે ચન્દ્ર – ગુરૂ તથા ૧૧ ઓક્ટોબરના પરોઢીએ ચન્દ્ર – શુક્રની જોડીના સુંદર દર્શન કરી શકાશે.

નક્ષત્ર – દર્શન :– આ માસમાં રાત્રીના ૯ વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજે કૃતિકા નક્ષત્રનો તારાપૂંજ ઊગતા જોઈ શકાશે. તેની ઉપર અનુક્રમે ભરણી, અશ્વિની, રેવતી, ઉ. ભાદ્રપદા નક્ષત્રમાંના તારાઓ ચમકતા હશે. મધ્યાકાશની નજીકમાં શ્રવણ નક્ષત્ર મનોહર આકૃતિ રચતું જોઈ શકાશે. પશ્ચિમ ક્ષિતિજે જયેષ્ઠા નક્ષત્ર ચમકતું હશે. તેની ઉપરની બાજુએ સામાન્ય નૈઋત્ય, બાજુએ મૂળ, પૂર્વાષાઢા તથા ઉત્તરાષાઢા નક્ષત્રમાંના તારાઓ જોઈ શકાશે. દક્ષિણ દિશામાં અગ્રનદ નામનો તેજસ્વી તારો ઝગારા મારતો જોઈ શકાશે. ઉત્તરમાં ધ્રુવના તારાની જમણી બાજુએ શર્મિષ્ઠાપૂંજ તથા નીચેની તરફ સપ્તર્ષીની નજીકમાં અરૂંધતીના સુંદર દર્શનનો લાભ લઈ શકાશે.

આશ્વિન માસ :–(૧૩ ઓક્ટોબરથી ૧૧ નવેમ્બર)

આકાશ – દર્શન :– આ માસનું પ્રથમ ચન્દ્ર-દર્શન તા. ૧૪મી ઓક્ટોબરને શુક્રવારની સાંજના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજ પર ૭ ને ૩૮ મિનિટ સુધી કરી શકાશે. તે સમયે ચન્દ્રની ઉત્તર તરફનું શૃંગ ઊંચું થયેલું જોઈ શકાશે.

આ માસમાં ગુરૂ મધ્યરાત્રી પછી જ દેખાશે. ગુરૂ–મંગળ તથા શનિના દર્શન પૂર્વમાં પરોઢીએ કરી શકાશે. બુધનો અસ્ત હોવાથી તેને જોઈ શકાશે નહીં. બુધનો ઉદય ૧૧મી નવેમ્બરના દિવસે થશે. ૧૩ ઓક્ટોબરના મંગળ અને પુનર્વસુ નક્ષત્રમાંના તેજસ્વી તારા 'પોલેક્સ'ના દર્શન કરી શકાશે. ૫ નવેમ્બરના ચન્દ્ર – શનિની સુંદર યુતિ જોઈ શકાશે. ૭ નવેમ્બરના શુક્રની સાથે ચિત્રાનો તારો શોભતો હશે.

નક્ષત્ર – દર્શન :– આ માસમાં રાત્રીના ૯ વાગ્યાની આસપાસ પૂર્વ ક્ષિતિજ પર મૃગ નક્ષત્રમાંના 'કાક્ષી' તથા 'રાજન્ય' નામના તારા ઊગતા દેખાશે. તેની ઉપરની બાજુએ અનુક્રમે રોહિણી, કૃતિકાપૂંજ, ભરણી તથા અશ્વિની નક્ષત્રમાંના તારાઓ હશે. ઈશાન ખૂણે અગ્નિ તથા બ્રહ્મહૃદય નામના તેજસ્વી તારાઓ ચમકતા જોઈ શકાશે. આકાશ મધ્યમાં પૂર્વા – ભાદ્રપદા– નક્ષત્રમાંના તારાઓ દેખાતા હશે. પશ્ચિમ ક્ષિતિજ પર ઉત્તરાષાઢા નક્ષત્ર ચમકતું હશે. તો તેની ઉપરની બાજુએ અભિજીત તથા શ્રવણ પશ્ચિમાકાશની શોભા વધારતા હશે. દક્ષિણ ક્ષિતિજ પર અગ્રનદ તથા તેની ઉપરની બાજુએ મીનાસ્ય નામનો તારો ઝબકતો જોઈ શકાશે. ઉત્તર દિશામાં ધ્રુવના તારાની ઉપરની તરફ શર્મિષ્ઠા પૂંજ [illegible] સુરમ્ય રીતે ચમકતો હશે.

સંવત ૨૦૩૩ના ગ્રહણો

સંવત ૨૦૩૩ માં એકંદરે ત્રણ ગ્રહણો છે. તે ઉપરાંત ચંદ્રનું એક માંદ્ય ગ્રહણ પણ છે જેમાં પૃથ્વીની કાળી છાયા ચંદ્રબિંબ પર પ્રત્યક્ષ ન આવતી હોવાથી, તે પાળવાનું નથી. ગ્રહણોની વિગત નીચે પ્રમાણે છે:

(૧) ચૈત્ર શુક્લ પૂર્ણિમા સોમવાર તા. ૪ એપ્રિલ ૧૯૭૭ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ. ભારતમાં પૂર્ણિમાનો સમાપ્તિ સમય દિવસમાં હોવાથી આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ.

(૨) ચૈત્ર કૃષ્ણ અમાવાસ્યા સોમવાર તા. ૧૮ એપ્રિલ ૧૯૭૭ માં કંકણાકૃતિ સૂર્યગ્રહણ, જે ભારતના મોટા ભાગમાં ખંડગ્રાસ રૂપે સોમવારે સાંજે દેખાશે.

(૩) ભાદ્રપદ કૃષ્ણ અમાવાસ્યા બુધવાર તા. ૧૨ ઓકટોબર ૧૯૭૭ ખગ્રાસ સૂર્યગ્રહણ અમાવાસ્યાનો સમાપ્તિ સમય ભારતમાં પરોઢિયે હોવાથી, આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ.

(૧) ચૈત્ર શુક્લ પૂર્ણિમાનું ચંદ્રગ્રહણ

સોમવાર તા. ૪ એપ્રિલે પૂર્ણિમા તિથિનો સમાપ્તિ સમય ભારતમાં સ્ટાં. ટા. ૦૮-૩૯ વાગે હોવાથી આકાશમાં ચંદ્ર નહિ દેખાય. એટલે ભારતમાં કોઈ પણ સ્થળે ગ્રહણ દેખાશે નહિ. સામાન્ય રીતે પશ્ચિમ યુરોપ, પશ્ચિમ આફ્રિકા, આટલાંટિક મહાસાગર, ઉત્તર અમેરિકા (તેના ઉત્તર-પશ્ચિમ ભાગ સિવાય), પેસિફિક મહાસાગરનો પૂર્વ ભાગ, દક્ષિણ અમેરિકા અને એન્ટાર્કટિકના ભાગમાં આ ગ્રહણનો સ્પર્શ દેખાશે. તથા યુરોપના અતિ પશ્ચિમ ભાગ, પશ્ચિમ આફ્રિકા, દક્ષિણ અમેરિકા, આટલાંટિક મહાસાગર, ઉત્તર અમેરિકા, (અતિ ઉત્તર પશ્ચિમ ભાગ સિવાયના), પેસિફિક મહાસાગરનો પૂર્વ બાજુનો અડધો ભાગ, અને એન્ટાર્કટિકાનો ભાગ, આ પ્રદેશોમાં ગ્રહણમોક્ષ દેખાશે. ભારતમાં આ ગ્રહણ દેખાતું ન હોવાથી તે પાળવું નહિ કે તે સંબંધી કંઈ વિધિવિધાન કરવું નહીં.

(૨) ચૈત્ર કૃષ્ણ અમાવાસ્યાનું સૂર્યગ્રહણ

મુંબઈ સ્પષ્ટ દર્શાન્તનો સમય સોમવાર તા. ૧૮-૪-૧૯૭૭ના દિવસે મુંબઈ સ્પષ્ટ સૂર્યોદયથી ૨૪ ઘડી ૨૦ પળ અથવા ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ ૧૬ ક. ૦૫ મિ. ૦૬ સેકન્ડ છે. તે વખતે સાયન સ્પષ્ટ સૂર્યચંદ્ર ૦૦ રા. ૨૮ અં. ૧૬ ક. ૩૧ વિ., સૂર્યદિનગતિ ૫૮ ક. ૩૯ વિ., ચંદ્રદિનગતિ ૭૧૮ ક. ૩૩ વિ. ચંદ્રશર દક્ષિણ ૨૧ ક. ૪૯ વિ., શરદિન ગતિ ક્ષિણગામિની ૬૫ ક. ૫૬ વિ. ચંદ્ર ક્ષિતિજ લંબન ૫૪ ક. ૨૮ વિ., સૂર્યક્ષિતિજલંબન ૮.૭૬ વિ; ચંદ્રબિંબ ૨૯ ક. ૪૧ વિ., સૂર્યબિંબ ૩૧ ક. ૫૧ વિ. છે.

આ ગ્રહણમાં સૂર્યબિંબથી ચંદ્રબિંબ ઓછું હોવાથી કંકણાકૃતિ ગ્રહણ દુનિયામાં કેટલેક ઠેકાણે દેખાશે. એટલે આખું સૂર્યબિંબ ઢંકાઈ જાય એવું નહિ બને. કૃષ્ણવર્ણ ચંદ્રબિંબની આજુબાજુ સૂર્યબિંબનો થોડો વિસ્તાર રહે. ગ્રહણની આ પરિસ્થિતિ પોર્ટુગીઝ, ઈસ્ટ આફ્રિકા અને રહોડેશિયા - પ્રદેશોમાં કેટલાક ઠેકાણે દેખાશે. ઉપરાંત હિંદી મહાસાગરના તથા દક્ષિણ આટલાંટિક મહાસાગરના ભાગમાં પણ કંકણાકૃતિ ગ્રહણ દેખાશે. બાકીના ભૂમંડલ પર જવાનો અતિ ઉત્તરપશ્ચિમ ભાગ, બ્રહ્મદેશનો પશ્ચિમ કિનારો, શ્રીલંકા, ભારતના ૨૪-૨૫ અક્ષાંશની દક્ષિણ તરફનો ભાગ, તેમ જ પાકિસ્તાનનો ૨૪-૨ અક્ષાંશની દક્ષિણના પ્રદેશો ઈરાનનો દક્ષિણ ભાગ, પરશિયન ગલ્ફ, અરબસ્તાનનો દક્ષિણ ભાગ, માડાગાસ્કર, મોરીશસ, ઈજિપ્તનો દક્ષિણ ભાગ, એબિસિનિયા, યુગાંડા, કેનિયા, ઝાંબિયા, અંગોલા, દક્ષિણ આફ્રિકા, આફ્રિકાનો દક્ષિણ પશ્ચિમ કિનારો અને દક્ષિણ અમેરિકાનો દક્ષિણ પૂર્વ કિનારો એટલા પ્રદેશોમાં આ ગ્રહણ ખંડગ્રાસ રૂપે દેખાશે.

ભારતમાં આ ગ્રહણ ખંડગ્રાસરૂપે દેખાશે અને તે પણ લખનઉ, દિલ્હી, દેહરાદૂન, સિમલા જેવા ઉત્તર અક્ષાંશના પ્રદેશોમાં દેખાશે નહિ. અહીં ભારતનો નકશો આપ્યો છે. તેમાં ગ્રહણની ઉત્તર મર્યાદા નામની જે રેખા છે તેની ઉત્તર દિશામાં સૂર્ય નિષ્કલંક ગ્રહણરહિત દેખાશે. પરંતુ રેખાના દક્ષિણ ભાગમાં ઓછા વધતા પ્રમાણમાં સૂર્યબિંબ પર ગ્રહણ લાગેલું દેખાશે. તેમાં પણ કલકત્તાથી રંગૂન સુધીના પ્રદેશોમાં ગ્રહણનો પરમગ્રાસ થવા પહેલાં સૂર્યાસ્ત થાય છે. કલકત્તાના પશ્ચિમ બાજુના હૈદરાબાદ, મેંગ્લોર, મદ્રાસ, કોચીન વિગેરે પ્રદેશોમાં ગ્રહણના મોક્ષ

ચૈત્ર કૃષ્ણ અમાવાસ્યા, સોમવાર તા. ૧૮ એપ્રિલ ૧૯૭૭ના મુંબઈમાં દેખાનારા ખંડગ્રાસ સૂર્યગ્રહણની વિવિધ સમયે દેખાનારી દ્રશ્ય આકૃતિઓ



પહેલાં જ સૂર્યબિંબનો અસ્ત થશે. એટલે આ પ્રદેશોમાં ગ્રસ્તાસ્ત ગ્રહણ થશે. પણજી, મુંબઈ, પૂણે, સોલાપૂર, સુરત, ભરૂચ, અમદાવાદ, નાગ-પૂર, રાજકોટ, ભુજ, ઇત્યાદિ પ્રદેશોમાં પ્રારંભથી અંત સુધી ગ્રહણ જોવાય. અહીં આપેલ ભારતના નકશા ઉપરથી આ બાબતની સમજ પડશે

ભારતમાં જે સ્થળે સ્પર્શથી મોક્ષ સુધી ગ્રહણ દેખાશે તેમાંથી કેટલાક સ્થળોની વિગત નીચે મુજબ છે:

સ્થળ	સ્પર્શ સ્ટાં.ટા.	પરમગ્રાસ સ્ટાં.ટા.	મોક્ષ સ્ટા.ટા.	મહત્વ	પર્વકાળ ક. મિ.
અલાહાબાદ	૧૭-૪૩	૧૭-૫૦	૧૭-૫૮	૦-૦૦૬	૦૦-૧૫
અમદાવાદ	૧૭-૧૩	૧૭-૫૦	૧૮-૨૪	૦-૧૧૫	૦૧-૧૧
ભોપાલ	૧૭-૨૦	૧૭-૫૧	૧૮-૨૦	૦-૦૮૯	૦૧-૦૦
મુંબઈ	૧૭-૦૦	૧૭-૫૧	૧૮-૩૭	૦-૨૩૨	૦૧-૩૭
જબલપુર	૧૭-૨૩	૧૭-૫૧	૧૮-૧૯	૦-૦૮૧	૦૦-૫૬
જોધપુર	૧૭-૩૪	૧૭-૪૮	૧૮-૦૩	૦-૦૧૬	૦૦-૨૯
નાગપૂર	૧૭-૧૪	૧૭-૫૨	૧૮-૨૭	૦-૧૪૨	૦૧-૧૩
પણજી	૧૬-૫૩	૧૭-૫૨	૧૮-૪૫	૦-૩૩૦	૦૧-૫૨
પૂના	૧૭-૦૦	૧૭-૫૧	૧૮-૩૮	૦-૨૪૧	૦૧-૩૮
ઉજ્જયિની	૧૭-૧૮	૧૭-૫૦	૧૮-૨૧	૦-૦૯૮	૦૧-૦૩
વારાણસી	૧૭-૧૪	૧૭-૪૬	૧૮-૧૬	૦-૦૮૦	૦૧-૦૨

ભારતમાં જે સ્થળે ગ્રહણ મોક્ષ પહેલાં જ સૂર્યાસ્ત થશે તેમાંના કેટલાંક સ્થળોની વિગત નીચે મુજબ છે:

સ્થળ	સ્પર્શ	પરમગ્રાસ	મહત્ત્વ	સૂર્યાસ્ત	પર્વકાળ
ભુવનેશ્વર	૧૭-૧૭	૧૭-૫૨	૦-૧૩૫	૧૮-૦૬	૦૦-૪૯
બેંગ્લોર	૧૬-૫૩	૧૭-૫૩	૦-૩૮૭	૧૮-૩૩	૦-૧૪૦
હૈદરાબાદ	૧૭-૦૩	૧૭-૫૩	૦-૨૫૩	૧૮-૩૩	૦૧-૩૦
કાંજીવરમ	૧૬-૫૫	૧૭-૫૪	૦-૩૮૧	૧૮-૨૫	૦૧-૩૦
કોડાઈકેનાલ	૧૬-૪૮	૧૭-૫૪	૦-૪૬૮	૧૮-૩૧	૦૧-૪૩
મદ્રાસ	૧૬-૫૬	૧૭-૫૪	૦-૩૭૧	૧૮-૨૩	૦૧-૨૭
પોંડીચેરી	૧૬-૫૩	૧૭-૫૪	૦-૪૦૬	૧૮-૨૩	૦૧-૩૦
ત્રિવેન્દ્રમ	૧૬-૪૫	૧૭-૫૩	૦-૫૨૦	૧૮-૩૨	૦૧-૪૭

કલકત્તામાં સાંજે ૧૭-૨૯ વાગે ગ્રહણનો પ્રારંભ થશે અને પરમગ્રાસ થતા પહેલાં જ સાંજે ૧૭-૫૭ વાગે સૂર્યાસ્ત થતા ત્યાં ગ્રહણનો પૂર્વકાળ લગભગ ૨૮ મિનિટ જ થાય. જ્યારે અગરતલામાં તો ગ્રહણ સાંજે ૧૭-૪૪ વાગે શરૂ થાય છે. અને કેવળ ચાર મિનિટ પછી સાંજે ૧૭-૪૮ વાગે સૂર્યાસ્ત થાય છે.



અમારા પંચાંગનો ઉપયોગ કરનારા ગ્રાહકો અને અભ્યાસીઓના ઉપયોગ માટે, સંવત ૨૦૩૪ના ફાગણ શુકલ ૧૫ શુક્રવાર તારીખ ૨૪ માર્ચ ૧૯૭૮ની રાત્રે થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ, જે ભારતમાં જોવા મળશે, તેના સમયો નીચે આપ્યા છે:

ગ્રહણ સ્પર્શ	સ્ટાં. ટા.	૨૦-૦૩	સંમીલન	સ્ટાં. ટા.	૨૧-૦[illegible]
ગ્રહણ મધ્ય	" "	૨૧-૫૨	ઉન્મીલન	" "	૨૨-૩૮
ગ્રહણમોક્ષ	" "	૨૩-૪૨			

વિગતવાર માહિતી સં. ૨૦૩૪ના પંચાંગમાં આપીશું

મુંબઈમાં આ ગ્રહણ સ્પર્શથી મોક્ષ સુધી ક્યા સ્વરૂપોમાં જોઈ શકાય તેની આકૃતિઓ અન્યત્ર આપેલ છે. મુંબઈના ગ્રહણ સ્પર્શાદિ સમયો કોઠામાં આપેલ છે.

(૩) ખગ્રાસ સૂર્યગ્રહણ - ભાદ્રપદ વદ અમાસ બુધવાર:

૨૭ યોગોને ફરી વળતાં લગભગ ૨૫ થી ૨૬ દિવસ લાગે છે. પંચાંગમાં આ દૈનિક યોગો કહેવાય છે.

(૫) કરણ ☽-☉

એક તિથિમાં બે કરણ થાય છે. આ દૃષ્ટિએ કરણ અર્ધીતિથિ કહી શકાય.

કરણનાં નામ—૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતિલ, ૫ ગર, ૬ વણિજ, ૭ વિષ્ટિ (ભદ્રા) આ સાત કરણ ચર છે. (૧) શકુનિ, ૨ ચતુષ્પાદ, ૩ નાગ, ૪ કિંસ્તુઘ્ન આ ચાર કરણ સ્થિર છે. આ અગિયાર કરણોમાં વિષ્ટિ (ભદ્રા) કરણ, અને ઉપર દર્શાવેલાં ચાર સ્થિર કરણ અશુભ (વર્જ્ય) છે. બાકીનાં છ ચર કરણો શુભ છે તથા સંક્રાંતિનાં શુભાશુભ ફલ જોવામાં પણ કરણ ઉપયોગી છે.

શુદિનાં કરણો			વદિનાં કરણો		
તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ	તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ
૧	કિંસ્તુઘ્ન	બવ	૧	બાલવ	કૌલવ
૨	બાલવ	કૌલવ	૨	તૈતિલ	ગર
૩	તૈતિલ	ગર	૩	વણિજ	વિષ્ટિ
૪	વણિજ	વિષ્ટિ	૪	બવ	બાલવ
૫	બવ	બાલવ	૫	કૌલવ	તૈતિલ
૬	કૌલવ	તૈતિલ	૬	ગર	વણિજ
૭	ગર	વણિજ	૭	વિષ્ટિ	બવ
૮	વિષ્ટિ	બવ	૮	બાલવ	કૌલવ
૯	બાલવ	કૌલવ	૯	તૈતિલ	ગર
૧૦	તૈતિલ	ગર	૧૦	વણિજ	વિષ્ટિ
૧૧	વણિજ	વિષ્ટિ	૧૧	બવ	બાલવ
૧૨	બવ	બાલવ	૧૨	કૌલવ	તૈતિલ
૧૩	કૌલવ	તૈતિલ	૧૩	ગર	વણિજ
૧૪	ગર	વણિજ	૧૪	વિષ્ટિ	શકુનિ
૧૫	વિષ્ટિ	બવ	૩૦	ચતુષ્પદ	નાગ

વિષ્ટિ એટલે ભદ્રાની સમજ

વિષ્ટિ નામનું કરણ દરેક મહિનામાં એકંદર આઠ તિથિઓ ઉપર આવે છે. અને તે તે દિવસે તે વિષ્ટિની ચોક્કસ દિશા નીચે મુજબ ઠરાવેલી છે.

શુદિ ભાગ દિશા	વદિ ભાગ દિશા
૪ નો બીજો=પશ્ચિમ	૩ નો બીજો=ઈશાન
૮ નો પ્રથમ=અગ્નિ	૭ નો પ્રથમ=દક્ષિણ
૧૧ નો બીજો=ઉત્તર	૧૦ નો બીજો=વાયવ્ય
૧૫ નો પ્રથમ=નૈઋત્ય	૧૪ નો પ્રથમ=પૂર્વ

ખુલાસો-ભદ્રાપ્રવેશ અને ભદ્રા નિવૃત્તિનો સમય પંચાગમાં દર્શાવેલ છે તે સમય સુધી વિષ્ટિઓની દર્શાવેલી તિથિઓની દિશા શુભકાર્ય માટે વર્જ્ય છે.

વિષ્ટિકરણ યાને ભદ્રા રવિવારે આવે તો પુણ્યવતી, મંગળવારે ભદ્રા, બુધવારે કલ્યાણી અને શનિવારે આવે તો વિષ્ટિ કહેવાય છે.

વિષ્ટિ કરણ સમયે ચંદ્ર મેષ, વૃષભ, મિથુન તથા વૃશ્ચિક રાશિમાં હોય ત્યારે ભદ્રા દેવલોકમાં હોય છે તે સુખ આપનાર બને છે. કર્ક, સિંહ કુંભ તથા મીનનો ચંદ્ર હોય ત્યારે ભદ્રા મૃત્યુલોકમાં હોય છે તે કાર્યોમાં નિષ્ફળતા આપે છે. કન્યા, તુલા, ધનુ, તથા મકરનો ચંદ્ર હોય ત્યારે ભદ્રા પાતાળમાં હોય છે તે ધનલાભ આપનાર બને છે.

દેવ ગણના નક્ષત્ર (અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ પુષ્ય, હસ્ત, સ્વાતિ, અનુરાધા, શ્રવણ અને રેવતી)માં સોમ, બુધ, ગુરુ તથા શુક્રવારે આવતી ભદ્રા કલ્યાણી કહેવાય છે. અને તે શુભ છે. તિથિના પૂર્વાર્ધમાં આવતું વિષ્ટિકરણ જો રાત્રિના સમયે હોય તેમજ તિથિના ઉત્તરાર્ધમાં આવતું વિષ્ટિકરણ દિવસના ભાગમાં હોય તો તે શુભ ફળદાયક છે. વિષ્ટિકરણ પૂરું થવાનો ઓછામાં ઓછો સમય આશરે ૧૦ કલાક અને વધારેમાં વધારે સમય આશરે ૧૩॥ કલાક હોય છે.

ઋતુઓ: હિંદમાં અથવા ઉત્તર અક્ષાંશના પ્રદેશમાં સાયન સૂર્ય મુજબ નીચે પ્રમાણે હોય છે.

દક્ષિણાયન	ઉત્તરાયણ
મકર—કુંભ=શિશિર	કર્ક—સિંહ=વર્ષા
મીન—મેષ=વસંત	કન્યા—તુલા=શરદ
વૃષભ—મિથુન=ગ્રીષ્મ	વૃશ્ચિક—ધનુ=હેમન્ત

વૈદિક માસ અને ભારતની છ ઋતુઓ

માસ	ઋતુ	તારીખ	માસ	ઋતુ	તારીખ
તપસ	શિશિર	ડિ. ૨૨	નભસ	વર્ષા	જૂ. ૨૧
તપસ્ય	"	જા. ૨૧	નભસ્ય	"	જુ. ૨૩
મધુ	વસંત	ફે. ૧૯	ઇષ	શરદ	ઑ. ૨૩
માધવ	"	મા. ૨૦ વ.સં	ઊર્જ	"	સ. ૨૩ શ. સં
શુક્ર	ગ્રીષ્મ	એ. ૨૦	સહસ	હિમંત	ઓ. ૨૩
શુચિ	"	મે ૨૧	સહસ્ય	"	નવે. ૨૨

ઉત્તરાયણની શરૂઆત ૨૨ મી ડિસેમ્બરથી અને દક્ષિણાયનની શરૂઆત ૨૧ જુનથી થાય છે.

ભારતમાં ચાલતા વર્ષના પ્રકારો

સૂર્ય રાશિ અને ચંદ્રમાસનો આ રીતનો અખંડ મેળ હોઈ ચાંદ્રમાસ પરથી પણ સૌરવર્ષ સહેલાઈથી સાધી શકાય છે.

વર્ષ (સંવત્સર)

ચાંદ્રવર્ષના ૬૦ સંવત્સરોના નામો નીચે મુજબ છે:

૧ પ્રભવ, ૨ વિભવ, ૩ શુક્લ, ૪ પ્રમોદ ૫ પ્રજાપતિ, ૬ અંગિરા, ૭ શ્રીમુખ, ૮ ભાવ, ૯ યુવા, ૧૦ ધાતા, ૧૧ ઈશ્વર, ૧૨ બહુધાન્ય, ૧૩ પ્રમાથી ૧૪ વિક્રમ, ૧૫ વૃષ, ૧૬ ચિત્રભાનુ, ૧૭ સુભાનુ, ૧૮ તારણ, ૧૯ પાર્થિવ, ૨૦ વ્યય, ૨૧ સર્વજિત, ૨૨ સર્વધારી, ૨૩ વિરોધી, ૨૪ વિકૃતિ, ૨૫ ખર, ૨૬ નંદન, ૨૭ વિજય, ૨૮ જય, ૨૯ મન્મથ, ૩૦ દુર્મુખ, ૩૧ હેમલંબી, ૩૨ વિલંબી, ૩૩ વિકારી, ૩૪ શાર્વરી, ૩૫ પ્લવ, ૩૬ શુભકૃત, ૩૭ શોભન, ૩૮ ક્રોધી, ૩૯ વિશ્વાવસુ, ૪૦ પરાભવ, ૪૧ પ્લવંગ, ૪૨ કીલક, ૪૩ સૌમ્ય, ૪૪ સાધારણ, ૪૫ વિરોધકૃત ૪૬ પરિધાવી, ૪૭ પ્રમાદી, ૪૮ આનંદ, ૪૯ રાક્ષસ, ૫૦ અનલ, ૫૧ પિંગલ, ૫૨ કાલયુક્ત, ૫૩ સિદ્ધાર્થી, ૫૪ રૌદ્ર, ૫૫ દુર્મતિ, ૫૬ દુંદુભિ, ૫૭ રૂધિરોદ્ગારી ૫૮, રક્તાક્ષી, ૫૯ ક્રોધન, ૬૦ ક્ષય.

શાલિવાહન શકમાં ૧૨ ઉમેરી જે આવે તેને ૬૦ થી ભાગવાથી જે શેષ વધે તે નામનો સંવત્સર ગણાય. દાખલા તરીકે શકે ૧૮૯૪+૧૨=૧૯૦૬÷૬૦= શેષ ૪૬ એ એટલે ૪૬મો પરિધાવી સંવત્સર ગણાય.

વિક્રમ સંવતમાં નવ ઉમેરી ૬૦ વડે ભાગવાથી જે શેષ વધે તે સંવત્સર ગણાય, ૨૦૨૮+૯= ૨૦૩૭÷૬૦= શેષ ૫૭ રૂધિરોદ્ગારી સંવત્સર ગણાય.

શાલિવાહન શકનું વર્ષ ચૈત્ર શુક્લ પ્રતિપદાથી શરૂ થાય છે. ભારતમાં વિક્રમ સંવત વર્ષનો આરંભ ક્યાંક કાર્તિકથી, ક્યાંક ચૈત્રથી અને ક્યાંક આષાઢથી થાય છે. આ શાલિવાહન શક, વિક્રમ સંવત અને ભારતના જુદા જુદા વિભાગમાં બીજી જે વર્ષગણના ચાલુ છે તે નીચે આપવામાં આવેલ છે:

વિક્રમ સંવત: હિંદુસ્તાનમાં ઉત્તર પ્રદેશોમાં ચૈત્ર માસથી, કચ્છ - હાલારમાં આષાઢ માસથી, ગુજરાત કાઠિયાવાડમાં કાર્તિક માસથી આરંભ માનવામાં આવે છે. કાર્તિકી વર્ષારંભે ૧૩૫ બાદ કરવાથી (સાત માસ ભુક્ત) શકે તથા ૫૭ બાદ કરવાથી (લગભગ દશ માસ ભુક્ત) ઈસવીસન આવે છે અને ૪૭૦ ઉમેરવાથી મહાવીર સંવત થાય છે.

શાલિવાહન શક: ખાસ કરીને મહારાષ્ટ્ર દક્ષિણમાં અને કાલગણનામાં લગભગ આખા હિંદભરમાં આ અમાન્ત ચૈત્રી વર્ષ મનાય છે. વર્ષારંભે ૧૩૪ ઉમેરવાથી વિક્રમ સંવત તથા ૭૮ ઉમેરવાથી (લગભગ ત્રણ માસ ભુક્ત) ઈસ્વીસન આવે છે.

મહાવીર (જૈન) સંવત - ભગવાન શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી આ સંવતની કાલગણના થએલ છે, અને કાર્તિક શુદિ ૧ થી શરૂ થાય છે. સંવત ૨૦૩૩ ના વર્ષારંભે મહાવીર સંવત ૨૫૦૩ શરૂ થાય છે.

કલિકાળ: શાલિવાહન શકમાં + ૩૧૭૯ મેળવતાં આ વર્ષગણના આવે છે. વર્ષારંભે નિરયનમેષમાં સૂર્ય અથવા ચૈત્ર શુક્લ પ્રતિપદા હોય છે. શાકે ૧૮૯૯ માં વર્ષ ૫૦૭૮ મું બેસશે (આ કલિકાલ વ્યવહારમાં નથી).

રાજપુતાના મારવાડ, વિગેરે ઉત્તર પ્રદેશોમાં પૂર્ણિમા (પૌર્ણિમાન્ત) પૂરી થયા પછી વદિ ૧ થી ચૈત્રી તેમજ કાર્તિકી વર્ષના માસના નામો બદલે છે,. એટલે કે નવો માસ વદિ ૧ થી શરૂ થાય છે. શુક્લ પક્ષમાં પૂર્ણિમાન્ત તથા અમાન્ત માસના નામો એક જ હોય છે. પરંતુ કૃષ્ણપક્ષમાં બીજા મહિનાનું નામ અપાય છે, ઉદાહરણ તરીકે અમાન્તકાર્તિક કૃષ્ણપક્ષથી પૂર્ણિમાન્ત માર્ગશીર્ષ માસ કહેવાય છે. છતાં કાલગણનામાં ચૈત્ર (અમાન્ત માસ) શુદિ ૧ થી જ વર્ષના આંકનો આરંભ આવે છે.

ઓરિસ્સા અને ઓઢિયા પ્રાંતમાં સૂર્ય કન્યાનો થાય ત્યારે ભાદ્રપદ માસ સમજી વર્ષના આરંભ માને છે. આ વર્ષનો આંક બંગાલ સન માફક શાકે કરતાં ૧૪/૫ વર્ષ પાછળ હોય છે.

બંગાલી વર્ષ: સૂર્ય મેષ રાશિમાં પ્રવેશે ત્યારે વૈશાખ ગણી વર્ષારંભ માને છે.

તામીલ અને મદ્રાસ પ્રાંતમાં બંગાલની માફક વર્ષગણના છે. પરંતુ આરંભ માસનું નામ ચૈત્ર છે.

મલબાર: કોચીન, ત્રાવણકોર, વિગેરે સ્થળે કોલ્લમ વર્ષની ગણના સિંહ (મઘા નક્ષત્રમાં) રાશિમાં સૂર્ય પ્રવેશે ત્યારથી (ઉત્તર મલબારમાં કન્યાનો સૂર્ય થાય ત્યારથી) વર્ષનો આરંભ માને છે અને સંક્રાન્તિનાં નામો અપભ્રંશ ભાષામાં હોય છે. જેમકે સિંહ રાશિના નામને ચિગમ અને કન્યારાશિને કન્ની કહે છે. આ કોલ્લમ (પરશુરામ) કાલની ગણના સૌર હોઈ શાકેથી ૭૪૬/૭ વર્ષ પાછળ રહે છે.

કાશ્મીર પ્રાંતમાં ૧૦૦ વર્ષની એક સંખ્યાને અશ્વિનીથી અનુક્રમે ૨૭ નક્ષત્રોનાં નામથી ૨૭૦૦ વર્ષનું એક કાળચક્ર ગણે છે. વર્ષની શરૂઆત ચૈત્ર શુદિ ૧ થી શાકે પ્રમાણે અમાન્ત માસ પદ્ધતિ મુજબ છે. આને સપ્તર્ષિકાલ કહે છે અને તેથી સપ્તર્ષિ મંડળના તારાઓની ગતિ પ્રમાણે ગોઠવાય છે. આ શક હાલમાં વ્યવહારમાં નથી.

ભારતીય કેલેન્ડર

ભારતનાં બધાં પંચાંગો એકસરખી પદ્ધતિના બને તે માટે સને ૧૯૫૨ ના નવેમ્બરમાં ભારત સરકારે સ્વ. ડૉ. મેઘનાદ સહાના પ્રમુખપદે પંચાંગ સુધારણા સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિએ પોતાનો રિપોર્ટ સને ૧૯૫૫ માં સરકારને સુપ્રત કર્યો અને તેમાં વ્યવહારિક ઉપયોગ માટેના રાષ્ટ્રીય પંચાંગની ભલામણ કરી. શાલિવાહન શક તથા ચૈત્રાદિ માસારંભ વ્યવહારમાં ગણવાનું તથા તા. ૨૨ માર્ચ ૧૯૫૭થી તા. ૧ ચૈત્ર ૧૮૭૯ ગણવાનું નકકી કર્યું. ભારતીય કેલેન્ડર અન્યત્ર આપેલ છે.

હિજરી સન

હિજરી સન - મુસલમાન પયગંબર મહમદ શાહે શાકે ૫૪૪ કાર્તિકી વિક્રમ સંવત ૬૭૮ ના શ્રાવણ શુદિ ૧ જૂના અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે તારીખ ૧૫-૭-૬૨૨ ગુરુવારની રાત્રે ચંદ્રદર્શન થયા પછી જુમાના દિન મક્કાથી મદીના હિજરત કરી ત્યારથી હિજરી સનની શરૂઆત થએલ છે અને તેનું વર્ષ કેવળ ચાંદ્રમાસ (કોઈ પણ માસની શરૂઆત ચંદ્રદર્શન થયા પછી તે રાતથી વાર અને તારીખો માને છે) પ્રમાણે છે, એટલે સૂર્યસંક્રાંતિ કે સાયન-અયન અને ઋતુઓ સાથે તેમનું પંચાગ બંધબેસતું નથી. સુમારે હિજરી ૩૩ વર્ષે એક વર્ષ આગળ થઇ જાય છે. આવી રીતે તેમણે નામ આપેલા માસ દરેક ઋતુમાં ફરી વળે છે. સં. ૨૦૩૩ માં પોષ માસના ચંદ્રદર્શન તા. ૨૨-૧૨-૭૬ની રાત્રે હિજરીસન ૧૩૯૭ બેસશે.

મુસ્લીમ મહિનાઓનાં નામ

૧ મોહરમ
૨ સફર
૩ રબીઉલઅવલ
૪ રબીઉલઆખર
૫ જમાદીઉલઅવલ
૬ જમાદીઉલઆખર
૭ રજબ
૮ શાબાન
૯ રમજાન
૧૦ શવ્વાલ
૧૧ જીલ્કાદ
૧૨ જીલ્હેજ

મુસ્લિમ હિજરી સનનો જે આંક હોય તેને ૩૦ થી ભાગતાં ૨-૫-૭-૧૦, ૧૩-૧૬-૧૮-, ૨૧-૨૪-૨૬-૨૯ શેષ વધે તે સનમાં ૩૫૪ ના બદલે છેલ્લા માસ જીલ્હેજમાં + ૧ દિવસ ઉમેરતાં ૩૫૫ દિવસ હોય છે. સિવાયના માસોમાં મધ્યમ માન તરીકે મોહરમથી અનુક્રમે ૩૦-૨૯ દિવસ ઠરાવેલ છે.

ફસલી સન

ફસલીસનની શરૂઆત મહાન અકબરના રાજ્યથી ચાંદ્રમાસના હિજરી સનના રબિઉલઆખર આંક ૯૬૩ (૧૪-૨-૧૫૫૬ શુક્રવાર) વખતે સાયન સૂર્ય માસ પ્રમાણે ગણના ઠરાવવામાં આવી, જે બીજા વર્ષે સાયન મેષ સંક્રમણ વખતે ૧૦ મી માર્ચ (હાલની ૨૧ મી માર્ચ) ૧૫૫૭ થી શરૂ કરવામાં આવી, પરંતુ

ક્ષિણ પ્રદેશોમાં શહાજહાન બાદશાહે હિજરી સન ૧૦૪૬ના વર્ષે ફસલી સનની શરૂઆત કરી ત્યારે ઉત્તર હિંદુસ્તાનના ફસલી સનનો આંક ૧૦૪૪ (સન ૧૬૩૬) હતો. આ પછી ઈ. સ. ૧૯૪૬માં નિઝામ સરકારે નીચે પ્રમાણેનું તા. ૬ ના બદલે ૧ લી ઓક્ટોબરથી વર્ષારંભ કેલેન્ડર ગોઠવેલ છે. હૈદ્રાબાદ સંસ્થાન ઈ. સન. ૧૯૪૮થી ભારતમાં વિલીન થયા પછી આ ફસલી સન હાલ રાજ્ય વ્યવહારમાં નથી.

ફસલી (નિઝામી) મહિના અને દિવસો

મહિના	દિવસ	મહિના	દિવસ
૧ આઝુર	... ૩૧	૭ ખોરદાદ	... ૩૦
૨ દય	... ૩૦	૮ તીર	... ૩૧
૩ બહમન	... ૩૧	૯ અમરદાદ	... ૩૦
૪ અસ્પંદાદ	... ૩૧	૧૦ શેહરેવર	... ૩૧
૫ ફરવરદીન	...૨૮/૨૯	૧૧ મેહેર	... ૩૧
૬ અર્દબેહેસ્ત	... ૩૧	૧૨ આબાન	... ૩૦

ખ્રિસ્તી વર્ષ

મહાત્મા ઈસુ ખ્રિસ્ત (જીસસ ક્રાઈસ્ટ) ના જન્મ (ઈ. સનના ૪ વર્ષ પહેલા ૨૫ ડિસેમ્બરે જન્મ થયો હતો એમ ઘણા માને છે.) દિવસથી અથવા ખગોળની દૃષ્ટિએ સામાન્યતઃ સૂર્ય પૃથ્વીની અતિ નજીક હોય તે સમયથી આ ખ્રિસ્તી વર્ષ ગણવામાં આવેલ છે.

વર્ષના દિવસ ૩૬૫ અને જે વર્ષને ચારે ભાગતાં શેષ શૂન્ય આવે તેવાં દરેક વર્ષને લીપઈયર સમજી ફેબ્રુઆરી માસના ૨૯ દિવસ માની તે વર્ષે ૩૬૬ દિવસની ગણના પ્રથમ હતી. ત્યારબાદ પોપ ગ્રેગરીએ ક્ષતિ ઉપર ખઈયામના સાયન ગણના મુજબ નીચે દર્શાવેલ પદ્ધતિએ વર્ષ રચના કરવામાં આવી છે.

સાયન સૂર્ય વર્ષની લંબાઈ દિવસ ૩૬૫ ક. ૦૫, વિ. ૪૮. સે. ૪૫.૯૭૫૪૫૪૬ હોવાથી તારીખ ૨ જી સપ્ટેમ્બર સન ૧૭૫૨ ના રાજ્યહુકમથી સળંગ અગિયાર તારીખો (લય કરી) ઉડાડી તા. ૩ જી સપ્ટેમ્બરના બદલે તેને ૧૪ મી સપ્ટેમ્બર ૧૭૫૨ ઠરાવવામાં આવી ત્યારથી નીચે પ્રમાણે કાલગણના (ગ્રેગોરિયન) આંતરરાષ્ટ્રીય બની છે.

ઈ. સન શતકની અંદરના વર્ષના આંકડા હોય તો તેવાને ચારથી ભાગતાં શેષ શૂન્ય આવે ત્યારે લીપઈયર ગણવો. પરંતુ પુરા શતકના આંકડાને ભાગતાં શૂન્ય આવે (ઉપલી તારીખ પહેલાં ૧ દિવસ વધારતા હતા) તો પણ લીપઈયર ગણવો નહિ અને તેના બદલે શતકના આંકડાને ૪૦૦ થી ભાગતાં શૂન્ય રહે તે વર્ષને લીપઈયર માની ફેબ્રુઆરીના ૨૯ દિવસ ગણવા. આથી ૨૦૦૦વર્ષની કાલગણનામાં સાયન સૂર્ય વર્ષની લંબાઈ પ્રમાણે સામાન્ય સેકન્ડો સાથે આ પદ્ધતિ લગભગ મળી રહે છે.

ખ્રિસ્તી મહિનાનાં નામો અને દિવસ

જાન્યુઆરી	...૩૧	મે ...	...૩૧	સપ્ટેમ્બર	...૩૦
ફેબ્રુઆરી	૨૮-૨૯	જૂન	...૩૦	ઓક્ટોબર	...૩૧
માર્ચ... ...	...૩૧	જુલાઈ	...૩૧	નવેમ્બર	...૩૦
એપ્રિલ ...	...૩૦	ઑગસ્ટ	...૩૧	ડિસેમ્બર	...૩૧

જરથોસ્તી (પારસી) પંચાંગ

પારસી અથવા જરથોસ્તી સમાજના વર્ષના પ્રકાર:

૧ કદીમી (દરિયાઈ રોજ), ૨ શહેનશાહી, ૩ ફસલી.

દરિયાઈ રોજ: દેશી વહાણવટીઓ દરિયાઈ સફર દિનાંક કદીમી મુજબ માને છે. પંચાંગમાં આપવામાં આવતા પારસી (શહેનશાહી) વર્ષારંભથી શરૂ કરી એકંદરે દિનક્રમ (દિનાંક) માં ૩૦ ઉમેરવાથી દરિયાઈ રોજ આવશે. આ દરિયાઈ રોજનું વર્ષમાન દિન ૩૬૫ છે.

૨ શહેનશાહી (યઝદેઝરદી) વર્ષ પંચાંગમાં આપવામાં આવે છે. તા. ૨૭ મી ઓગસ્ટ ૧૯૭૭ ના (પતેતી) ૧૩૪૭ મું વર્ષ બેસે છે.

૩. ફસલી સન તા. ૨૧ મી માર્ચે જ્યારે સાયન મેષ સંક્રમણ એટલે વિષુવદિન થાય છે ત્યારે બેસે છે. અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે તેમનું વર્ષ મનાય છે. આથી દર ચોથા વર્ષે ૧ દિવસ ઉમેરો કરી તે વર્ષે અમરદાદ ગાહ સાલ રોજનું નામ આપી છ ગાથાઓ ઠરાવે છે. તેમનું નવું વર્ષ ૧૩૪૭ (જમશેદી નવરોઝ) સન ૧૯૭૭ માર્ચની ૨૧ મી તારીખે શરૂ થાય છે. મહીનાઓ તથા દિવસોનાં નામ ત્રણે પદ્ધતિના એક જ પ્રકારના છે. ફકત વર્ષારંભની જુદી જુદી રીત છે.

કદીમી પંચાંગ ઈરાની જરથોસ્તી (સાસાનિ) રાજ્યની (યઝદેઝરદ ત્રીજો ૧૦.૬ ઈ. સ. ૬૩૩) ના સમયથી ચાલતો આવેલ છે. જ્યારે શહેનશાહી સન તેઓ આઠમી સદીમાં હિંદ (સંજાણમાં વસ્યા) આવ્યા ત્યારથી તે સનને શહેનશાહી નામ આપેલા છે. છતાં કદીમી પંચાંગ શહેનશાહીથી ૩૦ દિવસ આગળ હોઈ વર્ષારંભ વહેલો થાય છે.

કેટલાક જરથોસ્તીઓ સ્વ. પદમ ખોદરેજની કાલગણના મુજબ નિરયન સૂર્ય મેષસંક્રમણ તા. ૧૪ મી એપ્રિલથી (ફસલી) વર્ષારંભ માને છે.

પારસીઓના બાર મહિનાના નામો-દિવસ ૩૬૦

૧ ફરવરદીન	૫ અમરદાદ	૯ આદર
૨ અરદીબેહેસ્ત	૬ શહેરેવર	૧૦ દએ
૩ ખોરદાદ	૭ મહેર	૧૧ બહમન
૪ તીર	૮ આવાં	૧૨ સ્પેંદારમદ

પારસીઓના ૩૦ રોજના નામો

૧ આહુરમજદ	૧૧ ખોરશેદ	૨૧ રામ
૨ બહમન	૧૨ મોહોર	૨૨ ગુઆદ
૩ અરદીબેહેસ્ત	૧૩ તીર	૨૩ દેપદીન
૪ શેહરેવર	૧૪ ગોશ	૨૪ દીન
૫ સ્પેંદારમદ	૧૫ દેપમેહેર	૨૫ અશીશવંઘ
૬ ખોરદાદ	૧૬ મેહેર	૨૬ આસ્તાદ
૭ અમરદાદ	૧૭ સરોશ	૨૭ આસ્માન
૮ દેપાદર	૧૮ રશને	૨૮ જમીઆદ
૯ આદર	૧૯ ફરવરદીન	૨૯ મારેસ્પંદ
૧૦ આવાં	૨૦ બેહરામ	૩૦ અનેરાન

પારસી પંચાંગમાં દરેક માસના દિવસ ૩૦ ઠરાવેલા છે, જ્યારે વર્ષ ૩૬૫ દિવસનું હોય છે. જેથી વર્ષના અંતે છેલ્લા પાંચ દિવસને ગાથાની ઉપમા આપી ઉમેરો કરવામાં આવે છે તેની વિગત:

પારસીઓના પાંચ ગાથાઓનાં નામ

૧ અહુનુઆદ ૩ સ્પેંતોમદ ૫ વહીસ્તોઈસ્ત
૨ આસ્તુઅદ ૪ વોહુખશથ

નક્ષત્રો-રાશિઓ-ગ્રહો

ચર-ચલ-પુનર્વસુ, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા; અને સોમવાર; વાહન; વાડી વગેરે કાર્યની સિદ્ધિ કરનાર છે.

લઘુ-ક્ષિપ્ર- અશ્વિની, પુષ્ય, હસ્ત, અભિજિત અને ગુરુવાર; વ્યાપાર; વિલાસ; જ્ઞાન તથા ઔષધીના કાર્યમાં સિદ્ધિ આપનાર છે.

મૃદુ-મૈત્ર--મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, રેવતી, અને શુક્રવાર; મૈત્રી તથા માંગલિક કાર્યોની સિદ્ધિ આપનાર છે.

ધ્રુવ-સ્થિર-રોહિણી, ઉ.ફા., ઉ. ષા, ઉ. ભા., અને રવિવાર; વાવેતર વાસ્તુ વગેરે કાર્યની સિદ્ધિ કરનાર છે.

દારુણ-તીક્ષ્ણ-આર્દ્રા, આશ્લેષા, જ્યેષ્ઠા, મૂળ, અને શનિવાર; ક્લેશ, બંધન, પશુઓને કેળવવાં વગેરે કાર્યની સિદ્ધિ કરનાર છે.

ક્રૂર-ઉગ્ર-ભરણી, મઘા, પૂ.ફા., પૂ.ષા., પૂ.ભા., અને મંગળવાર; ઘાત, મારણ વગેરે કાર્યોની સિદ્ધિ કરનાર છે.

મિશ્ર-સાધારણ-કૃતિકા, વિશાખા, અને બુધવાર; [illegible], અગ્નિહોમ વગેરે કાર્યોની સિદ્ધિ કરનાર છે.

નક્ષત્રોનાં મુખ

અધોમુખ નક્ષત્રો - ભરણી, કૃતિકા, આશ્લેષા મઘા, પૂ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા., પૂ.ભા., આ નક્ષત્રો ખાતાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

તિર્યઙ્મુખ નક્ષત્રો - અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જ્યેષ્ઠા, રેવતી, આ નક્ષત્રો યાત્રાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

ઊર્ધ્વમુખ નક્ષત્રો - રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ.ફા. ઉ. ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્ર., આ નક્ષત્રો ધ્વજ અભિષેકાદિ કાર્યોમાં શુભ છે.

આંધળાં નક્ષત્રો	કાણાં નક્ષત્રો	ચીબડાં નક્ષત્રો	દેખતાં નક્ષત્રો
રોહિણી	મૃગશીર્ષ	આર્દ્રા	પુનર્વસુ
પુષ્ય	આશ્લેષા	મઘા	પૂર્વાફાલ્ગુની
ઉ. ફાલ્ગુની	હસ્ત	ચિત્રા	સ્વાતિ
વિશાખા	અનુરાધા	જ્યેષ્ઠા	મૂળ
પૂર્વાષાઢા	ઉત્તરાષાઢા	અભિજિત	શ્રવણ
ધનિષ્ઠા	શતતારકા	પૂર્વાભાદ્રપદ	ઉ. ભા.
રેવતી	અશ્વિની	ભરણી	કૃત્તિકા

રાશિઓની સમજ

સૂર્યના માર્ગના (ક્રાંતિવૃત્તના) આરંભસ્થાનથી સરખા બાર ભાગ પાડી તે દરેક ભાગને રાશિનું નામ આપવામાં આવ્યું છે. દરેક રાશિ ૩૦ અંશની છે. ૧૨ રાશિ×૩૦=૩૬૦ અંશમાં આકાશ વહેંચાયેલું છે.

(૧) મેષ, (૨) વૃષભ, (૩) મિથુન, (૪) કર્ક, (૫) સિંહ, (૬) કન્યા, (૭) તુલા, (૮) વૃશ્ચિક, (૯) ધનુ, (૧૦) મકર, (૧૧) કુંભ, (૧૨) મીન.

પંચાંગમાં રાશિઓનો ઉલ્લેખ ઉપરનાં બાબતોમાંથી કરવામાં આવેલ છે.

મેષ, વૃષભ, કર્ક, ધનુ, મકર, પૃષ્ઠોદય રાશિઓ રાત્રિબલી છે. સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, કુંભ શીર્ષોદય રાશિઓ દિવાબલી છે. મીન ઉભયોદય દિવારાત્રિબલી, મિથુન રાશિ શીર્ષોદય રાત્રિબલી છે. એકી રાશિઓ પુરુષ સંજ્ઞક ક્રૂર અને બેકી રાશિઓ સ્ત્રી સંજ્ઞક સૌમ્ય છે.

બારે ચંદ્રરાશિનાં નામ તથા અક્ષરો

૧ મેષ (અ. લ. ઈ.),
૨ વૃષભ (બ. વ. ઉ.),
૩ મિથુન (ક. છ. ઘ.),
૪ કર્ક (ડ. હ.),
૫ સિંહ (મ. ટ.),
૬ કન્યા (પ. ઠ. ણ.),
૭ તુલા (ર. ત.),
૮ વૃશ્ચિક (ન. ય.),
૯ ધનુ (ભ. ધ. ફ. ઢ.),
૧૦ મકર (ખ. જ.),
૧૧ કુંભ (ગ. શ.),
૧૨ મીન (દ. ચ. ઝ. થ.)

રાશિઓની દિશા અને સ્થાનબળ

મેષ, સિંહ, અને ધનુ પૂર્વ દિશાની; વૃષભ કન્યા અને મકર દક્ષિણ દિશાની; મિથુન, તુલા અને કુંભ પશ્ચિમ દિશાની તેમજ કર્ક, વૃશ્ચિક અને મીન ઉત્તર દિશાની સ્વામી છે. મનુષ્ય રાશિ, મિથુન, કન્યા તુલા, કુંભ અને ધનુનો પૂર્વાર્ધ લગ્નમાં બળવાન હોય છે. ચતુષ્પાદ રાશિ, મેષ, સિંહ, વૃષભ, ધનુનો ઉત્તરાર્ધ તથા મકરનો પૂર્વાર્ધ દશમ સ્થાનમાં બળવાન હોય છે. જળચર રાશિ કર્ક, મીન અને મકરનો ઉત્તરાર્ધ ચતુર્થસ્થાનમાં તથા કીટ રાશિ કર્ક, વૃશ્ચિક, મીન સાતમા સ્થાનમાં બળવાન હોય છે.

લગ્નની રાશિના ચરાદિ સ્વભાવ

ચરલગ્ન: મેષ, કર્ક, તુલા અને મકર એ ચાર લગ્નો ચર એટલે ઉત્તમ છે. તે રાશિનાં લગ્ને કંઈ પણ તાત્કાલિક કામ ધાર્યું કે કર્યું હોય તો તે સિદ્ધ થાય. વૃષભ, સિંહ, વૃશ્ચિક તથા કુંભ એ ચાર લગ્નો સ્થિર એટલે ટકાઉ અને તેમાં ધારેલું કામ ઘણું કરી નિષ્ફળ થાય કે વાયદા ઉપર લંબાય. મિથુન, કન્યા, ધનુ તથા મીન એ ચાર લગ્નો દ્વિસ્વભાવનાં છે એટલે પહેલા ભાગમાં સ્થિર જેવાં અને બીજા કે પાછલા ભાગમાં ચર જેવાં છે. તે કારણથી તે લગ્નોમાં ધારેલા મનોરથ સફળ કે અફળ થાય છે. તેમાં છતાં સ્થિર સ્વભાવવાળાં લગ્નો કરતાં આ ચાર વધારે સારાં છે. એ સ્પષ્ટ છે. આ અતિ સાધારણ નિયમ છે.

રાશિઓના રંગ ગ્રહના નંગ તથા તે તે રાશિઓના ચર, સ્થિર, દ્વિસ્વભાવ ચક્ર

નામ	રાશિઓનાં રંગ	ગ્રહનાં નંગ	ચર સ્થિર દ્વિસ્વભાવ
૧ મેષ ♈	લાલ	પરવાળું	ચર
૨ વૃષભ ♉	ફિક્કો બ્લુ	હીરો	સ્થિર
૩ મિથુન ♊	પીળો	પાનું	દ્વિસ્વભાવ
૪ કર્ક ♋	લીલો	મોતી	ચર
૫ સિંહ ♌	નારંગી	માણેક	સ્થિર
૬ કન્યા ♍	ફિક્કો કાળો	પાનું	દ્વિસ્વભાવ
૭ તુલા ♎	કીરમજી	હીરો	ચર
૮ વૃશ્ચિક ♏	તેજદાર લાલ	પરવાળું	સ્થિર
૯ ધનુ ♐	પીળો	પોખરાજ	દ્વિસ્વભાવ
૧૦ મકર ♑	કાળાશ પડતો	લીલમ	ચર
૧૧ કુંભ ♒	આસ્માની	લીલમ	સ્થિર
૧૨ મીન ♓	તેજદાર સફેદ	પોખરાજ	દ્વિસ્વભાવ

રાશિનાં તત્વો: અગ્નિ—મેષાદિ ૧-૫-૯ પૃથ્વી-મકરાદિ ૧૦-૨-૬. વાયુ-તુલાદિ ૭-૧૧-૩. જળ કર્કાદિ ૪-૮-૧૨ અને આકાશ તત્વ સર્વવ્યાપી છે.

રાશિઓ અને તેના સ્વામીઓ

રાશિ—સ્વામી
સિંહ=સૂર્ય
મકર—કુંભ=શનિ
ધનુ—મીન=ગુરુ
વૃશ્ચિક—મેષ=મંગળ

રાશી—સ્વામી
કર્ક=ચંદ્ર
તુલા—વૃષભ=શુક્ર
કન્યા—મિથુન=બુધ
કન્યા=રાહુ

ગ્રહોની નિશાની

સૂર્ય—☉, ગુરુ—♃, કેતુ—☋,
ચંદ્ર—☽, શુક્ર—♀, હર્ષ.—♅,
મંગળ—♂, શનિ—♄, નેપ.—♆,
બુધ—☿, રાહુ—☊, પ્લુટો—♇,

સૌમ્યગ્રહ—ચંદ્ર, બુધ, ગુરુ, શુક્ર.

પાપગ્રહ—રવિ, ક્રૂરગ્રહ—મંગળ, શનિ, રાહુ, કેતુ.

ગ્રહોની દૃષ્ટિ

સર્વ ગ્રહો પોતાથી સાતમા સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ કરે છે તે ઉપરાંત, મંગળ, ગુરુ અને શનિને વિશેષ દૃષ્ટિ છે. મંગળ ચોથા અને આઠમા સ્થાને, ગુરુ પાંચમા અને નવમા સ્થાને તેમજ શનિ ત્રીજા અને દશમા સ્થાને પૂર્ણ દૃષ્ટિ કરે છે. અન્ય ગ્રહો પોતાથી ચોથા - આઠમા સ્થાને ત્રિપાદ, પાંચમાં - નવમા સ્થાને દ્વિપાદ અને ત્રીજા - દશમા સ્થાને એકપાદ દૃષ્ટિ કરે છે.

ગ્રહોની ઉચ્ચ, નીચ તથા સ્વગૃહી રાશિનો કોઠો.

ગ્રહ	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
ઉચ્ચ રાશિ	મે.	વૃષ	મક.	ક.	કર્ક	મી.	તુ.	મિ.
ઉચ્ચ અંશ	૧૦	૩	૨૮	૧૫	૫	૨૭	૨૦	૧૫
ભાગ્યવર્ષ	૨૨	૨૪	૨૮	૩૨	૧૬	૨૫	૩૬	૪૨
નીચ રાશિ	તુ.	વૃ.	કર્ક	મી.	મ.	ક.	મે.	ધ.
નીચ અંશ	૧૦	૩	૨૮	૧૫	૫	૨૭	૨૦	૧૫
મૂલત્રીકોણ રાશિ	સિં.	વૃષ	મે.	ક.	ધ.	તુ.	કું.	કું.
સ્વગૃહી રાશિ	સિં.	કર્ક	મે. વૃશ્ચિ.	મિ. ક.	ધ. મી.	વૃષ તુ.	મ. કું.	ક.

નૈસર્ગિક ગ્રહમૈત્રી ચક્ર

ગ્રહ	રવિ	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ
મિત્ર	ચંદ્ર મંગળ ગુરુ	રવિ બુધ	રવિ ચંદ્ર ગુરુ	રવિ શુક્ર રાહુ	રવિ ચંદ્ર મંગળ	બુધ શનિ રાહુ	બુધ શુક્ર રાહુ	બુધ શુક્ર શનિ
સમ	બુધ	મંગળ ગુરુ શુક્ર શનિ	શુક્ર શનિ	મંગળ ગુરુ શનિ	શનિ રાહુ	મંગળ ગુરુ	ગુરુ	ગુરુ
શત્રુ	શુક્ર શનિ રાહુ	રાહુ	બુધ રાહુ	ચંદ્ર	બુધ શુક્ર	રવિ ચંદ્ર	રવિ ચંદ્ર મંગળ	રવિ ચંદ્ર મંગ

તાત્કાલિક મૈત્રી:—જન્મ અથવા પ્રશ્નાદિકની કુંડલીમાં કોઈ પણ સ્થાને કોઈ પણ ગ્રહ હોય તેનાથી બીજે, ત્રીજે, ચોથે, દશમે, અગિયારમે કે બારમે સ્થાને રહેલા ગ્રહો તેના મિત્રો થાય છે અને ઈતર સ્થાનમાં એટલે ૧-૫-૬-૭-૮-૯ સ્થાનમાં રહેલા ગ્રહો તેના શત્રુ થાય છે.

પંચધા મૈત્રીની સમજ:—અધિમિત્ર, મિત્ર, સમ, શત્રુ, અધિશત્રુ, નૈસર્ગિક મૈત્રી અને તાત્કાલિક મૈત્રી, બંનેમાં મિત્ર હોય તે અધિમિત્ર કહેવાય. એકમાં મિત્ર અને બીજામાં સમ હોય તે મિત્ર કહેવાય. એકમાં શત્રુ અને બીજામાં મિત્ર તે સમ કહેવાય. એકમાં સમ હોય અને બીજામાં શત્રુ હોય તે શત્રુ કહેવાય. એકમાં શત્રુ હોય અને બીજામાં પણ શત્રુ હોય તે અધિશત્રુ કહેવાય.

ગ્રહોની અવસ્થાનો કોઠો

બેકી રાશી અંશ સુધી	અવસ્થા	એકી રાશિ અંશ સુધી
૨૫ થી ૩૦	... બાલાવસ્થા	... ૦ થી ૬
૧૯ થી ૨૪	... કુમારાવસ્થા	... ૭ થી ૧૨
૧૩ થી ૧૮	... યુવાવસ્થા	... ૧૩ થી ૧૮
૭ થી ૧૨	... વૃદ્ધાવસ્થા	... ૧૯ થી ૨૪
૦ થી ૦૬	... મૃતાવસ્થા	... ૨૫ થી ૩૦

બધાં કાર્યો માટે સાધારણ દિનશુદ્ધિ

શુભ તિથિ--૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧. વદિ પક્ષની ૧ તથા શુક્લ પક્ષની ૧૩ શુભ છે. શુભ તિથિમાં પણ ક્ષય—વૃદ્ધિ તિથિ વદિ પક્ષની ૧૩,૧૪,૩૦. શુદિ પક્ષની ૧ તથા ૪-૯-૧૪ રિક્તા તિથિ દરેક શુભ કાર્યમાં ત્યાજ્ય છે.

શુભ વાર:—સોમ, બુધ, ગુરુ, અને શુક્ર.

શુભ નક્ષત્રો:—અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્રપદા, અને રેવતી.

શુભ કરણો: બવ, બાલવ, કૌલવ, તૈતિલ, ગર અને વણિજ.

મુહૂર્તોમાં ત્યાજ્ય સમય

પંચાંગના દૈનિક યોગોમાંનો ૧૭ મો વ્યતિપાત અને ૨૭ મો વૈધૃતિ યોગ, સૂર્ય-ચંદ્રના ક્રાંતિસામ્ય, વૈધૃતિ-વ્યતિપાત=મહાપાત, ગ્રહણ, ક્ષયવૃદ્ધિ તિથિ, (વિષ્ટિ) ભદ્રા, સબંધ અશુભ છે. ૧૯ મા પરિઘ યોગનો પ્રથમ અર્ધ ભાગ.

૧ લા વિષ્કુંભ તથા ૧૫ માં વજ્ર યોગના સર્વસ્વમાંથી પહેલો ૨૦ મો ભાગ.

૯ મા શૂળ યોગનો પ્રથમ બારમો ભાગ.

૬ ઠ્ઠા અતિગંડ અને ૧૦મા ગંડ યોગના સર્વસ્વમાંથી પ્રથમ દશમો ભાગ.

અશુભ વાર: રવિ, મંગળ, શનિ, (જેમાં રવિવાર આજના જમાનામાં સર્વત્ર વપરાશથી શુભ બન્યો છે)

કમુરતાં ધનાર્ક એટલે માગશીર્ષ-પોષ માસમાં ધુ સંક્રાંતિ દરમ્યાન તેમજ મીનાર્ક એટલે ફાલ્ગુન-ચૈત્રમાં મીન સંક્રાંતિ દરમ્યાન ગુજરાત સૌરાષ્ટ્ર ના પ્રદેશમાં લગ્ન ઇત્યાદિ માંગલિક કાર્યો વર્જ્ય છે.

ક્ષીણ ચંદ્ર - વદિ પાંચમ પછીના કૃષ્ણપક્ષનો ચંદ્ર (તારા બલ જોયા વગર) લેવો નહિ.

તારા નક્ષત્ર બલ

કૃષ્ણપક્ષમાં ચંદ્ર ક્ષીણ થતો હોવાથી તારાનું બલ લેવું. જન્મચંદ્રનક્ષત્રથી ઈષ્ટ દિવસે ૩-૫-૧૨-૧૪-૧૬-૨૧-૨૩-૨૫ મી તારા (ગોચર ચંદ્ર નક્ષત્ર) અશુભ જાણવી તથા જન્મનક્ષત્ર વર્જવું.

ગુરુ-શુક્રના અસ્તમાં અથવા સિંહસ્થ ગુરુ વખતે [illegible] ઉપનયન, લગ્ન, વાસ્તુપ્રવેશ, જળાશય, કૂપારંભ પ્રતિષ્ઠા, રાજ્યાભિષેક, નૂતન વસ્ત્ર-ભૂષણ તથા યજ્ઞાદિ કાર્યોનો સામાન્યપણે નિષેધ છે.

ગ્રહણ તથા પછીનો શુભાશુભ સમય

સૂર્ય કે ચંદ્રના ગ્રહણ વખતે જો ગ્રહણનો પા ભાગ ઘેરાયો હોય તો ગ્રહણ પહેલા એક દિવસ અને ગ્રહણ પછીના એક દિવસમાં લગ્ન વિગેરે શુભ કામ કરવા નહીં. તેવી જ રીતે જો ગ્રહણનો અર્ધો ભાગ ઘેરાય તો પહેલાંના બે દિવસ, અને પછીના બે દિવસ અને પોણો ભાગ ઘેરાય તો પહેલા ત્રણ દિવસ અને પછીના ત્રણ દિવસ, તથા જે સ્થળે ખગ્રાસ અથવા પૂરો ઘેરાય તો પહેલાં ચાર દિવસ અને પછીના ચાર દિવસમાં સામાન્યપણે લગ્ન વગેરે શુભ કામ કરવાં નહીં

ગ્રહણ—નક્ષત્રદોષ

સ્થળપરત્વે સૂર્ય - ચંદ્ર ગ્રહણ, ભુક્તદિન નક્ષત્ર છ માસની અવધિ સુધી ત્યાગવું. ગ્રસ્તોદિત (ઉદિત બિંબ) ગ્રહણો હોતાં ગ્રહણ પછીના છ મહિના સુધી ગ્રસ્તાસ્ત (બિંબ અસ્ત હોતાં) ગ્રહણ પ્રવેશ પૂર્વે છ મહિના, તેમાં પણ પૂર્ણ ગ્રાસ હોતાં છ માસ, અર્ધા ગ્રાસે ત્રણ મહિના અને એક પાદગ્રહણ હોતાં એક માસ સુધી ગ્રહણ નક્ષત્ર ત્યાજવું. [illegible] મતે એક પાદ ગ્રાસ હોતાં દોઢ મહિનો, ત્રણ પાદ ગ્રાસ હોતાં સાડા ચાર મહિના લગી ગ્રહણ નક્ષત્ર ત્યાગવું.

પાપગ્રહયુક્ત નક્ષત્રદોષ

ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રમાં કોઈ પણ પાપ ગ્રહ હોય તો તે પાપગ્રહયુક્ત નક્ષત્ર કહેવાય છે. તે શુભ કાર્યમાં વર્જ્ય છે

દિવસનાં ચોઘડિયાંનો કોઠો

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

રાત્રિનાં ચોઘડિયાંનો કોઠો

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

શુભ ચોઘડિયાં:—અમૃત, ચલ, લાભ અને શુભ છે.

ચોઘડિયાં યાત્રામાં જ ઉપયોગી ગણાય છે તેમ મનાય છે. તેમ છતાં આપણાં દરેક સારાં નરસાં કાર્યો બાબતમાં લોકોના માનસ ઉપર ચોઘડિયાંઓએ કબજો લઈ લીધો છે. ગણિતની સહેલાઈ અને સરળતાને લીધે જ આમ બનેલું છે.

ઘાત કોષ્ટક

રાસિ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધનુ	મકર	કુંભ	મીન
ઘાત માસ	કાર્તિક	માગ.	આષાઢ	પોષ	જ્યેષ્ઠ	ભાદ્રપદ	માઘ	આશ્વ.	શ્રાવણ	વૈશાખ	ચૈત્ર	ફાલ્ગુન
ઘાત તિથિ	૧ ૬ ૧૧	૫ ૧૦ ૧૫	૨ ૭ ૧૨	૨ ૭ ૧૨	૩ ૮ ૧૩	૫ ૧૦ ૧૫	૪ ૯ ૧૪	૧ ૬ ૧૧	૩ ૮ ૧૩	૪ ૯ ૧૪	૩ ૮ ૧૩	૫ ૧૦ ૧૫
ઘાત વાર	રવિ	શનિ	સોમ	બુધ	શનિ	શનિ	ગુરુ	શુક્ર	શુક્ર	મંગળ	ગુરુ	શુક્ર
ઘાત નક્ષત્ર	મઘા	હસ્ત	સ્વાતિ	અનુ.	મૂળ	શ્રવણ	શત.	રેવતી	ભરણી	રોહિણી	આર્દ્રા	આશ્લેષા
ઘાત યોગ	વિષ્કુંભ	સુકર્મા	પરિઘ	વ્યાઘાત	ધૃતિ	શુળ	શુક્લ	વ્યતિ.	વજ્ર	વૈધૃતિ	ગંડ	વજ્ર
ઘાત કરણ	બવ	શકુનિ	ચતુ.	નાગ	બવ	કૌલવ	તૈતિલ	ગર	તૈતિલ	શકુનિ	કિંસ્તુ.	ચતુષ્પાદ
ઘાત પ્રહર	૧ લો	ચોથો	ત્રીજો	૧ લો	૧ લો	૧ લો	ચોથો	૧ લો	૧ લો	ચોથો	ત્રીજો	ચોથો
ઘાત ચંદ્ર	૧ લો	પાંચમો	૯ મો	બીજો	છઠ્ઠો	દશમો	ત્રીજો	સાતમો	ચોથો	આઠમો	૧૧ મો	બારમો
ઘા. સ્ત્રી ચંદ્ર	૧ લો	આઠમો	સાતમો	નવમો	ચોથો	ત્રીજો	છઠ્ઠો	બીજો	દશમો	૧૧ મો	પાંચમો	બારમો

સમજ :- મેષ રાશિવાળાને કાર્તિક માસ, ૧, ૬, ૧૧ તિથિ, રવિવાર, પહેલો ચંદ્ર (એટલે જન્મનો ચંદ્ર) તેવી જ રીતે મેષ રાશિની સ્ત્રીને પણ ગોચરમાં પહેલો ચંદ્ર, તેવી જ રીતે દરેકે પોતપોતાની રાશિ મુજબ ઈષ્ટ દિવસે આવતા માસ, તિથિ, વગેરે કોષ્ટકમાં દર્શાવેલ વાર, નક્ષત્ર, યોગ, કરણ પ્રહર ઘાતક છે. એમ સમજવું. ખાસ કરીને ઘાતક ચંદ્ર કોષ્ટકમાં વધુ જોવાય છે. સ્ત્રી અને પુરુષના ઘાતક ચંદ્ર નિરાળા છે. ઘાતચંદ્રને કાળ ચંદ્ર પણ કહે છે. ઘાતચંદ્ર વગેરેમાં પ્રયાણ, કુમારી પૂજન, યુદ્ધ, ખેતી રાજસેવા, વ્યાપાર-દાવા, નવીન વસ્ત્ર, દરદાગીના કરવા નહિ. તેમજ વાદવિવાદ, વિદ્યા અને ઘરનો આરંભ કરવો નહિ પણ તીર્થયાત્રા, યજ્ઞ, વિવાહ, રાજ્યાભિષેક, અન્નપ્રાશન, ઉપનયન, મંગળકાર્યોમાં ઘાતચંદ્રનો વિચાર ન કરવો. ઉપરાંત કોઈ પણ દરેક ગ્રહણ વખતે પોતાની રાશિથી ગોચરમાં પહેલો, ચોથો, આઠમો, અથવા બારમો ચંદ્રમા હોય અથવા ઉપર દર્શાવેલ મુજબ તે દિવસે ઘાતક (કાળ) ચંદ્ર આવતો હોય તો તેનું છ માસ સુધી અશુભ ફળ સમજવું.

વસુનવક મહાપંચકની સમજ

વૈશાખ વદિમાં જે દિવસે ચંદ્ર નક્ષત્ર-ધનિષ્ઠા આવે તે દિવસથી નવમે દિવસે રોહિણી આવે છે. આ નવ દિવસને ધનિષ્ઠાનવક - મહાપંચક કહે છે. ઉદાહરણ તરીકે, તા. ૧૮ મી મે થી ૨૯ મી મે સુધી વસુનવક ધનિષ્ઠાનવક મહાપંચક છે. તેમાં શુભ કામ કરવું નહિ. આ બાબત મુહૂર્તતત્ત્વ ગ્રંથમાં છે અને તે દક્ષિણ દેશમાં જોવાય છે.

મહાપાત દોષ

મહાવ્યતિપાત અને મહાવૈધૃતિપાત નામના સૂર્ય-ચંદ્રના ક્રાંતિસામ્ય નામના દોષો દરેક શુભ કાર્યો માટે સર્વથા ત્યાગવા.

ગંડાંત દોષ

નંદા (૧,૬,૧૧) તિથિના આરંભની એક ઘડી અને પૂર્ણા (૫,૧૦,૧૫) તિથિઓના અંતની એક ઘડી તિથિ ગંડાંત; અશ્વિની, મઘા, મૂલ, નક્ષત્રના આરંભની બે ઘડી તેમજ આશ્લેષા જ્યેષ્ઠા અને રેવતિના અંતની બે ઘડીઓ નક્ષત્ર ગંડાંત; મેષ સિંહ અને ધનુ લગ્નના આરમ્ભની અર્ધી ઘડી તથા કર્ક, વૃશ્ચિક અને મીન લગ્નના અંતની અર્ધી ઘડી લગ્ન ગંડાંતની હોઈ દોષકારક ગણાય છે. અપવાદ - લગ્નથી લાભ ૧૧ મા સ્થાનમાં ચંદ્ર હોય અથવા શુભ ગ્રહો કેન્દ્રમાં હોય તો તે દોષ નથી.

કરિ દિવસ - ગ્રહણ, હોળી, પ્રેતદાહવિધિ દિવસ, ભાવુકા (વૈશાખ) વદિ ૩૦ અને અયન સંક્રાંતિ દિન પછીને દિવસ કરિ દિવસ ગણાય છે. આવી કરિદિન અને તેની પૂર્વ દિવસ આવા બંને દિવસો શુભ કાર્યમાં ત્યાગવા.

અશુભ યોગો

મૃત્યુયોગ : રવિવારે અનુરાધા, સોમવારે ઉ. ષાઢા, મંગળવારે શતતારકા, બુધવારે અશ્વિની, ગુરુવારે મૃગશીર્ષ, શુક્રવારે આશ્લેષા તથા શનિવારે હસ્ત નક્ષત્ર હોતાં થાય છે. તે અશુભ છે.

વજ્રઘંટયોગ: રવિવારે મઘા, સોમવારે વિશાખા, મંગળવારે આર્દ્રા, બુધવારે મૂળ, ગુરુવારે કૃત્તિકા, શુક્રવારે રોહિણી અને શનિવારે હસ્ત નક્ષત્ર હોતાં થાય છે. આ યોગ વિંધ્ય પર્વતથી ઉત્તરમાં હિમાલય પ્રદેશ સુધી વર્જ્ય છે.

જ્વાલામુખી યોગ : ત્રીજે અનુરાધા, ચતુર્થીએ ત્રણ ઉત્તરા, પાંચમે મઘા, આઠમે રોહિણી તથા નોમના દિને કૃત્તિકા નક્ષત્ર હોતાં જ્વાલામુખી યોગ થાય છે.

જ્વાલામુખી યોગ: એકમે મૂળ, પાંચમે ભરણી, આઠમે કૃત્તિકા, નવમીએ રોહિણી, અને દશમે આશ્લેષા નક્ષત્ર હોય તો જ્વાલામુખી યોગ થાય છે.

તિથિ નક્ષત્ર સંબંધી દોષો:—પ્રતિપદાએ ઉત્તરાષાઢા, દ્વિતીયા – અનુરાધા, તૃતીયા—૩ ઉત્તરા, પંચમી - મઘા, ષષ્ઠી - રોહિણી, સપ્તમી - હસ્ત - મૂળ, અષ્ટમી -પૂર્વાભાદ્રપદા, નવમી - કૃત્તિકા, એકાદશી-રોહિણી, દ્વાદશી - આશ્લેષા, ત્રયોદશી = ચિત્રા, સ્વાતિ.

સૂર્ય દગ્ધાતિથિ: સૂર્ય, મેષ - કર્ક, તિથિ=૬; વૃષભ - કુંભ=૪, મિથુન-કન્યા=૮; સિંહ-વૃશ્ચિક=૧૦; ધનુ-મીન=૨; મકર-તુલા=૧૨ અશુભ છે.

ચંદ્ર દગ્ધાતિથિ:-ચંદ્ર કુંભ-ધનુ તિથિ=૨, મેષ-મિથુન=૪; વૃષભ-કર્ક=૧૦; તુલા-સિંહ=૬; મકર મીન=૮; વૃશ્ચિક=કન્યા=૧૨ અશુભ છે.

ઉપગ્રહ યોગ: સૂર્ય નક્ષત્રથી ૫, ૭, ૮, ૧૦, ૧૪, ૧૫, ૧૮, ૧૯, તથા ૨૧ થી ૨૫ મું ચંદ્ર નક્ષત્ર હોવાથી થાય છે.

એકાર્ગલ દોષ:-ખંડ-ખંડ પરિઘ, વિષ્કુંભ, વજ્ર, શૂળ, ગંડ, અતિગંડ, વ્યાઘાત, વ્યતિપાત, વૈધૃતિયોગો અને સૂર્યનક્ષત્રથી ચંદ્રનક્ષત્ર (અભિજિત સહિત) વિષમ (એકી) ગણનામાં હોય તો એકાર્ગલ દોષ થાય છે.

જામિત્ર દોષ: લગ્ન કે ચંદ્રથી કોઈ પણ ગ્રહ સાતમે સ્થાને હોય તેમાં પણ અંશાત્મક ૧૫ મું નવમાંશ (૧૮૦ થી ૧૯૩-૨૦) વધારે દોષયુક્ત છે.

ઉદયાસ્ત દોષ શુદ્ધિ:—લગ્ન અને નવમાંશ પોતપોતાના સ્વામીયુક્ત કે દૃષ્ટ અથવા લગ્નાધિપતિ નવમાંશની રાશિમાં કે નવમાંશાધિપતિ લગ્નમાં હોય, સિવાય લગ્નેશ અને નવમાંશાધિપતિની પરસ્પર કુંડલીમાં દૃષ્ટિયોગ થતો હોય તો ઉદયશુદ્ધિ થાય છે. જ્યારે લગ્ન તથા લગ્ન નવમાંશના સાતમા ભાવની પરિસ્થિતિ ઉપર મુજબ હોય તો અસ્તશુદ્ધિ થાય છે.

કર્તરી દોષ: લગ્ન કે ચંદ્ર કુંડલીમાં બીજા સ્થાને પાપગ્રહ વક્રી તથા બારમા સ્થાને પાપગ્રહ માર્ગી હોય તો લગ્ન કર્તરી દોષ થાય છે. તેમાં પણ અંશાદિક પરિસ્થિતિ ઘણું દૂર હોય તો દોષ ઓછો ગણવો.

જન્મરાશિથી પહેલી, બીજી વગેરે રાશિના સૂર્યાદિ ગ્રહોનું ગોચર ફળ

રાશિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ-કેતુ
૧	સ્થાનનાશ	સુખ	શત્રુભય	બંધન	ભય	સુખભોગ	રોગપ્રાપ્તિ	ભયંકર
૨	દ્રવ્યહાનિ	વિત્તનાશ	ધનનાશ	અર્થલાભ	ધનપ્રાપ્તિ	અર્થલાભ	ધનનાશ	કલહ
૩	લક્ષ્મીપ્રાપ્તિ	સફળતા	અર્થલાભ	શત્રુભય	સ્થાનાન્તર	સુખકર	ધનલાભ	સૌભાગ્ય
૪	માનનાશ	ભય	શત્રુભય	અર્થપ્રાપ્તિ	અર્થલાભ	ધનપ્રાપ્તિ	નુકશાન	માંદગી
૫	ચિંતા	વ્યય	અર્થનાશ	સુખ	સુખ	પુત્રલાભ	અર્થનાશ	ખર્ચ
૬	શત્રુનાશ	વિત્તલાભ	ધનલાભ	સફળતા	રોગશત્રુ	શત્રુવૃદ્ધિ	અર્થલાભ	મહાસુખ
૭	અર્થનાશ	સ્ત્રીલાભ	રોગ	શરીરપીડા	સન્માન	શોકપ્રદ	પર્યટન	નૃપભય
૮	રોગપીડા	દુઃખખર્ચ	શત્રુબાધા	ધનવૃદ્ધિ	દ્રવ્યનાશ	અર્થલાભ	શરીરપીડા	અર્થક્ષય
૯	કાંતિક્ષય	રાજભય	શરીરપીડા	વિઘ્ન	ધનવૃદ્ધિ	લાભ	અશાન્તિ	સંતાપ
૧૦	કર્મસિદ્ધિ	મહાસુખ	શોક	સુખપ્રાપ્તિ	સ્થાનહરણ	સુખનાશ	દૌર્બલ્ય	કલહ
૧૧	ધન	ધનલાભ	લાભ	અર્થપ્રાપ્તિ	સ્થાનલાભ	ધનપ્રાપ્તિ	ધનપ્રાપ્તિ	અધિકલાભ
૧૨	દ્રવ્યનાશ	ધનક્ષય	વ્યાધિ	ધનનાશ	વ્યાધિ	ધનાગમ	અનર્થ	વિનાશ

ઉપર જન્મરાશિથી ગણતાં દરેક ગ્રહો ક્યાં પડ્યા છે, તે નક્કી કર્યા બાદ ફળ સમજવું. દાખલા તરીકે, ઈશ્વરલાલ નામના માણસને પોતાનું ફળ જોવું છે. તો ઈશ્વરલાલની રાશિ મેષ છે, ધારો કે, સૂર્ય કુંભમાં છે, એટલે મેષથી ૧૧ મે છે, માટે ૧૧ મા ખાનામાં લખ્યા પ્રમાણે નોકરી - ધંધામાં લાભ સમજવો.

પાતદોષ: હર્ષણ, વૈધૃતિ, સાધ્ય, વ્યતિપાત, ગંડ અને શૂલયોગનાં સમાપ્તિકાલનું નક્ષત્ર વર્જ્ય છે.

લત્તાદોષ : સૂર્યાદિ ગ્રહો, જે નક્ષત્રમાં હોય તેનાથી અનુક્રમે અભિજિત ન ગણતાં સૂર્યથી ૧૨મું, ચંદ્રથી ૭મું, મંગળથી ૩ જું, બુધથી ૨૨ મું, ગુરુથી ૬ ઠું, શુક્રથી ૨૪ મું, શનિથી ૮મું અને રાહુ હંમેશા વક્રી હોવાથી પાછળના નવમા નક્ષત્રને લાત મારે છે. માલવ દેશમાં લત્તાદોષ, કુરુક્ષેત્ર અને બંગાળ દેશમાં પાતદોષ, કાશ્મીરમાં એકાર્ગલદોષ અને અને સર્વ દેશોમાં વેધદોષ વર્જ્ય છે.

(૧) તિથિ-નક્ષત્ર અને વાર (૨) તિથિ-નક્ષત્ર (૩) વાર-નક્ષત્ર (૪) તિથિ-વાર આ પ્રમાણે થતા દુષ્ટ યોગોનું ફળ, પૂર્વ દિશામાં હુણ પ્રદેશ અને વંગ-બંગાળ અને ઉત્તર બાજુના ખશ પ્રદેશમાં વર્જ્ય છે અન્ય પ્રદેશોમાં નિષેધ નથી. જુઓ મુહૂર્ત ચિંતામણી પ્રકરણ ૧ શ્લોક ૩૧.

સૂર્યના ઇષ્ટ સમયની કુંડલીમાં—સૂર્ય ચંદ્ર બળવાન હોય તો એકાર્ગલ, ઉપગ્રહ, પાત, લત્તા, જામિત્ર, કર્તરી વિગેરે દોષનો નાશ થાય છે.

શુભ યોગોની સમજણ

રવિયોગ: સૂર્ય નક્ષત્રથી દૈનિક નક્ષત્ર ચોથું, છઠ્ઠું, નવમું, દશમું, તેરમું અને વીસમું હોય તો થાય છે. આ યોગ શુભ કાર્યોમાં શ્રેષ્ઠ છે. એટલું જ નહિ પરંતુ અનેક દૈનિક અશુભ યોગોનો નાશ કરી લગ્નશુદ્ધિ જેટલું શુભ ફળ આપે છે.

રાજયોગ: મંગળ, બુધ, શુક્ર અને રવિ આમાંના કોઈ વારે; બીજ, ત્રીજ, સાતમ, બારસ અને પૂનમ એમાંની કોઈ પણ તિથિ હોય; અને ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂ. ફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા ધનિષ્ઠા, ઉ. ભાદ્રપદા; એમાંનું કોઈપણ નક્ષત્ર હોય તો રાજયોગ થાય છે. આ યોગ માંગલિક કાર્ય, ધર્મકાર્ય, પૌષ્ટિક આદિ કાર્યોમાં શુભ છે.

કુમારયોગ: સોમ, મંગળ, બુધ અને શુક્ર એમાંના કોઈ વારે એકમ, છઠ, અગિયારસ, પાંચમ, અને દશમ એમાંથી કોઈ પણ તિથિ હોય અને અશ્વિની, રોહિણી, પુનર્વસુ, મઘા, હસ્ત, વિશાખા, મૂળ, શ્રવણ અને પૂર્વાભાદ્રપદા; એમાનું કોઈ પણ નક્ષત્ર હોય તો કુમારયોગ થાય છે. આ યોગ મૈત્રી, વિદ્યા, દીક્ષા, ગૃહ અને અન્ય વ્રત આદિ કાર્યોમાં શુભ છે.

સ્થિરયોગ: ગુરુવાર કે શનિવાર - ચોથ, આઠમ, નોમ, તેરસ, કે ચૌદશ હોય; અને કૃત્તિકા, આર્દ્રા, આશ્લેષા, ઉ. ફાલ્ગુની, સ્વાતિ, જ્યેષ્ઠા, ઉ. ષાઢા, શતભિષા કે રેવતી નક્ષત્રમાંથી કોઈ પણ નક્ષત્ર હોય તો સ્થિર(સ્થવિર) યોગથી રોગાદિકનો નાશ થાય.

અમૃતસિદ્ધિ યોગ: રવિ-હસ્ત, સોમ-મૃગ, મંગળ—અશ્વિની, બુધ—અનુરાધા, ગુરુ—પુષ્ય, શુક્ર- રેવતી અને શનિવારે રોહિણી હોતાં બને છે પરંતુ રવિવારથી અનુક્રમે ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ ૧૧ તિથિ સાથે હોય તો વિષયોગ થાય છે તેમજ ગુરુ—પુષ્ય વિવાહમાં, શનિ-રોહિણી પ્રયાણમાં અને મંગળ-અશ્વિનીથી બનતો અમૃતસિદ્ધિ યોગ પ્રવેશમાં વર્જ્ય છે.

ચાર શુભ મુહૂર્ત: નૂતન વર્ષારંભનો દિવસ, અક્ષય્ય તૃતીયા, વિજયાદશમી, અને કાર્તિક સુદિ ૧ આ ચાર મુહૂર્તમાં કોઈ પણ શુભ કાર્ય કરવામાં પંચાંગશુદ્ધિ જોવાની આવશ્યકતા નથી.

નંદાદિ તિથિઓ—નંદા ૧-૬-૧૧, ભદ્રા ૨-૭-૧૨, જયા ૩-૮-૧૩, રિક્તા ૪-૯-૧૪, પૂર્ણા ૫-૧૦-૧૫.

શુભાશુભ યોગો: એક જ રીતના યોગથી અનેક શુભાશુભ યોગો પરત્વે વિદ્વાનોએ તુલનાત્મક ગુણ-દોષનો નિર્ણય કરવો. શુભ કાર્યોમાં શુભ યોગો જોવા, જ્યારે અશુભ કાર્યોમાં અશુભ યોગો જોવાય છે.

અશુભ શુકનો શુભ બને છે

રાજભય હોતાં, નદીપાર કરતાં પ્રથમ ગ્રામ પ્રવેશમાં, યુદ્ધમાં, જુગારમાં, ખોવેલી વસ્તુને શોધવામાં અને વ્યાધિની દવા કરવા જતાં અશુભ શુકનો પણ શુભ બને છે.

શુભ શુકન:-પનીહારી, સૌ. સ્ત્રી, કાળાં આભૂષણ (સિવાયના વસ્ત્ર), વાદ્યનો અવાજ, શંખ, રાજા, ઘોડો, હાથી, ગાય, સફેદ પુષ્પ, પારણું, દીપક, શ્વેત બળદ, અગ્ની, સુગંધી પદાર્થો, કુમારી કન્યા, છત્ર, માછલી, વેશ્યા, રથ, માંસ, જ્યોતિષી, મિત્ર, હરણ, વાજીંત્ર, શબ, દહીં, દુધ, મનપસંદ વસ્તુ, છાણનો ટોપલો વગેરે જમણી બાજુ મળે તો શુભ છે.

શુભ ચોઘડીયાં:-અમૃત, ચલ, લાભ અને શુભ છે.

શુભ હોરા:-ચંદ્ર, બુધ, ગુરુ અને શુક્રની છે.

શુભ યોગ:—રવિયોગ શ્રેષ્ઠ છે. સિદ્ધિયોગ તથા અમૃતસિદ્ધિયોગ શુભ કાર્યોની સફળતા માટે ઉત્તમ છે. રાજયોગ માંગલિક કાર્યોમાં શુભ છે. કુમારયોગ યોગ વિદ્યા, દીક્ષા, યોગ, મૈત્રી, ગૃહ અને વ્રતોમાં શુભ છે. સ્થિરયોગ રોગાદિકનો નાશ કરવામાં શુભ છે.

સોળ સંસ્કાર

દરેક કાર્ય તે માટેના યોગ્ય મુહૂર્તમાં કરવાથી તેમાં સફળતા મળે છે તેથી કાર્યો માટેના યોગ્ય મુહૂર્તનો સમય જાણવાની ખાસ આવશ્યકતા હોય છે. તેમાંય જીવનમાં મહત્વના ખાસ ૧૬ સંસ્કારો માટે મુહૂર્તો જોવાનું જરૂરી ગણાય છે. આ ૧૬ સંસ્કારોનાં નામ "ધર્મસિંધુ"માં નીચે પ્રમાણે આપવામાં આવેલ છે:

(૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) અનવલોભન, (૪) સીમંતોન્નયન, (૫) જાતકર્મ, (૬) નામકર્મ, (૭) નિષ્ક્રમણ, (૮) અન્નપ્રાશન, (૯) ચૌલ, (૧૦) ઉપનયન, (૧૧ થી ૧૪) મહાનામ્ન્યાદિ ચાર વેદવ્રત (૧૫) સમાવર્તન, (૧૬) વિવાહ.

આ સિવાય બીજા પણ વિવિધ સંસ્કારો જુદા જુદા ગ્રન્થોમાં આપવામાં આવેલ છે.

પુંસવન

ગર્ભાધાનથી બીજા કે ત્રીજા મહિને અથવા સીમંત સંસ્કાર સમયે પુંસવનવિધિ કરવો, તે માટેનાં નક્ષત્રો:—અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, પૂ. ષા., ઉ. ષા., શ્રવણ, પૂ. ભાદ્રપદા તથા ઉ. ભાદ્રપદા આ પુરુષ-સંજ્ઞક નક્ષત્રો તથા શુકલ પંચમીથી કૃષ્ણપંચમી સુધીની તિથિઓ શુભ છે.

અનવલોભન: ગર્ભાધાનથી ચોથા મહિને પુંસવન સંસ્કાર પ્રમાણેનાં જ નક્ષત્રો તથા તિથિઓમાં અનવલોભન કરવું.

ચૌલ (બાલ મોવાળા ઉતરાવવાનું)

મુહૂર્ત:--ગુરુ, શુક્રનો અસ્ત ન હોય તેવે સમયે ૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩ તિથિઓમાં, સોમ, બુધ, ગુરુ, શુક્રવાર, અશ્વિની, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતી, જ્યેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, રેવતી નક્ષત્રોમાં; અથવા રોહિણી, ઉ. ફા., ઉ. ષા., ઉ. ભા. નક્ષત્રોમાં, માઘ, ફાલ્ગુન, વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં મુંડન કરાવવું. આ સંસ્કાર બાળકના પહેલા, બીજા, ત્રીજા કે પાંચમા વર્ષે અથવા ઉપનયન સમયે કરવો.

સીમંત (અઘરણી) મુહૂર્ત: ગર્ભાધાન થયા પછી રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા. હસ્ત, મૂળ, ઉ. ષા, શ્રવણ, ઉ. ભા. અને રેવતી નક્ષત્રોમાં રવિ, મંગળ અને ગુરુના (નક્ષત્રનું વધારે મહત્વ છે) દિવસે ૪-૯-૧૪-૧૫-૩૦ તિથિઓ ત્યાગ કરી શુકલ પક્ષમાં મિથુન રાશિ વિનાના એકી લગ્ન અને નવમાંશમાં ગુરુ, સૂર્ય અને ચંદ્ર બળવાન જોઈ ગર્ભાધાનથી ૪-૬-૮ મે મહિને કે લોકાચાર કે કુલાચારથી ૫-૭-૯ મે મહિને સીમંત (અઘરણી) સંસ્કાર કરવો એટલે રાખડી બાંધવી તથા મોટો ખોળો ભરવો.

ગર્ભિણીને સુવાવડ માટે મોકલવાનું મુહૂર્ત

નક્ષત્રો:—અશ્વિની, રોહિણી, મૃગ., પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભા. અને રેવતી શુભ છે.

૪, ૯, ૧૪ તથા ૩૦ તિથિઓ વર્જ્ય કરવી. પ્રસૂતિ સમય પ્રાપ્ત થતાં મુહૂર્ત જોવાની જરૂર નથી.

જન્મસમયનો અનિષ્ટ કાળ

કૃષ્ણપક્ષની ૧૪ તથા અમાવાસ્યા, સૂર્ય ચંદ્રનાં ગ્રહણ, ક્ષયતિથિ, ભદ્રા, વૈધૃતિ, વ્યતિપાત. પુષ્ય નક્ષત્રનું ૨ જું તથા ૩ જું ચરણ, આશ્લેષા, મઘા તથા ઉ. ફા. નક્ષત્રનું ૧ લું ચરણ, ચિત્રાનું પૂર્વાર્ધ, વિશાખાનું ૪ થું ચરણ, જ્યેષ્ઠા, મૂળ, તથા પૂ. ષા. નું ૩ જું ચરણ, નક્ષત્ર ગંડાંત, યમલ જન્મ (જોડીયાં બાળકો) ત્રિકપ્રસવ (અનુક્રમે ત્રણ પુત્રો પછી કન્યા, ત્રણ કન્યા પછી પુત્રનો જન્મ), દાંત સાથેનો જન્મ, માતા-પિતાના જન્મ નક્ષત્રમાં જન્મ, આમાંના કોઈ પણ સમય દરમ્યાનનો જન્મ અનિષ્ટ ફળદાયક હોય છે તેથી એવા અશુભ યોગમાં જન્મ થયો હોય તો તેની શાંતિ કરવાથી દોષનો પરિહાર થાય છે.

સુવાવડી સ્ત્રીને પોતાને ઘેર લાવવી:—નક્ષત્રો: ચિત્રા, અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, ઉ. ફા. હસ્ત, રેવતીમાં સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ઉ. ભા., પોતાના ઘરમાં પ્રવેશ કરાવવો.

સુવાવડીને સ્નાન કરાવવાનું મુહૂર્ત:— રવિ, મંગળ કે ગુરુવાર, ૧-૨-૩-૫-૭-૧૦-૧૧ ૧૫ તિથિ; અશ્વિની, રોહિણી, મૃગ, ઉ. ફા., હસ્ત, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., ઉ. ભા., રેવતી નક્ષત્રોમાં સુવાવડીને સ્નાન કરાવવું.

શાંતિ કરાવવા માટેનો યોગ્ય સમય

જન્મસમય અશુભકાલ હોઈ તેના દોષનિવારણને માટે જે શાંતિ કરાવવાની હોય તે જન્મથી ૧૨મા દિવસે કરાવવી. તેમાં કોઈ મુહૂર્ત જોવાની આવશ્યકતા નથી પરંતુ ૧૨ દિવસે ન થઈ શકે તો પછી મુહૂર્ત જોઈ શાંતિ કરાવવી.

સર્વ શાંતિ માટે

નક્ષત્રો:—અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, મઘા, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભા. અને રેવતી નક્ષત્રોમાં શુભ તિથિ અને શુભવારમાં શાંતિ કરાવવી.

નામકરણ મુહૂર્ત

જન્મદિવસથી ૧૨ મા દિવસે બ્રાહ્મણોનું, ૧૩ મા દિવસે ક્ષત્રિયોનું, ૧૬મા ને ૨૦મા દિવસે વૈશ્યોનું તથા ૩૨મા દિવસે શુદ્રોનું નામકરણ કરવું અથવા શુભ તિથિ વારમાં અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પનર્વસુ, પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભાદ્રપદા તથા રેવતી નક્ષત્રોમાં નામ પાડવું.

પારણામાં સૂવાડવાનું મુહૂર્ત

જન્મદિવસથી પુત્રને ૧૨ મા દિવસે તથા કન્યાને ૧૩ મા દિવસે અથવા કુલાચાર પ્રમાણે યોગ્ય દિવસે સંતાનને પાલકારોહણ કરાવવું અથવા અશ્વિની, મૃગશીર્ષ, પનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, જ્યેષ્ઠા તથા રેવતી નક્ષત્રો અને શુભતિથિ, શુભ-વારમાં પાલકારોહણ કરાવવું. આ નક્ષત્રોમાં મુહૂર્ત ન મળતાં શુભ નક્ષત્રોમાં ૧૦, ૧૨, ૧૬, ૧૮, તથા ૩૨ મા દિવસે પારણામાં ઝુલાવવું.

કર્ણવેધ (કાન વીંધવા)નું મુહૂર્ત

જન્મદિવસથી ૧૨ મે અથવા ૧૬ મે દિવસે, ત્યારબાદ ૬, ૭ અથવા ૮ મહિને, ત્યારપછી એકી વર્ષોમાં બાળકના કાન વીંધાવવા. શુભ માસ:- ચૈત્ર, કાર્તિક, પોષ, ફાગણ માસ. તિથિઓ-૨, ૩, ૫, ૬, ૭, ૧૦, ૧૨, ૧૬. કૃષ્ણપક્ષમાં ૧. ૨ ૩ ૫. શુભ વાર:—સોમ બુધ ગુરુ, શુક્ર. ભદ્રારહિત દિવસે. શુભ નક્ષત્રો—અશ્વિની, મૃગ, પુન, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, શ્રવણ, ધનિષ્ઠા, રેવતી, ચંદ્રબળ હોતાં, કર્ણવેધ શુભ મનાય. ચૈત્રમાં મીનાર્ક, પોષમાં ધનાર્ક અને કાર્તિક દેવઉઠી પ્રબોધિની ૧૧ સુધી ત્યાગવાં. ચૈત્રમાં મેષનો સૂર્ય અને પોષમાં મકરનો સૂર્ય, કાર્તિકમાં પ્રબોધિની અગિયારસ પછી શુભ. સૂર્ય ચંદ્ર તારાબલ જોવાં. દિકરાનો જમણો કાન અને દીકરીનો ડાબો કાન પહેલો વીંધવો.

નિશાળે બેસાડવાનું (વિદ્યારંભ) મુહૂર્ત

ચાતુર્માસ સિવાય શનિ—મંગળવાર ત્યાગ કરી ૨-૩-૫-૭-૧૦-૧૧-૧૨-૧૩ તિથિઓમાં, અશ્વિની, મૃગ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય આશ્લેષા, ત્રણે પૂર્વા, હસ્ત, ચિત્રા, સ્વાતિ મૂળ, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા રેવતી નક્ષત્રોમાં અક્ષરારંભનું મુહૂર્ત સારું છે

સૂર્ય—ચંદ્ર દર્શન

જન્મદિવસથી ત્રીજે મહિને શુભ દિવસે બાળકને અગ્નિદર્શન અને ચંદ્રદર્શન કરાવવું. તે સમયે તે દેવતાની પૂજા પણ કરવી.

બાળકને પ્રથમ ઘરની બહાર

લઈ જવાનું (નિષ્ક્રમણ) મુહૂર્ત

ચોથે મહિને બાળકને ઘરમાંથી પ્રથમ બહાર દેવદર્શનાર્થે લઈ જવું. તિથિ ૪-૬-૮-૯-૧૨-૧૪-૩૦ વિનાની તિથિઓ; વાર-સોમ, બુધ, ગુરુ, શુક્ર, નક્ષત્રો-અશ્વિની, રોહિણી, પુન, પુષ્ય, ઉ. ફા., હસ્ત મૃગશીર્ષ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, ઉ. ભા., રેવતી શ્રેષ્ઠ; લગ્ન-મીન, મેષ, વૃશ્ચિક, વર્જ્ય, વર્ગ-શુભ ગ્રહો ઉદિત હોતાં. સૌમ્ય ગ્રહો કેન્દ્રત્રિકોણમાં, પાપગ્રહો ૩-૬-૧૧મા સ્થાનમાં હોતાં બાળકને દેવદર્શન કરાવવા પ્રથમ વાર ઘર બહાર લઈ જવું.

અન્નપ્રાશન (બોટણ) મુહૂર્ત

છોકરાને ૬-૮-૧૦ અથવા ૧૨ મા બેકી માસોમાં, કન્યાને ૫-૭-૯ અથવા ૧૧મા એકી માસમાં, અન્નપ્રાશન કરાવવું. શુભ તિથિ ૨-૩-૫-૭-૧૦-૧૩-૧૫. શુભવાર:—સોમ બુધ, ગુરુ, શુક્ર, શુભ નક્ષત્રો:—અશ્વિની રોહિણી. મૃગ, પુનર્વસુ પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્ર, રેવતી, ત્યાજ્ય સમય—વૈધૃતિ, વ્યતિપાત વિષ્ટિ, ગંડ, અતિગંડ, શૂલ, વજ્ર, પરિઘ યોગોના વર્જ્ય સમય ત્યાગવાં. જન્મરાશિ અને જન્મલગ્નથી આઠમી રાશિ અને સ્થાનનું (ક્રમથી) લગ્ન, નવમાંશ ત્યાગવાં, મીન, મેષ, વૃશ્ચિક લગ્ન પણ ત્યાગવાં, પાપગ્રહવિદ્ધ નક્ષત્ર ત્યાગવું.

પરદેશ પ્રવાસ માટે ઉપયોગી શ્રી. ગોકુલનાથજીનું વચનામૃત યાને ગોરખનાથનો કોઠો

કાર્તિક	માર્ગશીર્ષ	પોષ	માઘ	ફાગણ	ચૈત્ર	વૈશાખ	જ્યેષ્ઠ	આષાઢ	શ્રાવણ	ભાદરવો	આસો	ફળશ્રુતિ	પ્રહર ૧	પ્રહર ૨	પ્રહર ૩	પ્રહર ૪	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	સુખ ઉપજે અને ક્લેશ ન થાય.	અર્થ	સુખ	શોક	સુખ	સુખ	ક્લેશ	ભય	દ્રવ્ય
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	મહાભય ઉપજે અને પસ્તાવો થાય.	ભય	ક્લેશ	સુખ	સુખ	શૂન્ય	નાશ	દારિદ્ર	ચિંતા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	કાર્યસિદ્ધ, અર્થ પરિપૂર્ણ, સારી વાત સંભળાય.	લાભ	સુખ	સુખ	હાનિ	ક્લેશ	દુ:ખ	ઈષ્ટ	ધન
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	ક્લેશ થાય, પણ વસ્તુલાભ થાય.	ક્લેશ	ભલું	ક્લેશ	વિના	લાભ	સુખ	મંગલ	સુખ
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	વસ્તુલાભ, સંકટ મટે, મિત્ર લાભ, કાર્યસિદ્ધિ થાય.	સંકટ	ક્લેશ	ભાગ્ય	સુખ	લાભ	ધન	ધન	સુખ
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	ઘરની ચિંતા, ક્લેશ, મિત્રનું સંકટ થાય.	સંકટ	ક્લેશ	ભય	અર્થ	ભય	લાભ	મૃત્યુ	લાભ
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	ભાગ્યોદય, મિત્ર અને સાધનો મળી આવે.	વિના	લાભ	સુખ	સુખ	લાભ	કષ્ટ	લાભ	સુખ
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	બહુ ખરાબ, લેવાદેવી કરવી નહિ.	૦	૦	૦	૦	કષ્ટ	સુખ	ક્લેશ	સુખ
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	અર્થસિદ્ધિ થાય, ભાગ્યોદય થાય.	લાભ	ભાગ્ય	મિત્ર	મિત્ર	સુખ	લાભ	સિદ્ધિ	કષ્ટ
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	સૌભાગ્ય મળે, પણ દિવસ ગત થાય.	લાભ	સંપુ.	મરણ	કુશલ	ક્લેશ	કષ્ટ	દ્રવ્ય	ધન
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	ક્લેશ, દિવસ ગત થાય પણ નાશ ન થાય.	મરણ	અર્થ	કુશલ	મરણ	મૃત્યુ	લાભ	લાભ	શૂન્ય
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	અર્થસિદ્ધિ, મિત્રલાભ, ભાગ્યોદય થાય.	મરણ	સુખ	સુખ	સુખ	શૂન્ય	સુખ	મૃત્યુ	કષ્ટ

મુસાફરીનું અને પ્રહર તથા દિશાઓનું ફળ જે માણસની જે તિથિએ, જે વખતે, જે દિશામાં શુભ જણાય તે દિવસે, તે વખતે, તે દિશામાં પરગામ જવા માટે ગોરખઆંક જોવાય છે; કોઠામાં આપેલી તિથિઓમાં ત્રીજનું જે ફળ આપ્યું છે તે જ તેરશનું, ચોથનું અને ચૌદશનું તેમજ પાંચમ અને પૂર્ણિમાનું એક ફળ. આ મુહૂર્ત પ્રમાણે વર્તવાથી ચંદ્રદોષ, વિષ્ટિ (ભદ્રા), દિશાશૂલ, યોગિની, કાળ, ઘાતવાર વગેરેના દોષ નડતો નથી. એ પ્રમાણે ગોરખનાથને મત્સ્યેન્દ્રનાથે કહેલું છે. ઉદાહરણ તરીકે કાર્તિક શુદિ કે વદિ એકમે પ્રયાણ કરનારનું કાર્ય સિદ્ધ થાય. પહેલા પહોરમાં નીકળે તો અર્થલાભ, બીજા પહોરમાં સકળસુખ મળે ઈત્યાદિ. તેમ જ પૂર્વ દિશામાં જાય તો દ્રવ્ય મળે, દક્ષિણમા જાય તો દુ:ખ થાય, ઈત્યાદિ સમજવું. (આ કોઠાને વૈષ્ણવો શ્રી ગોકુલનાથજીનું વચનામૃત કહે છે. તથા માસ પૂર્ણિમાન્ત માને છે.)

પંચકમાં દક્ષિણ દિશાની યાત્રા નિષિદ્ધ ગણાય છે.

મનની પ્રસન્નતા, શુભ શુકનો અને સારાં નિમિત્તાથી થતા ગમન કરવું ફળસિદ્ધિ ઉત્પન્ન કરે છે.

યાત્રામાં લગ્નશુદ્ધિ:—પોતાની જન્મરાશિ, તથા જન્મલગ્નથી ૨—૪—૫—૭—૮—૯-૧૨ મી રાશિ, કુંભરાશી, અસ્તગ્રહની રાશિ, વક્રીગ્રહની રાશિ, પોતાની જન્મરાશિના શત્રુગ્રહની રાશિથી છઠ્ઠી રાશિ, મેષ, વૃષભ, કર્ક, ધનું અને મકરરાશિ, જન્મલગ્ન સ્વામીની શત્રુ રાશિ, એમાંની કોઈ પણ રાશિ યાત્રાલગ્નમાં નેષ્ટ જાણવી. પાપગ્રહ જન્મકુંડળી અને યાત્રામુહૂર્ત લગ્નકુંડળીમાં બળહીન ગ્રહો લગ્નમાં લેવાય નહિ.

સૂર્ય-પૂર્વ; શુક્ર-અગ્નિકોણ; મંગળ—દક્ષિણ; રાહુ-નૈઋત્ય; શનિ-પશ્ચિમ; ચંદ્ર-વાયવ્યકોણ; બુધ-ઉત્તર; ગુરુ-ઈશાન દિશા અને ખૂણાના સ્વામીઓ ગણાય છે.

સમયશૂલ:—પ્રાત:કાલે પૂર્વ દિશાએ, સાયંકાલે પશ્ચિમ દિશાએ, મધ્યાહનકાલે દક્ષિણ દિશાએ, અને મધ્યરાત્રિએ ઉત્તર દિશામાં સમયશૂલ હોઈ તે તરફ પ્રવાસ કરવો નહિ.

લલાટી દિશા:—સૂર્ય લગ્નમાં હોય તો પૂર્વમાં, મંગળ ૧૦ મે હોતાં દક્ષિણમાં, શનિ ૭ મે હોતાં પશ્ચિમમાં, બુધ ૪ થે હોતાં ઉત્તરમાં લલાટી કેન્દ્રમાં રહેલા ગણાય છે. તે ગ્રહની જે દિશા હોય તે દિશામાં યાત્રાએ જવું નહિ.

લલાટી ઉપદિશાઓ—૧૧-૧૨ મા સ્થાનમાં શુક્ર હોતાં અગ્નિખૂણામાં, ૮ મે, ૯ મે રાહુ હોતાં નૈઋત્યમાં, ૫—૬ સ્થાને ચંદ્ર હોતાં વાયવ્ય ખૂણામાં અને ૨-૩ સ્થાનમાં ગુરુ હોતાં ઈશાન ખૂણામાં મુસાફરીએ જવું નહિ.

રાહુનું વાર ભ્રમન:—રવિવારે નૈઋત્ય, સોમવારે ઉત્તર, મંગળવારે અગ્નિ, બુધવારે પશ્ચિમ, ગુરુવારે ઈશાન, શુક્રવારે દક્ષિણ અને શનિવારે પૂર્વમાં; રાહુ ભ્રમન કરનારની પાછળ તથા ડાબી બાજુએ શુભ છે.

વિહાર તથા પ્રવેશમાં:—કોકડું અથવા ચોથાનું ઘર વર્જ્ય છે તે આ પ્રમાણે:—એકમ શનિવાર, બીજ શુક્રવાર, ત્રીજ ગુરુવાર, ચોથ બુધવાર, પાંચમ મંગળવાર, છઠ સોમવાર અને સાતમ ને રવિવાર.

વા ઉત્તર ઈ

પશ્ચિમ

વત્સચાર: મીન, મેષ અને વૃષભ સંક્રાંતિમાં પશ્ચિમ દિશામાં, મિથુન, કર્ક અને સિંહ ઉત્તરમાં, કન્યા, તુલા અને વૃશ્ચિક પૂર્વમાં, તથા ધનુ, મકર અને કુંભમાં વત્સ દક્ષિણમાં ઉગે છે. તે વત્સ પ્રયાણ તથા પ્રવેશ સમયે સન્મુખ કે પાછળ સારો નથી. અટલે ડાબો તથા જમણો પાસે હોય તો તે સારો છે.

પૂર્વ

નૈ દક્ષિણ અ

પ્રયાણમાં શુભ તિથિ:-૧-૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩.

પ્રયાણમાં શુભ વાર:—સોમ, બુધ ગુરુ અને શુક્રવાર ૧—૪—૮—૯ તિથિ સિવાય.

પ્રયાણમાં શુભ નક્ષત્ર:—અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી.

પ્રયાણમાં મધ્યમ નક્ષત્ર:—:રોહિણી, ત્ર પૂર્વાં, ત્રણ ઉત્તરા, જ્યેષ્ઠા, મૂળ, અને શતભિષા.

શુભ ચંદ્ર:-જન્મરાશિથી ગણતાં ૧—૩—૬—૭ ૧૦-૧૧ મો ચંદ્ર શુભ છે. તે ઉપરાંત, શુક્લ પક્ષમાં ૨—૫—૯ મો ચંદ્ર પણ શુભ છે.

શુભ તારા: જન્મ નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતાં જે સંખ્યા આવે તેને ૯ થી ભાગતાં શેષ ૧—૨—૪—૬—૮—૦ વધે તો શુભ છે.

યાત્રા કરીને પાછા આવતાં પ્રવેશમુહૂર્ત

વાર:—રવિ, સોમ, ગુરુ, શુક્ર શનિ, નક્ષત્ર: અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, ઉ. ફા; હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા. અભિજિત, ધનિષ્ઠા, ઉ. ભા., રેવતી.

લગ્ન:—૨-૫-૮-૧૧ (સ્થિર) રાશિના હોતાં ૬-૮-૧૨ મા સ્થાનની શુદ્ધિ હોતાં મુસાફરીથી આવતાં નગરપ્રવેશ કરવો.

દિશાશુલ, નક્ષત્રશૂલ, યોગિની, કાળ, ચંદ્રવાસ

દિશા	દિશા શૂલ	નક્ષત્ર શૂલ	સન્મુખ યોગિની	સામો કાળ	સન્મુખ શુભ ચંદ્ર
પૂર્વ	શ. સો.	જ્યે. પૂ.ષા.	તિથિ ૧—૯	શનિ	મેષ, સિંહ
અગ્નિ	સો. ગુ.	ઉ. ષા.	૩-૧૧	શુક્ર	ધન
દક્ષિણ	ગુ.	પૂ. ભા. વિ.	૫-૧૩	ગુરુ	વૃષ, કન્યા
નૈઋત્ય	શુ. ર.	શ્ર. ધ.	૪-૧૨	બુધ	મકર
પશ્ચિમ	શુ. ર.	રો. પુષ્ય.મૃ.	૬-૧૪	મંગળ	મિ., તુલા
વાયવ્ય	મં.		૭-૧૫	સોમ	કુંભ
ઉત્તર	મં. બુ.	પૂ.ફા.ઉ.ફા.	૨-૧૦	રવિ	કર્ક, વૃશ્ચિક
ઈશાન	બુ. શ.	હસ્ત. વિ.	૮-૩૦		મીન

જે દિશામાં દિશા-નક્ષત્રશૂલ અને સામો કાળ (સન્મુખ ચંદ્ર સિવાય) હોય તે દિશામાં તે વારે જવું નહિ.

યોગિની ડાબી બાજુ સુખ આપે. પીઠ પાછળ રહે તો ઈચ્છિત સફળતા મળે. જમણી બાજુ ધન નાશ અને સન્મુખ યોગિની પ્રયાણમાં મૃત્યુકષ્ટ આપે છે.

ચંદ્ર સન્મુખ હોય તો સફળતા, જમણો લાભ, પીઠ પાછળ કષ્ટ તથા ડાબો હોય તો પ્રયાણમાં વિઘ્ન કરે છે. દિશા પરત્વે કોઠામાં ચંદ્ર દર્શાવેલ છે.

(વર-કન્યાની જન્મકુંડલી મેળ જોયા પછી રાશિ માટે ગુણક જોવાનો કોઠો) ગુણૈક્ય કોષ્ટક

વર / કન્યા	રાશિ	મેષ			વૃષભ			મિથુન			કર્ક			સિંહ			કન્યા				તુલા			વૃશ્ચિક			ધન				મકર				કુંભ			મીન			
		અશ્વિની	ભરણી	કૃ ૧	કૃ ૩	રોહિણી	મૃ ૨	મૃ ૨	આર્દ્રા	પુ ૩	પુ ૧	પુષ્ય	આશ્લેષા	મઘા	પૂ.ફા.	ઉ ૧	ઉ ૩	હસ્ત	ચિ ૨		ચિ ૨	સ્વાતિ	વિ ૩	વિ ૧	અનુરાધા	જ્યેષ્ઠા	મૂળ	પૂ ૦॥	પૂ ૩॥	ઉ ૧	ઉ ૩	શ્ર ૧॥	શ્ર ૨॥	ધ ૨	ધ ૨	શત.	પૂ ૩	પૂ ૧	ઉ.ભા.	રેવતી	
		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૦	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૨	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	
અશ્વિની	મેષ	૨૮	૩૩	૨૭॥	૧૮॥	૨૧॥	૨૨॥	૨૫	૧૭	૧૮	૨૨॥	૩૦॥	૨૭	૨૭	૩૧	૨૨॥	૧૨	૦૯	૧૩	૦૧	૨૨॥	૨૫॥	૨૧॥	૨૪॥	૩૨॥	૨૧	૨૦	૩૨	૩૩	૩૧॥	૨૬	૨૭	૨૬	૧૯	૧૯	૧૫	૧૫	૨૦॥	૩૧॥	૩૩	૦૧
ભરણી		૩૪	૨૮	૨૮	૧૯	૨૨॥	૧૪॥	૧૭	૨૬	૨૬	૩૦॥	૨૨॥	૨૪॥	૨૬	૨૪	૩૨	૨૦॥	૨૧	૦૪	૦૨	૧૩॥	૨૯॥	૨૦॥	૨૩॥	૨૩॥	૨૫॥	૨૭	૨૫	૨૬	૩૪	૨૮॥	૨૭	૨૬	૦૯	૦૯	૨૦	૨૩	૨૮॥	૨૩॥	૩૩॥	૦૨
કૃ.પૈ.૧		૨૬॥	૨૮	૨૮	૧૮	૧૦	૧૬॥	૧૯	૨૦	૨૦	૨૪॥	૨૬॥	૨૨॥	૨૨॥	૨૬	૨૭	૧૬॥	૧૬॥	૧૮	૦૩	૨૭॥	૧૫॥	૧૯॥	૨૨॥	૨૫॥	૩૧॥	૩૧॥	૨૪	૨૫	૨૦	૧૪॥	૧૨॥	૧૧॥	૨૪	૨૪	૨૬	૧૮	૨૩॥	૨૬॥	૧૭॥	૦૩
કૃ.છે.૩	વૃષભ	૧૭॥	૧૯	૧૯	૨૮	૧૯	૨૫॥	૨૩॥	૨૪॥	૨૪॥	૨૧	૨૩	૧૯	૧૭॥	૨૧	૨૨	૨૮	૨૮	૩૦॥	૦૪	૨૯॥	૧૭॥	૨૧॥	૨૦॥	૨૩॥	૨૯॥	૨૦	૧૩॥	૧૪॥	૦૮॥	૨૦	૧૮	૧૭	૨૯॥	૨૮॥	૩૦॥	૨૨॥	૧૯	૨૨	૧૩	૦૪
રોહિણી		૨૨॥	૨૨॥	૧૦	૧૮	૨૮	૩૬	૩૪	૨૯॥	૨૯॥	૨૬	૨૬	૧૨	૧૦॥	૨૪॥	૨૬	૩૨	૩૨	૨૭	૦૫	૨૬	૨૧॥	૧૬॥	૧૫॥	૨૯॥	૨૩॥	૧૩	૨૦	૨૧	૧૨॥	૨૪	૨૬	૨૫	૨૭	૨૬	૨૨॥	૩૦॥	૨૭	૨૫	૧૭	૦૫
મૃ.પૈ.૨		૨૨॥	૧૩॥	૧૭॥	૨૫॥	૩૫	૨૮	૨૪	૩૦	૨૯॥	૨૬	૧૯	૨૧	૧૯॥	૧૫॥	૨૩॥	૨૯॥	૩૨	૨૦	૦૬	૧૯	૩૧	૨૫॥	૨૪॥	૨૧॥	૨૪॥	૧૪	૧૧	૧૨	૧૮	૨૯॥	૩૪	૩૩	૨૦	૧૯	૨૫	૨૯॥	૨૬	૧૬	૨૫	૦૬
મૃ.છે.૨	મિથુન	૨૫	૧૬	૨૦	૨૪॥	૩૪	૨૫	૨૮	૩૨	૩૧॥	૨૦	૧૨	૧૫	૨૩॥	૧૯॥	૨૭॥	૩૦॥	૩૩	૨૧	૦૭	૨૧	૩૩	૨૭॥	૧૫	૧૨	૧૫	૨૧	૧૯	૧૮	૨૩	૨૬॥	૩૨	૩૧॥	૧૮॥	૧૩	૨૦	૨૩॥	૨૫॥	૧૫॥	૨૪॥	૦૭
આર્દ્રા		૧૯	૧૭	૨૧	૨૫॥	૨૯॥	૩૧	૩૨	૨૮	૨૫	૧૩॥	૨૧	૧૪	૨૨॥	૨૮॥	૨૧॥	૨૪॥	૨૪॥	૨૭	૦૮	૨૭	૩૪	૨૭	૧૪॥	૧૮	૦૪	૧૬	૨૮	૨૭	૨૭	૩૦॥	૩૦॥	૩૦	૨૩॥	૧૯	૧૨	૧૭	૧૯	૨૬॥	૨૬॥	૦૮
પુ.પૈ.૩		૧૯	૨૬	૨૨	૨૬॥	૨૮॥	૨૯॥	૩૦॥	૨૩	૨૮	૧૫॥	૨૨॥	૨૧	૨૨॥	૨૬॥	૨૦॥	૨૩॥	૨૪॥	૨૬॥	૦૯	૨૬॥	૩૪	૨૮	૧૫॥	૨૧॥	૦૭	૧૪	૨૭	૨૬	૨૬	૨૯॥	૩૦॥	૩૦	૨૪	૧૮॥	૧૩	૧૬	૧૮	૨૭	૨૬॥	૦૯
પુ.છે.૧	કર્ક	૨૧॥	૨૮॥	૨૪॥	૨૧	૨૩	૨૪	૧૮	૧૦॥	૧૪॥	૨૮	૩૪	૨૯॥	૨૩॥	૨૭॥	૨૧॥	૧૭	૧૮	૨૦	૧૦	૧૯॥	૨૭	૨૧	૨૦	૨૬	૧૧॥	૧૫	૨૮	૨૮॥	૨૮॥	૨૫	૨૬	૨૭	૨૦	૧૨॥	૦૭	૧૦	૧૬	૨૫	૨૪॥	૧૦
પુષ્ય		૨૯॥	૨૦॥	૨૬॥	૨૩	૨૩	૧૬	૧૦	૧૮	૨૦॥	૩૪	૨૮	૨૯	૨૫॥	૨૧॥	૩૦॥	૨૬	૨૭	૧૨	૧૧	૧૧॥	૨૬॥	૨૧	૨૦	૧૮	૨૧	૨૪	૧૮	૧૮॥	૨૮॥	૨૫	૨૩	૨૪	૧૨	૦૪॥	૧૩॥	૧૮	૨૪	૧૮	૨૬	૧૧
આશ્લે.		૨૫	૨૩॥	૨૧॥	૧૮	૧૦	૧૮	૧૨	૧૨	૧૬	૨૮॥	૨૮	૨૮	૨૨	૨૨॥	૨૪॥	૨૦	૨૦	૨૫	૧૨	૨૪॥	૧૧॥	૧૬॥	૧૫॥	૨૦	૨૬	૨૯॥	૨૩	૨૩॥	૧૫॥	૧૨	૧૨	૧૩	૨૬	૧૭॥	૧૮॥	૧૧॥	૧૭॥	૨૦	૧૨	૧૨
મઘા	સિંહ	૨૬	૨૬	૨૨॥	૧૬॥	૦૮॥	૧૬॥	૨૦॥	૨૦॥	૧૯॥	૨૨॥	૨૫॥	૨૨	૨૮	૩૦	૨૬॥	૨૨॥	૨૨॥	૨૮॥	૧૩	૨૪॥	૧૦॥	૧૬॥	૨૨॥	૨૪॥	૩૨	૩૧	૨૬	૨૬	૧૫॥	૦૩॥	૦૪॥	૦૫॥	૧૯॥	૨૪॥	૨૪॥	૧૮॥	૨૫॥	૨૫॥	૧૯	૧૩
પૂ.ફા.		૩૨	૨૪	૨૬	૨૦	૨૨॥	૧૪॥	૧૮॥	૨૬॥	૨૫॥	૨૮॥	૨૩॥	૨૨॥	૩૦	૨૮	૩૪	૩૦	૨૮॥	૧૪॥	૧૪	૧૦॥	૨૪॥	૧૮॥	૨૪॥	૨૨॥	૨૪॥	૨૫	૨૪	૨૪	૩૧	૧૯	૧૮॥	૧૯॥	૦૫॥	૧૦॥	૧૮॥	૨૪॥	૩૧॥	૨૩॥	૩૧॥	૧૪
ઉ.પૈ.૧		૨૩॥	૩૨	૨૭	૨૧	૨૪	૨૨॥	૨૬॥	૨૦॥	૨૦॥	૨૩॥	૩૨॥	૨૫॥	૨૬॥	૩૪	૨૮	૨૨	૨૩	૨૦॥	૧૫	૧૬॥	૨૫॥	૧૬॥	૨૨॥	૩૦॥	૧૬॥	૧૬॥	૩૨	૩૨	૩૨	૨૦	૨૦	૨૧	૨૨॥	૧૭॥	૧૧॥	૧૫॥	૨૨॥	૩૩॥	૩૧॥	૧૫
ઉ.છે.૩	કન્યા	૧૪	૨૧॥	૧૭॥	૨૮	૩૧	૨૯॥	૨૯॥	૨૩॥	૨૩॥	૧૯	૨૮	૨૧	૨૩॥	૩૧	૨૩	૨૮	૨૭	૨૪॥	૧૬	૨૩॥	૩૨॥	૨૩॥	૧૮	૨૬	૧૨	૧૪	૨૯॥	૨૮॥	૨૮॥	૨૬	૨૬	૨૫॥	૧૭	૨૩॥	૧૭॥	૨૧॥	૧૭॥	૨૮॥	૨૬॥	૧૬
હસ્ત		૧૦	૨૧	૧૮॥	૨૯	૩૦	૩૧	૩૧	૨૨॥	૨૩॥	૧૯	૨૮	૨૨	૨૪॥	૨૮॥	૨૩	૨૬	૨૮	૨૮	૧૭	૨૭	૩૩॥	૨૪॥	૨૦	૨૬	૧૩	૧૫	૨૭	૨૬	૨૭॥	૨૫	૨૬	૨૫॥	૧૯॥	૨૬	૧૫॥	૨૦॥	૧૬॥	૨૬॥	૨૦॥	૧૭
ચિ.પૈ.૨		૧૩	૦૫	૧૯	૨૯॥	૨૭	૧૯	૧૯	૨૫	૨૩॥	૧૯	૧૧	૨૫	૨૯॥	૧૫॥	૨૦॥	૨૩॥	૨૬	૨૮	૧૮	૨૫	૨૬	૩૩॥	૨૮	૧૧	૨૫	૨૭	૧૩	૧૨	૨૧	૧૮॥	૧૯	૧૮॥	૧૬॥	૨૩	૩૧	૨૩॥	૧૯॥	૧૦॥	૧૯॥	૧૮
ચિ.છે.૨	તુલા	૨૧॥	૧૩॥	૨૭॥	૨૯॥	૨૭	૧૯	૨૦	૨૬	૨૪॥	૧૮॥	૧૦॥	૨૪॥	૨૫॥	૧૧॥	૧૬॥	૨૩॥	૨૬	૨૬	૧૯	૨૮	૨૭	૩૪॥	૨૪॥	૦૬॥	૨૦॥	૨૭	૧૩	૧૨	૨૧	૨૫॥	૨૬	૨૫॥	૨૩॥	૨૫	૩૩	૨૫॥	૧૩॥	૦૪॥	૧૩॥	૧૯
સ્વાતિ		૨૭॥	૨૯॥	૧૭॥	૧૯॥	૨૦॥	૩૧	૩૨	૩૩	૩૪	૨૮	૨૭॥	૧૩॥	૧૨॥	૨૪॥	૨૫॥	૩૨॥	૩૪॥	૨૭	૨૦	૨૭	૨૮	૨૦	૧૦	૨૨॥	૧૭॥	૨૩	૨૭	૨૬	૧૮	૨૨॥	૨૩॥	૨૩	૨૬॥	૨૮	૨૭	૩૨	૨૦	૨૩॥	૧૬॥	૨૦
વિ.પૈ.૩		૨૨॥	૨૨॥	૨૦॥	૨૨॥	૧૭॥	૨૫॥	૨૬॥	૨૬	૨૬	૨૦	૨૦	૧૬॥	૧૭॥	૧૯॥	૧૬॥	૨૩॥	૨૪॥	૩૪॥	૨૧	૩૪॥	૧૮	૨૮	૧૭	૧૭	૨૧॥	૨૭	૨૧	૨૦	૧૩	૧૭॥	૧૬॥	૧૬	૩૦	૩૧॥	૩૩	૨૭	૧૫	૧૪	૦૫॥	૨૧
વિ.છે.૧	વૃશ્ચિક	૨૩॥	૨૩॥	૨૦॥	૧૮॥	૧૪॥	૨૨॥	૧૨	૧૨॥	૧૨॥	૧૮	૧૮	૧૪॥	૨૧॥	૨૩॥	૨૦॥	૧૬	૧૭	૨૭	૨૨	૨૩॥	૦૭	૧૬	૨૮	૨૭	૩૧॥	૨૮॥	૨૨॥	૨૩॥	૧૬॥	૧૨	૧૧	૧૧	૨૫	૨૪	૨૫॥	૧૯॥	૨૬	૨૫	૧૬॥	૨૨
અનુ.		૩૧॥	૨૧॥	૨૫॥	૨૩॥	૨૭॥	૨૦॥	૧૦	૧૫	૧૯॥	૨૫	૧૭	૨૦	૨૪॥	૨૦॥	૨૮॥	૨૪	૨૫	૧૦	૨૩	૦૬॥	૨૦॥	૧૬	૨૭	૨૮	૩૧	૨૨॥	૨૦॥	૨૧॥	૨૯॥	૨૫	૨૬	૨૬	૧૨	૧૧	૨૧	૨૪॥	૩૧	૨૪	૩૩	૨૩
જ્યેષ્ઠા		૧૯	૨૪॥	૩૦॥	૨૮॥	૨૨॥	૨૨॥	૧૨	૦૨	૦૪	૦૯॥	૧૯	૨૫	૩૧	૨૩॥	૧૫॥	૧૧	૧૧	૨૩	૨૪	૧૯॥	૧૪॥	૧૯॥	૩૦॥	૩૦	૨૮	૨૧	૨૩॥	૨૪॥	૨૪॥	૨૦	૨૦	૨૦	૨૫	૨૪	૧૮	૧૦	૧૬॥	૨૭	૨૭	૨૪
મૂળ	ધન	૧૯	૨૭	૩૧॥	૨૦	૧૩	૧૩	૨૦	૧૫	૧૧	૧૪	૨૪	૨૯॥	૩૦	૨૪	૧૬॥	૧૩	૧૩	૨૫	૨૫	૨૫	૨૧	૨૫	૨૮॥	૨૧॥	૨૧	૨૮	૨૮	૨૭	૨૫॥	૧૬॥	૧૬॥	૧૬	૨૧	૨૮॥	૨૧॥	૧૪॥	૧૬	૨૫	૨૬॥	૨૫
પૂ.પૈ.૦॥		૩૩	૨૫	૨૫	૧૩॥	૨૦	૧૨	૧૯	૨૭	૨૭	૩૦	૧૯	૨૪	૨૬	૨૪	૩૨	૨૮॥	૨૭	૧૧	૨૬	૧૧	૨૭	૧૯	૨૨॥	૨૨॥	૨૪॥	૨૮	૨૮	૨૭	૩૩	૨૪	૨૭॥	૨૭	૦૭	૧૪॥	૨૩॥	૨૮॥	૩૦	૨૩	૩૧	૨૬
પૂ.છે.૩॥		૩૪	૨૬	૨૬	૧૪॥	૨૧	૧૩	૧૮	૨૬	૨૬	૩૦॥	૧૯॥	૨૪॥	૨૬	૨૪	૩૨	૨૭॥	૨૬	૧૦	૨૭	૧૦	૨૬	૧૮	૨૩॥	૨૩॥	૨૫॥	૨૭	૨૭	૨૮	૩૪	૨૫	૨૮॥	૨૭॥	૦૭॥	૧૩॥	૨૨॥	૨૭॥	૩૦॥	૨૩॥	૩૧॥	૨૭
ઉ.પૈ.૧		૩૨॥	૩૪	૨૦	૦૮॥	૧૨॥	૧૯	૨૪	૨૬	૨૬	૩૦॥	૩૦॥	૧૬॥	૧૪॥	૩૦	૩૨	૨૭॥	૨૭॥	૨૦	૨૮	૨૦	૧૮	૧૨	૧૭॥	૩૧॥	૨૫॥	૨૫॥	૩૩	૩૪	૨૮	૧૮	૧૭	૧૫	૧૬॥	૨૨॥	૨૨॥	૨૮॥	૩૧॥	૩૧॥	૨૩॥	૨૮
ઉ.છે.૩	મકર	૨૮	૨૯॥	૧૫॥	૨૦	૨૪	૩૦॥	૨૭॥	૨૯॥	૨૯॥	૨૭	૨૭	૧૩	૦૩॥	૧૯	૨૦	૨૫	૨૫	૧૭॥	૨૯	૨૪॥	૨૨॥	૧૬॥	૧૩	૨૭	૨૧	૧૬॥	૨૪	૨૫	૧૯	૨૮	૨૬	૨૫	૨૫॥	૨૪॥	૨૪॥	૩૦॥	૨૯॥	૨૯॥	૩૧॥	૨૯
શ્ર.પૈ.૧॥		૨૮	૨૭	૧૪॥	૧૯	૨૫	૩૪	૩૧	૨૮॥	૨૯॥	૨૭	૨૫	૧૪	૦૫॥	૧૭॥	૧૯	૨૪	૨૫	૧૯	૩૦	૨૫	૨૨॥	૧૫॥	૧૨	૨૭	૨૨	૧૭॥	૨૪॥	૨૫॥	૧૬	૨૫	૨૮	૨૭	૨૭	૨૬	૨૫॥	૨૮॥	૨૭॥	૨૮॥	૨૧॥	૩૦
શ્ર.છે.૨॥		૨૭	૨૬	૧૩॥	૧૮	૨૪	૩૩	૩૦॥	૨૮	૨૯	૨૮	૨૬	૧૬	૦૬॥	૧૮॥	૨૦	૨૩॥	૨૪॥	૧૮॥	૩૧	૨૪॥	૨૨	૧૫	૧૨	૨૭	૨૨	૧૭	૨૪	૨૪॥	૧૫	૨૪	૨૭	૨૮	૨૮	૨૫॥	૨૫	૨૮	૨૮॥	૨૯॥	૨૨॥	૩૧
ધ.પૈ.૨		૨૦	૧૧	૨૬	૩૦॥	૨૭	૧૯	૧૬॥	૨૩॥	૨૨	૨૧	૧૩	૨૭	૧૬॥	૦૫॥	૧૨॥	૧૬	૧૭॥	૧૫॥	૩૨	૨૪॥	૨૩॥	૨૮	૨૫	૧૧	૨૫	૨૧	૦૭	૦૭॥	૧૬॥	૨૫॥	૨૫	૨૬	૨૮	૨૩॥	૩૦॥	૨૬	૨૬॥	૧૫॥	૨૨॥	૩૨
ધ.છે.૨	કુંભ	૨૦	૧૧	૨૬	૩૦॥	૨૭	૧૯	૧૩	૨૦	૧૮॥	૧૩॥	૦૫॥	૧૯॥	૨૫॥	૧૧॥	૧૭॥	૨૩॥	૨૫	૨૩	૩૩	૨૪	૨૬	૩૦॥	૨૪	૧૦	૨૪	૨૮॥	૧૪॥	૧૩॥	૨૩॥	૨૫॥	૨૫	૨૪॥	૨૪॥	૨૮	૩૩	૨૮॥	૨૨	૦૮	૧૫	૩૩
શતતારા		૧૫	૨૧	૨૦	૩૧॥	૨૪॥	૨૬	૨૦	૧૩	૧૩	૦૮	૧૪॥	૨૦॥	૨૫॥	૧૬॥	૧૨॥	૧૮॥	૧૪॥	૩૧	૩૪	૩૨	૨૫	૩૨	૨૫॥	૨૧	૧૯	૨૨॥	૨૪॥	૨૩॥	૨૩॥	૨૫॥	૨૫॥	૨૫	૩૦	૩૨	૨૮	૧૯	૦૯॥	૨૧	૧૭	૩૪
પૂ.પૈ.૩		૧૮	૨૫	૨૦	૨૪॥	૩૧॥	૩૧॥	૨૫॥	૧૮	૧૮	૧૩	૨૧	૧૩॥	૧૬॥	૨૫॥	૧૫॥	૨૧॥	૨૧॥	૨૩॥	૩૫	૨૪॥	૩૨	૨૬	૧૯॥	૨૫॥	૧૦	૧૪॥	૨૮॥	૨૭॥	૨૯॥	૩૧॥	૨૯॥	૨૯	૨૭	૨૮॥	૧૮	૨૮	૧૭॥	૨૩॥	૨૧	૩૫
પૂ.છે.૧	મીન	૨૧॥	૨૮॥	૨૩॥	૧૯	૨૬	૨૬	૨૫॥	૧૮	૧૮	૧૮	૨૬	૧૮॥	૨૪॥	૩૦॥	૨૦॥	૧૫॥	૧૫॥	૧૭॥	૩૬	૧૧॥	૧૯	૧૩	૨૫	૩૧	૧૫॥	૧૪	૨૮	૨૮॥	૩૦॥	૨૮॥	૨૬॥	૨૭॥	૨૫॥	૧૮	૦૭॥	૧૬॥	૨૮	૩૩	૩૦॥	૩૬
ઉ.ભા.		૩૧॥	૨૨॥	૨૫॥	૨૧	૨૫	૧૭	૧૬॥	૨૫॥	૨૭	૨૭	૨૩	૨૧	૨૪॥	૨૨॥	૩૨॥	૨૭॥	૨૬॥	૦૮॥	૩૭	૦૨॥	૨૦॥	૧૨	૨૪	૨૫	૨૭	૨૪	૨૨	૨૨॥	૩૦॥	૨૮॥	૨૮॥	૨૯॥	૧૩॥	૦૬	૧૭	૨૧॥	૩૨	૨૮	૩૪	૩૭
રેવતિ		૩૨	૨૧॥	૧૭॥	૧૩	૧૬	૨૫	૨૪॥	૨૪॥	૨૫॥	૨૫॥	૨૭	૧૪	૧૯	૨૯॥	૨૯॥	૨૪॥	૨૬॥	૧૮॥	૩૮	૧૨॥	૧૨॥	૦૪॥	૧૬॥	૩૩	૨૮	૨૬॥	૨૯	૨૯॥	૨૧॥	૧૯॥	૨૦॥	૨૧॥	૨૧॥	૧૪	૧૬	૧૮	૨૮॥	૩૩	૨૮	૩૮

રાશિ મેળ માટે એટલે ગણ, નાડી, કૂટ વગેરેના એકંદર વરકન્યાના ચરણાત્મક જન્મનક્ષત્ર ઉપરથી ચોક્કસ ગુણક મળશે; —ગુણક ૧૮ થી ઉપરના હોય તો સારા જાણવા; છતાં મૂળ આધાર કુંડલીના શુભા- [illegible] પર છે. ઉદાહરણ :—વરનું મઘા નક્ષત્ર છે અને કન્યાનું મૂળ નક્ષત્ર છે તેના ગુણક ૩૦ આવે છે તે સારા છે, પરંતુ કન્યાનું રોહિણી નક્ષત્ર હોય તો ૧૦॥ આવે છે માટે અશુભ જાણવા.

ઉપનયન વેવિશાળ વિવાહ સંબંધી માહિતી

उभायां भौम से सोना सुगन्धि द्रव्य गुड़ खाँड खली घी चावल तेज, शुक्ला ६ की वृद्धिसे आज सभी वस्तुय मन्दी, शुक्ला ८ मंगलवारी आगे फसल की वस्तुओं में अन्नादि में तेजी लावेगी, ता. २६ की रात को शुक्रमार्गी से बादल वर्षा वायुवेग सभी वस्तुओं में तूफानी मन्दीलावेगा। ता. २८ को स.प शनि २६ अगस्त ७६ के पश्चात पुनः आया है, वहाँ से चली लाइन यहाँ बदले अथवा उड़दतिल तेल के बी ज रुई पाटरेशम कालीमिर्च कागज दलहन, के साथ सभीवस्तुओं में अच्छा-मन्दा, चाँदी भी विशेष मन्दी, सोना ४ मास में अथवा चौथे मास में विशेष तेज हो सकेगा। गतवर्ष शुक्ला १० रविवारी के फलस्वरूप ४ मास में चाँदी विशेष तेज हुई थी। ता. ३० की रात को कन्ये राहु-मीने केतु डेढ़ वर्ष में गुड़ खाँड़ असली एरण्डा सरसों तिलहन विशेषमन्दे, सुगन्धि द्रव्य दोमास में तेज, रुई पाट रेशमसूत कपड़ा कालीमिर्च कागज विशेष तेज होंगे। वृषराशिमें शी. गुरु भी समर्थक है। शुक्ला १२ के क्षय से आज सभी वस्तुयें तेज होंगी। १ मई को शुक्ला १३ रविवारी गुड़ खाँड़ लालमिर्च को तेज करेगी। वैशाखी पूर्णिमा को विशाखानक्षत्र आगे तेजी करेगा।

उत्तर भारतीय ज्येष्ठ मास:— मे ५ बुधवार से रोगोपद्रव शेयर्स चाँदी में अन्यवस्तुओं के साथ अच्छीतेजी हो सकेगी। कृष्णा ४ के क्षय से आज मन्दा, ता, ८ मई को पूर्वोदयी बुध से आँधी तूफानादि का प्रकोप कहीं बादल वर्षा भी सम्भव, वस्तुओं के भावों में खलबलीया तेजी, यहाँ से चली लाइन ता. १२ को बदलेगी। ता. ११ को वृषे रवि से २४ मई तक ३० उ. प्र. पंजाब राजस्थान म. प्र. में बादल चाल बूंदा चाँदी होना श्रेष्ठ है। आगही रेवती का भौम शी. ग्रीष्म प्रकोप किराना तेज, रुई पाट रेशम के साथ अन्य वस्तुयें तेज तो कभी मन्दा भी लाता है। ता. १३ को मीने शुक्र-भौम-चन्द्र. योग कल तक सभी खाद्य वस्तुयें अन्नतेज करेगा। शाम को शनिदृष्ट मार्गी बुध से बादल वर्षा वायु वेग-वस्तुओं के भावों में खलबली अथवा मन्दी ता. १४ को सायंवृषे रवि होते ही गुरु+सूर्य योग (शनिवारी वृष संक्रांति) १० दिन में वर्षा योग उपर्युक्त क्षेत्रों में चलेगा। तेल के बीज मन्दे सोना गुड़ खाँड लाल मिर्च विशेष तेज, रुई पाट रेशम में भी तेजी होगी। ता. १६।१७ को मेषे बुध+चंद्र योग से वर्षा चाँदी में तेजी सम्भव है। अमावस की वृद्धि से खाद्य वस्तुओं में तेजी, रुई पाट रेशम कालीमिर्च चाँदी में आज मन्दी होगी।

ज्येष्ठमास:—शुक्ला में गुरुवार ४५ मुहूर्ता चन्द्रोदय सभी वस्तुओं में तुरन्त मन्दी, शुक्ल पक्ष में ३ बुधवार का समावेश सभी वस्तुओं में अच्छी तेजी कारक, प्रतिपदा बुधवार संयोगी आलू प्याज लहसन अदरख सौंठ हल्दी तिलहन-दलहन म अच्छी तेजी लाने वाला परक्षित योग है। २४ मई की रात को गुर्वस्त पश्चिमे, बादल वर्षा वायु वेग संवत् २०२२ की भाँति तेजी, सोना चाँदी सर्व धातु में मन्दा भी सम्भव है। साथ ही रोहे रवि ७ जून तक उ. प्र., राजस्थान पंजाब म. प्र. में सूर्यजितना तपेगा तदनुरुप आगे वर्षा श्रेष्ठ होगी, यहाँ से १३ दिनमें जहाँ भी वर्षा होगी वहाँ वर्षाकाल नेष्ट रहेगा। शुक्ला १० शनिवारी आगे वर्षानाशक कुयोग है ता. २८ को सायं शीघ्री मेषे भौम, ता. २९ को रात में मेषे शुक्र होकर शनि दृष्ट बुध+भौम+शुक्र योग साथ ही शनि-भौम का पारस्परिक दृष्ट युक्त केन्द्र योग से सोना चाँदी सर्वधातु के साथ सभी वस्तुओं में टर्निङ्ग प्वाइन्ट से तूफानी चाल निकलेगी। शुक्ला १४।१५ के क्षय से सभी वस्तुये तेज, रुई पाट रेशम चाँदी में मन्दा सम्भव है। १ जून को पूर्णिमा में अनुराधा नक्षत्र आगे वर्षा की कमी करेगा किन्तु दक्षिणी-पूर्वी हिन्द मानसून आने का भी यही उसमय है।

उत्तर भारतीय आषाढ़ मास:—कृष्णा १ गुरुवारी से उड़द तिल तेज, ६ जून की रात को वृषेबुध होकर गुरु+सूर्य+बुध योगसे दक्षिणी पूर्वी हिन्द में वर्षा प्रारम्भ हो जाने से इधर भी मन्दा अन्यथा तेजी होगी। यहीं से मेष राशि में शनि दृष्ट मंगल+शुक्रयोग से सोना चाँदी सर्वधातु के साथ तिलहन-दलहन भी मन्दे हो सकेंगे। कृष्णा ७ पश्चात् अष्टमी बुधवारी (बौहरा अष्टमी) से मन्दा, यदि आज उ. प्र. पंजाब राजस्थान म. प्र. में जहाँ भी सूर्य-चन्द्र बादलों में ही रहें अथवा बादलों से निकलें तो उस क्षेत्र में वर्षा काल श्रेष्ठ रहेगा, परीक्षित है। ता. १४ की रात को अग्नि मण्डल में मिथुने रवि होते ही शी. गुरु+बुध योग से दक्षिणी पूर्वी हिन्दमें घोर वर्षा सम्भव, मिथुन रवि काल में कन्ये राहु से सोना चाँदी सर्वधातु रुई पाट रेशम कालीमिर्च कागज सूत कपड़ा हल्दी घी आलू प्याज लहसुन दाल व अन्नादि में तेजी तो तिलहन में मन्दी भी आ सकेगी। ता. १५ को शी. भरे भौम तिलहन- दलहन गुड़ खाँड़ में तेजी ला सकेगा। गुरुवारी अमावस मृगशिरा संयोगी सुभिक्षकारी है।

आषाढ़ मास:— १८ जून को उच्चांशक में पूर्वोदयी गुरु से बादल वर्षा वायु वेग सभी खाद्य वस्तुयें मन्दी चावल तेज, चाँदी सोना रुई पाट रेशम कालीमिर्च सूत कपड़ा हल्दी में मन्दी सम्भव है अथवा २५ मई से चली लाइन यहाँ बदलेगी। यहाँ से मंगल के साथ शनि भी शीघ्री गति पर आकर ६० दिन तक मन्दी की चाल देंगे। ता. १८ को मृगे गुरु से सोना चाँदी सर्व धातु में अच्छा मन्दा, साथ ही रुई पाट रेशम काली मिर्च सूत कपड़ा मन्दे होंगे। ता. १९ को पूर्वास्तो बुध से बादल वर्षा वायु वेग रुई के साथ की सभी वस्तुओं में उछाला, सोना चाँदी सर्वधातु में मन्दा सम्भव है, बढ़े भावों बेचना। शुक्ला ४ की वृद्धि से देशी घी मूंग उड़द मोठ लोबियामन्दे, तो शुक्ला ८ के क्षय से सभी वस्तुयें तेज होंगी, ता. २१ को आर्द्रायां रविवार नक्षत्र फल से नेष्ट, रात को लगने से उत्तम, कुम्भ लग्न में केन्द्रस्थ चन्द्र-गुरु सामान्य शुभ है। ता. २३ को मिथुने बुध होकर सूर्य-बुध योग से सोना चाँदी सर्वधातु के साथ दलहन भी मन्दे होंगे गुरु का राशयान्त सभी वस्तुओं में आगे तेजी ला सकेगा, चलते रुख का व्यापार करें। शुक्ला ९ शनिवारी दुर्भिक्षकारी, यदि आज उ. प्र. पंजाब राजस्थान म. प्र. में बादल वर्षा हो, या सूर्य चन्द्रबादलों में ही रहें या बादलों से निकलें तो यहाँ आगे भी वर्षाश्रेष्ठ

किन्तु जहाँ भी खुला रहे तो वर्षा की कमी से आगे तेजी होगी, परीक्षित हैं। यहीं शनि-भौम का अंशात्मक केन्द्र योग से महोत्पात गुड़ खाँड़ के साथ अन्य वस्तुयें भी तेज होंगी शुक्ला ११ (देवशयनी) सोमवारी महाश्रेष्ठ, उपर्युक्त क्षेत्रों म यदि वर्षा होगी तो १२।१३ दिन म अच्छामन्दा भी हो सकेगा। ता. ३० को सायं वृषे शुक्र होकर शी. गुरु+शुक्र योग से ग्रीष्म का प्रकोप तो ८ दिन में कहीं बादल वर्षा सभी खाद्य वस्तुओं में मन्दी का झटका आकर तेजी।

उत्तर भारतीय प्रथम श्रावण मासः– १ जुलाई को कृष्णा १ का क्षयमन्दी कारक इस मास म उ. प्र. पंजाब राजस्थान म. प्र. म जहाँ भी पश्चिम व पश्चिमोत्तर की वायु जितनी जोर से चलेगी उतनी ही जोर से वर्षा भी होगी किन्तु दक्षिणी वायु चलते ही वर्षा ऐसे बन्द हो जाती है। ता. ४ को. शी. कृते भौम से प्रायः सभी वस्तुय तेज, कृष्णा ५ को वायुवेग हो तो घोर तेजी, यहाँ से पञ्चक के ५ नक्षत्रों में उपर्युक्त क्षेत्रों में जहाँ भी वर्षा होगी वहाँ उपज श्रेष्ठ अन्यथा कमी होगी। ता. ७ को १२ बजे शी. कर्क बुध होकर शी. शनि+बुध योग से शेयर्स तिलहन-दलहन में अच्छी तेजी, ता. ८ को सायंवृषे भौम होकर शी. गुरु-शी.+भौम+शुक्रयोगसे बादल वर्षा हो तो गुड़ खाँड़ में भयानक मन्दा भी सम्भव, व्यापार की सभी वस्तुओं मन्दी का धमाका ला सकेगा। कृष्णा ९ शनिवारी नेष्ट, आश्विनान्त में दुष्परिणाम प्रत्यक्ष होगा। कृष्णा ११ को कृतिका से तेजी, ता. ९ को चली वस्तुओं की लाइन में एकदम परिवर्तन कर देगा। कृष्णा १२ की वृद्धि समर्थक है कृष्णा ३० शनिवारी को श्री सूर्यदेव वारात् ५ नक्षत्रात् ५ (४५ मुहुर्ता) वायुमण्डल के नक्षत्र में शनि-बुध से युक्त होकर कर्क राशिस्थ होंगे, फलतः सभी वस्तुओं में वायु वेग होते ही गुड़ खाँड़ तिलहन-दलहन चना चावल में दो तरफा चाल होकर जोरदार तेजी होगी। सोना चाँदी सर्व धातु रुई पाट रेशम काली मिर्च सूत कपड़ा में मन्दी की आशा है चलती लाइन का उपयोग करें।

प्रथम श्रावणमास (मलमास):– शुक्ला १ से द्वितीय श्रावण कृष्णा अमावस तक ५ रविवार सभी खाद्यवस्तुओं में तेजी कारक १८ जुलाई को मिथुन गुरु होते ही वर्षा होतो सभी खाद्यवस्तुयें मन्दी भी सम्भव, ता. २२ की रातको शी. रोहे भौम से चना दालअन्नादि में मन्दी सम्भव, अन्य सभी वस्तुयें तेज, ता. २४ को सिंह बुध होते ही कर्क राशिमें शी. शनि+सूर्य से चाँदी ताँबा पीतल शेयर्स मन्दे, रुई रेशम पाट कालीमिर्च गुड़ खाँड़ सोना खट्टेपदार्थ नीबू इमली अमचूर तिलहन तेज, ता. २६ को शन्यस्त पश्चिम में बादल वर्षा संम्भव रुई तेज चाँदी पीतल ताँबा जस्ता मन्दे, आज ही शुक्ला ११ का क्षय (कृष्णा १२ की वृद्धि) सभी खाद्य वस्तुओं को तेज करेगा। ता. २८ को मिथुने शुक्र होकर गुरु+शुक्र योग से कहीं घोर-गर्मी, तो कहीं घोर वर्षा, तो कहीं भूकम्प रुई रेशम पाट सूत कपड़ा कालीमिर्च कागज गुड़ खाँड़ में अच्छा मन्दा, सोना चाँदी सर्वध.तु-तिलहन-दलहन के चलते रुख का व्यापार करें।

उत्तर भारतीय द्वितीय श्रावण मासः– में ५ रविवार से घोर गर्मी और तेजी, २ अगस्त की रातको सार्परवि होते ही वर्षा श्रेष्ठ होगी। जो मन्दी का कारण होता है। ता. ३ को सभी वस्तुयें मन्दी, ता. ११ को शी. मृगे भौम से तिलहन-दलहन गुड़ खाँड़ सोना चाँदी सर्वधातु तेज, कृष्णा ३० रविवारी आगे तेजी कारक है। मन्दी का रियक्शन पहले आकर सभी वस्तुयें तेज होंगी।

द्वितीय श्रावणमासः– १६ अगस्त को श्री सूर्यदेव गत संक्रान्ति से वारात् ४ नक्षत्रात् ५ (३० मुहूर्ता) अग्नि मण्डल के नक्षत्र में सायंबुध से युक्त होकर सिंह राशिस्थ होंगे। शुक्ला ५।६।७ को वर्षा हो तो आगे वहाँ वर्षा काल भी श्रेष्ठ रहेगा। ता. २१ की रात को मिथने भौमे होते ही गुरु+भौम योगवर्षाकाल में वर्षा नाशक तो कभी जल प्रलय वर्षा होतो मन्दा गुड़ खाँड़ के साथ सभी वस्तुओं में तूफानी चाल निकलेगी। शुक्ल ७ (तुलसीजयन्ती) को सूर्य चन्द्र बादलों से निकले तो उस क्षेत्र में आगामी वर्षाकाल भी श्रेष्ठ रहेगा। ता. २३ को नेपच्यून मार्गी. बुध वक्री से बादल वर्षा वायु वेग सोना चाँदी ताँबा जस्ता पीतल तिलहन दलहन तेज आज ही कर्के शुक्र होकर शी. शनि+शुक्रयोगसे तिलहन-दलहन शेयर्स के साथ अन्य वस्तुओं में भी तेजी होगी। ता. २२ को आर्द्रायां गुरुसे गेहूँ चना सरसों अलसी गुड़ खाँड़ सोना चाँदी सर्वधातुनारियल सुगन्धि द्रव्यतेज, देशी घी चावल रुई पाट रेशम कालीमिर्च मन्दे होंगे। शुक्ला १२ के क्षय से देशी घी अन्नादितेज, सोनाचाँदी सर्वधातु तेल केबीजों में विशेष चाल निकलेगी। आज उपर्युक्त क्षेत्रों जहाँ भी आकाशबादलों से ढका रहे, बूँदाबाँदी हो वहाँ उपज श्रेष्ठ होगी।

उत्तर भारतीय भाद्रपदमासः – २९ अगस्त को अगस्त्योदय, बुधास्त पश्चिम में पूर्वी वायु चलते ही इस मास में घोर वर्षा, वस्तुओं के चलते रुखमें एकदम परिवर्तन होगा। ता. २३ से चली लाइन आज बदलेगी। ता. ३० को ढाई बजे पूफायां रवि को पूर्वी वायु चलते ही १३ दिनतक उ. प्र. पंजाब राजस्थान म. प्र. मे श्रेष्ठ वर्षाकरता रहेगा। ता. ३१ को पूर्वोदयी शनि से कहीं घोर वर्षा तो कहीं वर्षानाश, व्यापारिक वस्तुओं की २६ जलाई से चलीलाइन को यहाँ से बदल देगा। सोना चाँदी सर्वधातु तेज, तेल के बीज दाल व अन्नादि मन्दे, गुड़ खाँड़ में कोई अच्छीचाल निकलेगी। १ दिसम्बर को आर्द्रायां भौम (आर्द्रा-नक्षत्र में गुरु-भौम) से पश्चिमी हिन्द में घोर वर्षा तो कहीं सूखातिलहन-दलहन चना तुअर गुड़ खाँड़ सोना चाँदी सर्वधातुतेज होगी किन्तु सायन कर्के भौम आज सभी खाद्यवस्तुयें मन्दी करेगा। ता. ३ को को सायं हस्त ४ चरणे राहु से रुई पाट रेशम कपड़ा सूत कागज चावल गुड़ खाँड़ तेज अन्नादि मन्दे करेगा। कृष्णा ७ रविवारी की वृद्धि से तेनी साथ ही गेहूँ जोचना हल्दी गुड़ तेल नमक धनियाँ हींग जीरा आगे मार्गशीर्षमास में भी तेज होनेकी सूचना है। श्री कृष्ण जन्माष्टमी सोमवारी से सन सूत कपास बिनोला श्वेतवस्त्र चाँदी धीशक्कर तेज होगी। ता. ७ को शीघ्री सिंहे शनिसे घोर वर्षा सोना चाँदीताँबा जस्ता पीतल किराना रुई पाट रेशम कालीमिर्च गुड़ खाँड़ म खतरनाक चाल, ढाई वर्ष में रुई के भावों को आधीतक कर सकेगा। पैसे की तेल के बीज गुड़ खाँड़ तेज होते जावेंगे। पैसे की तंगी, भूमि मकानादि का मूल्य घटावेगा, बैंक ब्याज बढ़ेगा। कृष्णा ३० मंगलवारी (संक्रान्ति अमावस एकवारी) सोना चाँदी सर्वधातु तलहन-दलहन तेज करेगी।

भाद्रपद मासः– शुक्ला १ से आश्विनी अमावस तक ५ बुधवार से आलू प्याज लहसुन अदरख सौंठ हल्दी सूत तथालालवस्तुयें तेज, देशी घी मन्दा होगा। १४ सितम्बर को मार्गी बुध से बादल वर्षा, रुई पाट रेशमकाली मिर्च का गज के अन्य वस्तुयें भी मन्दी हो सकेंगी। शुक्ला २ को उ. प्र. पंजाब राजस्थान म. प्र. में सूर्य-चन्द्र जहाँ भी बादलोंमें ही ढँके रहें वहाँ उत्पत्ति श्रेष्ठ आज से शुक्ला ६ तक इन्हीं क्षेत्रों में बादल वर्षा हो तो उत्पत्ति श्रेष्ठ, तुरन्तही अच्छा मन्दा खुला रहें तो एकदम तेजी होगी। ता. १६ को सायंकन्ये रवि होते ही भौम दृष्ट राहु+सूर्य योग से रुई पाट-रेशम सूत कपड़ा कालीमिर्च कागज में अच्छा मन्दा, सोनाचाँदी सर्वधातु तेज होगी। ता. १७ कोसिंहे शुक्र होते ही बुध+शनि+शुक्र योग से चाँदीमन्दी, सोना तेज हो सकेगा। कृष्णा ७ की वृद्धि के पश्चात शुक्ला ५ का क्षय तेजी कारक, शुक्ला ६ अनुराधा संयोगी उपर्युक्त क्षेत्रों में जहाँ भी वर्षा होगी, वहाँ उपज श्रेष्ठ तुरन्त ही अच्छा मन्दा, खुला रहे तो एकदम तेजी होगी। शुक्ला ४।५।७।८।१५ को बादल बिजली गर्जना हो तो तुरन्त ही अच्छी वर्षा होती है। शुक्ला ८ (राधाष्टमी) मूल संयोगी से सोना सन पाट-कुष्टाहीशियन बारदाना ५ मास में अथवा पाँचवें मास में विशेष तेज करेगी। ता. २४ को पुनर्वसु के भौम से सभी खाद्य वस्तुयें तेज, वर्षा होतो मन्दा होगा पूर्णिमा उ. भा. संयोगी श्रेष्ठ उपर्युक्त क्षेत्रों में जहाँ भी आज सूर्य-चन्द्रवा में ही रहें, बादल चाल वर्षा हो तो आगे अच्छा मन्दा होगा,।

उत्तर भारतीय आश्विन मासः– इसमासमें ५ बुधवार होने से सोना चाँदी सर्व धातुमें इकतरफा खतरनाक चाल. सभी खाद्य वस्तुओं को

सायलेकर उपज की कमी वेशी पर होगी. गुड़ खाँड़ में तेजी की आशा है कृष्णा ? को सभी वस्तुयें मन्दी, ३० सितम्बर की रात को कन्यायां बुध होकर राहु+सूर्य+बुध योग से गुड़ खांड़ सोना चांदी हल्दी विशेष तेज होगी। १ अक्टोबर को कृष्णा ४ शनिवारी से गुड़ खांड़ आज मन्दे, आज ही ४० दिन को बुधास्त पूर्व में बादलवर्षा, जो सभी खाद्य वस्तुओं के मूल्य को घटावेगा। आज से चली व्यापारिक वस्तुओं की लाइन ता. ५ को बड़े जोर+शोर से बदलेगी। कृष्णा १० की वृद्धि से देशी घी अन्नादि तेज, कृष्णा १३ के क्षय से सोना चांदी सर्वधातु तिलहन दलहन गुड़ खांड़. मन्दे होंगे। कृष्णा ३० बुधवारी होना श्रेष्ठ, आज ही ता. १२ को शी. कन्ये शुक्र होते ही राहु-सूर्य+बुध+चन्द्र+शुक्र योग (पंचग्रही) से बादल वर्षा वायुवेग विक्रम संवत् २०१५ की भांति सोना चांदी सर्वधातु तेज, तिलहन दलहन मक्कामें अच्छा मन्दा होगा।

आश्विन मासः—शुक्ला १ से दिवाली तक ५ गुरुवार मन्दी कारक, १३ अक्टोबर को कर्के भौम (३१ मई ७८ तक) से साढ़े सात मास तक सभी वस्तुओं में मन्दा हो आश्चर्य नहीं। शुक्ला २ को शुक्रवार (४५ मुहूर्त) उत्तर शृंगी चन्द्रोदय सभी वस्तुओं में मन्दी करेगा। शुक्ला ३ शनिवारी से ग्रीष्म प्रकोप खाद्य वस्तुयें तेज सम्भव, शुक्ला ४ रविवारी से देशी घी १५ दिनमें तेज हो जानेपर बेचो तथा १५ दिनमें अन्नादिमन्दे हो जाने पर खरीदो, यहयोग विक्रम संवत् २०१३ में बनाथा। ता. १७ को दिल्ली में सूर्योदय से ३ मिनट पूर्व श्रीसूर्यदेव रविवार को वारात् ३ नक्षत्रात् ४ (माहेन्द्रमण्डल) में शनि से संदृष्ट तुले रवि से सोना चांदी सर्वधातु गुड़ खांड़ में तुरन्त मन्दी, तेल के बीज दाल अन्नादि के भावों को मासार्ध पश्चात् बढ़ावेगा। इस संक्रान्ति में बादल वर्षा भी होगी। ता. १८ को तुले बुध होकर सूर्य+बुध, तथा कन्ये राहु+शुक्र योग से तिलहन दलहन रुई पाट रेशम चांदी मन्दे, बुधाष्टमी क्षय से चांदी के साथ सभी वस्तुयें तेज, ता. २० को पुष्ये भौम से चांदी रुई पाट रेशम काली-मिर्च मन्दे, सोना के साथ तिलहन दलहन तेज, ता. २५ को गुरु वक्री से बादल वर्षा वायुवेग शीतवृद्धि रुई पाट रेशम काली मिर्च चांदी सोना किराना पीतल हल्दी के साथ अन्यवस्तुयें भी तेज होंगी। आश्विनी पूर्णिमा को अश्विनी-नक्षत्र आगे सुख सुभिक्ष करेगा।

उत्तरभारतीय कार्तिकमासः— कृष्णा १ को सूर्य-चन्द्र पर कुण्डल हों तो तिलहन विशेष तेज होते हैं। कृष्णा १ की वृद्धि से सभी खाद्य वस्तुयें तेज, ३०।३१ अक्टोबर को सभी वस्तुयें मन्दी होंगी। ५ नॉम्बर को शी. तुले शुक्र होते ही सूर्य+शी. शुक्र से वायुवेग रुई रेशमपाट कालीमिर्च तेज, सायंवृश्चिके बुध से तिलहन तेज गुड़ खांड़ दलहन अन्नादि मन्दे करेगा। २० अंश पर कन्यायां राहु विक्रम संवत् २०१५ की भांति चांदी में तेजी की चाल दिखावेगा। ता. १० को पश्चिमोदयी बुध से बादल वर्षा वायु वेग शीतवृद्धि वस्तुओं की चलतीलाइन जबर्दस्त परिवर्तन, यहाँ से उपज की कमी वेशी पर जोरदार इकतरफा चाल निकलेगी। आज ही दीपावली गुरुवारी मन्दी कारक, किन्तु आज तेजी या मन्दी रहे तो वही चाल मकर संक्रान्ति लगने तक सीधी चलेगी। स्वाति नक्षत्र में दीपोत्सव विशाखा में गोवर्धन पूजा कभी घोर तेजी तो कभी भयानक मन्दी भी लाती है। दीपक जलते समय वायुवेग हो तो तेजी, मौसम शान्त होकर गर्मी सीजान पड़े तो आगे सभी खाद्य वस्तुओं में अच्छा मन्दा होगा। दिनांक ५।७।७६

☆

સર્વતોભદ્રચક્ર

(૧૨૬ મા પાનાથી ચાલુ)

વિગેરે અનુસાર ફળ આપે છે, અને તે અશુભ કષ્ટદાયી જ હોય છે.

આવા દગ્ધ, જ્વલિત અને ધૂમિત નક્ષત્રો ઉપરથી ચંદ્ર પસાર થતાં તે તે નક્ષત્રો શુદ્ધ થઈ જાય છે. પછી તેનું 'અશુભત્વ' રહેતું નથી.

વેધની સમજ

૧૧૮-૧૧૯મા પાનામાં દર્શાવેલ કોઠાઓમાં ત્રણ મુખ્ય ખાનાઓ છે અને તે દરેકની અંદર પેટાખાનાઓ છે.

પહેલા મુખ્ય ખાનામાં વેધના ગ્રહો તથા નક્ષત્રો આપેલ છે. પહેલા પેટા ખાનામાં જણાવેલ ગ્રહ બીજા પેટા ખાનામાં જણાવેલ નક્ષત્રમાં છે અને ત્રીજા પેટા ખાનામાં જણાવેલા ગ્રહ ચોથા પેટા ખાનામાં જણાવેલ નક્ષત્રમાં છે. ગ્રહ વક્રી હોતાં R સંજ્ઞાથી, માર્ગી D સંજ્ઞાથી, શીઘ્ર હોતાં + સંજ્ઞાથી તેમજ મધ્યમ ગતિનો થતાં M સંજ્ઞાથી દર્શાવેલ છે. ગ્રહ શીઘ્ર કે મધ્યમ ગતિનો થાય તેનો તેનો સમય ચોક્કસ થઈ શકતો ન હોવાથી સમયના કલાક મિનિટની કોલમમાં ગ્રહનો અક્ષર તથા શીઘ્ર માટે + તથા મધ્યમ ગતિ માટે M નિશાનીથી દર્શાવેલ છે.

બીજા મુખ્ય ખાનામાં નક્ષત્રવેધના સમયના આરંભ તથા સમાપ્તિકાળ, તારીખ, કલાકમિનિટમાં છે.

ત્રીજા મુખ્ય ખાનામાં નક્ષત્રચરણ વેધના સમયના આરંભ તથા સમાપ્તિકાળ, તારીખ, કલાક, મિનિટમાં આપેલા છે તથા તે સમયે વેધના ગ્રહો ક્યા નવમાંશમાં છે તે પણ જુદા ખાનામાં દર્શાવેલ છે. પહેલા ખાનાનો ગ્રહ નવમાંશના પહેલા ખાનામાં જણાવેલ નવમાંશમાં તથા ત્રીજા ખાનાનો ગ્રહ બીજા ખાનામાં જણાવેલ નવમાંશમાં છે.

દરેક ૧ખને વેધકર્તાઓ—એક અથવા બેઉ—ને વેધના કોઠાઓમાં કાળા અક્ષરથી દર્શાવવામાં આવેલ છે. બન્નેનો પરસ્પર વેધ થતો હોય છે ત્યારે બન્ને ગ્રહોને કાળા અક્ષરોમાં છાપવામાં આવેલ છે. તથા જ્યારે વેધ થતો નથી છતાં ગ્રહો તે જ નક્ષત્રમાં સ્થિત રહેતા હોય છે ત્યારે બન્ને ગ્રહોને નાના અક્ષરોમાં છાપેલ છે.

વેધ ફળ

મનુષ્ય દેશ પ્રાણી કે વસ્તુઓનાં અક્ષરાદિને શુભગ્રહનાં વેધથી શુભફળ મળે છે અને અશુભ ગ્રહના વેધથી અશુભ ફળ મળે છે. વસ્તુઓમાં શુભ ગ્રહોના વેધ મંદીકારક તથા પાપગ્રહોના વેધ તેજીકારક બને છે.

પાપગ્રહથી નક્ષત્રનો વેધ થાય તો શરીર પીડા, અક્ષરનો વેધ થાય તો સરકારી તંત્ર દ્વારા ભય, રાશિનો વેધ થાય તો સંકટ, તિથિનો વેધ થાય તો મતિભ્રમ તથા ધનહાનિ અને સ્વરનો વેધ થાય તો અકસ્માતનો ભય રહે છે. રાશિ, નક્ષત્ર, અક્ષર, તિથિ તથા સ્વર એ પાંચેને પાપગ્રહોનો વેધ એક સાથે થાય તો મૃત્યુ થાય છે.

સૂર્યના વેધથી સત્તાધીશો સાથેના વિરોધથી મનને સંતાપ, પ્રવાસ, મસ્તકનો દુખાવો, તાવની પીડા, વાહનથી ભય, વડીલોથી વિરોધ કે ધન સંબંધિ નુકસાન થાય છે.

મંગળના વેધથી ધનહાનિ, બુદ્ધિવિભ્રમ, કાર્યમાં નિષ્ફળતા તથા સ્થાવર મિલ્કત બાબતમાં ઝગડા, સ્વજનનો વિયોગ તથા રક્તવિકાર થાય છે.

શનિના વેધથી વ્યાધિ, ભય, શોક, મિત્રો તથા સ્વજનોથી વિરોધ, બંધન, સ્થાનહાનિ, મહાવ્યાધિ, કોર્ટ દરબારે નિષ્ફળતા મળે છે.

રાહુના વેધથી હૃદયરોગ, મુર્છા, કાર્યમાં વિઘ્ન, બ્રાહ્મણોથી વેર થાય છે.

કેતુના વેધથી પત્નીને કષ્ટ, સરકારી તંત્ર દ્વારા ભય, તથા દેહપીડા થવા સંભવ રહે છે.

ચંદ્ર ના વેધમાં પૂર્ણ ચંદ્રથી શુભ ફળ તથા ક્ષીણ ચંદ્રથી અશુભ ફળ મળે છે.

શુક્રના વેધથી ભોગવિલાસના સાધનો તથા સગવડોમાં વધારો થવા પામે છે. સ્ત્રી સુખ, મોટાઓની કૃપા, સંતાનસુખ તથા માંગલિક કાર્યો થાય છે.

બુધના વેધથી તેજસ્વી બુદ્ધિ, પરિક્ષામાં સફળતા અને નીપુણતા મળે છે.

ગુરુના વેધથી ધનલાભ, યશ તથા સર્વ કાર્યોમાં સફળતા આરોગ્ય મળે છે.

વેધકર્તા બુધ, અસ્તનો હોય, ક્રૂર ગ્રહથી યુક્ત હોય, શત્રુક્ષેત્રી હોય, નીચ હોય તો તે અશુભ ફળદાયક બને છે.

વેધકર્તા શુભ ગ્રહ જો ક્રૂર ગ્રહથી યુક્ત હોય તો તેનુ શુભફળ મળી શકતું નથી. પરંતુ અશુભ ફળ મળે છે.

☆

સંવત ૨૦૩૩નું રાશિભવિષ્ય

લેખક : શ્રી જમનાદાસ જીવરાજાણી
૪૫, ભાગ્યનગર, બોરીવલી, મુંબઇ ૪૦૦ ૦૯૨

રાશિ ભવિષ્યની મર્યાદા અંગે આ પંચાંગનાં વાંચકો સમક્ષ વારંવાર સ્પષ્ટતા કરવામાં આવેલી છે. રાશિ ભવિષ્યમાં સ્થૂળ છે અને જાતકને મર્યાદિત પ્રમાણમાં સ્પર્શ કરે છે. જેઓને પોતાની કુંડલી વિષે થોડો ખ્યાલ હોય તેઓ જન્મના સૂર્યની રાશિ અને જન્મલગ્નની રાશિ, એ બન્નેનો પણ સાથે સાથે વિચાર કરે. લગ્ન, ચંદ્ર અને સૂર્યની રાશિ અને ત્રણેને લગતું ભવિષ્ય સમજીને તેમાંથી સારા સારની તુલના કરવા જેટલી ધીરજ વાચકો કેળવે તો અહીં આપવામાં આવેલ રાશિ ભવિષ્યમાં તેઓ વધુ સંગીન માર્ગદર્શન મેળવી શકશે.

વર્ષ દરમિયાન થતાં ગ્રહોના રાશિ પરિવર્તન, ઉદયાસ્ત વક્રી, માર્ગી વગેરે પાના ૧૦૪-૧૦૫ ઉપર આપેલાં છે.

મેષ: (અ. લ. ઈ.)

સંવત ૨૦૩૩ની શરૂઆતમાં તમારી રાશિમાં કેતુ, સાતમે તુલામાં રાહુ, હર્ષલ અને મંગળ તેમ જ ચોથે કર્કમાં શનિ છે. પ્લુટો કન્યામાં છઠ્ઠે અને નેપચ્યુન વૃશ્ચિકમાં આઠમે છે સાતમે રહેલા રાહુ, હર્ષલ અને મંગળ લગ્નજીવન, ભાગીદારીની સમસ્યાઓ, જાહેર કે સામાજિક સવાલો તેમ જ ન્યાયાલયનાં કામકાજ માટે અનુકૂળ પરિણામ આપનાર નથી. એટલે તમારે આવી બધી સમસ્યાઓ, તમારી રાશિનાં મૂળભૂત લશ્કરી સ્વભાવનો ઉપયોગ કરીને ઉકેલવી પડશે. આ 'ઉકેલ' સમયે તા. ૮-૧૨-૧૯૭૬ થી ૨૨-૨-૧૯૭૭ સુધી તમારી રાશિ મેષમાં રહેલ ગુરૂ, તમને વધુ પડતા ઉદાર બનાવશે અને કેતુ વધુ પડતા જીદ્દી બનાવશે એ બન્ને વચ્ચે સમન્વય કરશો તો ઠીક રહેશે. ચોથો શનિ તમારાં મૂળભૂત મંગળનાં સ્વભાવનો ઉપયોગ કરતા અટકાવશે. અર્થાત, તમે નિર્ણય લેવામાં વિલંબ નીતિ અખત્યાર કરશો. આવી 'રણમેદાન' માં 'જીવતા સૈનિક' જેવી સ્થિતિનાં કારણે જે માનસિક તાણ રહેશે. તેની શરીર સ્વાસ્થ્ય પર વિપરીત અસર થવાની શક્યતા છે. તમે ખોટી ચિંતાની અસરમાંથી આરોગ્યને મુક્ત નહીં રાખી શકો તો, છઠ્ઠે રહેલ પ્લુટો બગડતા આરોગ્યને વધુ બગાડશે, તેમ જ આઠમા નેપચ્યુન પણ આ સ્થિતિને સહકાર આપશે.

તા. ૧૨-૧૧-૧૯૭૬થી મંગળ વૃશ્ચિકમાં આઠમે આવે છે અને ૨૩-૧૨-૭૬ સુધી ત્યાં રહે છે. આ સમય આરોગ્ય માટે વધારે પ્રતિકૂળ બને છે. વર્ષની શરૂઆતથી તા. ૨૨-૨-૭૭ સુધી ત્યાગ ભાવના કે ઉદારતાની 'પ્રતિષ્ઠા' નાં મોહથી બચીને નિર્ણયો લેવાનું મોકુફ રાખશો તો ગુરૂ વૃષભમાં આવતાં તમને 'વ્યવહારૂ' બનવાની તક મળશે, પરંતુ તા. ૪-૫-૭૭ સુધી કેતુ તમારી રાશિમાં રહેશે, 'તે' તમને વધુ પડતા આગ્રહી (જીદ્દી) બનાવશે. ત્યાર બાદ વર્ષનાં અંત સુધી કેતુ તમારી રાશિથી બારમે અને રાહુ છઠ્ઠે રહેશે. એટલે રાહુ લડી લેવાની વૃત્તિ આપશે, અને કેતુ 'પ્રાપ્તિ' નહીં કરાવી શકે, તેમ જ તા. ૧૮-૭-૭૬ સુધી ગુરૂ તમારી રાશિથી બીજે શત્રુક્ષેત્રી અને વ્યયાધિપતિ બનીને રહેલ હોવાથી લૌકિક પ્રાપ્તિ કે સંતોષ માટે અનુકૂળ નહીં જણાય, ત્યાર બાદ વર્ષના અંત સુધી ગુરૂ મિથુનમાં ત્રીજે રહેશે. અહીં ભાગ્યાધિપતિ તરીકે ભાગ્ય સ્થાનને જોશે, પરંતુ ગુરૂ વ્યયાધિપતિ પણ છે. એટલે તમે જે પુરૂષાર્થ કરશો, તે કાર્યક્ષેત્ર માટે અનુકૂળતાં પ્રાપ્ત નહીં કરાવી શકે. અહીં કર્મનાં વ્યયાધિપતિ - ભાગ્યનું ફળ મળશે.

તા. ૭-૯-૭૭ થી શનિ પાંચમે સિંહ રાશિમાં આવે છે, અહીં શનિ શત્રુક્ષેત્રી હોવા છતાં 'કર્મ અને લાભ' નો સ્વામી હોવાથી, અને પાંચમું સ્થાન બૌદ્ધિક નિર્ણયોને લગતું હોવાથી, તમને તમારાં - મેષ રાશિનાં મૂળભૂત સ્વભાવ વિરૂદ્ધ વ્યવહારુ - બાંધછોડની નીતિ અપનાવવા જેટલી 'સૂઝ' રહેશે. આ રીતે સમગ્ર વર્ષ દરમ્યાન 'લશ્કરી વ્યૂહ' ની જેમ જીવનની સમસ્યાઓમાં અટવાયેલા રહેશો. પ્રતિષ્ઠા, લાગણી, ત્યાગવૃત્તિ, જેવી માનસિક અસરોથી વર્ષ દરમ્યાન જેટલા મુક્ત રહી, વ્યવહારિક નિર્ણયો લઈ શકશો એટલું તમારા ભાગે ઓછું ગુમાવવાનું આવશે.

તંદુરસ્તી માટે : વર્ષની શરૂઆતથી પ્લુટો તમારી રાશિથી છઠ્ઠે રહેલો છે. તા. ૪-૫-૭૭ થી રાહુ પણ છઠ્ઠો બને છે. આ બન્ને ગ્રહો વર્ષના અંત સુધી છઠ્ઠા સ્થાનમાં જ રહે છે. વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી કેતુ તમારી રાશિમાં જ રહેશે, આ ગ્રહસ્થિતિ માનસિક ચિંતા અને જવાબદારી વધવાનું સુચન કરે છે. પરિણામે, લાગણી તંત્ર પર જે અસર થશે તે આરોગ્યને નબળું બનાવશે. તા. ૧૨-૧૧-૭૬ થી ૨૩-૧૨-૭૬ સુધી આઠમો મંગળ, તા. ૧૮-૫-૭૭ થી તા. ૮-૭-૭૭ સુધી મેષનો પહેલો મંગળ અને તા. ૮-૭-૭૭ થી ૨૧-૮-૭૭ સુધી વૃષભનો બીજો મંગળ, આઠમા સ્થાન સાથે સંબંધમાં આવશે, જે શસ્ત્રક્રિયા, અકસ્માત, અને રૂધિરાભિસરણને લગતી માંદગી વગેરેનું સૂચન કરે છે, તા. ૨૧-૬-૭૭ થી તા. ૫-૭-૭૭ સુધી સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. ફરી તા. ૨૩-૧૦-૭૭ થી ૬-૧૧-૭૭ સુધી સૂર્ય સ્વાતિ નક્ષત્રમાં રહેશે, આ બન્ને નક્ષત્રો રાહુનાં હોવાથી તેમ જ આ સમયે રાહુ છઠ્ઠું ભ્રમણ કરતો હોવાથી માથાનો દુઃખાવો અથવા મસ્તકને લગતી માંદગીની શક્યતા છે, તા. ૧-૯-૭૭ થી ૨૪-૯-૭૭ સુધી મંગળનું આર્દ્રા નક્ષત્રનું ભ્રમણ વધુ પરિશ્રમનાં કારણે 'શારીરિક થાક' ની ફરિયાદ રખાવશે. બુધનું તા. ૨૬-૬-૭૭ થી તા. ૨-૭-૭૭ સુધી આર્દ્રા અને તા. ૨૨-૧૦-૭૭ થી વર્ષના અંત સુધી સ્વાતિ નક્ષત્રનું ભ્રમણ આરોગ્ય વિષે ફરિયાદ રખાવશે.

બારે રાશિવાળાના આવક-ખર્ચનો કોઠો

	ફાલ્ગુન સુધી		ચૈત્રથી	
રાશિ	આવક	ખર્ચ	આવક	ખર્ચ
મેષ...	૧૪	૧૧	૨	૧૪
વૃષભ...	૮	૫	૧૧	૫
મિથુન...	૧૪	૨	૧૪	૨
કર્ક...	૮	૧૪	૮	૨
સિંહ...	૧૧	૧૧	૧૧	૧૧
કન્યા...	૧૪	૨	૧૪	૨
તુલા...	૮	૫	૧૧	૫
વૃશ્ચિક...	૧૪	૧૧	૨	૧૪
ધનુ...	૧૧	૨	૫	૫
મકર...	૫	૫	૮	૧૪
કુંભ...	૫	૫	૮	૧૪
મીન...	૧૧	૨	૫	૫

કૌટુમ્બિક સુખ માટે : તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી વૃષભ રાશિનો ગુરૂ તમારી રાશિથી બીજે કુટુંબ સ્થાનમાં રહેશે. ગુરૂ વૃષભ રાશિમાં શત્રુક્ષેત્રી હોવા છતાં, નૈસર્ગિક શુભ ગ્રહ હોવાનાં કારણે, કૌટુંબિક સમસ્યાઓ-મર્યાદા નહીં ઓળંગે, પરંતુ ગૌરવ કે, પ્રતિષ્ઠા ને લગતી સમસ્યા, ઊઘાડાં પડવાની બીકે, બાંધી મૂકી રાખવાની ફરજ પડશે.

તા. ૧૪-૫-૭૭ થી ૨૫-૫-૭૭ દરમ્યાન સંતાનોની અનુકૂળતા, કુટુંબ માટે ઉપયોગી અને લાભપ્રદ રહેશે. વર્ષ દરમ્યાન તા. ૧૩-૬-૭૭ થી ૨૬-૭-૭૭ નો સમયગાળો કુટુંબનાં સભ્યો વચ્ચે એક બીજા તરફની લાગણી અને હમદર્દીનો રહેશે. આ સમયનો યોગ્ય ઉપયોગ કરી શકો તો, સભ્યો વચ્ચેનો પ્રેમ વધુ ગાઢ બનાવી શકશો. તા ૨૯-૫-૭૭ થી ૧૩-૬-૭૭ અને તા. ૧૭-૯-૭૭ થી ૨૮-૯-૭૭. દરમ્યાન કૌટુંબિક

સમસ્યા 'નાજુક' બનશે. અહીં સંભાળપૂર્વક સમય પસાર કરવાની આવશ્યકતા છે. તા. ૧૪-૭-૭૭થી ૨૩-૮-૭૭ સુધી કૌટુંબિક કાર્ય અર્થે પ્રવાસ કે દસ્તાવેજનો યોગ છે.

આર્થિક દૃષ્ટિએ : તા. ૬-૧૧-૭૬ થી ૧૫-૧૧-૭૬, તા. ૪-૩-૭૭ થી ૧૪-૩-૭૭ અને તા. ૫-૭-૭૭ થી ૧૬-૭-૭૭. દરમ્યાન સંતાનનાં સંબંધોથી ધનલાભ મળવાનો યોગ છે, તેમ જ જન્મનાં ગ્રહો સૂચવતા હશે તો, સાહસિક વ્યાપાર દ્વારા પણ ધનલાભ મેળવી શકશો. તા. ૬-૧૧-૭૬ થી ૧૫-૧૧-૭૬, તા. ૧૦-૩-૭૭ થી ૧૭-૩-૭૭ અને તા. ૨-૭-૭૭ થી ૯-૭-૭૭ દરમ્યાન નોકરિયાત વર્ગને વધારાના ધનલાભનો યોગ છે. આ સમય દરમ્યાન વ્યાપારી વર્ગ ને 'લોન' જેવી મદદ મળવાનો યોગ છે. તા. ૨૮-૧૦-૭૬ થી ૧૬-૧૧-૭૬ સુધી અને ૬-૪-૭૭ થી ૨૩-૪-૭૭ દરમ્યાન અનાયાસ ધનવૃદ્ધિની શક્યતા છે. તા. ૨૨-૮-૭૭ થી વર્ષનાં અંત સુધી પ્રતિષ્ઠા જાળવવા જેવી જવાબદારી પૂરી કરવા માટે ઋણની આવશ્યકતા જણાશે, સહજ પ્રયત્ન દ્વારા તે મેળવી શકશો. તા. ૭-૯-૭૭ થી વર્ષનાં અંત સુધીનું વ્યવસાય અંગેનું ખર્ચ નુકસાનમાં પરિણમી શકે છે. આ અંગે સાવધાન રહેવું જોઈએ. તા. ૨૯-૫-૭૭ થી ૧૩-૬-૭૭ અને તા. ૧૩-૯-૭૭ થી ૨૮-૯-૭૭ દરમ્યાન કૌટુંબિક જવાબદારી વધી જશે. તે અંગે ખર્ચનો યોગ છે. તા. ૬-૫-૭૭ થી ૨૧-૫-૭૭ અને ૨૪-૭-૭૭ થી ૨-૮-૭૭ દરમ્યાન નોકરિયાત વર્ગે આવકનાં સાધનોમાં ફેરફાર કરવાથી દૂર રહેવું જોઈએ. તા. ૧૬-૮-૭૭ થી ૩૦-૮-૭૭ દરમ્યાન સંતાન સંબંધી ખર્ચ કે નુકસાનનો યોગ છે.

સ્થાવર સંપત્તિ માટે : વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિ તમારી રાશિથી ચોથા સ્થાનમાં ભ્રમણ કરે છે. આ દરમ્યાન તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ દરમ્યાન શનિ પુષ્ય નક્ષત્રમાં રહેશે. શનિનું પુષ્ય નક્ષત્રનું 'ભ્રમણ 'વ્યવસાય' માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થાવર સંપત્તિ મેળવવા માટે અનુકૂળ છે. તા. ૧૬-૧૧-૭૬ થી ૫-૧૨-૭૬ અને ૨૩-૪-૭૬ થી ૧૧-૫-૭૭ દરમ્યાન સ્થાવર મિલ્કત સંબંધી કૌટુંબિક મતભેદ અથવા કાનૂની સમસ્યાઓ ઉદ્‌ભવશે, અહીં ઉતાવળા બનશો તો, ગુમાવવાનો વખત આવશે, શાંતિપૂર્વક નિર્ણય લંબાવશો તો, તા. ૨૬-૮-૭૭ થી ૬-૯-૭૭ દરમ્યાન લાભ મેળવશો. આ સિવાય ૧૫-૧૧-૭૬ થી ૨-૧૨-૭૬, ૧૭-૩-૭૭ થી ૩૧-૩-૭૭ અને ૯-૭-૭૭ થી ૨-૮-૭૭ નો સમય પણ સ્થાવર મિલ્કત લેવા માટે અનુકૂળ બની રહેશે.

સ્ત્રીઓ માટે :– તા. ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬, અને ૬-૪-૭૭ થી ૨૩-૪-૭૭ દરમ્યાન કૌટુંબિક અને આર્થિક સમસ્યાને તમારી ઇચ્છિત રીતે વળાંક આપી અનુકૂળ પરિણામ મેળવી શકશો. તા. ૧૭-૧-૭૭ થી ૩૦-૧-૭૭ અને ૨૦-૩-૭૭ થી ૬-૪-૭૭, તેમ જ ૧૯-૨-૭૭ થી ૧૭-૩-૭૭ દરમ્યાન જન્મનાં ગ્રહોની સ્થિતિ પ્રમાણે લગ્ન વિવાહ જેવો યોગ અનુભવશો. તા. ૨૩-૧૨-૭૬ થી ૧૦-૧-૭૭ દરમ્યાન 'વ્યક્તિત્વ' ને મહત્ત્વ આપશો તો કૌટુંબિક સમસ્યાઓ ઊભી થવાનો ભય રહે છે. વર્ષ દરમ્યાન હર્ષલ સ્વાતિ નક્ષત્રમાં તેમ જ રાહુ પણ વર્ષારંભથી ૨૬-૧૨-૭૬ સુધી સ્વાતિ નક્ષત્રમાં તમારી રાશિથી સાતમો રહેશે. આ સમયે દામ્પત્ય સુખમાં વિવાદ ઊભો થાય નહીં, એવી કાળજી રાખવી આવશ્યક છે.

વિદ્યાર્થીઓ માટે : – તા. ૮-૧૨-૭૬ થી વક્રી ગુરુ મેષમાં પ્રવેશ કરે છે, ૧૫-૧-૭૭ નાં માર્ગી થાય છે અને ૨૨-૨-૭૭ સુધી તમારી રાશિ મેષમાં રહી પાંચમાં સ્થાન પર દ્રષ્ટિ કરે છે. વર્ષ દરમ્યાન વિદ્યાભ્યાસની સફળતા માટે આ સમયનો ઉપયોગ કરી લેવો જોઈએ, તા. ૧-૨-૭૭ થી ૧૯-૪-૭૭ સુધી અને ૮-૭-૭૭ થી ૨૧-૮-૭૭ સુધી મંગળ પાંચમાં સ્થાન પર દ્રષ્ટિ કરશે, મંગળ તમારો રાજ્યાધિપતિ હોવા છતાં, અષ્ટમાધિપતિ પણ હોવાથી મંગળની દ્રષ્ટિ 'નકારાત્મક' નિર્ણયો તરફ ઘસડી જાય નહીં તે માટે પ્રયત્નપૂર્વકની જાગૃતિ આવશ્યક છે. તા. ૭-૯-૭૭ થી શનિ તમારી રાશિથી પાંચમે સિંહમાં આવશે, જે શત્રુક્ષેત્રી તેમ જ અસ્તંગત હોવાથી, વિદ્યાભ્યાસ માટે અનુકૂળ નહીં જણાય. આ રીતે વર્ષનો પાછલો ભાગ વિદ્યાર્થીઓની કસોટી કરનાર બનશે.

વિશેષ વિગતો : –વર્ષારંભથી તા. ૪-૫-૭૭ સુધી કેતુ તમારી રાશિ મેષમાં રહે છે, આ દરમ્યાન ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી ગુરુ પણ તમારી રાશિમાં રહેશે, ગુરુ, કેતુની આ યુતિ પ્રતિષ્ઠા માટે 'હઠીલા' બનવાની પ્રેરણા આપશે. આ દરમ્યાન તા. ૧૭-૧-૭૭ થી ૩૦-૧-૭૭ સુધીનો સમય પરિણામ માટે અનુકુળ હોવાથી તેનો યોગ્ય ઉપયોગ કરી લેવો જોઈએ. તા. ૨૮-૫-૭૭ થી ૧૫-૬-૭૭ સુધી મંગળ, કેતુનાં નક્ષત્રમાં ભ્રમણ કરે છે, આ સમયે કેતુ તમારી રાશિથી બારમે હોવાથી, પ્રતિષ્ઠા કે વ્યક્તિત્વને લગતી સમસ્યાથી દૂર રહેવું જોઈએ, અહીં લેવાતા નિર્ણયો નુકસાન આપી શકે છે, તા. ૨૨-૮-૭૭ થી ગુરુ, આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. તા. ૨૪-૧૦-૭૭ થી વક્રી બને છે. ગુરુનું આ ગોચરભ્રમણ વકીલ વર્ગને લગતી જવાબદારી અથવા સામાજિક કે રાજકીય પ્રતિષ્ઠા માટેનો નાણાંકીય બોજો વધારશે. તા. ૨૫-૩-૭૭ થી થી ૨૮-૪-૭૭ દરમ્યાન કાયમી લાભ મેળવવાની વ્યવસ્થા માટે 'ઓફિસ' માં ગેર હાજર રહેવાનો પ્રસંગ આવશે, તા. ૨૪-૧૦-૭૬ થી ૨૬-૧૨-૭૬ દરમ્યાન મહત્ત્વપૂર્ણ નિર્ણયોથી જેટલા દૂર રહી શકશો એટલું તમારાં હિતમાં રહેશે, વર્ષનાં અંત ભાગમાં શનિ- તમારો કર્માધિપતિ તા. ૭-૯-૭૭ થી મઘા નક્ષત્રમાં ભ્રમણ કરશે, અને આ ભ્રમણ આવતા વર્ષમાં પણ ચાલુ રહે છે, આનાં પરિણામે વ્યવસાય અને આવકની વ્યવસ્થા, સંબંધો કે સ્થાન સંબંધી મહત્ત્વપૂર્ણ ફેરફાર થશે, તા. ૨૧-૬-૭૭ થી ૫-૭-૭૭ અને ૨૩-૧૦-૭૭ થી ૬-૧૧-૭૭ દરમ્યાન સંતાન ને આવકનાં નવાં સાધનો મેળવવામાં સફળતા જણાશે. તા. ૭-૮-૭૭ થી ૧૪-૮-૭૭ દરમ્યાન કાનૂન કે નાણાંના સવાલો કૌટુંબિક વિખવાદનું કારણ બની શકે છે. તા. ૧-૯-૭૭ થી ૨૪-૯-૭૭ નો સમય કોર્ટ કચેરી બાબતમાં અનુકૂળ જણાશે, પરંતુ આરોગ્ય કે 'દુશ્મનાવટ' નાં કારણે ઉભી થતી પરિસ્થિતિ અનુકુળ નહીં જણાય, તા. ૭-૯-૭૭ થી વ્યવસાયને લગતા નિર્ણયોથી દૂર રહેવું જોઈએ, વર્ષનાં અંત સુધીનો આ સમય વ્યવસાય ક્ષેત્રે તમારાં 'અહંકાર' ને આઘાત પહોંચાડશે, એક પ્રકારની 'વિચલીનતા' અનુભવશો, પરંતુ તમારે ધ્યાન રાખવું જોઈએ કે, એક સૈનિક લાગણીઓથી નહીં, પરંતુ ફરજથી દોરવાઈ નિર્ણયો લેતો હોય છે, તમારે પણ તમારાંમાં રહેલા સૈનિકનાં આ ગુણો ઉપયોગ કરી-લાગણી પર વિજય મેળવી ફરજનો સ્વીકાર કરવો જોઈએ. શક્ય હોય તો, શરણાગતિ પણ સ્વીકારી લેવી જોઈએ. અલબત્ત, એક સૈનિક શરણાગતિ કરતાં મૃત્યુ વિશેષ પસંદ કરતો હોય છે, પરંતુ ઇતિહાસમાં ફરજ ખાતર સૈનિકદ્વારા શરણાગતિ સ્વીકારવાના દાખલા મોજુદ છે, તમારે પણ તા. ૭-૯-૭૭ થી શરૂ થતું શનિનું મઘા નક્ષત્રનું ભ્રમણ જે આવતા વર્ષમાં પણ ચાલુ રહેશે, તે દરમ્યાન 'વ્યવસાયનું સ્થળ' સંબંધી પૂરતી કાળજી રાખી સ્થાન છોડવાની પરિસ્થિતિથી બચવું જોઈએ, આ ગોચર ભ્રમણ સ્થાનચ્યુત કે પદભ્રષ્ટ કરવાનું સામર્થ્ય ધરાવે છે. જન્મનાં ગ્રહો બળવાન નહીં હો તો આવી શક્યતા નકારી શકાય નહીં, આ સમયે શરણાગતિ સ્વીકારી ને પણ 'સમય સં સાવધાન' રહેશો તો, કેતુ જે સમયે કુંભમાં આવશે, અને શનિ સિંહનો જ હશે એ સમયે તમને તમારાં ત્યાગ કે બલીદાનનો બદલો મળી રહેશે.

વૃષભ : (બ. વ. ઉ.)

વર્ષની શરૂઆતથી ગુરૂ તમારી રાશિ-વૃષભમાં છે. અષ્ટમાધિપતિ અને લાભાધિપતિ ગુ શત્રુક્ષેત્રી હોવાથી, તમારી રાશિ પરત્વે શુભફળ આપવા અસમર્થ છે, પરન્તુ નૈસર્ગિક શુભ ગ્રહ હોવાનાં કારણે તૂટેલી અસ્મિતાને ભાંગી પડતાં જરૂર બચાવશે. તા. ૮-૧૨-૭૬ થી વક્રી ગુ મેષ રાશિમાં તમારીય રાશિથી બારમે આવે છે. વર્ષની શરૂઆતથી કેતુ તમારી રાશિથી બારમે રહેલ છે. કર્કનો ત્રીજો શનિ બારમે રહેલ ગુ અને કેતુ પર દ્રષ્ટિ કરે છે. બારમાં સ્થાનનો કેતુ મોક્ષકારક મનાય છે, સીધી સાદી ભાષામાં મોક્ષનો અર્થ કરીએ તો, જેને આપણે 'બંધન' માનતા હોઈએ તેમાંથી મુક્ત થવાની અવસ્થાને મોક્ષ કહી શકાય. બીજી દ્રષ્ટિએ આ સ્થાન વ્યયસ્થાન કહેવાય છે. પરિણામે ગુરુનું ભ્રમણ જે સમયે (વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી) તમારી રાશિમાં થશે. તે સમયે ઓછી મહેનતે કે વગર મહેનતે ધન મેળવી લેવાની

વૃત્તિ રહેશે; પરન્તુ ગુરૂ કેતુની બારમી રાશિમાં થતી યુતિ, આ રીતે ધન મેળવી લેવાની વૃત્તિને પૂર્ણ નહીં થવા દે. અર્થાત 'ઈઝીમની'ની લાલચમાંથી મોક્ષ અપાવશે.

ફરી પાછો તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂ તમારી રાશિ વૃષભમાં રહેશે, પરન્તુ વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી કેતુ બારમો છે, ત્યાર બાદ મીનમાં તમારી રાશિથી અગિયારમે આવશે, એટલે પ્રતિષ્ઠા ખાતર, સહજમાં જ ધન મેળવી લેવાની વૃત્તિને બળ મળશે. આ સમયે રાહુ કન્યામાં પાંચમે આવે છે. પાંચમું સ્થાન વિચારશકિતનું સ્થાન છે, આ રીતે પડેલો ગુરૂ સહજ 'દંભ'ની ફરજ પાડશે, બુદ્ધિ અને લાભ, રાહુ અને કેતુની અસર હેઠળ આવશે. આ ગ્રહોની ત્રિપુટી પડદા પાછળની પ્રવૃત્તિને વેગ આપશે. આવા સમયે તમને કોઈ ખોટું સાહસ કરતાં બચાવે તેવો ફકત ત્રીજે રહેલો કર્કનો શનિ, પાંચમા સ્થાન પર દ્રષ્ટિ કરી તમને સંભાળી લેશે. તેની સાથે જ ભાગ્યાધિપતિ શનિની ભાગ્ય પર દ્રષ્ટિ હોવાથી 'બેઆબરૂ' પણ નહીં થવા દે. તા. ૧૮-૭-૭૭ થી ગુરૂ મિથુનમાં તમારી રાશિથી બીજે આવે છે, અહીં પણ આઠમાનાં માલિક તરીકે, તેમ જ પોતાની અસ્તંગત રાશિમાં હોવાના કારણે ધન કે કુટુંબને લગતું શુભ ફળ ગુરૂ તરફથી મળવું મુશ્કેલ છે. આમ છતાં ગુરૂનું નૈસર્ગિક શુભત્વ મળતું રહેશે.

વર્ષની શરૂઆતમાં શનિ કર્ક રાશિમાં તમારી રાશિથી ત્રીજો છે, જે તમારા ભાગ્યસ્થાનને જુવે છે અને તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી ચોથે સિંહ રાશિમાં રહેશે. તેની દ્રષ્ટિ તમારાં કર્મસ્થાન પર પડે છે. તમારા ભાગ્ય અને કર્મસ્થાનોનો સ્વામિ શનિ પોતે જ છે, શનિ તમારી રાશિ માટે યોગકારક ગ્રહ હોવાથી, નૈસર્ગિક પાપ ગ્રહ હોવા છતાં, વર્ષ દરમિયાન ભાગ્ય અને કર્મ પરની તેની દ્રષ્ટિ તમને સાચવી લેશે, સાથે સાથે ગુરૂ, રાહુ, કેતુની પકડ કે અસર હેઠળ આવતા 'ઈઝીમની' મેળવવાનાં સાહસિક વિચારોનો અમલ નહીં થવા દે. આ રીતે સંપૂર્ણ વર્ષ દરમિયાન શનિ એ શુભ ફળ – પુરૂષાર્થપૂર્વકની પ્રાપ્તિ આપતો રહેલ છે, તે તરફ લક્ષ રાખવું જોઈએ અને 'ઈઝીમની'ની ઠગારી લાલચથી પ્રયત્નપૂર્વક દૂર રહેવું જોઈએ.

વર્ષની શરૂઆતમાં છઠ્ઠે તુલા રાશિમાં રાહુ-હર્ષલની યુતિ છે, તા. ૪-૫-૭૭ પછી રાહુ રાશિ બદલશે ત્યાં સુધી 'શત્રુઓ'થી તમારો બચાવ થતો રહેશે, પરન્તુ આ સ્થાનનો હર્ષલ વિચિત્ર પ્રકારની માંદગી આપતો હોય છે. વિશેષ કરીને આધુનિક ખાનપાન તેમ જ જીવનની અનેક પ્રકારની અનિયમિતતાનાં કારણે આવી માંદગીનું બીજારોપણ થતું હોય છે. સાતમો નેપચ્યુન પણ જે રાશિ બદલ્યા વગર આખું વર્ષ ત્યાં જ રહેશે. સહકાર્યકરો સાથે માનસિક તંગદિલી રખાવશે. આ પ્રકારની માનસતંત્રની સ્થિતિ પણ હર્ષલના ગુણધર્મને અનુકૂળ માંદગી આપવા સહાયભૂત બને છે. પ્લુટો આખું વર્ષ તમારી રાશિથી પાંચમે છે, વર્ષ દરમિયાન અવારનવાર પ્લુટો સાથેનો બીજા ગ્રહોનો દ્રષ્ટિસંબંધ પણ લાગણીઓને 'ઠેસ' પહોંચાડશે, આ રીતે ગ્રહોની જમાવટ જોતાં, અપેક્ષારહિત બની, કઠોર પરિશ્રમનું વલણ રાખશો તો, "કંઈક" મેળવી શકશો, જો લાગણીઓથી દોરવાઈ 'ઈઝીમની'ની અપેક્ષા રાખશો તો નિષ્ફળતા ઉપરાંત આરોગ્ય પણ બગાડશો.

તંદુરસ્તી માટે :- વર્ષની શરૂઆતથી ૨૬-૧૨-૭૬ સુધી રાહુનું સ્વાતિ નક્ષત્રનું ભ્રમણ અને તા. ૪-૧-૭૭ થી ૧૭-૧-૭૭ સુધી શુક્રનું શતતારકાનું ભ્રમણ આરોગ્ય માટે વર્ષ દરમ્યાન વિશેષ કાળજી રાખવાનો સમય નોંધી શકાય. આ સિવાય વર્ષની શરૂઆતથી અંત સુધી હર્ષલ તમારી રાશિથી છઠ્ઠે રહેલ છે અને તા. ૪-૫-૭૭ સુધી રાહુ પણ આ સ્થાનમાં જ છે. તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂની આ સ્થાન પર દ્રષ્ટિ રહેશે, તેમ જ તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી શનિની દ્રષ્ટિ પણ આ સ્થાન પર રહેશે. મંગળ વર્ષની શરૂઆતથી તા ૧૨-૧૧-૭૬ સુધી અને ૧૯-૪-૭૭ થી ૮-૭-૭૭ સુધી આ સ્થાન સાથે સંબંધિત રહેશે. આ રીતે આખું વર્ષ આરોગ્ય સંબંધી ફરિયાદ રખાવશે. જો જન્મના ગ્રહો પણ આ વર્ષ દરમ્યાન માંદગીનું સૂચન કરતા હશે તો, તમારે આરોગ્ય સંબંધી સવિશેષ કાળજી રાખવી પડશે. એકંદરે વર્ષ દરમ્યાન જેટલી નિયમિતતા અને આરોગ્યનાં નિયમો જાળવી શકશો. એટલા આરોગ્યની ચિતામાંથી મુકત રહી શકશો.

કૌટુમ્બિક સુખ માટે :- તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી ગુરૂ તમરાં કુટુંબસ્થાનમાં ભ્રમણ કરશે. સામાન્ય રીતેગુરૂ તમારી રાશિ માટે શુભગણાયો નથી. અને તમારાં કુટુંબસ્થાનનો મિથુનનો ગુરૂ અસ્તંગત હોવાથી શુભ ફળ આપવાની પૂર્ણ શકિત ધરાવતો નથી. આમ છતાં નૈસર્ગિક શુભગ્રહ હોવાનાં કારણે, ગુરૂનું તમારાં કુટુંબ સ્થાનનું ભ્રમણ બાહ્ય પ્રતિષ્ઠા ટકાવી રાખશે.આંતરીક ખટપટ પણ સપાટી પર નહી આવે. પરંતુ આ પ્રકારનો 'એકતાનો દંભ' સમજવામાં ભૂલ કરશો, અને 'સંપ' માની બેસશો તો જે રીતે વિશાળ પથ્થરની નીચે કાદવ ઢંકાયેલો હોય છે, પથ્થર હટાવ્યા વગર જોઈ શકાતો નથી, તેવી સ્થિતિ નિર્માણ થશે. તા. ૭-૯-૭૭થી શનિ તમારી રાશિથી ચોથે સિંહમાં આવશે જેની દૃષ્ટિ તમારી રાશિ પર પડશે. આ શનિ તમને અંતર ખોજની પ્રેરણા આપશે, અને વ્યવહારુ નિર્ણય લેવાની સૂઝ તેમજ શકિત પણ આપશે. વર્ષ દરમ્યાન તા. ૧૮-૭-૭૭થી ૭-૯-૭૭ સુધી શનિનુંબળ નહી મળે, એટલે આ સમયમાં પ્રતિષ્ઠાનાં મોહમાં ખેંચાયા વગર 'સત્ય' સ્વીકારશો તો તા. ૭-૯-૭૭ પછી વ્યવહારુ બનવાની સરળતા રહેશે. તા. ૨૪-૯-૭૭ થી ૨૦-૧૦-૭૭ સુધી મંગળનું પુનર્વસુ નક્ષત્રનું ભ્રમણ કૌટુમ્બિક સમસ્યાઓ ઊભી કરશે. આ સમય દરમ્યાન ઉગ્ર બનશો તો, સંબંધવિચ્છેદ સુધીનું પરિણામ આવી શકે છે. તા. ૩૦-૧૦-૭૭થી ૭-૧૧-૭૭ દરમ્યાન કુટુંબનું વાતાવરણ પ્રેમાળ રહેશે. આ સમય દરમ્યાન કુટુંબ વૃદ્ધિનો પણ યોગ છે.

આર્થિક દૃષ્ટિએ :- વર્ષની શરૂઆતથી ૪-૫-૭૭ સુધી રાહુ તમારી રાશિથી છઠ્ઠો છે. આ દરમ્યાન ૨૬-૧૨-૭૬ સુધી તેનું સ્વાતિ નક્ષત્રનું ભ્રમણ તમારી આર્થિક જરૂરિયાતો માટે ઋણ મેળવી લેવાની અનુકૂળતા આપશે ૨૯-૧૦-૭૬ થી ૬-૧૧-૭૬ અને ૨-૩-૭૭ થી ૧૦-૩-૭૭ દરમ્યાન સંતાન કે કુટુંબનાં બીજા સભ્યો "આવક"ની અનુકૂળતા મેળવશે. તા ૪-૧-૭૭ થી ૧૭-૧-૭૭ દરમ્યાન નોકરીની શોધ કરનારાઓ યોગ્ય તક મેળવશે. તેમજ નોકરીયાત વર્ગ વધારાની આવક ઊભી કરી શકશે.

તા. ૨૦-૩-૭૭ થી ૬-૪-૭૭ દરમ્યાન લગ્ન- જીવન કે ભાગીદારી જેવી સમસ્યાઓ માટે ઋણની આવશ્યકતા જણાશે. આ સમયે ઉતાવળિયું નિર્ણય લેશો તો, ખર્ચની ખોટી જવાબદારી આવી પડશે. તા ૪-૫-૭૭ થી વર્ષનાં અંત સુધી, કેતુ તમારા લાભસ્થાનમાં ભ્રમણ કરશે, આ દરમ્યાન તા ૬-૫-૭૭થી ૨૧-૫-૭૭ અને ૨૪-૭-૭૭થી ૨-૮-૭૭નાં સમય ગાળામાં ઓછી મૂડી રોકાણે વિશેષ લાભ મેળવી શકશો. તા. ૨૯-૫-૭૭ થી ૧૩-૬-૭૭ અને તા ૧૭-૯-૭૭ થી ૨૮-૯-૭૭ દરમ્યાન અંગત લાગવગ કે નોકરી જેવા સંબંધોથી ધનલાભ મળશે. તા. ૨૮-૫-૭૭થી ૧૫-૬-૭૭નાં સમયમાં બીજાઓ સાથેની ખટપટનું પરિણામ ફાયદો આપી જશે, તા. ૭-૯-૭૭થી ચાલુ વ્યવસાયિક આવક માટે ઉજળા સંજોગો જણાશે. આ બધા યોગો નો અર્થ ધનસંગ્રહ નથી થતો, તા. ૧૮-૭-૭૭ થી વર્ષનાં અંત સુધી ગુરૂ તમારાં ધનસ્થાનમાં રહેશે. આ દરમ્યાન ૧૪-૮-૭૭થી ૨૬-૮-૭૭ અને ૩૦-૧૦-૭૭ થી વર્ષન અંત સુધી ધનસંગ્રહનો યોગ નોંધી શકાય, પરંતુ ૨૪-૯-૭૭ થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન બીજાઓની આર્થિક જવાબદારીનો બોજો માથે ઉપાડશો તો, ધનસંગ્રહ નહી કરી શકો.

સ્થાવર સંપત્તિ માટે: તા. ૭-૯-૭૭ થી શનિ તમારી રાશિથી ચોથે સિંહમાં આવશે અને વર્ષનાં અંત સુધી રહેશે, મિલ્કતનો કારક મંગળ વર્ષ દરમ્યાન સિંહ રાશિમાં આવતો નથી, શનિ શત્રુક્ષેત્રી તેમજ અસ્તંગત છે. અને શનિનાં નક્ષત્રમાં મહત્ત્વપૂર્ણ ગ્રહોનું પરિભ્રમણ વર્ષ દરમ્યાન થતું નથી. આ જોતા સ્થાવર મિલ્કત માટે આ વર્ષ નોંધનીય નથી. અલબત્ત, ૧૯-૨-૭૭થી ૪-૩-૭૭ દરમ્યાન મિલ્કતની ખરીદી માટે જોઈતી નાણાંકીય મદદ મળી રહેવાની શકયતા છે. તા. ૧૬-૮-૭૭થી ૩૦-૮-૭૭ દરમ્યાન મિલ્કતનાં સંબંધો લાભ આપી જશે.

સ્ત્રીઓ માટે : વર્ષ દરમ્યાન નેપચ્યુન તમારી રાશિથી સાતમે વૃશ્ચિકમાં છે વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂ તમારી રાશિમાં રહી

નેપચ્યુન સાથે સમસપ્તક યોગ કરે છે અને તા. ૭-૯-૭૭ થી ચોથો શનિ કેન્દ્ર યોગમાં આવે છે. પરીણિત બહેનોનાં જીવનમાં આ યોગ કલ્પના અને વાસ્તવિકતાનું ઘર્ષણ ઊભું કરશે. તા. ૯-૧૧-૭૬ થી તા. ૨૦-૧૧-૭૬ તા. ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭ અને [illegible]-૩-૭૭થી ૨૩-૩-૭૭ દરમિયાન આ ઘર્ષણ ઉગ્રરૂપ ધારણ કરે નહીં એનો ખ્યાલ રાખવો આવશ્યક છે. અપરીણિત બહેનોને જીવનસાથીની પસંદગી બાબત કલ્પના અને વાસ્તવિકતાનું ઘર્ષણ અનુભવવું પડશે. તા. ૧૪-૭-૭૭થી [illegible]-૮-૭૭ અને ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન વાસ્તવિકતાનો ખ્યાલ રાખશો તો જીવનસાથીની પસંદગી માટે અનુકૂળતા રહેશે. નોકરી કે વ્યવસાય સાથે સંકળાયેલ બહેનોએ [illegible]-૧૦-૭૬થી ૯-૧૧-૭૬, તા. ૫-૧૨-૭૬થી [illegible]-૧૨-૭૬ અને તા. ૨૩-૧૦-૭૭થી ૬-૧૧-૭૭ દરમ્યાન ઑફિસનાં સંબંધો ને કર્તવ્ય પૂરતા મર્યાદિત રાખવા જોઈએ, આ સમય દરમિયાન સાથીઓનાં વહેણમાં તણાશો તો અયોગ્ય કિનારે પહોંચવાની શક્યતા છે.

વિદ્યાર્થીઓ માટે: વર્ષની શરૂઆતથી [illegible]-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ગુરુની શુભ દૃષ્ટિ મેળવો છો. તા. ૪-૫-૭૭થી વર્ષનાં અંત સુધી રાહુ પણ મદદ કરશે, પરંતુ ગુરૂ તમારી રાશિનો મિત્ર નથી, રાહુ મિત્ર હોવા છતાં નૈસર્ગિક શુભ નથી, વર્ષની શરૂઆતથી ૭-૯-૭૭ સુધી શનિ ની દૃષ્ટિ તમારા વિદ્યાસ્થાન પર છે, શનિની દૃષ્ટિ બાધક હોવા છતાં શનિ ભાગ્યાધિપતિ હોવાથી, પરિશ્રમપૂર્વક અનુકૂળ ફળ આપવા શક્તિમાન છે. તમારી રાશિ સ્થિર અને પૃથ્વી તત્વની હોવાથી લાગણીથી પર રહેવામાં બીજી રાશિઓ કરતાં વધારે અનુકૂળતા છે. [illegible] આ સ્વાભાવિક ગુણનો પૂરતો ઉપયોગ કરશો તો, વિદ્યાભ્યાસ માટે વર્ષને અનુકૂળ બનાવી શકશો, તા. ૨૬-૬-૭૭થી ૨-૭-૭૭ અને ૨૨-૧૦-૭૭થી ૩૦-૧૦-૭૭નો [illegible] [illegible] માટે [illegible] છે.

[illegible] [illegible] તા. ૬-૬-૭૭થી ૨૩-૭-૭૭ [illegible] ૨-૭-૭૭થી ૧૪-૮-૭૭નો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જ

લાગવગ લગાડી કામ કઢાવી લેવા માટે આ સમયનો ઉપયોગ કરી શકાય. તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમિયાન વ્યવસાય માટે પ્રવાસની શક્યતા છે, આ સમય દરમ્યાન કાનૂની લખાણ કે વ્યવસાયિક દસ્તાવેજની અનુકૂળતા રહેશે. વડીલવર્ગનો 'પક્ષપાત' પ્રાપ્ત કરવો હોય તો, વર્ષ દરમિયાન આ યોગ્ય સમય છે, તા. ૨૨-૮-૭૭થી ગુરૂનું નક્ષત્ર ભ્રમણ કાનૂની નાણાકિય કે માનસિક તંગદિલી વધારનાર છે અને તા. ૧-૯-૭૭થી ૨૪-૯-૭૭ દરમ્યાન મંગળનું નક્ષત્રભ્રમણ તમને તમારા સ્વાભાવ વિરુદ્ધ સાહસિક બનાવશે, પરંતુ તા. ૭-૯-૭૭થી શનિનું નક્ષત્ર ભ્રમણ ધનલાભ મેળવી લેવા માટે અનુકુળ બને છે, એટલે તમારૂં સાહસ નિષ્ફળ નહીં જાય, પરંતુ તા. ૨૬-૬-૭૭થી ૨-૭-૭૭ અને ૨૨-૧૦-૭૭થી ૩૦-૧૦-૭૭ દરમ્યાન બુધનું ગોચર કાનૂનના સંબંધો સાથેની 'અવડામણ' સૂચવે છે, એટલે તમે જે મેળવવા માટે સાહસ ખેડો તેને આ દૃષ્ટિએ પણ મૂલવી લેવું હિતાવહ છે.

મિથુન: (ક. છ. ઘ.)

વર્ષની શરૂઆતથી શનિ બીજા, ગુરૂ બારમા, પ્લુટો ચોથા, રાહુ, હર્ષલ અને મંગળ પાંચમા નેપચ્યુન છઠ્ઠા અને કેતુ અગિયારમાં સ્થાનમાં છે. તમારી રાશિથી આઠમાં સ્થાનનો સ્વામિ શનિ બીજા - કુટુંબ સ્થાનમાં હોવાથી, કુટુંબનું કલેવર' મંદગતિએ બદલાતું રહેશે, જે ગયા વર્ષથી જ, શનિ, કર્કનો થયો ત્યારથી, આરંભાઈ ચૂક્યું છે. આ શનિ તમારો ભાગ્યાધિપતિ હોવાથી બદલાતી કૌટુમ્બિક સ્થિતિ દુઃખદ નહીં પરંતુ યોગ્ય ભવિષ્યનું નિર્માણ કરતી, લાંબે ગાળે - 'સુખદ' બની રહેશે. તા. ૭-૯-૭૭ થી સિંહનો શનિ, તમારી રાશિથી ત્રીજો બનશે, જે ભાગ્યસ્થાનને સંપૂર્ણ દૃષ્ટિથી બળ આપશે, અહીં ઘટતી ઘટનાઓ શું પરિણામ લાવનાર છે, તેનો તમને સાચો ખ્યાલ આવશે. પાંચમા રાહુ અને હર્ષલ [illegible] પ્રકારની વિચારશ્રેણી આપશે, અને બારમો ગુરૂ આ વિચારશ્રેણી દ્વારા જન્મતી 'પ્રતિષ્ઠા' માટે ખર્ચ કરાવશે.

તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ લાભ સ્થાનમાં કેતુ સાથે જોડાશે, નામ પ્રમાણે આ સ્થાનનાં ગુરૂ અને કેતુ તમને લાભ જરૂર આપી જશે, પરંતુ તા. ૨૨-૨-૭૭ બાદ ગુરૂ ફરી પાછો વૃષભમાં આવતાં તમારી રાશિથી બારમો થશે અને કેતુ તા. ૪-૫-૭૭ થી મીનમાં તમારી રાશિથી દશમે આવશે. એટલે લાભ સ્થાન ખાલી થઈ જશે. કેતુની સાથે જ રાહુ તમારી પાંચમી તુલા રાશિમાંથી ચોથી કન્યા રાશિમાં આવશે, ગ્રહોનું આ રાશ્યાંતર તમને 'કર્મ'નું પરિવર્તન કરવાની પ્રેરણા આપશે, તમને લાગશે કે આ પહેલાં જે રીતે લાભ મળતો હતો, તે રીતે હવે નહીં મેળવી શકાય ત્યાર બાદ તા. ૧૮-૭-૭૭ થી ગુરૂ તમારી રાશિ મિથુનમાં આવશે, જે પ્રતિષ્ઠાનાં ખ્યાલોની પરમ્પરા સર્જશે. અને છેલ્લે ભાગ્યાધિપતિ શનિ તા. ૭-૯-૭૭ થી તમારા પુરૂષાર્થનાં સ્થાનમાં આવી, ભાગ્યને નવો વળાંક આપશે, આ રીતે વિક્રમ સંવત ૨૦૩૩ નું આખું વર્ષ એક તરફથી તમારી પરમ્પરા અને પ્રતિષ્ઠાને ટકાવી રાખવાનો 'મોહ' આપશે અને બીજી તરફ ક્રાંતિકારી ફેરફારો દ્વારા 'નવસર્જન' કરવાની પ્રેરણા આપશે. બુદ્ધિપૂર્વક, મોહનો ત્યાગ કરી, બદલાતી સ્થિતિને જેટલી ઝડપથી સ્વીકારવા તૈયાર થશો, એટલી તમારી લાગણીને ઓછી ઠેસ પહોંચશે, હકીકતમાં આ વર્ષની ઘટનાઓને એક કુશળ ચિકિત્સક દ્વારા આવશ્યક વાઢકાપ જેવી શસ્ત્રક્રિયા સાથે સરખાવી શકાય, આવા સંજોગોમાં દર્દીએ તો ફક્ત ચિકિત્સકની સંપૂર્ણ શરણાગતી જ સ્વીકારવાની હોય છે.

તંદુરસ્તી માટે: વર્ષ દરમિયાન રાશિ બદલ્યા વગર નેપચ્યુન તમારી રાશિથી છઠ્ઠે રહેલ છે, આ સ્થાનનો નેપચ્યુન ઓળખી શકાય નહીં, તેવી અનારોગ્યતા આપવાવાળો છે, પરંતુ આ ગ્રહ વર્ષો સુધી એક જ રાશિમાં રહેતો હોવાથી તેના ફળનો ચોક્કસ સમય, બીજા ગ્રહો જે સમયે તેની સાથે વિવિધ દૃષ્ટિયોગો રચતા હોય, તે સમયે નોંધાય છે. વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિની તમારી રાશિથી આઠમા સ્થાન પરની દૃષ્ટિ પણ આરોગ્ય સંબંધી ફરિયાદનું કારણ આપશે, આ સ્થાન સાથેનો શનિનો સંબં સામાન્ય રીતે 'પથારી'માં સૂવાની સગવડ નથી આપ એટલે તમે દૈનિક કાર્યો ચાલુ રાખીને આરોગ્ય ફરિયાદ કરતા રહેશો, તેવું બને. તા. ૧૨-૧૧-૭૬ થી ૨૩-૧૨-૭૬ સુધી વૃશ્ચિક રાશિનો મંગળ તમારી રાશિથી છઠ્ઠે અને તા. ૧-૨-૭૭ થી ૧૨-૩-૭૭ સુધી મકર રાશિમાં આઠમે ભ્રમણ કરે છે. આ સમય દરમ્યાન તમારો રાશિસ્વામી બુધ તા. ૨૨-૨-૭૭ થી ૨-૩-૭૭ સુધી ધનિષ્ઠા નક્ષત્રમાં ભ્રમણ કરે છે અને સૂર્ય તા. ૬-૨-૭૭ થી ૧૯-૨-૭૭ સુધી ધનિષ્ઠા નક્ષત્રમાં ભ્રમણ કરે છે, આ નક્ષત્રનો થોડો ભાગ તમારી રાશિથી આઠમે મકર રાશિમાં આવે છે, આ દરમ્યાન આ નાનો ગાળો કાળજીપૂર્વક પસાર કરશો અને જન્મનાં ગ્રહોની વિપરીત અસર નહીં હોય તો અતિ સામાન્ય ફરિયાદ સિવાય 'આરોગ્ય' ની વિશેષ ફરિયાદ નહીં જણાય

કૌટુમ્બિક સુખ માટે: વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી કુટુંબ સ્થાનમાં શનિનું ભ્રમણ છે શનિ તમારી રાશિથી આઠમાંના સ્વામી ગ્રહ હોવાથી કૌટુંબિક સંબંધોમાં 'તોડફોડ'નું સર્જન આપશે. પરંતુ એક તો શનિ મંદ ગ્રહ છે એટલે તેની અસર ધીમી ગતિએ થતી હોય છે જે સામાન્ય રીતે 'સહ્ય' બની જાય છે. બીજું શનિ તમારો ભાગ્યાધિપતિ છે, અને તમારી રાશિ સ્વામી બુધનો મિત્ર છે, એટલે શનિ દ્વારા થતી 'તોડફોડ' નુકસાન નહીં પરંતુ આશીર્વાદ સમાન નીવડશે. વિશેષ કરીને તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન શનિનું પુષ્ય નક્ષત્રનું ભ્રમણ તટસ્થતાપૂર્વક નિહાળશો, તો તમને પરિસ્થિતિનો ખ્યાલ આવી જશે. આ દરમ્યાન પણ તા. ૨૫-૩-૭૭થી ૧૧-૪-૭૭ સુધી શનિ વક્રી છે, તે સમય પરિણામની દૃષ્ટિએ 'તીવ્ર' બને છે. તા. ૧૫-૧૧-૭૬થી ૨૩-૧૧-૭૬, ૧૭-૩-૭૭થી ૨૩-૩-૭૭ અને ૯-૭-૭૭થી ૧૬-૭-૭૭ દરમ્યાન બુધનું નક્ષત્ર ભ્રમણ અંગત વ્યક્તિગત અને કૌટુંબિક સમસ્યાઓનાં નિવારણ માટે યોગ્ય વાતાવરણ પૂરૂં પાડશે, ખંત અને બુદ્ધિપૂર્વકનો આ સમયનો ઉપયોગ 'ઉપકારી' બની શકે છે. તા. ૩૦-૧-૭૭થી ૧૪-૨-૭૭, તા. ૧૭-૪-૭૭થી ૮-૫-૭૭ અને

૨૬-૮-૭૭થી ૬-૯-૭૭ દરમ્યાન શુક્રનું ગોચર કુટુંબવૃદ્ધિ કે આનંદપ્રમોદનો અનુભવ કરાવશે, આ સમયે કૌટુંબિક શુભ પ્રસંગો માટેનો ખર્ચ પણ સંભવે છે.

આર્થિક દૃષ્ટિએ: વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી કેતુ તમારી રાશિથી અગિયારમે છે. આ દરમ્યાન તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ પણ કેતુની સાથે આવે છે, આ સ્થાનમાં 'પ્રાપ્તિ' સંબંધી ફળ જોવાય છે. કેતુનું લાભ સ્થાનનું ભ્રમણ તમને ફાયદો જરૂર આપશે, પરંતુ કેતુ નૈસર્ગિક શુભ ગ્રહ નથી, એટલે તેના દ્વારા મળતો લાભ 'સાધનશુદ્ધિ'ની દૃષ્ટિએ કદાચ તમને પસંદ નહીં પડે, તેવી જ રીતે ધન સંગ્રહ માટે બીજું સ્થાન જોવાય છે, અને વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭સુધી શનિ તમારી રાશિથી બીજા સ્થાનમાં છે, એ દરમ્યાન તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ સુધી ધનસંગ્રહની 'ક્ષણો' આવશે, પરંતુ અહીં પણ એક તો શનિ નૈસર્ગિક શુભ ગ્રહ નથી, બીજું તે અષ્ટમેશ અને ભાગ્યેશ છે, એટલે 'ના-પસંદ' હોવા છતાં સ્વીકારવું પડે, તેવી પરિસ્થિતિનું સૂચન મળે છે. એકંદરે શનિ, ગુરૂ અને કેતુ તમને ભૌતિક સગવડો આપશે જરૂર, પરંતુ તેનો સાત્ત્વિક આનંદ કદાચ નહીં મળે. તા. ૧૫-૧૨-૭૬થી ૨૮-૧૨-૭૬ અને ૧૩-૪-૭૭થી ૨૭-૪-૭૭ દરમ્યાન પ્રવાસ, પત્રવ્યવહાર કે લખાણ અથવા એજન્સી, કોન્ટ્રાક્ટ જેવા સંબંધોથી લાભ ઊભો કરી શકશો. તા. ૨-૧૨-૭૬થી ૧૧-૧૨-૭૬ અને ૩૦-૩-૭૭થી ૮-૪-૭૭નાં સમય ગાળામાં અંગત લાગવગ કે ખાનગી મિત્રનો ઉપયોગ કરશો; પરિણામે સફળતા મળશે. તા. ૯-૧૧-૭૬થી ૨૦-૧૧-૭૬ અને ૯-૩-૭૭થી ૨૩-૩-૭૭ દરમ્યાન વધુ મેળવવાની લાલચ રાખશો તો જે મેળવશો તે પણ ગુમાવશો. તા. ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭ દરમ્યાન નોકરિયાત વર્ગની આવકમાં વધારો થશે, પરંતુ તેમાં કોઈ જોખમ છે કે નહિ તેની કાળજી રાખવી આવશ્યક છે. તા. ૧૫-૧૧-૭૬થી ૫-૧૨-૭૬, તા. ૧૭-૩-૭૭થી ૮-૫-૭૭ અને ૯-૭-૭૭થી ૨-૮-૭૭ તેમજ તા. ૨૬-૮-૭૭થી ૬-૯-૭૭ દરમ્યાન ધનસંગ્રહની પાતળી તક મળશે. તા. ૪-૩-૭૭થી ૧૭-૩-૭૭ અને તા. ૨-૭-૭૭થી ૧૮-૭-૭૭ દરમ્યાન વિવિધ પ્રકારે આર્થિક જવાબદારી વધવાનો અનુભવ કરશો.

સ્થાવર સંપતિ માટે: વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭સુધી શનિની દૃષ્ટિ તમારા ચોથા-સ્થાન, સ્થાવર સંપત્તિનાં સ્થાન પર છે. તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂની પણ આ સ્થાન પર દૃષ્ટિ રહે છે, અને તા. ૪-૫-૭૭થી વર્ષનાં અંત સુધી રાહુ આ સ્થાનમાં ભ્રમણ કરે છે. ગુરૂ અને શનિનાં ગુણધર્મ એક બીજાથી વિરોધી છે, રાહુ મેળવી લેવાનું વલણ સૂચવે છે, ગ્રહોની આવી જમાવટના કારણે તા. ૧-૯-૭૭થી ૨૪-૯-૭૭ સુધીનું મંગળનું નક્ષત્ર ભ્રમણ સ્થાવર સંપત્તિના સ્વામિ બનાવશે અગર બીજી રીતે મિલકતના સંબંધોથી લાભ મેળવી આપશે. આ સિવાય તા. ૨૧-૬-૭૭થી ૫-૭-૭૭ અને ૨૩-૧૦-૭૭થી ૬-૧૧-૭૭ દરમ્યાન સ્થાવર સંપત્તિ અર્થે પ્રવાસ કે દસ્તાવેજની જરૂરિયાત ઊભી થશે, અને તા. ૨૬-૬-૭૭થી ૨-૭-૭૭ તેમજ ૨૨-૧૦-૭૭થી ૩૦-૧૦-૭૭ દરમ્યાન ઉપરોક્ત પ્રયત્નોના પરિણામે સ્થાવર મિલ્કત પ્રાપ્ત કરવાની તક મળશે. વર્ષ દરમ્યાન તા. ૭-૮-૭૭થી ૧૪-૮-૭૭ના સમય ગાળામાં મિલ્કત સંબંધી નિર્ણયો લેવાથી દૂર રહેશો તો ખોટા ખર્ચ કે નુકસાનનાં ભોગ બનતા અટકશો.

સ્ત્રીઓ માટે:—તમારી રાશિથી સાતમી રાશિનો સ્વામી ગુરૂ વર્ષારંભથી તા. ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી વૃષભ રાશિમાં તમારી રાશિથી બારમી રાશિમાં ભ્રમણ કરે છે. આ ગોચરનાં કારણે જીવનસાથી (પતિ) અંગેનાં ખર્ચાઓ વધે અથવા સામાન્ય કારણોસર એક બીજાની વચ્ચે ક્ષણિક મતભેદ સંભવે છે. આ સમય દરમ્યાન તા. ૮-૧૨-૭૬સુધી ગુરૂ વક્રી છે, વક્રી ગુરૂનું મેષ રાશિનું ભ્રમણ પરિણામ માટે 'ઉગ્ર' ગણાય, આ સમય વિશેષ કાળજી માંગી લેશે. ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬ અને તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નું મંગળનું નક્ષત્ર ભ્રમણ પણ કોઈ વિશેષ લાભ કે લાલચના મોહ ખાતર પતિ-પત્નીનાં વિચારોમાં ઘર્ષણ ઊભું કરશે, અહીં તમને જે 'મળતું' દેખાશે, તે હકીકતમાં મળવાનું નથી, એટલે ખોટી આશાથી દોરવાયા વગર, પ્રયત્નપૂર્વક ઘર્ષણની શક્યતા ટાળવી જોઈએ. અપરિણિત બહેનોની આજુબાજુ આ સમય દરમ્યાન યોગ્ય જીવનસાથી મેળવવાની કે મેળવી લેવાની ભૂમિકા સર્જાશે ઉપરોક્ત સમય દરમ્યાન નિર્ણય મોકુફ રાખી શકો તો અહિત નહીં થાય. તા. ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭ અને ૨૮-૫-૭૭થી ૧૫-૬-૭૭ દરમ્યાન નોકરી કે વ્યવસાય સાથે સંકળાએલી બહેનો કે એ ક્ષેત્રમાં જવા ઈચ્છતી બહેનોને વિશેષ અનુકુળતા જણાશે. તા. ૨-૨-૭૭થી ૧૨-૩-૭૭ સુધી લાગણી પ્રેમ કે જીવનની નાજુક સમસ્યાઓના સવાલો તમને 'વ્યથિત' બનાવશે, સંતાન સંબંધી પણ આ સમય દરમ્યાન સમસ્યા ઊભી થઈ શકે છે, અહીં ફરજ બજાવી લાગણી પર કાબુ રાખશો તો સમય પસાર થયા બાદ, તમને તેનું વળતર મળી જશે.

વિદ્યાર્થીઓ માટે:—આખું વર્ષ વિદ્યાસ્થાનમાં હર્ષલ રહે છે, વર્ષની શરૂઆતથી ૪-૫-૭૭ સુધી રાહુ પણ આ સ્થાનમાં જ છે. અને ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂની શુભ દ્રષ્ટિ પણ મળે છે. ત્યાર બાદ તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી ફરી પાછી ગુરૂની શુભ દ્રષ્ટિ પ્રાપ્ત થશે. તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી શનિની દ્રષ્ટિ પણ મળશે. આ સ્થાનનું રાહુનું ભ્રમણ 'યેનકેન પ્રકારેણ' સફળતા મેળવી લેવાનું વલણ આપશે, તમારી રાશિથી પાંચમી- વિદ્યાસ્થાનની તુલા રાશિ ગુરૂની મિત્ર રાશિ નથી છતાં ગુરૂની દ્રષ્ટિ 'અમંગલકારી' નહીં બને, શનિ માટે તો આ ઉચ્ચ રાશિ બને છે, એટલે ગણિત, વાણિજ્ય કે સાયન્સનાં વિદ્યાર્થીઓ માટે વર્ષ દરમ્યાન ગોચર ગ્રહો ઉત્તમ ફળ આપી રહ્યા છે. ફકત આ સ્થાનનાં હર્ષલથી સાવચેત રહેવાની આવશ્યકતા છે, આમ તો એનું વલણ 'સર્જનાત્મક' રહેશે, પરંતુ તમે તમારા વિચારો દ્વારા નબળા બનશો. અને નકારાત્મક વલણ અપનાવશો કે તમારી, શકિતનું ઓછું મુલ્યાંકન કરશો. તો તમને હર્ષલની 'ખંડનાત્મક' શકિત 'નિરાશા' તરફ દોરી જશે. જ્યોતિષશાસ્ત્રમાં હર્ષલને વિદ્યુતશકિતનો કારક માનવામાં આવે છે. વિદ્યુતના ભારે દબાણનાં સ્થળ પર ભયસૂચક 'ચિહ્ન' મુકવામાં આવે છે, જેનો હેતુ હોય છે કે યોગ્ય ઉપયોગ જીવન આપશે અને અયોગ્ય ઉપયોગ જીવન લઈ લેશે. વિદ્યાભ્યાસને લગતા સંબંધો માટે કહી શકાય કે તમે પણ વિદ્યુતશકિતનાં ભારે વોલ્ટેજનાં દબાણ હેઠળ રહેશો, સહેજ ગફલત અને પરિણામે શૂન્ય, પરંતુ આ હર્ષલની શકિતનો યોગ્ય ઉપયોગ કરશો અર્થાત ધીરજથી નિર્ણય લેશો તો આ વર્ષને 'યાદગાર વર્ષ' બનાવી શકશો.

વિશેષ વિગતો:—તમે બુદ્ધિ પ્રધાન હોવા છતાં, તમારી રાશિ દ્વિ સ્વભાવવાળી છે, એટલે તમારા 'નિર્ણયો' સંબંધી આગાહી કરી શકાય નહીં, કેટલીકવાર તમે 'અનિર્ણાયક' પણ બની જાઓ છો. વર્ષ દરમ્યાન શરૂઆતથી તા. ૨૬-૧૨-૭૬ સુધી રાહુનું નક્ષત્ર ભ્રમણ તમને કેટલીક અનેરી 'તક' આપશે, અને કેતુ વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી એકધારો લાભ આપશે. આ દરમ્યાન ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭ સુધી મંગળનું નક્ષત્ર ભ્રમણ 'ભાગ્યે જ મળતી તક' જેવી ક્ષણોથી તમને નવાજશે. પરંતુ આ ગ્રહો જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ 'શુભ' ગ્રહોનાં કોઠામાં નથી, પરિણામે તમને જે કંઈ મળશે, તેના 'સારાસાર'ની તુલનામાં તમે ગુંચવાઈ જશો, કારણ મૂળથી જ તમે 'દ્વિસ્વાભવ' છો. શનિની દ્રષ્ટિ તમારા લાભ સ્થાન પર (કેતુ ઉપર) છે, જે નિર્ણય લેવામાં વિલંબ નીતિનું સૂચન કરે છે. આ રીતે ગ્રહો તો તમને વહેતી ગંગાનાં કિનારે પહોંચાડશે, તેમાં આચમન, સ્નાન કે દર્શન, તમારી વ્યકિતગત ભાવના, શાંતિ અને શ્રદ્ધા પ્રમાણે તમે પામશો. તા. ૨૬-૧૨-૭૬થી ૧-૨-૭૭ દરમ્યાન જીવનમાં મિત્ર કે સાથી તરીકે નવીન વ્યકિત આવવાની શકયતા છે. તેની સાથેનાં સંબંધો તા. ૧૨-૩-૭૭ સુધી પ્રયત્નપૂર્વક જાળવી રાખશો તો તા. ૪-૫-૭૭ પહેલા વ્યવસાય કે પ્રતિષ્ઠાની દ્રષ્ટિએ ઉત્તમ સંબંધ પુરવાર થશે. તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી લાભદાયક પ્રવાસની શક્યતા છે. જો તમે નોકરીનાં ક્ષેત્રમાં હશો તો, તા. ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન 'પ્રતિષ્ઠા" મેળવશો. તા. ૧૬-૮-૭૭થી ૩૦-૮-૭૭ના સમયમાં એજન્સી, કોન્ટ્રેક્ટ, છાપકામ કે વાહન અથવા બાંધકામના ક્ષેત્રોના સંબંધિ વ્યવસાય

માટે અનુકૂળ પરિણામ આપી જશે. તા. ૧૧-૮-૭૭થી ૧-૯-૭૭નો સમય વ્યાપાર, નોકરી કે બીજી રીતે આવકની અનુકૂળતા મેળવી આપશે. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધી અને આવતા વર્ષમાં પણ થોડો સમય તમે 'પુરૂષાર્થ'ના એક એવા તબક્કાનો અનુભવ કરશો જેમાં 'આરામ હરામ હૈ' તમારો મુદ્રાલેખ બની જશે. વર્ષ દરમ્યાન તા. ૨૯-૫-૭૭થી ૧૩-૬-૭૭ અને ૧૭-૯-૭૭થી ૨૮-૯-૭૭નાં સમયમાં વ્યવસાયિક નિર્ણયો લેવાથી દૂર રહેવું જોઈએ, આ સમયની ઘટનાઓનો વિચાર કર્યા બાદ નિર્ણય લેશો તો તા. ૧૩-૧૦-૭૭ પહેલાં વ્યક્તિગત પ્રતિષ્ઠા અને ત્યાર બાદ 'અર્થ-લાભ' મેળવી શકશો.

કર્ક : (ડ હ)

વર્ષની શરૂઆતમાં શનિ કર્કમાં તમારી રાશિમાં રહેલા છે. તે તા. ૭-૯-૭૭થી સિંહમાં તમારા ધનભુવનમાં આવશે અને વર્ષનાં અંત સુધી ત્યાં રહેશે. ગુરૂ વર્ષારંભે લાભ-સ્થાનમાં છે અને વક્રી છે. તા. ૮-૧૨-૭૬નાં વક્રગતીથી મેષમાં તમારી રાશિથી દશમે આવશે, તા. ૧૫-૧-૭૭નાં તે માર્ગી થઈને તા. ૨૨-૨-૭૭નાં ફરી તમારા લાભ સ્થાનમાં આવશે અને તા. ૧૮-૭-૭૭નાં મિથુનમાં તમારી રાશિથી બારમે આવશે. રાહુ ચોથે અને કેતુ દશમે છે, તા. ૪-૫-૭૭નાં રાહુ ત્રીજે અને કેતુ નવમે આવશે. 'પ્લુટો ત્રીજે, હર્ષલ ચોથે અને નેપચ્યુન પાંચમે રાશિ બદલ્યા વગર આખું વર્ષ રહેશે.

છેલ્લા થોડા સમયથી તમારા 'વ્યક્તિત્વ'માં, ફેરફાર થઈ રહ્યો છે, તે તા. ૭-૯-૭૭ સુધી શનિનાં રાશ્યાંતર સુધી ચાલુ રહેશે. ત્યાર બાદ શનિ તમારા ધન-કુટુંબ સ્થાનમાં આવશે. શનિ તમારી રાશિથી સાતમા અને આઠમાનો સ્વામિ છે, સાતમું સ્થાન એટલે તમારા સિવાયનું વિશ્વ અને આઠમું સ્થાન એટલે વિસર્જનની ક્રિયા દ્વારા થતું 'નવ સર્જન'' આ રીતે શનિનું તા. ૭-૯-૭૭ સુધીનું તમારી રાશિનું ભ્રમણ તમારી આર્થિક સ્થિતિને નવું રૂપ આપશે, અને ત્યાર બાદ તેનું તમારાં કુટુંબ સ્થાનમાં થતું ભ્રમણ તમારા કુટુંબના માળખાને બદલવાની ક્રિયા આરંભશે. સામાન્ય રીતે ઘડતર થએલી-સંપૂર્ણ આકાર પામેલી 'વસ્તુ' આપણને પસંદ હોય છે, પરંતુ આકાર આપવાની ઘડતરની ક્રિયા આપણને પસંદ હોતી નથી. આવી આ ક્રિયા 'ના-પસંદ' હોવા છતાં પ્રકૃત્તિનાં નિયમ મુજબ તેમાંથી પસાર તો થવું જ પડે છે, ગ્રહોનું ભ્રમણ તો માત્ર સમય અને પ્રકારનો નિર્દેષ કરે છે. શનિનું પરિભ્રમણ આ વર્ષે તમારી આજુબાજુ જે વાતાવરણ નિર્માણ કરશે, તેમાં તમને 'વિસર્જન'નાં દર્શન થવાની શક્યતા છે, પરંતુ નવસર્જન માટે તમારે આમાંથી પસાર થવું જ પડશે. ચોથે રહેલા હર્ષલ અને રાહુ, 'જંપ' નહીં વળવા દે, જે રીતે રણપ્રદેશમાં દૂરદૂર દેખાતી 'જળાશય'ની ઝલક ઠગારી છે, તે જ રીતે તમે 'શાંતિ'ની ઝલક જોતા રહેશો. દશમા સ્થાનમાં ગુરૂ અને કેતુ પણ 'વિશેષ' આપી શકવા અસમર્થ છે. લાભસ્થાનનો ગુરૂ શત્રુક્ષેત્રી હોવા છતાં 'આશાસ્પદ' બની રહેશે. અને ત્રીજે રાહુ પણ નિરાશા કે નિષ્ક્રિયતાથી બચાવી પુરૂષાર્થ કરાવતો રહેશે. વર્ષના પૂર્વાર્ધ કરતાં ઉત્તરાર્ધમાં તમારી પ્રવૃત્તિઓ વધશે, એટલે આ દીવાળી કરતાં આવતી દીવાળી વધુ આનંદમય પસાર કરી શકશો, એવી ઝાંખી વર્ષ દરમ્યાન થઈ જશે.

તંદુરસ્તી માટે : તમારી રાશિથી છઠ્ઠી ધનુ રાશિનો સ્વામિ ગુરૂ તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી અને તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી આ સ્થાન પર શુભ દ્રષ્ટિ કરે છે. વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી આ સ્થાન પર તેની દ્રષ્ટિ નથી. તા. ૨૩-૧૨-૭૬થી ૧-૨-૭૭ સુધી મંગળ ધનુરાશીમાં તમારી રાશિથી છઠ્ઠી રાશીમાં રહેશે, આસ મયે ગુરૂની દ્રષ્ટિ રહે છે, ત્યાર બાદ તા. ૮-૭-૭૭થી ૧૩-૧૦-૭૭ સુધી ફરી પાછો મંગળ આ સ્થાન સાથે સંબંધિત થશે, પરંતુ તા. ૧૮-૭-૭૭થી ગુરૂની શુભ દ્રષ્ટિ હેઠળ આ ભાવ આવી જાય છે. એટલે તા. ૮-૭-૭૭થી તા. ૧૮-૭-૭૭ સુધી ગુરૂની દ્રષ્ટિ નહીં રહે અને મંગળ સંબંધિત રહેશે, આ એક સામાન્ય અનારોગ્યતાનો સમય ગણી શકાય. તા. ૧૨-૧૧-૭૬થી ૨૩-૧૨-૭૬, તા. ૧૨-૩-૭૭થી ૧૯-૪-૭૭ અને તા. ૧૩-૧૦-૭૭થી વર્ષનાં અંત સુધી મંગળનું ગોચર 'લોહીના પરિભ્રમણ' સંબંધી ફરિયાદ રખાવશે. તમારી રાશિ જળતત્ત્વની હોવાથી, મંગળની ઉષ્ણતાના કારણે તમે અકળાશો અને શનિનું તમારી રાશિમાં થતું ભ્રમણ 'શુષ્કતા' પ્રેરશે. શુષ્કતાને શરદી અને મંગળની ઉષ્ણતાને ગરમી માની બેસવાની ભૂલ કરશો. તો રોગનું ખોટું નિદાન કરી બેસશો, કારણ તમારી રાશિથી પાંચમે થતું નેપચ્યુનનું ભ્રમણ આવી ભૂલ કરાવે તેમ છે. આ બધું જોતાં લાગણીપ્રધાન બન્યા વગર, આરોગ્યનાં સામાન્ય નિયમ પાળતા રહેશો તો વર્ષ દરમ્યાન મોટી માંદગીનું સૂચન મળતુ નથી, ફકત શનિનાં કારણે સામાન્ય 'થાક'ની ફરિયાદ રહેશે

કૌટુંબિક સ્થિતિ : તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી તમારા કુટુંબ સ્થાન પર ગુરૂની દ્રષ્ટિ છે, એ દરમ્યાન તા. ૧૫-૧-૭૭થી ગુરૂ માર્ગી બને છે, માર્ગી ગુરૂની શુભ દ્રષ્ટિ કુટુંબનાં સભ્યોની પ્રગતિ માટે અનુકૂળ વાતાવરણ પુરૂં પાડશે. તા. ૭-૯-૭૭થી શનિ તમારા કુટુંબ સ્થાનમાં આવશે અને આ વર્ષનાં અંત સુધી તેમ જ આવતા વર્ષે તેમાં રહેશે. શનિનું આ પરિભ્રમણ કુટુંબનું કલેવર બદલવાનું કાર્ય કરશે. ખોટી માન્યતાઓ કે ખ્યાલો તરફથી વાસ્તવિકતા તરફ દોરી જવાનું કાર્ય શનિનું છે. એટલે આ વર્ષ દરમ્યાન તેમજ આવતા વર્ષમાં 'શનિ'નાં ગોચર દરમ્યાનની કૌટુંબિક ઘટનાઓ' તમને પસંદ નહીં પડે, પરંતુ તેનું અંતિમ પરિણામ તમને વાસ્તવિકતાનું ભાન કરાવશે. તેથી તે 'દુ:ખદ' નહીં હોય. વર્ષ દરમ્યાન તા. ૨૦-૧૦-૭૭થી વર્ષનાં અંત સુધીનું મંગળનું નક્ષત્ર-ભ્રમણ સંતાનની પ્રગતિના ઈશારો આપે છે, પરંતુ આ પ્રગતિ આર્થિકરૂપની હશે, તેની સાથે કોઈ 'સંબંધ વિચ્છેદ' જેવી ઘટના પણ સંકળાઈ જવાનો સંભવ છે. તા. ૧૯-૮-૭૭થી ૨૬-૮-૭૭ દરમ્યાન કૌટુંબિક ખર્ચ વધવાનો યોગ છે અથવા તમે પુરૂષાર્થ દ્વારા કૌટુંબિક સમસ્યાને યોગ્ય 'મોડ' આપવાની કોશિશ કરશો, તેમાં સફળતા નહીં મેળવી શકો. તા. ૨૮-૯-૭૭થી ૯-૧૦-૭૭નો સમય વર્ષ દરમ્યાન કૌટુંબિક સુખદ ઘટનાનો બની રહેશે, આ સમય આર્થિ વિશેષ સફળતા કે લાભ પણ મેળવી શકો તા. ૧૬-૮-૭૭થી ૩૦-૮-૭૭નો સમય કૌટું ઘટનાઓમાં નોંધપાત્ર બનશે, અહીં જે બને તે શુભ' હોવા છતાં તેનો 'આનંદ' નહીં હો

આર્થિક સ્થિતિ:- વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી વક્રી ગુરૂ તમારા લાભ સ્થાનમાં છે, ત્યાર બાદ તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી માર્ગી ગુરૂ લાભ સ્થાનમાં રહેશે, આ દરમ્યાન ૨૩-૫-૭૭થી ૧૮-૬-૭૭ સુધી ગુરૂ અસ્ત છે. તમારી રાશિથી ગુરૂ છઠ્ઠા અને નવમ ભાવનો સ્વામી છે, અને તમારૂ લાભ સ્થાન એ ગુરૂની મિત્ર રાશિ નથી. એટલે ગુરૂ દ્વારા તમે જે મેળવશો તે 'પ્રતિષ્ઠા" બચાવવા પૂરતું મર્યાદિત રહેશે, સંગ્રહ જેટલું વિપુલ નહીં હો તા. ૬-૧૧-૭૬થી ૧૯-૧૧-૭૬, તા. ૪-૩-૭૭થી ૧૭-૩-૭૭ અને તા. ૫-૭-૭૭થી ૧૯-૭-૭૭ દરમ્યાન સૂર્યનું નક્ષત્રભ્રમણ તમારી શક્તિ મર્યાદા પ્રમાણે આર્થિક લાભ મેળવી આપશે. તા. ૧૦-૩-૭૭થી ૧૭-૩-૭૭ અને ૨-૭-૭૭થી ૯-૭-૭૭નાં સમયમાં બુધનું નક્ષત્રભ્રમણ મળતા લાભમાં રૂકાવટ ઊભી કરશે. અને ખર્ચ કે બીજી રીતે મળતો લાભ ઝૂંટવી લે સૂર્ય અને બુધનું ભ્રમણ 'સમકાલીન' છે, એટલે મેળવેલું 'બચત' નહીં બને. તા. ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬ અને ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નો સમય ગાળો મંગળનાં ગોચર ભ્રમણનાં અંગે તમારા વ્યક્તિગત વ્યવસાય કે પ્રવાસ 'નફો' મેળવી લેવાની યોગ્ય તક પૂરી પાડશે. તા. ૨૦-૧૦-૭૭થી મંગળનું ગોચર ભ્રમણ ફરી તમારાં માટે અનુકુળ ફળ આપતું થઈ જશે, જે વર્ષનાં અંત સુધી રહેશે, આ સમય ધનસંગ્રહની દ્રષ્ટિએ નોંધી શકાય. એટલે વર્ષ દરમ્યાન પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. પરંતુ વધુ આવક કે બચતનાં યોગ જણાતા નથી.

સ્થાવર સંપત્તિ : વર્ષારંભે રાહુ, હર્ષલ અને મંગલ તેમજ સૂર્ય તમારી રાશિથી ચોથે તુલામાં છે. હર્ષલ અહીં આખું વર્ષ રહેશે. રાહુ તા. ૪-૫-૭૭ના કન્યામાં તમારી રાશિથી ત્રીજે આવશે. તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી અને ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી ગુરૂની

દ્રષ્ટિ આ સ્થાન પર છે, તેની સાથે તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી શનિની પણ દ્રષ્ટિ રહેશે. રાહુ અને ગુરૂ કંઈક મેળવી લેવાની તક ઊભી કરશે, પરંતુ શનિ તેમાં રૂકાવટ ઊભી કરશે, આમ છતાં તમે સાવધાનીપૂર્વક 'તક'નો ઉપયોગ કરશો તો 'મિલકત' કહી શકાય તેવું જરૂર મેળવી લેશો, તમારા જન્મના ગ્રહોની અનુકૂળતા નહીં હોય અથવા 'સાહસ'માં પાછા પડશો તો પણ 'ઘર'ની સજાવટ કરવા જેવી સગવડ તો મળી જ રહેવાની છે. તા. ૧૯-૨-૭૭થી ૪-૩-૭૭ દરમ્યાન મિલકતમાં નાણાં રોકવાની શકયતા ઊભી થશે, પરંતુ આ પહેલાં તા. ૨૯-૧૦-૭૬થી ૬-૧૧-૭૬ અને પછી ૪-૩-૭૭થી ૧૦-૩-૭૭ દરમ્યાન પણ તમારી સામે 'આકર્ષણ' આવશે, આમાં પહેલાનો સમય લાભદાયક બનશે. પાછળનાં સમયમાં સાહસ કરવાથી દૂર રહેવું જોઈએ, અથવા તેનાં 'કાનૂની હક્કો'નાં પાસા તપાસી લેવામાં પુરતી કાળજી રાખવી જોઈએ. તા. ૨૪-૧૦-૭૬થી ૨૬-૧૨-૭૬ દરમ્યાન બનતાં બનાવો સંબંધી સાવધાની પૂર્વક નિર્ણય લેશો તો તા. ૪-૧-૭૭થી ૧૭-૧-૭૭ અને તા. ૨૦-૩-૭૭થી ૬-૪-૭૭ દરમ્યાન તમને 'લેંડલોર્ડ' બનતા કોઈ નહીં અટકાવી શકે

સ્ત્રીઓ માટે:– મૂળભૂત રીતે તમે લાગણી પ્રધાન છો. જ્યોતિષ શાસ્ત્રમા તમારી રાશીને 'માતૃત્વ'નાં ગુણધર્મ સાથે સરખાવવામાં આવે છે. માતા બાળકને પ્રેમ આપે જ છે, પરંતુ ફરજ ખાતર કઠોર પણ બને છે. આ વર્ષના પૂર્વાર્ધ તમારી પાસે કસોટીરૂપ 'ફરજ' માંગી લેશે. તમારી લાગણીઓ ઉશ્કેરાયલી રહેશે, નકારાત્મક 'કર્મ'નું વલણ રહેશે, હૈયામાં ઉલ્કાપાત કે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ અનુભવશો, તેમાં વળી તા. ૭-૯-૭૭થી કૌટુંબિક સમસ્યાઓ વધશે. આ પહેલાં તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન મહત્ત્વનાં નિર્ણયો લેવાની યોગ્ય તક તમે મેળવશો, પરંતુ તમારા સ્વભાવ મુજબ લાગણી પ્રધાન બની આ સમયનો સદુપયોગ નહીં કરો તો, ત્યાર બાદ વધુ કઠોર બનવાની ફરજ પડશે. આખું વર્ષ એક યા બીજારૂપે સતત પરિશ્રમ માંગી રહ્યું છે, ફરજ અને વાસ્તવિકતાનાં ભાન સાથે સમય પસાર કરશો તો લાગણીઓના આઘાતોમાંથી બચી શકશો. તમારી આજુબાજુનું વર્તુળ વર્ષની શરૂઆતથી તા. ૨૫-૩-૭૭ સુધી અને ૨૮-૪-૭૭થી ૭-૯-૭૭ સુધી સફળતા મેળવવામાં રૂકાવટ ઊભી કરશે.

વિદ્યાર્થીઓ માટે:– તમારા વિદ્યાસ્થાનની વૃશ્ચિક રાશીમાં આખું વર્ષ નેપચ્યુન રહેલો છે. વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી આ સ્થાન પર ગુરૂની શુભ દ્રષ્ટિ રહેશે. તા. ૧૨-૧૧-૭૬થી ૨૩-૧૨-૭૬, અને ૨૮-૫-૭૭ થી ૨૧-૮-૭૭ સુધી આ સ્થાન સાથે મંગળ સંબંધિત રહેશે. આ સ્થાનનો નેપચ્યુન તમારી કલ્પનાશકિતને કુંઠિત નહીં થવા દે, ગુરૂની દ્રષ્ટિ નિર્મોહી' નહીં બનવા દે એટલે સફળતા મેળવવાની આકાંક્ષા જાગૃત રહેશે. મંગળની દ્રષ્ટિ તમને યોગ્ય શકિત પૂરી પાડશે. પરંતુ આ રાશિ વૃશ્ચિક રાશી છે, એટલે રાશિનાં ગુણધર્મ પ્રમાણે જો તમે સહેજ પણ 'નકારાત્મક' વિચારો તરફ ઢળશો તો ગુરૂની આકાંક્ષા, મંગળની શકિત અને નેપચ્યુનની કલ્પનાનો ઉપયોગ 'ભાંગફોડ' જેવી અયોગ્ય દિશા તરફ દોરી જશે, અધૂરામાં પૂરૂં વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી તમારી રાશિ, કર્કમાં રહેલો શનિ પણ તમને વિશેષ પરિશ્રમ દ્વારા જ ફળ પ્રાપ્તિ કરાવનાર હોઈ, જો તમે 'નિરાશા'ના તત્ત્વને આકર્ષશો તો વધુ નિરાશા જ આપનારો બની રહેશે. એથી ઉલ્ટું પરિશ્રમથી ધ્યેય પ્રાપ્તિને વળગી રહેશો તો આ શનિ, મંગળ, ગુરૂ અને નેપચ્યુન વિજ્ઞાન, ગણીત, માનસશાસ્ત્ર જેવાં અટપટા ગૂઢ વિષયોમાં ઝળહળતી સફળતા મેળવવા માટેનો 'પાયો' બની રહેશે. જો તમે ૨૦-૩-૭૭થી ૬-૪-૭૭ દરમ્યાન યોગ્ય નિર્ણય લેશો તો ૧-૯-૭૭થી ૨૪-૯-૭૭ દરમ્યાન પ્રગતિનો પુરાવો મેળવી શકશો. તા. ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭ અને ૨૮-૫-૭૭થી ૧૫-૬-૭૭ દરમ્યાન જે ઘટના ઘટે કે પરિણામ મળે અથવા જવાબદારી વધે તેનાથી ભાગવાની કોશિશ નહીં કરતા, વર્ષ દરમ્યાન વિશેષ અનુકૂળ સમય ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬ અને ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નો છે, તેમજ વિશેષ પ્રતિકૂળ સમય ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭નો છે. તા. ૧૧-૮-૭૭થી ૨૧-૮-૭૭ દરમ્યાન નવી મિત્રતાનો યોગ છે, પરંતુ તા. ૧-૯-૭૭ સુધીમાં આ મિત્રતાનો દુરપયોગ નહીં કરો તો પાછળથી આ 'સંબંધો' ફાયદાકારક પુરવાર થશે.

વિશેષ વિગતો:– વિક્રમ સંવત ૨૦૩૩નાં પ્રારંભ પહેલાં જ તમે વિશેષ પ્રકારનાં કાર્યક્રમ કે વ્યવસાયનો સ્વીકાર કરી તેને આગળ ધપાવી રહ્યા હશો, તે તા. ૪-૫-૭૭ સુધી યથાવત 'અતિમાન' રહી શકશે, ત્યાર બાદ તમારે તેની વ્યવસ્થા, આકાર કે ધ્યેય જેવા મહત્ત્વના મુદ્દાઓનો ફરી વિચાર કરી યોગ્ય પરિવર્તન કરવું પડશે, તેમ કર્યા વગર ખોટી જીદને વળગી રહેશો તો પહેલાની મહેનત અને પ્રાપ્તિ ટકાવી રાખવાનું શક્ય નહીં બને તા. ૪-૫-૭૭થી કેતુ મીનમાં તમારી રાશિથી ભાગ્યમાં આવશે, અને તા. ૭-૯-૭૭થી શનિ તમારાં ધન અને કુટુંબ સ્થાનમાં મઘા નક્ષત્રમાં ભ્રમણ કરશે. જ્યોતિષ શાસ્ત્રમાં શુભ ગ્રહોમાં શનિ અને કેતુનો સમાવેશ નથી. પરંતુ આધ્યાત્મિક અલૌકિક અથવા પરમ સત્યની પ્રાપ્તિ આ ગ્રહોનાં સહકાર દ્વારા જ થાય છે. શનિ તમારી રાશિથી સાતમી અને આઠમી રાશીનો સ્વામી છે. જે તમારા સામાજિક વર્તુળને બદલવાનું કાર્ય કરશે. અને તમને યોગ્ય સહનશકિત પણ આપશે. તેનું તમારી પોતાની કર્ક રાશિ અને તનારાં કુટુંબ સ્થાનની સિંહ રાશીનું ભ્રમણ તમને અંગત રીતે એક 'મંથન'ની ક્રિયાનો અનુભવ કરાવશે. તેનું મઘા નક્ષત્રનું ભ્રમણ અને કેતુનું તમારા ભાગ્ય સ્થાનનું ભ્રમણ, આ મંથનનાં પરિણામરૂપે પ્રાપ્ત થતું 'ફળ' મેળવવાનો સમય ગાળો દર્શાવે છે. (તા. ૭-૯-૭૭થી સંવત ૨૦૩૪નાં થોડા સમય સુધી). મૂલ્ય ચુકવવા તૈયાર રહેશો તો, વર્ષ દરમ્યાન અને આવતા વર્ષનાં પણ થોડા સમય ગાળામાં ભાગ્યસ્થાનનો કેતુ અને કુટુંબ સ્થાનનો શનિ 'અલૌકિક' કહી શકાય તેવું કંઈક આપી જશે. એ તમારૂં પ્રારબ્ધ છે. તા. ૪–૫–૭૭થી તમારા કાર્યક્રમ કે વ્યવસાયની વ્યવસ્થામાં યોગ્ય પરિવર્તનની દ્રષ્ટિ રાખવાની જરૂર છે.

તા. ૨૫-૩-૭૭થી ૨ -૪-૭૭ દરમ્યાન તમે અનેરૂં 'વ્યકિતત્ત્વ' પ્રાપ્ત કરશો, પરંતુ આ સમય અંતિમવાદી' બનવાનાં વલણથી દૂર રહેવું આવશ્યક છે, જો પ્રયત્નપૂર્વક, અંતિમવાદી બન્યા સિવાય આ સમયની ઘટનાઓને 'નિષ્કંઠ'ની જેમ પચાવી શકશો, તો સફળતાના 'હકદાર' બનશો. તા. ૨૪-૧-૭૬થી ૨૫-૩-૭૭ અને ૨૮-૪-૭૭થી ૭-૯-૭૭નો સમયગાળો નિષ્ફળ પુરુષાર્થનું સૂચન કરે છે, છતાં પુરુષાર્થ તો કરવો જોઈએ, પરિણામથી નિરાશ કે હતાશ થવાની જરૂર નથી. એકંદરે આ વર્ષ તમને તમારા જન્મનાં ગ્રહોની મર્યાદામાં રહી બંધન અને મોક્ષ, જીવન અને પરમસત્ય જેવી અલૌકિક અનુભૂતિ કરાવશે. કદાચ ભૌતિક દ્રષ્ટિએ આ અનુભવ મૂલ્યવાન નહીં હોય, પરંતુ બીજી દ્રષ્ટિએ યાદગાર વર્ષ બનશે.

સિંહ : (મ. ટ.)

વર્ષની શરૂઆતે શનિ તમારી રાશિથી બારમે કર્કમાં છે. તા. ૭-૯-૭૭નાં તમારી રાશિમાં આવશે. બીજા ભાવમાં ખુટો છે. જે આખું વર્ષ ત્યાં જ રહેશે. ત્રીજે પરાક્રમ સ્થાનમાં રાહુઅને દુર્બલ છે. તા. ૪-૫-૭૭નાં રાહુ રાશિ બદલી તમારા ધન અને કુટુંબ સ્થાનમાં કન્યા રાશિમાં આવશે. ચોથે સુખ સ્થાનમાં નેપચ્યુન આખું વર્ષ રહેશે. વર્ષની શરૂઆતમાં ભાગ્યમાં રહેલો કેતુ, તા. ૪-૫-૭૭થી મીનનો તમારી રાશિથી આઠમો બનશે. ગુરૂ વર્ષની શરૂઆતે વૃષભ રાશિમાં તમારી રાશિથી દશમે રહેલો છે. અને વક્રી છે. તા. ૮-૧૨-૭૬નાં મેષમાં આવી ભાગ્યસ્થાનમાં રહેલ કેતુ સાથે જોડાશે. તા. ૧૯-૧-૭૭નાં માર્ગી થઈ, તા. ૨૨-૨-૭૭નાં ફરી દશમો બનશે, અને તા. ૧૮-૭-૭૭નાં મિથુનમાં તમારી રાશિથી લાભ સ્થાનમાં આવી આખું વર્ષ ત્યાં જ રહેશે.

શનિ તમારી રાશિથી છઠ્ઠા અને સાતમા સ્થાનનો સ્વામી છે. તેનું બારમે કર્ક રાશીનું ભ્રમણ નાણાંકિય જવાબદારી વધારશે. લગ્ન-જીવન કે ભાગીદારી જેવા સંબંધો માટેનો ખર્ચ વધશે, જન્મનાં ગ્રહો સૂચવતા હશે. તો આ સંબંધોમાં વિખવાદ કે વિચ્છેદની શક્યતા નકારી શકાય નહીં, પરંતુ વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી, અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી

દશમો ગુરૂ તમારી પાસે ખુલ્લી રીતે 'ભાંગફોડિયું' કર્મ નહીં કરાવે. જો કે, ગુરૂ તમારી રાશિથી પાંચમા અને આઠમા સ્થાનનો સ્વામી છે. પાંચમું સ્થાન એટલે વિચારશક્તિ અને આઠમું સ્થાન એટલે, 'તોડફોડ'નું વલણ અને તેનું તમારી દશમી વૃષભ રાશિનું પરિભ્રમણ, જે ગુરૂની શત્રુ રાશિ છે, એ જોતા તમે આંતરિક રીતે 'સંબંધ-વિચ્છેદ' તરફ આકર્ષાશો, તેમજ વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી, ભાગ્યસ્થાનનું કેતુનું ભ્રમણ પણ તમારી આજુબાજુ તોડફોડનું સૂચન કરે છે. ચોથો નેપચ્યુન અંતરની લાગણી અમર્યાદિત બનાવશે, અને વૃશ્ચિક રાશિ હોવાનાં કારણે નકારાત્મક, વિનાશ કે વિસર્જનની હદે જવા સુધીનું વલણ રહેશે. ત્રીજો હર્ષલ, ઝડપી નિર્ણય લેવડાવશે, તેને તા. ૪-૫-૭૭ સુધી રાહુનો સાથ પણ મળવાનો છે. એટલે એ પણ તોડફોડનાં વલણને બળ પૂરૂં પાડશે, ગોચરગ્રહોના આ વલણની સામે ગુરૂનાં નૈસર્ગિક શુભત્વની શક્તિ ઢાલરૂપ બની રહેશે, તેમ જ તા. ૭-૯-૭૭થી, શનિ તમારી રાશી સિંહમાં આવશે. અહીં શનિ શત્રુક્ષેત્રી હોવા છતાં તેનાં નૈસર્ગિક ગુણધર્મ મુજબ તમને 'અંતરદર્શી' બનાવશે, એટલે વર્ષ દરમ્યાન તમારી લાગણીઓ ઘવાશે, ઉશ્કેરણીનાં અનેક કારણો મળશે, કેટલીક વખત ક્ષણિક આવેશમાં આવી બંધન કે નિયમની અવગણના કરવાની વૃત્તિ જન્મશે. પરંતુ તમે તમારી રાશિનાં નામ મુજબ ગુણ ધરાવો છો એટલે જન્મજાત તમારૂં ઉદાર અને શાહી વલણ, મર્યાદા ઉલ્લંઘનની વૃત્તિની આડે આવશે. તેમજ ગુરૂ અને શનિનું ગોચર પણ તેમાં બળ આપશે. આ જોતા વિક્રમ સંવત ૨૦૩૩નું આખું વર્ષ પ્રજાપાલક, પરગજુ રાજાની માફક બીજાઓનું ધ્યાન રાખવામાં તેમ જ તમારાં આશ્રિતો, કુટુંબીજનો, નાનાં કે મોટાઓની સેવા ખાતર તમારી લાગણીઓ, જરૂરિયાતોને કચડી તમારી ફરજ બજાવતા રહેશો. વર્ષ દરમિયાન તા. ૧-૨-૭૭ થી ૧૯-૪-૭૭ સુધી અને ૮-૭-૭૭ થી ૨૧-૮-૭૭ સુધી મંગળનું ગોચર ભ્રમણ તમને ઉગ્ર કે લડાયક બનાવશે, પ્રયત્નપૂર્વક આ સમયે વિચ્છેદ કે તોડફોડ જેવા નકારાત્મક નિર્ણયોથી દૂર રહેવાની કોશિશ કરશો તો, વર્ષ દરમિયાન કુટુંબની સેવા બજાવ્યાનો ગર્વ લઈ શકશો.

તંદુરસ્તી માટે : :– વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી તમારા છઠ્ઠા સ્થાનનો સ્વામી શનિ, તમારી રાશિથી બારમે કર્કમાં રહી છઠ્ઠા સ્થાન પર દૃષ્ટિ કરશે. તા. ૨૮-૧૧-૭૬ થી ૧૧-૪-૭૭ સુધી શનિ વક્રી છે. આ સમયે માનસિક ગડમથલ ઉપર કાબૂ રાખી શકશો, એટલા આરોગ્યની ફરિયાદમાંથી બચી શકશો. સામાન્ય રીતે શનિ શુષ્કતા અને થાકનો નિર્દેશ કરે છે. તા. ૭-૯-૭૭ થી શનિ તમારી રાશિ સિંહમાં આવશે એટલે નબળાઈ, શરદી, ઉધરસ, કે શનિ દ્વારા નિર્દેશિત અનારોગ્યતાની શક્યતા રહે છે. તા. ૪-૫-૭૭ થી કેતુ મીનમાં તમારી રાશિથી આઠમે આવશે. અને વર્ષનાં અંત સુધી રહેશે. આ સ્થાનનો કેતુ અકસ્માત, ઓપરેશન કે આકસ્મિક માંદગીનું સૂચન કરે છે. આ સમય દરમિયાન પ્રવાસમાં સાવચેતી, ઓપરેશન જેવા નિર્ણયોની જરૂર જણાય તો, શાંતચિત્તે પરિસ્થિતિને અનુરૂપ નિર્ણયો લેવા જોઈએ. તા ૧૬-૮-૭૭ થી ૩૦-૮-૭૭ દરમિયાન ઓપરેશન અને પ્રવાસ માટે ગોચર વિશેષ પ્રતિકૂળ જણાય છે. તા. ૭-૯-૭૭ થી વર્ષનાં અંત સુધીનો સમય પણ માંદગીનું સૂચન આપે છે. તા. ૩-૩-૭૭ થી ૧૨-૩-૭૭ સુધી મંગળનું ગોચર ભ્રમણ પણ તંદુરસ્તી માટે અનુકૂળ નથી. તા. ૧૯-૪-૭૭ થી ૨૮-૫-૭૭ સુધી ફરી પાછું મંગળનું ગોચર ભ્રમણ આરોગ્યની દ્રષ્ટિએ હાનિકર્તા બને છે. આ સમયો ખાસ સાચવવાની લેવા જેવા છે. આ રીતે વિક્રમ સંવત ૨૦૩૩નું વર્ષ, જન્મનાં ગ્રહો આરોગ્ય માટે અનુકૂળ હશે તો, સામાન્ય તંદુરસ્તીની ફરિયાદવાળું બની રહેશે, પરન્તુ જો જન્મનાં ગ્રહો પણ આરોગ્ય માટે અનુકૂળ નહીં હોય તો, ગોચર ગ્રહોનું તેને બળ મળતા તંદુરસ્તી માટે પ્રતિકુળ વર્ષ નોંધી શકાય.

કૌટુમ્બિક સુખ માટે:–તમારાં કુટુંબ સ્થાનમાં આખું વર્ષ પ્લુટો રહે છે. વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિની દ્રષ્ટિ પણ આ સ્થાન પર છે. તા. ૪-૫-૭૭ થી રાહુ પણ આ સ્થાનમાં આવશે. જે વર્ષનાં અંત સુધી, અને આવતા વર્ષમાં પણ ત્યાં જ રહેશે. પ્લુટો એક રાશિમાં બે દાયકાથી પણ વધુ રહેતો હોઈ તેનું ફળ મળતા પેઢી બદલાઈ જાય છે, એટલે તાત્કાલિક નોંધી શકાય, તે રીતનું પરિણામ પ્લુટોનાં ફાળે આવતું નથી. બીજા ગ્રહોનાં સંબંધોના સમયે પ્લુટો પણ નોંધનીય ફળ આપે છે. જ્યોતિષશાસ્ત્રનાં શુભગ્રહોનાં કોઠામાં પ્લુટોને સ્થાન નથી અપાયું, સામાન્ય રીતે ન્યાય કર્મનું સંતુલન કરવાનો અધિકાર આ ગ્રહનો ગણાય છે, શનિની દ્રષ્ટિ આ અધિકારની ભાવનાને વિશેષ બળવાન બનાવે છે, પરન્તુ રાહુ અહીં આવતા, તા. ૪-૫-૭૭થી ન્યાયી હક્કોની ભાવનામાં વ્યવહારુ સ્વાર્થી ભાવના ભેળવાશે. વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી ગુરુની શુભ દ્રષ્ટિ તમારાં કુટુંબ સ્થાન પર રહેશે, વર્ષનો આ સમય કૌટુંબિક દૃષ્ટિએ ખટપટ વગરનો અનુભવી શકશો, પરન્તુ તા. ૩-૯-૭૭ થી રાહુ હસ્ત નક્ષત્રમાં ભ્રમણ કરશે

પ્લુટોનું ભ્રમણ આખું વર્ષ હસ્ત નક્ષત્રમાં જ છે, રાહુ, પ્લુટોનું એક જ નક્ષત્ર પર થતું ભ્રમણ કૌટુંબિક ભાવનાની દ્રષ્ટિએ કુટુંબનાં સભ્યોમાં નકારાત્મક વલણવાળું બની શકે છે. રાહુ અને પ્લુટોનાં હસ્ત નક્ષત્રનાં ભ્રમણ સમયે શનિ (તા. ૭-૯-૭૭થી)ની દ્રષ્ટિ કુટુંબ સ્થાન પર રહેતી નથી. શનિ શુભ ગ્રહ ન હોવા છતાં, સેવાભાવનાનું કે સહન કરી લેવાનું મૌલિક વલણ, જે શનિની દ્રષ્ટિ દ્વારા કુટુંબનાં સભ્યોને મળતું હતું તે નહિ મળે, તેમ જ તા. ૧૮-૭-૭૭ પછી ગુરુની શુભ દ્રષ્ટિ પણ કુટુંબ સ્થાન પર નહીં રહે. આ જોતાં તા. ૩-૯-૭૭ થી આ વર્ષના અંત સુધી તેમ જ આવતાં વર્ષનાં થોડા સમયમાં પણ રાહુ પ્લુટોનાં હસ્ત નક્ષત્રનું ભ્રમણ કૌટુંબિક વિખવાદ કે બીજી રીતની કૌટુંબિક પ્રતિકૂળતાનું વલણ દર્શાવે છે. તા. ૨૧-૬-૭૭ થી ૫-૭-૭૭ અને તા. ૨૩-૧૦-૭૭ થી ૬-૧૧-૭૭ દરમિયાન અંગત રીતે તમે કુટુંબનાં સવાલોમાં સંડોવાયેલા રહેશો. તેમ જ તમારૂં વલણ ઉગ્ર રહેશે, આ સમયે સ્વાભિમાનની દરકાર વગર મુલાયમતાપૂર્વક પરિસ્થિતિને અનુકૂળ બની રહેવું જોઈએ. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધી ગુરૂનું આર્દ્રા નક્ષત્રનું ભ્રમણ વિખવાદ કે ભાંગફોડની દૃષ્ટિએ નોંધનીય જણાય છે. પ્રયત્નપૂર્વક કુટુંબનાં સભ્યોને મિઠાશ અને એકતાનાં ગુણ સમજાવી પ્રતિકૂળ નિર્ણયો કે પરિણામથી બચાવવા જોઈએ.

આર્થિક દૃષ્ટિએ :–વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી વૃષભ રાશિમાં કર્મ સ્થાનમાં રહેલા ગુરૂની ધન સ્થાન પર શુભ દૃષ્ટિ છે. તા. ૪-૫-૭૭ થી રાહુ, કન્યા રાશિમાં તમારાં ધન સ્થાનમાં આવે છે. તા. ૧૮-૭-૭૭થી ગુરૂ તમારા લાભ સ્થાનમાં આવે છે, વર્ષનાં અંતે રાહુ, ધન સ્થાનમાં અને ગુરૂ લાભ સ્થાનમાં રહે છે. તા. ૨૬-૬-૭૭થી ૨-૭-૭૭ અને તા. ૨૨-૧૦-૭૭થી ૩૦-૧૦-૭૭નાં સમયમાં ભાઈ–બહેન કે કુટુંબનાં બીજા સભ્યોના પુરૂષાર્થનાં પરિણામે ધનસંગ્રહનો યોગ છે. તા. ૭-૮-૭૭થી ૧૪-૮-૭૭ દરમિયાન પ્રવાસ, એજન્સી અથવા ચાલુ વ્યવસાય દ્વારા નાણું ભેગું કરી શકશો. તા. ૧-૯-૭૭ થી ૨૪-૯-૭૭નો સમય મિલકત, રાજકીય સંબંધો કે દેશ બહારનાં સંબંધોનો ઉપયોગ કરી બેન્ક બેલેન્સ વધારી શકશો. મનોરંજન, લોટરી અથવા સાહસ કે જોખમ સમાયેલું હોય તેવા વ્યવસાયથી લાભ ઉઠાવવાનું જન્મનાં ગ્રહો સૂચવતા હોય તો, તા. ૨૨-૮-૭૭ થી વર્ષનાં અંત સુધીનો સમય અનુકૂળ જણાશે. તા. ૨૧-૬-૭૭ થી ૫-૭-૭૭ અને તા. ૨૩-૧૦-૭૭ થી ૬-૧૧-૭૭નાં સમયગાળામાં અંગત લાગવગ વાપરીને ધનસંગ્રહ કરવાનું અનુકુળ રહેશે. તા. ૧૪-૮-૭૭ થી ૨૬-૮-૭૭ દરમ્યાન ચાલુ વ્યવસાયમાં વધારાની આવક ઊભી કરવાની અનુકૂળતાં મળશે. તા. ૨૪-૯-૭૭ થી ૨૦-૧૦-૭૭ દરમિયાન પરદેશ કે રાજ્યો સાથે વેપાર કરતી વ્યક્તિઓને સફળતા મળશે. તા. ૧૯-૧૧-૭૬થી ૨-૧૨-૭૬, તા. ૧૭-૩-૭૭ થી ૩૧-૩-૭૭ અને તા. ૧૯-૭-૭૭ થી ૨-૮-૭૭નાં સમયગાળામાં અંગત ખર્ચાઓ વધી જશે. આ સમયે વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા પર અંકુશ રાખવો જોઈએ. વર્ષ દરમિયાન તા. ૧૫-૧૧-૭૬ થી ૨૩-૧૧-૭૬ તા. ૧૭-૩-૭૭ થી ૨૩-૩-૭૭ અને તા. ૯-૭-૭૭ થી ૧૬-૭-૭૭નાં સમયમાં કૌટુંબિક જવાબદારી માટે નાણાં ખર્ચવાનો યોગ છે. આ સમયે મિત્રોને પણ મદદ કરવી પડે તેવું ગોચર ગ્રહો પરથી જણાય છે. તા. ૩૦-૧-૭૭ થી ૧૪-૨-૭૭, તા.

૧૭-૪-૭૭ થી ૮-૫-૭૭ અને તા. ૨૬-૮-૭૭ થી ૬-૯-૭૭ દરમિયાન ચાલુ વ્યાપારમાં સાહસ અને કાનૂની સમસ્યાઓથી દૂર રહેવું જોઈએ, આર્થિક દૃષ્ટિએ આ સમય ખર્ચ કે નુકસાનનું સૂચન કરે છે. તા. ૧૬-૧૧-૭૬થી ૫-૧૨-૭૬ અને તા. ૨૩-૪-૭૭થી ૧૧-૫-૭૭ દરમિયાન વડીલ વર્ગ કે પ્રતિષ્ઠા માટે આવશ્યક કૌટુંબિક-ધાર્મિક કહી શકાય તેવાં કાર્યો માટે ખર્ચની સમસ્યા ઊભી થશે, તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭નો સમય નોકરિયાત વર્ગે સાવધાનીપૂર્વક પસાર કરવો જોઈએ. અચાનક 'બેકારી'નું કારણ બની શકે છે. આ સમય દરમિયાન ભાગીદારી સંબંધોમાં પણ નાણાંકીય સમસ્યાનાં કારણે કટુતાની શક્યતા રહે છે. એકંદરે ખર્ચ પર અંકુશ રાખી શકશો તો તા. ૭-૯-૭૭ સુધીનો વ્યય સ્થાનનો શનિ જે વિશેષ નુકસાન કે ખર્ચનું સૂચન કરે છે, તેમાંથી કર્મ અને લાભ સ્થાનનો ગુરૂ તેમ જ ધન સ્થાનનો રાહુ બચાવવા જેટલી શકિત ધરાવે છે. જો મહત્ત્વાકાંક્ષી યોજનાઓથી દૂર રહી શકશો તો, વર્ષ દરમિયાન રાહુ અને ગુરૂનું ગોચર 'પાતળો ધનલાભ પણ મેળવી આપવા શકિતમાન છે.

સ્થાવર સંપત્તિ માટે : તમારી રાશિથી ચોથે વૃશ્ચિક રાશિમાં નેપચ્યુન આખું વર્ષ રહે છે, તેમ જ વર્ષ દરમિયાન તે એક જ નક્ષત્ર-જ્યેષ્ઠામાં રહે છે, નેપચ્યુનનું આ ગોચર મિલકત દ્વારા કે બીજી રીતે જમીનનાં સંબંધો દ્વારા ધનલાભ કે ધનસંગ્રહનું પ્રલોભન રખાવશે, નેપચ્યુનનું વલણ વ્યકિતને અતિ-કાલ્પનિક બનાવે છે. જન્મનાં ગ્રહો, સ્થાવર સંપત્તિનાં સંબંધો માટે પ્રતિકૂળ હશે તો, નેપચ્યુનની અસરવાળી કાલ્પનિકતા નુકસાન આપશે, જન્મનાં ગ્રહો મિલકત સંબંધી લાભ મેળવવા માટે અનુકૂળ હશે તો, તમારી કલ્પનાશકિતે જે બીજા અર્થોમાં જુગાર જેવી કહી શકાય, તે લાભ અપાશે. વર્ષ દરમ્યાન તા. ૧૬-૩-૭૭ થી ૨૩-૮-૭૭નાં સમયમાં નેપચ્યુન વક્રી રહે છે, આ વક્રી નેપચ્યુન પર તા. ૧૮-૭-૭૭ સુધી વૃષભનાં ગુરૂની દૃષ્ટિ રહેશે. ગુરૂ તમારી રાશિથી પાંચમાં અને આઠમાનો સ્વામી છે, તેનું તમારી રાશિથી દશમે થતું ભ્રમણ, વ્યવસાય અર્થે તમને સાહસિક અને જિદ્દી બનાવશે. નેપચ્યુન અને ગુરૂનો આ સમસપ્તક દૃષ્ટિ સંબંધ અનુકૂળ ફળ આપનાર ગણાશે નહીં. એટલે આ સમયે જમીન કે મિલકતથી લાભ ઉઠાવવાની પ્રતિષ્ઠા જેવી લાલસા'થી સાવચેત રહેવું. આવશ્યક છે: તા. ૨૦-૩-૭૭ થી ૬-૪-૭૭ દરમ્યાન રહેણાંકમાં ફેરફાર સુચવતો સામાન્ય યોગ છે. તા. ૧-૯-૭૭ થી ૨૦-૧૦-૭૭નો સમય સ્થાવર મિલકત દ્વારા ફાયદો મેળવી લેવા માટે અનુકુળ જણાશે. તા. ૧૬-૧૧-૭૬ થી ૫-૧૨-૭૬ અને ૨૩-૪-૭૭ થી ૧૧-૫-૭૭નાં સમયગાળામાં મિલકત સંબંધી રોકાણ કરતા પહેલા બે વખત વિચારી લેવું આવશ્યક છે. તા. ૨૩-૧૦-૭૬ થી ૨૯-૧૦-૭૬ દરમિયાન એક અતિ અગત્યનો મિલકત પ્રાપ્ત કરવાનો અનુકૂળ સમયગાળો નોંધી શકાય.

સ્ત્રીઓ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી તમારી રાશિનાં સપ્તમાધિપતિ શનિનું વ્યય સ્થાનનું ભ્રમણ પરણિત બહેનો માટે વૈચારિક મતભેદ વધારનાર નિવડશે. નોકરી કરતી બહેનો માટે પણ આ સમય પ્રતિકુળ જણાશે. શનિનાં આ ગોચર દરમ્યાન તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ સુધી તેનું પુષ્ય નક્ષત્રનું ભ્રમણ વિશેષ પ્રતિકુળ બનતું હોઈ કાળજી ભરી રીતે સાચવી લેવું જોઈએ. તા. ૭-૯-૭૭થી શનિ તમારી રાશિ સિંહમાં આવશે. આ સમયે તેનું અશ્વિની નક્ષત્રનું ભ્રમણ જે આવતા વર્ષે પણ ચાલુ રહેશે, તે ફરી પાછું નિરાશા કે નિષ્ફળતા સૂચક પરિણામ દર્શાવે છે. લગ્ન-જીવન કે નોકરી માટે આ સમય અનુકુળ નહીં રહે. તા. ૧૨-૨-૭૭ થી ૧૪-૩-૭૭ અને તા. ૨૮-૪-૭૭ થી ૧૭-૭-૭૭નો સમયગાળો વર્ષ દરમ્યાન અનુકુળ જણાશે, અપરણિત બહેનો આ સમયે જીવનસાથી મેળવી શકે તેવી શકયતા રહેશે. નોકરી કે આવકનાં સાધનો શોધતી બહેનો માટે પણ આ સમય આશાસ્પદ બની રહેશે. તા. ૭-૭-૭૭ થી ૨૪-૭-૭૭ દરમ્યાન વર્ષનો વિશેષ પ્રતિકુળ સમય નોંધી શકાય. આ સમયે કોઈ પણ નિર્ણયો લેવાનું ટાળવું જોઈએ.

વિદ્યાર્થીઓ માટે :- તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ અને ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી તમારા વિદ્યાસ્થાન પર ગુરૂની દૃષ્ટિ રહેશે. તમારું વિદ્યાસ્થાન - જેની રાશિ ગુરૂની 'સ્વ' રાશિ છે, એટલે વર્ષના ઉપરોક્ત ગાળો વિદ્યાર્થીઓ માટે અનુકુળ ફળ આપનાર નિવડશે.

આ સમય દરમિયાન તા. ૮-૧૨-૭૬ થી ૧૫-૧-૭૭ સુધી અને તા. ૨૪-૧૦-૭૭ થી વર્ષનાં અંત સુધી ગુરૂ વક્રી છે, એટલા પૂરતું ગુરૂનું શુભત્વ ઓછું પ્રાપ્ત થશે. ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ, અથવા દેશ બહાર અભ્યાસ પ્રાપ્ત કરનાર કે કરવાની ઈચ્છા ધરાવનાર વિદ્યાર્થીઓ માટે વર્ષની શરૂઆતથી એપ્રિલ ૧૯૭૭ સુધીનો સમયગાળો અનુકુળ જણાશે. તા. ૨૨-૮-૭૭ થી આવા વિદ્યાર્થીઓએ પ્રતિકુળતાનો સામનો કરવો પડે તેવું જણાય છે. એકંદરે વિદ્યાર્થીઓ માટે વર્ષનો વિશેષ ભાગ અનુકુળ છે.

વિશેષ વિગતો :- તા. ૨૪-૧૦-૭૬ થી ૨૬-૧૨-૭૬ સુધી પ્રવાસ, એજન્સી, કોન્ટ્રેક્ટ, પ્રિન્ટીંગ, ટાઈપિંગ, ટ્રાન્સપોર્ટ કે મકાન બાંધકામ જેવા વ્યવસાય સાથે સંકળાયેલી વ્યકિતઓ ખુશનુમા વાતાવરણ અને પ્રગતિનો અનુભવ કરશે. આવા વ્યવસાયિક સંબંધો માટે યોજનાબદ્ધ આર્થિક સહકાર અને બીજી સગવડો તા. ૨૬-૧૨-૭૬ થી ૧૯-૪-૭૭ સુધી મેળવી શકાશે. તા. ૧૯-૪-૭૬ થી ૨૮-૫-૭૭નો સમયગાળો ખોટી રીતે નાણાંનું રોકાણ કે બીજી રીતની જવાબદારી વધારનાર બની શકે છે. અહીંની સામાન્ય બેજવાબદારી તમારી આખી યોજનાને તોડી નાંખવા જેટલી શકિતશાળી બનવા સંભવ છે. આ સમય સાચવી લેશો તો, તા. ૨૮-૫-૭૭ થી ૩-૯-૭૭ સુધી વાવેલું લણી શકશો. ભકિત, અધ્યાત્મ કે ગૂઢ વિષયોમાં રસ ધરાવનાર વ્યકિતઓ માટે વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધીનો સમયગાળો ખૂબ જ અનુકુળ રહેશે. તા. ૭-૯-૭૭ થી વર્ષનાં અંત સુધી નાણાંકીય જવાબદારીઓ કે જામીનગીરીથી દૂર રહી શકશો તો, નુકસાન કે કાનૂની જાળમાંથી બચી જવાશે. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધી "યેનકેન પ્રકારેણ" ધન મળશે, પરન્તુ આંતરિક વિખવાદ વધશે, તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ દરમિયાન કોઈ ને આંગળીથી સહારો આપવા જશો તો પોંચો ફસાઈ જશે. વર્ષનો નોંધનીય પ્રતિકુળ સમય તા. ૧૬-૮-૭૭ થી ૩૦-૮-૭૭નો છે. આ સમયમાં આરોગ્ય અને બીજી બાબતોમાં શક્ય એવી દરેક સાવચેતી રાખવી જોઈએ. તેવી જ રીતે તા. ૨૩-૧૦-૭૭ થી ૬-૧૧-૭૭નો સમય નોંધનીય અનુકુળ બની રહેશે. આ સમય ઈચ્છાપૂર્તિ માટેનાં પ્રયત્નોનું પરિણામ અનુકુળ પ્રાપ્ત થશે.

કન્યા : (પ. ઠ. ણ)

વર્ષની શરૂઆતથી અંત સુધી પ્લુટો તમારી રાશિમાં હસ્ત નક્ષત્રમાં રહેશે. તમારો રાશિસ્વામી બુધ પણ વર્ષારંભથી તા. ૨૫-૧૦-૭૬ સુધી પ્લુટો સાથે રહેશે, પરંતુ બેઉનું નક્ષત્ર ભ્રમણ અલગ છે, તા. ૪-૫-૭૭થી રાહુ તમારી રાશિ કન્યામાં આવશે, જે આવતા વર્ષ સુધી ત્યાં જ રહેશે. વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિની દૃષ્ટિ તમારી રાશિમાં રહેલા પ્લુટો અને રાહુ પર રહેશે. વર્ષની શરૂઆત થી ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂની દૃષ્ટિ પણ પ્લુટો અને રાહુ પર રહેશે. વર્ષારંભે શનિ કર્કમાં તમારી રાશિથી અગિયારમો છે. અહીં તે અસ્તંગત બને છે, શનિ તમારો પંચમાધિપતિ અને ષષ્ટાધિપતિ છે, પંચમાધિપતિ લાભ સ્થાનમાં હોવાનાં લીધે તમે ધનલાભની ચાતુર્યભરી યોજના તરફ આકર્ષાશો. તા. ૨૮-૧૧-૭૬ સુધી માર્ગી શનિ પરિશ્રમ કરાવશે અને લાભની આશા રહેશે. તા. ૨૮-૧૧-૭૬થી ૧૧-૪-૭૭ સુધી શનિ વક્રી છે. આ સમય દરમિયાન તમે આશા-નિરાશામાં અટવાયેલા રહેશો. તા. ૨૫-૩-૭૭થી વક્રી શનિ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશે છે. તા. ૧૧-૪-૭૭થી માર્ગી થઈ તા. ૨૮-૪-૭૭ સુધી આ નક્ષત્રમાં જ રહેશે.

રાશિચક્રમાં તમારી કન્યારાશિ સેવાભાવી પરંતુ બુદ્ધિપ્રધાન છે. તમે તમારી યોજનાઓ ગણત્રીપૂર્વક પાર પાડવામાં માનો છો. શનિની પુષ્ય નક્ષત્રનાં ભ્રમણ દરમિયાન (તા. ૨૫-૩-૭૭થી -૨૮-૪-૭૭) તમારી બૌદ્ધિક ગણત્રીઓ પર કાબૂ મેળવી મળતો લાભ પ્રયત્નપૂર્વક લઈ લેશો તો, હિતકર જણાશે. ત્યાર બાદ ૪-૫-૭૭થી ૧૮-૭-૭૭ સુધી તમારી રાશિમાં રહેલ રાહુ પર ગુરૂની દૃષ્ટિ રહેશે, અને શનિની પણ દૃષ્ટિ રહેશે. ગુરૂ તમારી રાશિથી ચોથા અને સાતમા સ્થાનનો

સ્વામિ છે, એટલે તેનું તમારા ભાગ્યસ્થાનનું પરિભ્રમણ સામાજિક પ્રતિષ્ઠા મેળવવાના ઈરાદે સેવાનું વલણ આપશે. તેમ જ અંગતજીવનમાં વિશેષ સુખ-સમૃદ્ધિ પામવાની વૃત્તિ આપશે. બીજી બાજુ શનિ પાછલા અનુભવોનાં કારણે આ વૃત્તિઓથી દૂર રહેવાની બુદ્ધિ આપશે. અહીં તમે દ્વિધામાં ફસાશો. તમારી રાશિના મૂળભૂત સ્વભાવ મુજબ ગુરૂ તરફથી મળતું પરિણામ તમને આકર્ષશે. પરંતુ તમે તેમાં લોભાતા નહિ. તા. ૭-૯-૭૭થી શનિ માર્ગી થશે, અને તે પહેલાં જ તા. ૧૮-૭-૭૭થી ગુરૂ મિથુન રાશિમાં દાખલ થશે. અહીં ગુરૂ અસ્તંગત બનતો હોવાથી 'કર્મ' તરફ પુરતું લક્ષ નહીં આપવા દે.

વર્ષની શરૂઆતથી આઠમો કેતુ તા. ૪-૫-૭૭ સુધી રહેશે. આ કેતુ સ્વનક્ષત્ર- અશ્વિની નક્ષત્રના છે. આ સમય દરમ્યાન અણધારેલી ઉપાધીઓ અને જવાબદારીઓ આવી શકે છે. સામાન્ય ગફલત મોટું નુકશાન બની શકે, આ જોતા આ સમય ગમે તેવી ખટકી ઉપાધી કે જવાબદારી વહોરવાથી બચવામાં પસાર કરવો જોઈએ. સંજોગો પ્રતિકુળ હોય અને જવાબદારીઓ આવી જ પડે તો માનસિક સ્થિરતા જાળવવાનો પ્રયત્ન કરવો જોઈએ, કારણ આ સ્થાનનો કેતુ આરોગ્યની દ્રષ્ટિએ પણ શુભ ગણાયો નથી, ત્રીજે નેપચ્યુન અસાધારણ પુરુષાર્થ કરાવશે. પરંતુ કેતુની સામે કુટુંબ સ્થાનમાં રહેલો હર્ષલ, તેમજ તા ૪-૫-૭૭ બાદ મીનનો સાતમો કેતુ અને તા ૭-૯-૭૭થી સિંહનાં શનિની કુટુંબ સ્થાન પર દ્રષ્ટિ વગેરે ગ્રહોની અસર હેઠળ વૃશ્ચિકનાં ત્રીજા નેપચ્યુન દ્વારા જે પુરૂષાર્થ થશે તે નકારાત્મક દ્રષ્ટિએ અસાધારણ હશે શનિની દ્રષ્ટિ શુભ ગણાઈ નથી. પરંતુ નેપચ્યુનની કાલ્પનીકતાની સામે શનિની વ્યવહારિકતા જીવનમાં વિશેષ ઉપયોગી બને છે. આ જોતા શનિની ધન-કુટુંબ અને ભાગ્ય સ્થાન પરની દ્રષ્ટિ પ્રગતિની દ્રષ્ટિએ રૂકાવટ કરશે પરંતુ સમજપૂર્વક શનિની રૂકાવટનો સ્વીકાર કરશો તો, હર્ષલ, કેતુ અને નેપચ્યુન ની "ભાંગફોડીયા" પ્રવૃત્તિ જે કૌટુંબિક કે આર્થિક સમસ્યાઓ ઊભી કરશે તેની સામે સફળતા પૂર્વક ઝઝુમી શકશો, આમ ભૌતિક દ્રષ્ટિએ મેળવશો. પરંતુ માનવીય-ભાવનાત્મક દ્રષ્ટિએ "મેળવ્યા' નો આનંદ મેળવવો હોય તો તેના માટે શનિ દ્વારા મળતું પરિણામ. (કહેવાતી પ્રગતિમાં રૂકાવટ) હસતે મોઢે સ્વીકારી લેવું જોઈએ.

તંદુરસ્તી માટે:- વર્ષની શરૂઆતથી ૪-૫-૭૭ સુધી મેષ રાશિનો આઠમો કેતુ તંદુરસ્તી માટે અનુકુળ નથી. આ કેતુ પર શનિની દ્રષ્ટિ પણ છે. આ સમય દરમ્યાન ઓપરેશન જેવા નિર્ણયો લેવાથી દૂર રહેવું જોઈએ. લેવા જ પડે તો પૂરતી કાળજી રાખવી જોઈએ. તેમજ અજાણતા કે બીજા કારણો સર યોગ્ય દવાના બદલામાં અયોગ્ય દવા કે ખોરાકથી પણ આરોગ્ય સામે ભય ઉભો થઈ શકે છે. કેટલીક વખત પ્રવાસમાં અકસ્માતનું કારણ પણ આ ગોચર ગ્રહ બની જાય છે. વર્ષની શરૂઆતથી તા. ૧૨-૧૧-૭૬ સુધી અને તા. ૧-૨-૭૭ થી ૧૨-૩-૭૭ સુધી, મંગળ પણ આ સ્થાનનાં કેતુ પર દ્રષ્ટિ કરશે. એટલે આ સમયે વિશેષ સાવધ રહેવાની આવશ્યકતા છે, તા. ૭-૯-૭૭ થી શનિની દ્રષ્ટિ છઠ્ઠા સ્થાન પર રહેશે. આ શનિનું પોતાનું સ્થાન હોવાથી, વિશેષ માંદગીનો ભય નથી, પરંતુ જવાબદારીઓનાં પરિણામે અનિયમિતતા કે બીજી રીતે "થાક" અનુભવવા જેવી સામાન્ય અસર રહેશે. એકંદરે વર્ષના ઉત્તરાર્ધ કરતા પૂર્વાર્ધ આરોગ્યની દ્રષ્ટિએ સાચવી લેવો જોઈએ.

કૌટુમ્બિક સુખ માટે:- વિક્રમ સંવત ૨૦૩૩ના શરૂઆતે કુટુંબ સ્થાનમાં હર્ષલ, અને રાહુ છે, તા. ૨૬-૧૨-૭૬ સુધી આ બેઉ ગ્રહો સ્વાતિ નક્ષત્રમાં છે, આ સ્થાન પર તા. ૧૮-૭-૭૭થી ગુરૂની દ્રષ્ટિ આવશે. પરંતુ તા. ૪-૫-૭૭ સુધી રાહુનાં આ સ્થાનનાં ભ્રમણ સુધી ગુરૂની દ્રષ્ટિ નહી મળે, ગુરૂની દ્રષ્ટિ બાદ તા. ૭-૯-૭૭થી શનિની પણ આ સ્થાન પર દ્રષ્ટિ રહેશે. એટલે એક યાં બીજા રૂપે આખું વર્ષ કૌટુમ્બિક દ્રષ્ટિએ અશાંતિવાળું જણાય છે. આ સ્થાનનો તુલા રાશિનો રાહુ મિત્રક્ષેત્રી છે,

પરંતુ સ્વભાવે ભૌતિકવાદી છે, હર્ષલ તેના જલદ પરિણામો માટે જાણીતો છે. ગુરૂ માટે આ રાશિ મૈત્રીદર્શક નથી, પરંતુ સ્થાનનાં કારકની દ્રષ્ટિએ તેમજ નૈસર્ગિક શુભત્વની દ્રષ્ટિએ આખા કુટુંબનાં ભૌતિક વલણને ટેકો જરૂર મળી રહેશે. એટલે તા. ૭-૯-૭૭ થી શનિની દ્રષ્ટિ આ સ્થાન પર આવતા પહેલા તો આખું કૌટુમ્બિક વાતાવરણ ભૌતિક સફળતાની કલ્પનામાં "કિલ્લોલ" કરતું હશે, જન્મનાં ગ્રહો અનુકુળ હશે તો, આ સમય દરમ્યાન 'કલ્પના" સાકાર થઈ જશે. પરંતુ તા. ૭-૯-૭૭થી શનિની કુટુંબ સ્થાન પરની દષ્ટિ તમને કાલ્પનિક જગતમાંથી વાસ્તવિકતા તરફ દોરી જશે. એટલે શનિની દ્રષ્ટિ પહેલાની ભૂમિકા શનિની દ્રષ્ટિ બાદ બદલવા તૈયાર રહેશો તો બદલાતા વાતાવરણ સાથે સહેલાઈથી કદમ મિલાવી શકશો. જો તેમ નહી કરી શકો, અને તમારી કલ્પનાને સાકાર કરવાની કોશિશ ચાલુ રાખશો, તો શનિ દ્વારા સર્જાતી વાસ્તવિકતા તમને 'આડખીલી' જેવી લાગશે, પરિણામે કુટુંબ નાં સભ્યો વચ્ચેનું વાતાવરણ ડહોળાશે. જન્મનાં ગ્રહો વિશેષ પ્રતિકુળ હશે તો, આ સ્થાનનો હર્ષલ સભ્યો વચ્ચે ના એખલાસ માટે નુકસાનજનક બની શકે છે. તા. ૯-૧૧-૭૬થી ૨૦-૧૧-૭૬ અને ૯-૩-૭૭થી ૨૩-૩-૭૭ દરમ્યાન કૌટુંબિક વાતાવરણ વિશેષ પ્રતિકુળ જણાશે. તા. ૧૭-૯-૭૭થી ૨૮-૯-૭૭ દરમિયાન કુટુંબ માટેનાં ખર્ચાઓ વધશે, એકંદરે વર્ષનાં ઉત્તરાર્ધમાં કૌટુંબિક સમસ્યાઓને તમારી આગવી બુદ્ધિ ચાતુર્યથી સમજવી અને ઉકેલવી જોઈએ.

આર્થિક દષ્ટિએ: વર્ષ દરમિયાન ધન સ્થાનનો રાહુ ઝડપથી ધનવાન બનવાની પ્રાથમિક કોશિષમાં ક્ષણિક સફળતા આપી જશે, વિશેષ કરીને ૨૬-૧૨- સુધીનું રાહુનું સ્વાતિ નક્ષત્રનું ભ્રમણ અનુકુળ છે, રાહુ છાયાગ્રહ છે, એટલે તેનું ફળ પણ સચોટ, હોવા છતાં છાયા જેવું જ બની રહેવા સંભવ છે અર્થાત રાહુ દ્વારા મળતા ધનલાભ ચિરંજીવ નહીં હોય, તા. ૧૮-૭-૭૭થી આ સ્થાન પર ગુરૂની દષ્ટિ આવશે, પરંતુ એ પહેલાં જ રાહુનું રાશ્યાન્તર થઈ જશે, એટલે ગુરૂથી દષ્ટ રાહુનો લાભ નહીં મળી શકે, અલબત્ત તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી મેષનાં ગુરૂની દષ્ટિ રાહુ પર રહેશે. તા. ૭-૯-૭૭ સુધી લાભસ્થાનનો શનિ પોતાની અસ્તંગત રાશિનો હોવાથી વિશેષ લાભ નહીં આપી શકે, પરંતુ તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ સુધીનું તેનું પુષ્ય નક્ષત્રનું ભ્રમણ ધીમો, પરંતુ કાયમી લાભ આપવા શકિતમાન છે, વિશેષ કરીને તા. ૧૧-૪-૭૭થી શનિના માર્ગી થયા બાદ આ પ્રકારનો લાભ અનુભવશો. તા. ૨૪-૧૦-૭૬થી ૨૬-૧૨-૭૬ દરમિયાન કુટુંબનાં બીજા સભ્યોની આર્થિક સ્થિતિ સારી રહેશે. તા. ૨૯-૧૦-૭૬થી ૬-૧૧-૭૬ અને તા. ૨-૩-૭૭થી ૧૦-૩-૭૭ દરમિયાન વ્યકિતગત રીતે ધન સંગ્રહ કરવાની તક મેળવશો. તા. ૪-૧-૭૭થી ૧૭-૧-૭૭ દરમિયાન નસીબના જોરે ધનલાભ મળવાનો યોગ છે, તા. ૨૦-૩-૭૭થી ૬-૪-૭૭નાં ગાળામાં જન્મનાં ગ્રહો અનુકુળતા હશે તો વારસા જેવો લાભ મળી શકે. તા. ૧૯-૨-૭૭થી ૪-૩-૭૭ દરમિયાન કૌટુંબિક જવાબદારી માટે ચેકબુકનાં ઉપયોગની જરૂર જણાશે. તા. ૧૫-૧૧-૭૬થી ૨૩-૧૧-૭૬, ૧૭-૩-૭૬થી ૨૩-૩-૭૭ અને તા. ૯-૭-૭૭થી ૧૬-૭-૭૭ દરમિયાન ચાલુ વ્યવસાય દ્વારા નોંધનીય લાભ મેળવી શકશો. તા. ૩૦-૧-૭૭થી ૧૪-૨-૭૭, ૧૭-૪-૭૭થી ૮-૫-૭૭ અને ૨૬-૮-૭૭થી ૬-૯-૭૭ દરમિયાન રાજકીય, પરદેશી સંબંધો અથવા કૌટુંબિક વડીલ વર્ગ સંબંધોથી ધનલાભ મળવાનો યોગ છે. તા. ૧૬-૧૧-૭૬થી ૫-૧૨-૭૬ અને ૨૩-૪-૭૭થી ૧૧-૫-૭૭નાં સમય ગાળામાં તમારી આ બાજુ ની બીજા માટેની દુઃખદ ઘટના તમારે માટે આર્થિક દ્રષ્ટિએ સુખદ બનવાનો સંભવ છે. તા. ૨૫-૩- ૭૭- થી ૨૮-૪-૭૭ દરમ્યાન નોકરિયાત વર્ગને આગળ વધવાની તક મળી શકે છે. તા. ૧૯-૧૧-૭૬થી ૨-૧૨-૭૬, ૧૭-૩-૭૭ થી ૩૧-૩-૭૭ અને ૧૯-૭-૭૭થી ૨-૮-૭૭ દરમ્યાન નાણાં મેળવવાની લાલચે જે પ્રયત્નો કરશો, તે લાભનાં બદલે નુકસાન આપનાર બનશે. વિક્રમ સંવત ૨૦૩૩નો સમજપૂર્વક ઉપયોગ કરશો તો, આર્થિક દ્રષ્ટિએ સફળતા પ્રાપ્ત કરી શકશો.

સ્થાવર સંપત્તિ માટે:- તમારી રાશિથી ચોથું સ્થાન- સ્થાવર સંપત્તિના સ્થાનનો સ્વામિ ગુરૂ તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી મેષ રાશિમાં આઠમે રહી આ સ્થાન પર દ્રષ્ટિ કરશે. ત્યાર બાદ તા. ૧૮-૭-૭૭થી વર્ષના અંત સુધી ગુરૂની આ સ્થાન પર દ્રષ્ટિ રહેશે. જમીનનો કારક મંગળ તા. ૨૩-૧૨-૭૬ થી ૧-૨-૭૭ સુધી અને તા. ૮-૭-૭૭ થી ૧૩-૧૦-૭૭ સુધી આ સ્થાન સાથે સંબંધીત રહેશે. તા. ૧૫-૧૨-૭૬ થી ૧૪-૧-૭૭ દરમ્યાન સ્થાવર મિલ્કત સંબંધી

સહજમાં લાભ પ્રાપ્ત કરવાની લોભામણી તક સૂર્યનાં ગોચર દ્વારા ઊભી થશે. આ સમયની એક બાજુમાં કાળજી નહીં રાખો તો તા. ૧૩-૪-૭૭ પછી નાણાકીય અથવા કાનૂની મુશ્કેલી ઊભી થવાનો યોગ છે. મિલ્કત સંબંધી સમસ્યાઓની મુંઝવણ તા. ૮-૭-૭૭ પછી હળવી બનશે, પરંતુ આ હળવાશનો અર્થ 'વધુ લાભ' નથી જ એમ, શક્ય હોય તો, વર્ષ દરમ્યાન સ્થાવર મિલ્કતનાં ખરીદ વેચાણ કે બીજી રીતે લોભામણા આકર્ષણથી દૂર રહેવું જોઈએ. તેમ ન બની શકે તો તા. ૮-૭-૭૭ થી ૨૨-૮-૭૭ દરમ્યાન યોગ્ય નિર્ણયો લઈ લેવા જોઈએ. ત્યાર બાદ મિલ્કત ને લગતા સવાલો ઊભા હશે તો તેની સાથે વ્યકિતત્વ અને પ્રતિષ્ઠા સંકળાવાનો ભય છે. આવું બને તો તમે અહંકારથી પ્રેરાઈ જે નિર્ણયો લેશો, તે ગોચર ગ્રહોની દ્રષ્ટિએ શ્રેયસ્કર જણાતા નથી. જન્મનાં ગ્રહોની વલણ પ્રમાણે પરિણામ મેળવશો, ગોચર ગ્રહોની દ્રષ્ટિએ તો આ વર્ષ સ્થાવર સંપત્તિ માટે અનુકૂળ કે પ્રતિકુળ બન્ને રીતે નોંધનીય નથી.

સ્ત્રીઓ માટે :- તા. ૬-૧૧-૭૬ થી ૧૫-૧૧-૭૬, ૧૦-૩-૭૭ થી ૧૭-૩-૭૭ અને ૨-૭-૭૭થી ૯-૭-૭૭ દરમ્યાન પરણિત બહેનોનાં જીવનમાં સુખદ ઘટનાની શક્યતા છે. આ સમય દરમ્યાન તમારી જન્મકુંડળીનાં ગ્રહોની વલણ અનુસાર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશો. રાજકીય ક્ષેત્રમાં અથવા ઉચ્ચ વિદ્યાભ્યાસની તૈયારી માટે આ સમય અનુકૂળ જણાશે. અપરિણિત બહેનો પણ આ સમય દરમ્યાન જીવન સાથી મેળવવાનાં પ્રયત્નમાં સફળતા પ્રાપ્ત કરી શકશે તા. ૬-૫-૭૭-થી ૨૧-૫-૭૭ અને તા. ૨૪-૭-૭૭ થી ૨-૮-૭૭ દરમ્યાન "દામ્પત્ય"ને લગતી સમસ્યાઓનો સામનો કરવો પડશે, આ સમય શાંતિપૂર્વક પસાર કરવો જોઈએ. સ્હેજ ઉતાવળ કાયમની ભૂલ બની જાય તેવું ગોચર આ સમય દરમ્યાન છે. તા. ૪-૫-૭૭ થી વર્ષનાં અંત સુધી કેતુ તમારી રાશિથી સાતમે મીન રાશિમાં રહે છે. પ્રેમ - લાગણીનાં સ્થાનમાં મકર રાશિ છે, મકર રાશિ લાગણી કરતાં ફરજને પ્રથમ મહત્વ આપે છે. તા. ૭-૯-૭૭ થી શનિ જે મકર રાશિનો સ્વામિ છે. તે તમારી રાશિથી બારમે સિંહમાં આવશે. આ ગોચર ગ્રહ પરણિત બહેનોનાં જીવનમાં જીવનસાથી સાથેનાં સંબંધો માટે અનુકૂળ જણાતા નથી. અહીં તમને તમારી ફરજ બજાવવામાં સામે પક્ષેથી કઠિનાઈ જણાશે. એટલે વર્ષનાં ઉત્તરાર્ધમાં લાગણીથી દોરવાઈ ફરજ ચૂકી જવાની શક્યતા વિશેષ છે. તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નો સમય વિશેષ સાચવી લેવા જેવો છે. એકંદરે આ વર્ષ કસોટીવાળુ વર્ષ નોંધી શકાય. વર્ષારંભથી તા. ૪-૫--૭૭ સુધી આરોગ્યની વિશેષકાળજી રાખવી જોઈએ.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષની શરૂઆતથી ૭-૯-૭૭ સુધી તમારા વિદ્યાસ્થાન પર શનિની દષ્ટિ છે, આ સ્થાનનો સ્વામિ શનિ હોવાથી નિષ્ફળતા નહીં આપે. પરંતુ પરિશ્રમ જરૂર કરાવશે. વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી તા. ૧૮-૭-૭૭ સુધી ગુરુની પણ શુભ દષ્ટિ તમારા વિદ્યાસ્થાન પર રહેશે. આ સમય ગાળાનો સદ્ઉપયોગ કરશો તો ગુરૂની દષ્ટિ સિવાયનાં સમય ગાળામાં પરિશ્રમથી બચી શકશો. તા. ૨૮-૧૧-૭૬ થી ૧૧-૪-૭૭ દરમ્યાન શનિ વક્રી છે. અને તા. ૨૫-૭-૭૭ થી ૨૭-૮-૭૭ દરમ્યાન શનિનો અસ્ત છે, આ સમયમાં વિદ્યાભ્યાસની સમસ્યાઓ, માનસિક નિરાશા પ્રેરશે. પ્રયત્નપૂર્વક આશાસ્પદ બની પુરુષાર્થ ચાલુ રાખવો જોઈએ. જો તમે કઠોર પરિશ્રમથી ડરશો નહી, તો વિક્રમ સંવત ૨૦૩૩નું વર્ષ વિદ્યાભ્યાસ ક્ષેત્રે સફળ પુરવાર થશે, તા. ૧૧-૪-૭૭થી ૨૮-૪-૭૭નો સમય વિદ્યાર્થીઓ માટે ઉત્સાહ વર્ધક નોંધી શકાય અહીં તમને નાણાંકીય સફળતા પણ મળવાનો યોગ છે.

વિશેષ વિગતો :- તા. ૬-૧૧-૭૬ થી ૧૫-૧૧-૭૬ અને તા. ૧૦-૩-૭૭ થી ૧૭-૩-૭૭ તેમજ તા. ૨-૭-૭૭થી ૯-૭-૭૭ નાં સમયમાં પરદેશી કે રાજકીય સંબંધો દ્વારા અનુકુળતા પ્રાપ્ત કરી શકશો. પ્રતિષ્ઠા અને પ્રગતિ માટે આ સમય નોંધનીય છે, તા. ૨૮-૧૦-૭૬ થી ૧૬-૧૧-૭૬- અને તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭ દરમ્યાન કાનૂની સમસ્યાઓ કે કોર્ટ કચેરીની બાબતો લાભદાયક પુરવાર થશે, તા. ૧૪-૮-૭૭થી ૨૬-૮-૭૭ અને તા. ૩૦-૧૦-૭૭ થી ૭-૧૧-૭૭ નો સમય વ્યાપારની ઉન્નતિ માટે શ્રેષ્ઠ પુરવાર થશે. તા. ૨૦-૩-૭૭ થી ૬-૪-૭૭નો સમય, જન્મનાં ગ્રહોની અનુકૂળતા હશે તો, વારસાથી અથવા અકસ્માત ધન પ્રાપ્તિ માટે નોંધી શકાય, તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન નાણાંકીય લાભની અનેક શક્યતાઓ જણાશે. પરંતુ ભારે પરિશ્રમ કરશો તો પણ કલ્પના કરતાં ઓછો લાભ મળશે. અને આ લાભ બેંકમાં જમા કરાવી શકાય તેવો નહી હોય.

વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી ઉપાધી, સાહસ કે ભાંજગડથી જેટલા દૂર રહી શકશો, એટલી પારકી અને ખોટી જવાબદારીમાંથી તમને પોતાને 'મુક્ત' રાખી શકશો, તો આ સમય દરમ્યાન સ્વાસ્થ્ય પણ સારું રહી શકશે.

તા. ૭-૯-૭૭થી શનિનું મઘા નક્ષત્રનું ભ્રમણ જે આવતા વર્ષમાં પણ થોડો સમય ચાલુ રહેશે. તેના પરિણામે તમે નાણાંકીય ભાગીદારી, પ્રેમ લગ્ન, કે બીજી રીતે ફક્ત 'સેવા' ખાતરનાં જોડાણનાં એક 'વમળ'માં અટવાશો, આ સમયનું જોડાણ આર્થિક , સામાજિક કે બીજી રીતે ભૌતિક દષ્ટિએ ફાયદો નહી આપે. પરંતુ તમારી જવાબદારી વધારશે. અલબત્ત 'સેવા' કર્યાનો સંતોષ મેળવી શકશો. આ દ્રષ્ટિ નજર સમક્ષ રાખી અહીં નિર્ણયો લેવાની સલાહ છે, કારણ તા. ૨૨-૮-૭૭ થી ગુરૂનાં આર્દ્રા પ્રવેશનાં પરિણામે પ્રતિષ્ઠા અને વ્યકિતત્વની દષ્ટિએ તમારા 'અહંકાર"ની વૃદ્ધિ થશે. આ અહંકારનાં કારણે તમે 'પાછી હઠ" કરતાં અચકાશો. અને આગે કદમ મુકશો તો, ઉપલા સમયમાં ઊભી થતી જવાબદારીમાંથી છટકી નહી શકો.

તુલા : (ર ત)

વર્ષની શરૂઆતે તમારી રાશિમાં રાહુ અને હર્ષલ છે, કર્મસ્થાનમાં શનિ છે, સાતમા કેન્દ્ર માં

કેતુ છે, ધનસ્થાનમાં નેપચ્યુન અને વ્યયમાં પ્લુટો છે. સુખસ્થાન સિવાયનાં ત્રણે કેન્દ્રોમાં પાપ ગ્રહ રહેલા છે, રાહુ અને હર્ષલ વ્યકિતત્વ અને પ્રતિષ્ઠા ટકાવી રાખવાની શકિત આપશે, પરંતુ દશમો શનિ તનતોડ મહેનત કરાવશે સાતમો કેતુ ભાગીદારી કે લગ્નજીવનનાં સંબંધો માટે શુભ ગણાયો નથી, ધન સ્થાનશાનનો નેપચ્યુન તમને ધનસંગ્રહ માટેની આશાસ્પદ તક હાથમાં આવતી બનાવશે, પરંતુ આ તક 'મૃગજળ'ની જેમ હાથમાં આવ્યા પહેલા જ સરી જતી લાગશે. અલબત્ત વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી ધનસ્થાન પર ગુરૂની દ્રષ્ટિ રહેશે, તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી તમારી રાશિ પર તેમ જ લાભસ્થાન પર મેષનાં ગુરૂની દ્રષ્ટિ રહેશે. તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી ફરીપાછી વૃષભના ગુરૂની તમારાં ધનસ્થાન પર દ્રષ્ટિ રહેશે, અને ૧૮-૭-૭૭ થી વર્ષનાં અંત સુધી મિથુન રાશિને ભાગ્યમાં રહેલો ગુરૂ, તમારી રાશિ પર શુભ દ્રષ્ટિ કરશે, એટલે ગુરૂ દ્વારા રક્ષણાત્મક બળ મળી રહેશે. આમ છતાં ગુરૂ, તમારો રાશિ સ્વામિ શુક્રનો મિત્ર નથી, એટલે ગુરૂનું રક્ષણ નૈસર્ગિક શુભ ગ્રહ પૂરતું મર્યાદીત રહેશે, આ રીતે આખું વર્ષ પરિશ્રમ અને સહકાર્યકરો કે સાથીદારો સાથે ખટપટ તેમજ નાણાંકિય રીતે ખોટી આશામાં પસાર થશે.

તા. ૭-૯-૭૭થી સિંહનો અગિયારમો શનિ થતાં પરિશ્રમનું પ્રમાણમાં ઓછું, પરંતુ 'પ્રિય' ફળ મેળવી શકશો, ગુરૂનાં કારણે વ્યકિતત્વ અને પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. તા. ૪-૫-૭૭થી રાહુ બારમો થશે અને કેતુ છઠ્ઠો, આ ગોચર આરોગ્યની ફરિયાદ રખાવશે. તેમજ ખોટા ખર્ચા અને વિશ્વાસઘાતનાં પ્રસંગો પણ ઉત્પન્ન કરશે, તા. ૨૮-૫-૭૭ નાં મંગળ, મેષ રાશિમાં આવે છે અને તા. ૨૯-૫-૭૭ નાં શુક્ર, મેષ રાશિમાં આવે છે. તા. ૩૦-૬-૭૭ સુધી આ બેઉ ગ્રહોની તમારા સાતમાં સ્થાનમા થતી યુતિ પર શનિની દ્રષ્ટિ રહેશે. આ સમયે ચિત્રા નક્ષત્રનો બારમો રાહુ ભાગીદારી જેવા જોડાણોમાં અસંતોષ કે ખટપટનું સૂચન કરે છે, ભાગીદાર કે જીવનસાથી માટેના ખર્ચાઓ વધશે, આ સંબંધી મહત્વનાં ફેરફારો વિચારવાની–કરવાની આવશ્યકતા પણ જણાશે.

તંદુરસ્તી માટે :- તા. ૪-૫-૭૭થી કેતુ મીનમાં તમારી રાશિથી છઠ્ઠે આવશેઅને વર્ષનાં અંત સુધી ત્યાં જ રહેશે. તા. ૭-૯-૭૭થી શનિ સિંહમાં આવશે, જેની દ્રષ્ટિ તમારા આઠમા સ્થાન પર રહેશે. કેતુ અને શનિના આ ગોચરનું ફળ આરોગ્યની દ્રષ્ટિએ જ્યોતિષશાસ્ત્રમાં

પુસ્તકોમાં સ્ક્રિટચ્યુઅટ બતાવેલું છે, "છઠ્ઠો કેતુ સંકટનું ઘર વિજય અપાવે છે, આઠમો શનિ આયુષ્યવર્ધક પરંતુ દુ:ખવર્ધક છે" આવું વિધાન એમ જ તેથી ઊલટું વિધાન પણ પુસ્તકોમાં જોવા મળે છે. વર્ષ દરમ્યાન આવું ગોચર હોવા છતાં દશમો શનિ તા. ૭-૯-૭૭ સુધી તમને પરિશ્રમનાં વાતાવરણમાં રાખશે, એ વાતાવરણનાં કારણે, 'માંદા પડવું' પાલવશે જ નહીં, તા. ૭-૯-૭૭ બાદ અગિયારમો શનિ પરિશ્રમનું ફળ પ્રાપ્ત કરવાની લાલચ દ્વારા જે ઉત્સાહ પ્રેરશે, તે તમને માંદગીનાં વિચારોથી દૂર રાખશે, એટલે તમે બિમાર નહીં પડો, પરંતુ શરીરને ઘસારો જરૂર લાગશે આ ઘસારાથી બચવા માટે યોગ્ય ખાન-પાન આવશ્યક છે, તા. ૨૯-૫-૭૭ થી ૧૩-૬-૭૭ અને ૧૭-૯-૭૭થી ૨૮-૯-૭૭નો સમય તંદુરસ્તી માટે વિશેષ પ્રતિકૂળ જણાય છે, તા. ૧૧-૮-૭૭ થી ૨૧-૮-૭૭ દરમ્યાન પ્રવાસમાં અકસ્માત કે ઓપરેશન સંબંધી કાળજી રાખવી જોઈએ.

કૌટુમ્બિક સુખ માટે :- તમારાં કુટુંબ સ્થાન વૃશ્ચિક રાશિમાં નેપચ્યુન આખું વર્ષ રહે છે. ૧૯૬૭થી નેપચ્યુન તમારાં કુટુંબ સ્થાનની રાશિમાં દાખલ થયો છે. આવતા થોડા વર્ષ તેનું ભ્રમણ ત્યાં જ રહેશે, એટલે નેપચ્યુનની અસર કોઈપણ એક વર્ષમાં નોંધી શકાય નહીં. બીજું આ ગ્રહ સાથે બીજા ગ્રહોના દૃષ્ટિ સંબંધ થાય, તે સમયે તેનું પરિણામ અનુભવાશે. ચાલુ વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૩-૭૭ સુધી ગુરુની સપ્તમ દૃષ્ટિ નેપચ્યુન પર રહેશે. સામાન્ય સંજોગોમાં ગુરુની દૃષ્ટિનું પરિણામ શુભ હોય છે, પરંતુ તમારાં કુટુંબસ્થાનમાં વૃશ્ચિક રાશિ છે. જેનો સ્વભાવ 'પરિવર્તન દ્વારા નવજીવન' છે. નેપચ્યુન અતિ કલ્પના શક્તિ આપનાર ગ્રહ છે અને ગુરુ ભૌતિક સમૃદ્ધિનો 'મોહ' આપે છે. એટલે ગુરુ, નેપચ્યુનનો આ સમસપ્તકયોગ આખી કુટુંબવ્યવસ્થા બદલાવવા શક્તિમાન છે, કુટુંબનાં સભ્યોની કલ્પના તેઓનાં જન્મનાં ગ્રહોનાં આધારે એકબીજાથી જુદી હોઈ શકે છે, દરેક સભ્યો પોતાની કલ્પના આકાર આપવા કોશિષ કરશે. પરિણામે વિચાર અને આચારોનું 'મંથન' જે તમને 'ઘર્ષણ' જેવું લાગશે, તેવા કૌટુમ્બિક વાતાવરણમાં ઉપરની ગુરુ, નેપચ્યુન સમસપ્તક યોગનો સમય પસાર થશે, 'તટસ્થતા' જાળવીને આ સમય દરમ્યાન કુટુંબનાં બીજા સભ્યોની લાગણીઓ નો ખ્યાલ રાખી કોઈને આઘાત પહોંચાડવાથી દૂર રહેવું જોઈએ, તો જ તમે ઘર્ષણમાંથી તમને પોતાને બાકાત રાખી શકશો. તા. ૧૨-૧૧-૭૬થી ૨૩-૧૨-૭૬ સુધી મંગળની આ સ્થાન પર દૃષ્ટિ રહેશે. મંગળ આ સ્થાનનો સ્વામી હોવાથી, વિશેષ નુકસાન નહીં થવા દે, પરંતુ વૃશ્ચિક રાશિ ખંડનાત્મક રાશિ છે, મંગળ ઉગ્ર છે. અને નેપચ્યુન 'કાલ્પનિક' છે. આ જોતાં સહજ ઘટના પણ ઉપલા સમયમાં કુટુંબવિભાજનનું કારણ બની શકે છે. આ સમય દરમ્યાન કૌટુમ્બિક સભ્યો વચ્ચે ઉગ્રતા સર્જાય તેવી પરિસ્થિતિ નિર્માણ ન થવા દેવી જોઈએ. તા. ૧-૯-૭૭ થી ૨૪-૯-૭૭ દરમ્યાન મંગળનું આર્દ્રા નક્ષત્રનું ભ્રમણ પણ કૌટુમ્બિક વિખવાદ કે વિભાજન સૂચવી જાય છે. તા. ૨૦-૧૦-૭૭ થી કુટુંબનું વાતાવરણ આનંદદાયક જણાશે, તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નાં સમયમાં 'કૌટુમ્બિક-નાણાંકિય' સાહસ કરવાથી દૂર રહેવું જોઈએ.

આર્થિક દૃષ્ટિએ :- વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭ થી ૧૮-૩-૭૭ સુધી ધનસ્થાન પર ગુરુની દૃષ્ટિ છે. વર્ષ દરમ્યાન રાશિ બદલ્યા વગર તમારા ધન સ્થાનમાં નેપચ્યુન રહેલો છે. તા. ૧૨-૧૧-૭૬થી ૨૩-૧૨-૭૬ સુધી ધનાધિપતિ મંગળ પણ આ સ્થાનમાં જ રહેશે. આ સિવાય મહત્ત્વનાં ગ્રહોનું પરિભ્રમણ કે દૃષ્ટિયોગ વર્ષ દરમ્યાન તમારાં ધન સ્થાન સાથે થતો નથી, લાભસ્થાનમાં તા. ૭-૯-૭૭થી શનિ આવશે, જે વર્ષાન્ત સુધી રહેશે તા. ૪-૫-૭૭થી રાહુ વ્યયસ્થાનમાં આવશે. અને કેતુ ઋણ સ્થાનમાં, શનિ તમારી રાશિ માટે યોગકારક હોવા છતાં વર્ષ દરમ્યાન કર્ક અને સિંહમાં 'અસ્તંગત' રાશિમાં ભ્રમણ કરી રહ્યો છે, ગુરુ ધનકારક હોવા છતાં તમારી રાશિ માટે પૂર્ણ શુભફળ આપવા શક્તિમાન નથી. ધનસ્થાનના વૃશ્ચિક રાશિનો નેપચ્યુન નાણાં સંબંધી ભરતી ઓટનો અનુભવ કરાવતો હોય છે. સમગ્ર દૃષ્ટિએ વિક્રમ સંવત ૨૦૩૩નું વર્ષ ધનસંગ્રહ કે ધનલાભ માટે બહુ સારું જણાતું નથી. જન્મનાં ગ્રહોની અનુકૂળતા મુજબ સમય પસાર કરવો જોઈએ. જો જન્મનાં ગ્રહો પ્રતિકૂળ જણાતા હોય તો, વર્ષ દરમ્યાન મહત્ત્વાકાંક્ષા ઉપર કાબૂ રાખવો જોઈએ.

તા. ૨૩-૧૦-૭૬ થી ૨૯-૧૦-૭૬ દરમ્યાન ચિત્રા નક્ષત્રમાં બુધનું ભ્રમણ પ્રથમ 'પ્રતિષ્ઠિત' ખર્ચાઓ કરાવશે, તેના દ્વારા સામાન્ય ધનસંગ્રહ કરી શકશો, તા. ૧૬-૮-૭૭થી ૩૦-૮-૭૭ દરમ્યાન મિત્રો તરફથી લોન મેળવવામાં સફળતા મળશે, તા. ૨૯-૫-૭૭થી ૧૩-૬-૭૭ અને તા. ૧૭-૯-૭૭થી ૨૮-૯-૭૭ દરમ્યાન વ્યક્તિગત જવાબદારીઓ પૂરી કરવા માટે મહામહેનતે બીજાઓ પાસેથી નાણાંકિય સગવડ મેળવી શકશો, તા. ૨૮-૫-૭૭થી ૧૫-૬-૭૭નાં સમય ગાળામાં ભાગીદારી જેવા સંબંધોની જવાબદારી પૂરી કરવા માટે 'ઋણ' લેવાની આવશ્યકતા જણાશે. તા. ૭-૯-૭૭થી લાંબા ગાળાની એક એવી મૂંઝવણ અનુભવશો, જે વ્યક્તિગત અતિ ખાનગી સમસ્યા હશે, અથવા સંતાન, પ્રેમ કે મિલ્કતથી સંબંધિત હશે. આ સમસ્યા માટે પણ તમારે બેંકર્સની મદદ માંગવી પડશે, તા. ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬ દરમ્યાન આર્થિક ભીંસનો-વર્ષનો મહત્ત્વનો સમય નોંધી શકાય. તા. ૨૧-૬-૭૭ થી ૫-૭-૭૭ અને તા. ૨૩-૧૦-૭૭થી તા. ૬-૧૧-૭૭ દરમ્યાન મળતા નાણાં હાથમાં આવતા પહેલા જ સરી જવાની શક્યતા છે. તા. ૨૬-૬-૭૭થી ૨-૭-૭૭ અને ૨૨-૧૦-૭૭થી ૩૦-૧૦-૭૭નો સમય વિશેષ ખર્ચાળ બની રહેશે. તા. ૧-૯-૭૭થી ૨૪-૯-૭૭ દરમ્યાન કૌટુમ્બિક ખર્ચાઓ વધશે, હકીકતમાં તા. ૨૨-૮-૭૭થી આવક નહીં, પરંતુ 'લોન'નાં આધારે સમય પસાર કરવો પડશે, એ દૃષ્ટિ નજર સમક્ષ રાખી આર્થિક યોજનાઓ હાથ ધરવી જોઈએ.

સ્થાવર સંપત્તિ માટે:- વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી તમારાં ચોથા સ્થાન-મિલ્કતનાં સ્થાન પર શનિની દૃષ્ટિ છે. શનિ આ સ્થાનનો સ્વામી છે, વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૩-૭૭ સુધી ગુરુની પણ આ સ્થાન પર દૃષ્ટિ છે. તા. ૧-૨-૭૭ થી ૧૨-૩-૭૭ સુધી મંગળ આ સ્થાનમાંથી પસાર થશે. આ સમય દરમ્યાન તા. ૩-૩-૭૭થી ૧૨-૩-૭૭નાં સમયમાં મંગળનું મકર રાશિ; ધનિષ્ઠા નક્ષત્રનું ભ્રમણ કુટુંબનાં બીજા સભ્યોની મિલ્કતમાંથી કોઈ મિલ્કતનાં માલિક બનવાની તક આપશે. આ યોગનો મોટો આધાર જન્મનાં ગ્રહો પર રહે છે. તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ દરમ્યાન તમારી જૂની મિલ્કત હશે તો, તેને વ્યવસાય માટે ઉપયોગ કરવાની આવશ્યકતા જણાશે. તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત દરમ્યાન સ્થાવર મિલ્કત માટે લોન મેળવી સાહસ કરવાની લોભામણી તક મળશે. આ સમય કરજદાર થઈ મિલ્કતનાં સ્વામિ બનતા પહેલા વિવેકપૂર્ણ સારાસારનો વિચાર કરી લેવો જોઈએ. શક્ય હોય તો, વર્ષ દરમ્યાન મિલ્કતની મહત્ત્વાકાંક્ષાથી દૂર રહેવું જોઈએ.

સ્ત્રીઓ માટે :- પ્રથમ ભાવમાં રાહુ, હર્ષલની યુતિ સાથે વર્ષનો આરંભ થાય છે. તા. ૪-૫-૭૭ સુધી આ યુતિ રહેશે, એ દરમ્યાન ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી ગુરુની સપ્તમ દૃષ્ટિ સિવાય બીજી શુભ દૃષ્ટિ નથી. સપ્તમ કેન્દ્રમાં તા. ૪-૫-૭૭ સુધી શનિની દૃષ્ટિમાં કેતુ રહેશે, વ્યવહારિક અને વ્યાપારિક તુલનાત્મક બુદ્ધિ તમે ધરાવો છો પરંતુ રાહુ અને હર્ષલ તમારા આ ગુણથી વિરોધાભાસી પ્રવૃત્તિનું સૂચન કરે છે, એટલે વિવેકભાન ભૂલીને માની લીધેલી મહત્ત્વકાંક્ષા તરફ 'દોટ' મુકવાના વલણનો આ ગ્રહ પરિસ્થિતિ ઈશારો આપી જાય છે. સપ્તમ સ્થાન સાથેના કેતુ અને શનિના સંબંધોના પરિણામે તમારી વ્યક્તિગત મહત્ત્વકાંક્ષાને, તમારાં સાથીદારો, જો પરણિત હશો તો પતિ અને અપરણિત હશો તો, નજીકનાં સમાજ તરફથી સહકાર નહીં મળે, તા. ૪-૫-૭૭ બાદ રાહુ બારમે અને કેતુ છઠ્ઠે જતાં, તમારી રાશિમાં રહેલ હર્ષલની 'મુક્ત' અસર ઉછળી આવી જશે, વૈજ્ઞાનિક અને વિદ્યુત શક્તિ અને શક્તિનો કારક હર્ષલ તમને તમારા સ્વબળે ઝડપથી આગળ વધવાની વૃત્તિ આપશે, પરંતુ તા. ૭-૯-૭૭થી શનિ સિંહનો થતા તેની [illegible]

તમારી રાશિ પર હર્ષલ પર આવશે. જો આ પહેલા તમે તમારું ધ્યેય હાંસલ કરી લીધું હશે તો હરકત નહી આવે, પરંતુ જો તમે હજી મંઝીલ પર નહીં પહોંચ્યા હો તો, શનિની દષ્ટિ તમારી ગતિવિધીમાં રૂકાવટ ઊભી કરશે, તા. ૧૮-૭-૭૭થી ગુરૂ મિથુનમાં તમારી રાશિથી નવમો આવશે, તેની શુભ દષ્ટિ હર્ષલને મળશે, જે શનિ દ્વારા ઉભી થયેલી 'રૂકાવટ' ને ગતિ આપવાનુ કામ કરશે, આ રીતે વર્ષનાં અંત સુધી ગુરૂ-શનિ બેઉની દષ્ટિ તમને બે જુદી દિશા તરફ દોરશે. પરિણામે તમારી રાહ અને મંઝીલ બેઉ બદલાઈ જવાની શક્યતા રહે છે, એકંદરે વિક્રમ સંવત ૨૦૩૩ નો પૂર્વાર્ધ ક્રાંતિકારી બની રહેશે, પરંતુ ઉત્તરાર્ધ- 'અધ્યાત્મ' તરફ દોરી જશે, આ અધ્યાત્મનો અર્થ ચીલાચાલુ ધર્મ કે પ્રણાલી નહીં કરતા. તા. ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭નો સમય શુભ અથવા તમે 'અનુકૂળ' કહી શકો. તેવા પરિણામનો નોંધી શકાય.

વિદ્યાર્થીઓ માટે:- વર્ષની શરૂઆતથી તા. ૧૮-૭-૭૭ સુધી તમારાં પાંચમા સ્થાન કુંભ રાશિ પર કોઈ ગ્રહની વિશિષ્ઠ અસર નથી. તા. ૧૮-૭-૭૭થી ગુરૂની દષ્ટિ અને તા. ૭-૯-૭૭થી શનિની દષ્ટિ વર્ષનાં અંત સુધી રહેશે, શનિની આ દષ્ટિ પોતાનાં સ્થાન પર હોવાનાં કારણે 'સફળતા' સૂચક રહેશે. પરંતુ અતિ પરિશ્રમ દ્વારા જ શનિ સફળતા આપે છે. ગુરૂની દષ્ટિ પણ રાહત આપનારી ગણાય, તા. ૨૪-૧૦-૭૭ થી ગુરૂ વક્રી થતાં તેના તરફથી મળતી રાહતનું પ્રમાણ ઓછું થશે, તા. ૨૪-૧૦-૭૬ થી ૨૫-૩-૭૭ અને ૨૮-૪-૭૭થી ૭-૯-૭૭નાં સમય ગાળામાં શનિ આશ્લેષા નક્ષત્રમાં રહેશે, શનિનું આ ભ્રમણ એક તરફથી તમને ઉચ્ચ વિદ્યાભ્યાસ સુધી પહોંચવાની પ્રેરણાત્મક મહત્ત્વાકાંક્ષા આપશે, પરંતુ બીજી તરફ સફળતાની ગતિ અતિ ધીમી હોવાનાં કારણે 'હતાશાની લાગણી' ઉત્પન્ન થવાનો સંભવ રહે છે, પ્રયત્નપૂર્વક તમે 'ગતિ' ટકાવી રાખશો તો, વર્ષ નિષ્ફળ નહીં જાય એટલું ચોક્કસ છે. તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ નો સમય (વિશેષ કરીને તા. ૧૧-૪-૭૭થી શનિ માર્ગી થયા બાદ) વિદ્યાભ્યાસની સાથે સાથે અર્થોપાર્જનની ઈચ્છા ધરાવનાર વિદ્યાર્થીઓને તક આપી જશે.

વિશેષ વિગતો:- વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી આજુબાજુનું વાતાવરણ ખંડનાત્મક વિરોધી બળવાળું રહેશે, આ સમયે 'વાણીયાગત'નો ઉપયોગ કરી, પ્રતિકૂળતા સામે મિત્રભાવે ટકી રહેવું જોઈએ. આ પહેલા તા. ૨૪-૧૦-૭૬થી ૨૯-૧૨-૭૬નો સમય વ્યકિતગત સફળતા માટે ઉત્તમ પુરવાર થશે, તેનો ઉપયોગ કરી લેવો જોઈએ. તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન વ્યવસાય સંબંધી મહત્ત્વાકાંક્ષી યોજનાઓને અંતિમ સ્વરૂપ આપી શકો છો, પરંતુ આ યોજના 'સહજસાધ્ય' નહી બને. એ લક્ષ્યમાં રાખવું આવશ્યક છે. ધીરજ અને કુનેહ થી કામ લેશો તો, તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધીમાં જોઈતી નાણાંકિય અને બીજી સગવડો મેળવી શકશો. સાથે સાથે તા. ૨૨-૮-૭૭ થી ગુરૂ આર્દ્રા નક્ષત્રમાં આવશે, જે આવતા વર્ષમાં પણ ચાલુ રહેશે, એટલે વ્યવસાય અર્થે મેળવેલી લોન કે બીજી સગવડોનો દુરૂપયોગ થવાની શક્યતા પણ રહે જ છે. ગોચર ગ્રહો એ રીતે ઊંધે રસ્તે ચઢાવી, મહત્ત્વાકાંક્ષી બનાવી, મળેલી સગવડોનો યોગ્ય ઉપયોગ નહીં થવા દે, જન્મના ગ્રહોની સ્થિતિ જેટલી અનુકૂળ હશે અને વિવેકપૂર્ણ નિર્ણયો લઈ શકશો, તેટલા પ્રમાણમાં ચાલુ વર્ષના ગોચર ગ્રહોનાં વિપરીત પરિણામમાંથી બચી શકશો. તા. ૧૪-૮-૭૭થી ૨૬-૮-૭૭ અને ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન તમે જે અનુકૂળતા, સફળતા, કે સિદ્ધિ પ્રાપ્ત કરશો. તે, તમારાં પુરુષાર્થ કરતાં દૈવી ઘટના કે આશિર્વાદ છે, એ નોંધવાનું નહી ભુલતા.

વૃશ્ચિક (ન. ય)

છેલ્લા થોડા વર્ષથી નેપચ્યુન તમારી રાશિમાં ભ્રમણ કરે છે, જે હજી આવતા બીજા થોડા વર્ષો તમારી વૃશ્ચિક રાશિમાં જ ભ્રમણ કરશે, વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂની દૃષ્ટિ નેપચ્યુન પર રહેશે, સર્જન કરવુ અને સાથે જ વિસર્જનનો પ્રારંભ, આ તમારી રાશિની ખાસિયત છે. નેપચ્યુન તમને તમારી આ ક્રિયામાં વધુ મૌલિક બનાવશે. જો તમે ઈચ્છા તો વર્ષ દરમ્યાન મળતી ગુરૂની દૃષ્ટિનો ઉપયોગ કરી, તમારાં મૌલિક સર્જનને યથાવત રાખી શકો, પરંતુ આ તમારી ઈચ્છા પર આધારિત છે, જે તમારાં મૂળભૂત સ્વભાવમાં નથી. તા. ૧૨-૧૧-૭૬થી મંગળ તમારો રાશિ-સ્વામિ વૃશ્ચિકમાં તમારી રાશિમાં આવશે, ૨૩-૧૨-૭૬ સુધી રહેશે, આ દરમ્યાન ૧૬-૧૧-૭૬થી ૫-૧૨-૭૬ સુધી તે અનુરાધા નક્ષત્રમાં રહેશે, આ નક્ષત્રનો સ્વામી શનિ તમારાં ભાગ્યસ્થાનમાં છે, શનિ ત્રીજા અને ચોથા સ્થાનનો સ્વામી છે. એટલે અંતરમાં ઊંડે ઊંડે રચનાત્મક (?) વિચારો ઘોળાતા હશે, તે સાકાર થઈ શકે, તેવી દૈવી તક મળશે. આ માટે તમે યોગ્ય પુરૂષાર્થ કરી શકો છો. તા. ૨૩-૧૨-૭૬ થી ૧૦-૧-૭૭ દરમ્યાન તમારાં કાર્ય માટે નાણાંકિય અને બીજી સગવડ પણ મેળવી શકશો.

તા. ૩-૩-૭૭થી ૨૦-૩-૭૭ના સમયમાં પ્રવાસ, પુરૂષાર્થ કે સ્થાવર મિલ્કતનાં ઉપયોગની આવશ્યકતા જણાશે, હવે તમારી કસોટીનો આરંભ થશે, તા ૨૦-૩-૭૭ થી ૬-૪-૭૭ દરમ્યાન તમે 'પ્રાપ્ત' કરેલું, વેડફાઈ જવાની શક્યતા દેખાશે, અહીં તમે કેટલું વેડફાવા દેશો, અને કેટલું બચાવી શકશો, એમાં તમારી કસોટી છે. તા. ૬-૪-૭૭થી ૧૯-૪-૭૭ દરમ્યાન ફરી એક વાર તમને બીજાઓનાં 'સહારા'ની જરૂર જણાશે, પરંતુ અહીં સહારો પ્રાપ્ત કરવો હશે, તો તેની પુરી કિંમત ચુકવવી પડશે, ઉતાવળા થયા વગર શાંતિથી કામ લઈ શકશો તો, તા. ૨૩-૪-૭૭થી ૧૧-૫-૭૭ દરમ્યાન તમને ફરી એકવાર 'દૈવ'ની અનુકૂળતા મળશે.

હવે ૨૮-૫-૭૭થી તમારી કસોટી થશે, ધીમે ધીમે ૨૧-૮-૭૭ પહેલા કસોટીની પરાકાષ્ઠા આવી જશે. તા. ૧-૯-૭૭થી ૧૪-૯-૭૭ દરમ્યાન તમારી 'પ્રાપ્તિ' વેડફાઈ જવાની પુરી શક્યતા જણાય છે, જન્મનાં ગ્રહોની અનુકૂળતા અને સ્વભાવ પરનો તમારો કાબૂ હશે. તો તમે 'કંઈક બચાવી શકશો. તા. ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન વર્ષારંભે આરંભેલુ તમારું 'સર્જન-કાર્ય' વિસર્જનની કક્ષામાં દાખલ થઈ જવાની શક્યતા છે.

વર્ષનાં અંતે તા. ૨૦-૧૦-૭૭થી પુષ્ય નક્ષત્રમાં મંગળ ભ્રમણ કરશે, આ સમયે શનિ સિંહમાં તમારી રાશિથી દશમે, મંગળ કર્કમાં નવમે ગુરૂ, મિથુનમાં આઠમે અને રાહુ અગિયારમે, હર્ષલ બારમે અને નેપચ્યુન લગ્નમાં આ રીતે તમારી રાશિનાં દૃશ્ય ગોળાર્ધમાં બધા મુખ્ય ગ્રહો આવી જશે. સૂર્ય તુલામાં બુધ વૃશ્ચિકમાં અને શુક્ર પણ તુલામાં હશે. ગ્રહોની આ સ્થિતિ સૂચવે છે. કે, વિક્રમ સંવત ૨૦૩૩ નાં પ્રારંભે તમે જેટલા ક્રિયાશીલ હતા, તેથી વધુ ક્રિયાશીલ વિક્રમ સંવત ૨૦૩૩નાં અંતમાં અર્થાત વિક્રમ સંવત ૨૦૩૪નાં પ્રારંભ સમયે રહેશો, પરંતુ પ્રાપ્તિ માટેનો પદાર્થ-હેતુ અને ધ્યેય બદલાઈ ગયા હશે, આ રીતે સિક્કાની બે બાજુ જેવી 'સર્જન-વિસર્જન'ની પ્રાકૃતિક ક્રિયામાં તમે 'નિમિત્ત' બનતા રહેશો.

તંદુરસ્તી માટે:- વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી શનિની દૃષ્ટિમાં કેતુ, મેષ રાશિમાં છઠ્ઠા સ્થાનમાં છે, તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ પણ તમારી રાશિથી છઠ્ઠે રહેશે, હર્ષલની પણ આખું વર્ષ આ સ્થાન પર દૃષ્ટિ છે. અશ્વિની નક્ષત્રનો કેતુ અનેક રીતે રક્ષણ આપશે. પરંતુ આરોગ્યની ફરિયાદ જરૂર રખાવશે, તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી ગુરૂ આઠમો રહેશે, પંચમાધિપતિ ગુરૂ આઠમે અસ્તંગત હોવાથી, સમજી શકાય નહી. તેવી અણગમતી લાગણીઓનાં કારણે, શરીરમાં સ્ફુર્તિનો અભાવ જણાશે, આવી શારીરિક-માનસિક સ્થિતિને કદાચ તમે 'માંદગી' કહેશો, તા. ૨૩-૧૨-૭૬ થી ૧૦-૧-૭૭ અને ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭નો સમય આરોગ્યની દૃષ્ટિએ વિશેષ પ્રતિકૂળ જણાય છે. તા. ૧૩-૬-૭૭ થી ૨૭-૬-૭૭ પણ આરોગ્યની દૃષ્ટિએ પ્રતિકૂળ સમય રહેશે. તા. ૪-૫-૭૭થી કેતુ મીનમાં પાંચમે આવશે. તે આખું વર્ષ રહેશે. વર્ષનાં અંત સુધી કેતુ રેવતી નક્ષત્રમાં ભ્રમણ કરશે. આ ગોચરનાં પરિણામે ભૌતિક સફળતા પ્રાપ્ત કરવા માટેની નિષ્ફળ તરકીબો કે યોજનાઓમાં જે રીતે તમે ગુંચવાયેલા રહેશો. તેના કારણે માનસિક થાક અથવા કેટલીકવાર જણાશે.

અનુભવાશે, આ કારણે પણ નિરુત્સાહમાંથી જન્મેલી નબળાઈ અનુભવશો તા. ૧-૯-૭૭થી ૨૪-૯-૭૭નો સમય વિશેષ નોંધનીય છે, જન્મનાં ગ્રહો ખાસ માંદગી નહી. સૂચવતા હોય તો, ઈચ્છીત પરિણામની પ્રાપ્તિનાં અભાવમાંથી પ્રગટેલી નિરાશા, શારીરિક થાક કે નિષ્ક્રિયતાને તમે માંદગીમાં ખપાવશો, જેનો શરીર કરતા મન સાથે વિશેષ સંબંધ છે, એટલે વિક્રમ સંવત ૨૦૩૩માં તનની તંદુરસ્તી કરતાં મનની તંદુરસ્તી જાળવી રાખવી જોઇએ.

કૌટુમ્બિક સુખ માટે: તમારી રાશિનો કુટુંબાધિપતિ ગુરૂ, વર્ષની શરૂઆતે વૃષભ રાશિમાં સાતમો છે, તા. ૮-૧૨-૭૬થી વક્રગતિએ મેષ રાશિમાં આવી ૨૨-૨-૭૭નાં ફરી વૃષભ રાશિમાં સાતમે આવશે, અને ૨૧-૪-૭૭ સુધી કૃતિકા નક્ષત્રમાં રહેશે, આ દરમ્યાન તા. ૧૫-૧૧-૭૬થી ૧૫-૧૨-૭૬ સુધીમાં લગ્ન, સંતાન, વિદ્યાભ્યાસ જેવી કૌટુંમ્બિક બાબતો માટે તમારે મહત્વપૂર્ણ નિર્ણય લેવાની જરૂર જણાશે, પરિણામે જાન્યુઆરીનાં મધ્ય સુધીમાં 'ભેટ' કહી શકાય તેવુ કંઈક કુટુંબને પ્રાપ્ત થશે, તા. ૧૪-૩-૭૭થી ૨૧-૪-૭૭નો સમય એક રીતે કુટુંબ માટે આનંદનો, તો બીજી રીતે તમારાં માટે ગહન વિચારણીય સ્થિતિનો બની રહેશે. જન્મના ગ્રહો સૂચવતા હશે તો, તા. ૧૮-૬-૭૭ પહેલા શુભ કે ધાર્મિક કૌટુંમ્બિક પ્રસંગનો લ્હાવો લઈ શકશો. તા. ૧૮--૬-૭૭થી ૨૧-૮-૭૭ દરમ્યાન ઉપરનાં પ્રસંગનાં પરિણામે કૌટુમ્બિક વ્યકિતઓમાંથી કોઈકનો નાણાંકિય કે લગ્ન જેવા જોડાણનો યોગ પણ સંભવે છે, તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય કુટુંબની વ્યકિતઓને નાણાંકિય લાભ અથવા તેઓનાં ગ્રહોનાં નિર્દેશન મુજબ બીજી સફળતા મળશે.

આર્થિક દ્રષ્ટિએ: તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી, અને ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી તમારાં ધનસ્થાન પર ગુરૂની દ્દષ્ટિ છે. ગુરૂ તમારાં ધનસ્થાનનો સ્વામી છે, એટલે તેની દ્દષ્ટિ બાંધી મુઠી જાળવી રાખવા, પ્રતિષ્ઠા ટકાવી રાખવા શકિતમાન છે, ધનસ્થાન પર તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂની દ્દષ્ટિ રહેતી નથી. પરંતુ આ સમયે વૃષભ રાશિનો ગુરૂ તમારાં લાભસ્થાન પર અમી દ્દષ્ટિ રાખશે, એટલે સંપૂર્ણ વર્ષ દરમ્યાન એક યા બીજી રીતે ગુરૂની કૃપા મળતી રહેશે, વર્ષની શરૂઆતથી ૧૫-૧-૭૭ સુધી ગુરૂ વક્રી છે, તા. ૨૩-૫-૭૭ થી ૧૮-૬-૭૭ સુધી ગુરૂનો અસ્ત છે અને તા. ૨૪-૧૦-૭૭થી વર્ષના અંત સુધી ગુરૂ ફરી વક્રી થાય છે. આ સમય ગાળો ગુરૂ દ્વારા મળતા રક્ષણમાં સામાન્ય ઘટાડો કરશે, આ સિવાયનાં સમયમાં તમારાં જન્મનાં ગ્રહોની શકિત અનુસાર ગુરૂનાં રક્ષણનો લાભ લઈ શકશો, વર્ષ દરમ્યાન ગુરૂ આર્થિક રક્ષણ પુરૂં પાડે છે, છતાં તેનો અર્થ ધનલાભ કે ધન સંગ્રહ નહી કરતા. વર્ષની શરૂઆતથી તા. ૪ ૫ ૭૭ સુધી અશ્વિની નક્ષત્રનો છઠ્ઠો કેતુ પણ ઋણ દ્વારા નાણાંકિય જરૂરિયાતો પુરી કરી લેવાની અનુકુળતા આપશે, તા. ૪ ૫-૭૭થી રાહુ તમારાં લાભ સ્થાનમાં આવશે, તે પણ જુદા જુદા સંબંધોથી ધનલાભ આપી શકશે, તા. ૨૧-૬ ૭૭થી ૫-૭-૭૭ અને ૨૩-૧૦-૭૭થી ૬-૧૧-૭૭ દરમ્યાન ચાલુ વ્યવસાય દ્વારા ધનલાભ મેળવી શકશો, તા. ૨૬-૬-૭૭થી ૨૭-૬-૭૭ અને ૨૨-૧૦-૭૭થી ૩૦-૧૦-૭૭ દરમ્યાન ઓછી મહેનતે વધુ લાભ મેળવી શકશો, આ સમય દરમ્યાન વારસા જેવા લાભો પણ મળવાની શકયતા છે. તા. ૭-૮-૭૭થી ૧૪-૮-૭૭નો સમય ભાગીદારી જેવા સંબંધો દ્વારા ધનલાભનું સૂચન કરે છે. તા. ૧-૯-૭૭થી ૨૪-૯-૭૭નો સમય નોકરીયાત વર્ગને અનુકૂળ જણાશે. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધી કુટુંબનાં બીજા સભ્યોની આવક માટે અનુકૂળ છે. વર્ષની શરૂઆતથી તા. ૨૬-૧૨-૭૬ સુધી સ્વાતિ નક્ષત્રનો રાહુ વિશેષ ખર્ચનાં યોગ ઉભા કરશે. તા. ૧૯-૨-૭૭થી ૪-૩-૭૭નો સમય ચાલુ વ્યવસાય માટે પ્રતિકૂળ જણાશે. તા. ૨૯-૧૦-૭૬થી ૬-૧૧-૭૬ અને ૨-૩-૭૭થી ૧૦-૩-૭૭ દરમ્યાન 'લાલચ' કહી શકાય તેવા ઢંગે નાણાં મેળવવા જતા નુકસાનનો અનુભવ કરવો પડે, તા. ૪-૧-૭૭થી ૧૭-૧-૭૭ અને ૨૦-૩-૭૭થી ૬-૪-૭૭ ભાગીદારી જેવા સંબંધો અને વ્યકિતગત જરૂરિયાતો માટે ખર્ચાળ બનશે.

સ્થાવર સંપત્તિ માટે: ધનાધિપતિ અને પંચમાધિપતિ જેને પૂર્વ પુન્યાધિપતિ પણ કહેવાય છે, તે ગુરૂ તા. ૧૮-૭ ૭૭થી તમારી રાશિથી ચોથી કુંભ રાશિને શુભ દ્દષ્ટિ યોગ પુરો પાડે છે, આ રાશિનાં સ્વામી શનિની પણ તા. ૭-૯-૭૭થી આ સ્થાન પર દ્દષ્ટિ રહે છે, સ્થાનાધિપતિ શનિ વર્ષારંભે આશ્લેષા નક્ષત્રમાં છે, જે તા. ૨૮-૧૧-૭૬ સુધી અનાયાસે સંપત્તિ પ્રાપ્ત થઈ જવાની ભ્રમણા રખાવશે, તા. ૨૮-૧૧-૭૬થી શનિ વક્રી થાય છે. અને ૨૫-૩-૭૭ નાં પુષ્ય નક્ષત્રમાં પ્રવેશે છે જે ૧૧-૪-૭૭નાં માર્ગી થશે. ત્યાં સુધી મિલ્કતની પ્રાપ્તિ હાથવેંતમાં છે. તેવી કલ્પના જીવંત રાખશે. તા. ૧૧-૪--૭૭થી શનિ માર્ગી થયા બાદ અને ૨૮-૪-૭૭નાં આશ્લેષા નક્ષત્રનાં પ્રવેશ પહેલા સ્થાવર સંપત્તિ પ્રાપ્ત કરી શકશો, અથવા બીજી કોઈ રીતે તેના સંબંધોથી તમે પ્રતિષ્ઠિત બની શકશો. તા. ૨૮-૪-૭૭ નાં શનિ ફરી આશ્લેષા નક્ષત્રમા આવશે, જે તા. ૭-૯-૭૭ સુધી રહેશે, આ દરમ્યાન તા. ૨૫-૭-૭૭થી ૨૭ ૮-૭૭ સુધી શનિનો અસ્ત છે. શનિનાં અસ્તનો સમય બાદ કરતાં બાકીનાં સમયમાં ફરી પાછી મિલ્કત પ્રાપ્તિની ભ્રમણામાં રાચશો, તા. ૭-૯-૭૭થી શનિ મઘામાં પ્રવેશશે, જે એક જુદી જ રીતે મિલ્કતને લગતાં દર્દ અને મધુરતાનાં ઘેનમાં રાખશે, આ રીતે ગોચરગ્રહો સ્થાવર સંપત્તિની આશામાં વર્ષ પુરૂ કરાવશે, જન્મનાં ગ્રહો અનુકુળ હશે તો, તા. ૭-૭-૭૭થી ૨૪-૭-૭૭ દરમ્યાન તમે મિલ્કતનાં સ્વામી બની શકશો. જો તમારી જૂની મિલ્કત હશે તો, તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન તેનો ઉપયોગ ભાગ્યોદય જેવી સફળતા આપી જશે.

સ્ત્રીઓ માટે:– વર્ષારંભથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨ ૨ ૭૭થી ૧૮ ૭ ૭૭ સુધી ગુરૂ તમારી રાશિથી સાતમે વૃષભમાં રહેશે, આકાશીય ગ્રહોમાં ગુરૂ અતિ શુભ ગ્રહ તરીકે સ્વીકારાયો છે. આમ છતાં કેટલીક રાશિઓમાં કેટલાક સ્થાનોમાં કે કેટલાક લગ્નમાં સામાજીક પ્રતિષ્ઠા, સફળતા કે પ્રગતિની દ્દષ્ટિએ તેના શુભત્વમાં ન્યુનતા અનુભવાય છે, એ રીતે વૃષભ રાશિ અને સાતમુ સ્થાન ગુરૂ દ્વારા પૂર્ણ શુભફળ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ નથી. જો તમે પરણિત હશો તો દામ્પત્ય જીવનમાં કેટલીક એવી મૂંઝવણો અનુભવશો જે પ્રતિષ્ઠા ખાતર મુંગે મોઢે સહન કરે જ છુટકો, અપરણિત બહેનોમાંથી જીવનસાથી મેળવવા ઈચ્છતી બહેનોએ પણ પતિની પસંદગી બાબત બીજાઓનું દબાણ કે બીજી કોઈ રીતે કૌટુંમ્બિક પ્રતિષ્ઠા ખાતર 'ત્યાગભાવના' કેળવવી પડશે. તા. ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬ દરમ્યાન આવી સમસ્યા ઉભી થવાની શકયતા છે. તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નાં સમય ગાળામાં પણ સામાજિક કે દામ્પત્યની સમસ્યા માટે નિર્ણાયક બનવું પડશે. તા. ૯-૧૧-૭૬થી ૨૦-૧૧-૭૬ અને તા. ૯-૩-૭૭થી ૨૩-૩-૭૭નાં સમયમાં દામ્પત્યની સમસ્યાઓ શાંતિપૂર્વક ઉકેલવી જોઈએ. તા. ૨૯-૫-૭૭થી ૧૩-૬-૭૭ અને ૧૭-૯-૭૭થી ૨૮-૯-૭૭નો સમય અપરણિત બહેનો માટે વિશેષ 'સાવધ' રહેવાનો છે. ક્ષણિક લાગણીથી દોરવાઈ આ સમય દરમ્યાન જીવનસાથીની પસંદગી કરશો તો તેમાં ભૂલ થવાની શકયતા છે. તા. ૩૦-૧-૭૭થી ૧૪-૨-૭૭, ૧૭-૪-૭૭થી ૮-૫-૭૭ અને ૨૬-૮-૭૭થી ૬-૯-૭૭નો સમય યોગ્ય જીવનસાથી પસંદ કરવા માટે અનુકૂળ રહેશે. દામ્પત્ય જીવનનાં સવાલો કે સમસ્યાઓને તમારી રીતે ઉકેલવા કે 'મોડ' આપવા માટે પણ આ સમય ઉપયોગી છે. એકંદરે આખું વર્ષ એક તરફ લાગણી અને બીજી તરફ સામાજિક બંધનો કે કૌટુંમ્બિક પ્રતિષ્ઠા વચ્ચે કસોટીરૂપ પુરવાર થશે.

વિદ્યાર્થીઓ માટે:– વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી તમારાં પાંચમાં સ્થાનનો સ્વામી ગુરૂ, સાતમે વૃષભ રાશિમાં શત્રુક્ષેત્રી રહેલો છે. આ ગુરૂ વક્રી હોવાનાં કારણે વિદ્યાભ્યાસ તરફ અરૂચી રખાવનાર બનશે, તા. ૮-૧૨-૭૬થી મેષમાં તમારી રાશિથી છઠ્ઠે કેતુ સાથે આવશે. તા. ૧૫-૧-૭૭ સુધી વક્રી રહેશે. આ સમયે પ્રબળ પ્રયત્ન ચાલુ રાખશો તો જ વિદ્યાભ્યાસની રૂચિ જળવાઈ રહેશે, કારણ આ સમયે શનિની પણ દ્દષ્ટિ ગુરૂ અને કેતુ પર રહેશે, તા. ૧૫-૧-૭૭થી ગુરૂ માર્ગી થશે અને ૨૨-૨-૭૭ સુધી મેષ રાશિમાં રહેશે, અહીં તમારો ઉત્સાહ સહજ પ્રયત્ન દ્વારા ટકાવી રાખી શકશો. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ફરી

પાછો ગુરૂ વૃષભ રાશિમાં રહેશે. આ સમય દરમ્યાન તા. ૨૩-૫-૭૭થી ૧૮-૬-૭૭ સુધી તેનો અસ્ત હોવાથી વિદ્યાભ્યાસમાં ફરી એકવાર અરુચિ ઉત્પન્ન થશે. તા. ૧૮-૭-૭૭થી મિથુન રાશિમાં ગુરૂ આઠમો બનશે, જે વર્ષનાં અંત સુધી રહેશે, પ્રમાણમાં આ સમય વિદ્યાભ્યાસ માટે અનુકૂળ રહેશે, તા. ૪-૫-૭૭થી વર્ષનાં અંત સુધી કેતુ તમારી રાશિથી પાંચમો રહેશે. કેતુનું આ ગોચર પણ વિદ્યાભ્યાસ માટે અનુકૂળ નથી જણાતું. ભાગ્યસ્થાનમાં વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિ રહેશે. જે ઉચ્ચ વિદ્યાભ્યાસની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને સતત પરિશ્રમ કરાવનાર છે, આ રીતે આખું વર્ષ ગ્રહો દ્વારા ઉત્પન્ન થતી લાગણી, વિદ્યાભ્યાસ તરફ 'રૂચિ' રખાવનાર નથી, લાગણી પર કાબૂ મેળવી અથવા 'પર'બની વિદ્યાભ્યાસ ચાલુ રાખવો જોઈએ, વર્ષ દરમ્યાન તા. ૨૫-૩ ૭૭થી ૨૮-૪-૭૭ અને ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય સામાન્ય અનુકૂળ બની રહેવા સંભવ છે.

વિશેષ વિગતો :– વર્ષની શરૂઆતથી ૨૬-૧૨-૭૬ સુધી ખોટી જવાબદારી કે ખર્ચનાં ખાડામાં ઉતરી જવાની શક્યતા છે. પરિણામે તા. ૪-૫-૭૭ સુધી તમે જે મેળવશો. તે બધું ખોટી રીતે વેડફાઈ જશે. અલબત્ત તા. ૪-૫-૭૭ સુધી તમે સહેલાઈથી 'લોન' જેવી સગવડ મેળવતા રહેશો. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો ભાગ ઓછું નાણાંકિય રોકાણ અને વિશેષ બુદ્ધિનાં ઉપયોગ દ્વારા ધન મેળવવા માટે અનુકૂળ રહેશે. તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન પરદેશી રાજકિય કે મિલ્કતનાં સંબંધોથી કેટલીક અનુકૂળતા પ્રાપ્ત કરશો. ધન નહીં.

તા. ૭-૯-૭૭થી તે પહેલા કરેલ પુરૂષાર્થનું તમારી ધારણા વિરૂદ્ધ આવેલ પરિણામ માટે માનસિક વિષાદનો અનુભવ કરવો પડશે. તા. ૨૦-૧૦-૭૭ થી 'કર્મ'નાં એક નવા તબક્કાનો અનુભવ કરશો, આ કર્મ, નોકરી, વ્યાપાર કે પછી રાજકિય પ્રવૃતિ જેવું ગમે તે હોઈ શકે. ટ્રાન્સપોર્ટ, મકાન બાંધકામ, મનોરંજન ક્ષેત્ર, આયાત-નિકાસ અથવા શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓ માટે અહીં વિશેષ અનુકૂળતા જણાશે.

ધનુ (ભ. ધ. ફ. ઢ.)

તમારો રાશ્યાધિપતિ ગુરૂ, વિક્રમ સંવત ૨૦૩૩ નાં પ્રારંભે વૃષભ રાશિ માં તમારી રાશિથી છઠ્ઠે વક્રી રહેલો છે. શત્રુ ક્ષેત્રી, વક્રી ગુરૂ હોવાથી, 'નવા વર્ષની શુભ શરૂઆત' તમારા માટે 'સહજશાંત' નહીં હોય. તેની સાથે કર્કનો આઠમો શનિ પણ માની લીધેલી ખોટી જવાબદારી ચાલુ રખાવશે, તા. ૭-૯-૭૭થી શનિ સિંહમાં આવશે ત્યાં સુધી પનોતી પણ ચાલુ છે. લાભ સ્થાનમાં (તા. ૪-૫-૭૭ સુધી)નો રાહુ અને હર્ષલ તમને 'માનભેર' ટકાવી રાખશે, પરંતુ વર્ષની શરૂઆતે પાંચમો કેતુ અને તા. ૪-૫-૭૭થી ચોથો કેતુ દિલ અને દિમાગને હચમચાવી મુકશે. જો તમે ભૌતિકવાદી, સંસારી વલણ ધરાવતા હશો તો કેતુનું ગોચર તમને 'નિષ્ફળ મહત્ત્વાકાંક્ષી' બનાવશે, જો તમે આધ્યાત્મિક કે ત્યાગી વલણ ધરાવતા હશો તો કેતુનું ગોચર જોઈતી શક્તિ કે બળ પુરૂં પાડશે. વૃશ્ચિક નો બારમો નેપચ્યુન અને કન્યાનો દશમો પ્લુટો પણ 'કર્મ અને ત્યાગ' ને જુદી જ રીતે મુલવવાની ફરજ પાડશે.

તમારી રાશિ અગ્નિ તત્ત્વની છે. એટલે સામાન્ય સંજોગોમાં હતાશા કે નિરાશાનો અનુભવ તમને નહીં થાય, પરંતુ તમે દ્વિસ્વભાવનાં હોવાથી અને તમારો રાશ્યાધિપતિ ગુરૂ વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી તેમજ તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી શત્રુક્ષેત્રી વૃષભ રાશિનો છઠ્ઠા સ્થાનમાં હોવાથી, સ્વમાન અને મહત્ત્વાકાંક્ષાની તમારી શક્તિ મર્યાદા ભુલાઈ જવાની શક્યતા છે, પરિણામે સેવાના નામે બોજો' વધી શકે છે. તા. ૧૮-૭-૭૭થી ગુરૂ મિથુનનો સાતમો થતાં તમને તમારી યોગ્ય સ્થિતિ અને શક્તિ સમજાશે, મિથુન રાશિ પણ બુદ્ધિપ્રધાન દ્વિસ્વભાવ રાશિ હોવાથી, તમારા આગલા નિર્ણયોને સમજણપૂર્વક નવી દિશા આપી શકશો, પરંતુ ધનુ, રાશિ 'ભાગ્ય'ની રાશિ છે અને મિથુન રાશિ 'પુરૂષાર્થ'ની રાશિ છે, હકીકતમાં રાશિ ચક્રની બાર રાશિમાં તમારી રાશિમાં 'નિયતિ' વિશેષ સ્પષ્ટ થતી હોય છે, પરંતુ આ વર્ષે તા. ૧૮-૭-૭૭થી પુરૂષાર્થ દ્વારા 'નિયતિ'ને નાથવાનું સાહસ ખેડવા તમે કટિબદ્ધ થશો. તા. ૧૫-૧૧-૭૬થી ૧૫-૧૨-૭૬ દરમ્યાન પ્રતિષ્ઠા વ્યક્તિત્વ કે મિલ્કતને લગતાં સાહસ કે મહત્વાકાંક્ષાથી જેટલા દૂર રહી શકો, એટલું તમારૂં હિત છે, આમ છતાં 'ભાગ્ય' ના ભરોસે ઝુકાવવું જ પડે તો તા. ૨૧-૪-૭૭થી ૧૮-૬-૭૭ સુધી નો સમય મધદરિયે, સાધનવિહોણા, એકલશૂરાની હીમ્મતથી પસાર કરવાની તૈયારી રાખજો.

તા. ૧૮-૬-૭૭થી ૮-૭-૭૭ દરમ્યાન આખી પરિસ્થિતિનું સિહંગાવલોકન કરવાની એક તક મળશે અને ૨૨-૮-૭૭ પહેલાં ભાગ્યને પલટાવવા માટે જે પુરૂષાર્થની આવશ્યકતા તમે માની હશે, તે પુરૂષાર્થ માટેની સાધન સામગ્રી પણ મળશે. હવે તમે 'કર્મ પ્રધાન' બની જશો અને વર્ષનાં અંત સુધી કર્મ પ્રધાન રહેશો. કર્મફળ માટે તો આવતા વર્ષ પર 'મીટ' માંડવી રહી.

તંદુરસ્તી માટે:– વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી રાશ્યાધિપતિ ગુરૂ વૃષભ રાશિમાં છઠ્ઠા સ્થાનમાં રહેશે. સામાન્ય રીતે આ સમયે 'મંદ' પાચન શક્તિનાં કારણે ઉત્પન્ન થતી શરીર વ્યાધિ સંભવે છે. વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિ પણ તમારી રાશિથી આઠમે કર્કમાં છે, આઠમો શનિ લાંબાગાળાની માંદગી આપે છે, પરંતુ પથારીમાં આરામ કરવો પડે તેવી માંદગીની શક્યતા ઓછી છે. વર્ષની શરૂઆતથી ૪-૫-૭૭ સુધી પાંચમો કેતુ અણગમતા વાતાવરણનો અનુભવ કરાવશે અને ત્યારબાદ વર્ષના અંત સુધી ચોથો કેતુ, તમે ઈચ્છો તો બચી શકો તેવી 'અશાંતિ' રખાવશે. બારમો નેપચ્યુન પણ જ્યારે બીજા ગ્રહોનાં સંબંધમાં અવારનવાર આવશે, ત્યારે આકસ્મિક ખર્ચાઓ, જવાબદારીઓ અને વિરોધીનાં અનુભવ દ્વારા લાગણી તંત્રને ઉશ્કેરશે. આ રીતે આખું વર્ષ શારીરિક બાધિથી બચવું હોય તો, પ્રયત્નપૂર્વક લાગણીશૂન્યતા કે કઠોરતા કેળવવી જોઈએ, આજુબાજુનાં અણગમતાં વાતાવરણ તરફ જેટલાં પ્રમાણમાં 'ચેતનવંતા' રહેશો એટલા પ્રમાણમાં 'માંદગી'ને તમારી તરફ આકર્ષિત કરશો. તંદુરસ્તીની દ્રષ્ટિએ વર્ષ નબળું છે. તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નો સમય 'આઘાત'નાં કારણે અનારોગ્યતાનું વિશેષ સૂચન આપે છે, પ્રયત્નપૂર્વક અહીં સહનશક્તિ કેળવવી જોઈએ. તા. ૧૬-૧૧-૭૬થી ૫-૧૨-૭૬, ૩૦-૧-૭૭થી ૧૪-૨-૭૭ અને ૨૫-૩-૭૭થી ૧૧-૫-૭૭ તેમજ ૨૬-૮-૭૭થી ૬-૯-૭૭નો સમય પણ તંદુરસ્તી માટે પ્રતિકુળ હોઈ ચિંતામુક્ત, નિયમિત જીવન ગાળવું જોઈએ.

કૌટુમ્બિક સુખ માટે:- વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી કુટુંબસ્થાનનો સ્વામી શનિ તમારી રાશિથી આઠમે કર્કમાં રહી કુટુંબસ્થાન પર દૃષ્ટિ કરે છે. આ સમય દરમ્યાન વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂની દ્રષ્ટિ પણ આ સ્થાન પર રહેશે. ગુરૂ તમારો રાશિ સ્વામી છે ઉપરાંત નૈસર્ગિક શુભ ગ્રહ છે તેમજ તેની દ્રષ્ટિ શુભ ફળ આપનારી છે.

શનિની દ્રષ્ટિ શુભ ફળ આપનાર નથી ગણાઈ પરંતુ તમારા કુટુંબસ્થાનનો સ્વામી શનિ હોવાથી અશુભ ફળ તો નહીં આપે. તા. ૨૮-૧૧-૭૬ થી ૧૧-૪-૭૭ સુધી શનિ વક્રી છે. આ સમય કૌટુમ્બિક સમસ્યાઓ ઉગ્ર રૂપ ધારણ કરી શકે છે, તેમાં પણ તા. ૨૫-૩-૭૭ થી ૧૧-૪-૭૭ સુધી શનિ પુષ્ય નક્ષત્રમાં વક્રી હોવાથી કૌટુમ્બિક મતભેદ અતિ ઉગ્ર બનવાની સંભાવના છે, જો જન્મના ગ્રહો સૂચવતા હશે તો તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન એક યા બીજા રૂપે 'કુટુંબવિચ્છેદ'ની શક્યતા નકારી શકાય નહીં. તા. ૧૨-૧૧-૭૬થી ૨-૧૨-૭૭ દરમ્યાન કૌટુમ્બિક ખર્ચાઓ વધશે આ સમયમાં જ 'જુદાપણા'ની ભાવનાનો પ્રારંભ થઈ જશે, જે ઉપલા સમયમાં (તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭) પરિણામકારી નિવડશે. તા. ૨૮-૪-૭૭ થી ૬-૬-૭૭ દરમ્યાન કુટુંબના સભ્યો કે સમસ્યાઓનાં કારણે તમે 'વિરક્તિ'ની ભાવના કેળવતા થઈ જશો, અલબત્ત આ ક્ષણિક ભાવના હશે, ધીમે ધીમે તા. ૭-૯-૭૭ સુધીમાં પરીસ્થીતિ થાળે પડી જશે, ત્યાર બાદ તમે દિલમાં 'વિષાદ' સાથે સ્થિતિનો સ્વીકાર કરી લેશો. તા. ૨-૧૨-૭૬થી ૬-૨-૭૭ નો સમય કુટુંબની દૃષ્ટિએ રાહત આપનાર છે.

તા. ૬-૨-૭૭થી ૧૫-૩-૭૭ દરમ્યાન કુટુંબમાં નવી વ્યકતિ આવવાની શકયતા છે અથવા કોઇ વ્યકિતની આવકમાં વધારો થઇ શકે છે. તા. ૬-૬-૭૭થી ૨૩-૬-૭૭નાં સમયમાં કુટુંબના બેકાર સભ્યને આવકનું સાધન મળવાની શકયતા નોંધી શકાય. તા. ૨૩-૬-૭૭થી ૭-૭-૭૭ દરમ્યાન 'લગ્ન' જેવા કૌટુંમ્બિક જોડાણની અનુકૂળતા રહેશે. તા. ૭-૭-૭૭ થી ૨૪-૭-૭૭નો સમય કૌટુમ્બિક દ્રષ્ટિએ વિશેષ 'પ્રતિકુળતા' વાળો જણાય છે, તા. ૨૪-૭-૭૭ થી તમારે 'નિયતિ-ભાગ્ય'નો સ્વીકાર કરવો પડશે, તા. ૭-૯-૭૭ સુધીમાં જે બનશે તે 'યોગ્ય' હોવા છતાં તમને વિષાદનું કારણ જરૂર આપી જશે, અલબત્ત આ કારણ અને પરિસ્થિતિને તમે તા. ૭-૯-૭૭ બાદ સંપૂર્ણ સ્વીકારી લેશો. સહજ બની જશે.

આર્થિક દ્રષ્ટિએ:— ધનકારક ગુરૂની વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી ધનસ્થાન પર દ્રષ્ટિ છે, તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી અને ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી લાભસ્થાન પર દ્રષ્ટિ છે. આ રીતે આખું વર્ષ ગુરૂની દ્રષ્ટિ ધનસ્થાન કે લાભસ્થાનને મળે છે. વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી શનિની તમારા ધનાધિપતિની ધનસ્થાન પર દ્રષ્ટિ છે. ત્યારબાદ તા. ૭-૯-૭૭થી વર્ષના અંત સુધી લાભ સ્થાન પર દ્રષ્ટિ છે. વર્ષની શરૂઆતથી ૪-૫-૭૭ સુધી રાહુ લાભસ્થાનમાં છે. હર્ષલ આખું વર્ષ લાભ સ્થાનમાં છે. આ રીતે આખું વર્ષ આવકનાં સાધનો માટે અનુકુળ જણાય છે. પરંતુ ગુરૂ અને શનિ બેઉનાં પરિણામ આપવાની પદ્ધતિમાં ફરક હોવાથી તમને આવકનાં સાધનો માટેનો એકધારો સંતોષ નહીં જણાય. વર્ષની શરૂઆતથી ૨૬-૧૨-૭૬ સુધી તો તમે પ્રવાહની માફક આવક જાળવી રાખશો. તા. ૧૯-૨-૭૭થી ૪-૩-૭૭ દરમ્યાન રાજકીય, કાનૂની, પરદેશી કે તમારી વ્યકિતગત પ્રતિષ્ઠાનાં સંબંધોથી ધનલાભ મેળવશો. તા. ૨-૩-૭૭થી ૧૦-૩-૭૭નાં સમયમાં અંગત વ્યવસાય કે ભાગીદારી જેવા સંબંધોથી આવકમાં વધારો નોંધાશે. તા. ૪-૧-૭૭થી ૧૭-૧-૭૭ દરમ્યાન નોકરીઆત વર્ગને વધારાની આવક પ્રાપ્ત થશે. વિજાતીય-સંબંધો કે મૈત્રી સંબંધોથી પણ આ સમયમાં ફાયદો મળશે. તા. ૨૦-૩-૭૭થી ૬-૪-૭૭નો સમય આવકની દ્રષ્ટિએ અનુકુળ ન હોવા છતાં, તમે કરેલા ખર્ચઓનું મનોરંજન કે બીજી દ્રષ્ટિએ સંતોષપ્રદ પરિણામ આપનાર જરૂર બની રહેશે. તા. ૬-૧૧-૭૬થી ૧૯-૧૧-૭૬ અને ૪-૩-૭૭ થી ૧૭-૩-૭૭ તેમજ ૫-૭-૭૭થી ૧૯-૭-૭૭નો સમય કૌટુમ્બિક પ્રતિષ્ઠા માટે જોઈતી નાણાંકીય જરૂરિયાત પુરી કરવા 'લોન' જેવી સગવડો માટે અનુકુળ છે. તા. ૬-૧૧-૭૬થી ૧૫-૧૧-૭૬, તા. ૧૦-૩-૭૭થી ૧૭-૩-૭૭ અને તા. ૨-૭-૭૭થી ૯-૭-૭૭નો સમય 'ભાગીદારી-નાણાંકીય' સંબંધોની દ્રષ્ટિએ અનુકુળ નથી, આ સમયે વ્યવસાયની જરૂરીયાત માટે લેવાતી લોન' પાછળથી બોજો બની શકે છે. તા. ૨૮-૧૦-૭૬થી ૧૬-૧૧-૭૬ અને તા. ૬-૪-૭૭થી ૨૩-૪-૭૭નો સમય આર્થિક દ્રષ્ટિએ પ્રતિકુળ જણાય છે. આ સમય દરમ્યાન નાણાંકીય સાહસથી દૂર રહેવું આવશ્યક છે. એકંદરે વર્ષ દરમ્યાન આવકની ઉજળી તક હોવા છતાં તે 'આવક' સંગ્રહમાં ફેરવાય તેવી જાડી' નથી.

સ્થાવર સંપત્તિ માટે:- તા. ૪-૫-૭૭થી વર્ષના અંત સુધી તમારી રાશિથી ચોથા સ્થાનમાં કેતુ છે. તા. ૨૩-૧૨-૭૬થી ૧-૨-૭૭ અને તા. ૧૯-૪-૭૭થી ૨૮-૫-૭૭ સુધી મંગળ પણ આ સ્થાન સાથે સંબંધિત થાય છે, આ સિવાય ગુરૂ કે શનિની દ્રષ્ટિ કે ભ્રમણનો લાભ વર્ષ દરમ્યાન આ સ્થાનને મળતો નથી. સામાન્ય રીતે 'કેતુ' નવી વસ્તુ કે મિલ્કતની પ્રાપ્તિ માટે અનુકૂળ ગણાયો નથી, અલબત તમારી જૂની મિલ્કત કે વસ્તુને 'તોડ-ફોડ' કરી નવું રૂપ જરૂર આપી શકો છો. તા. ૧૬-૮-૭૭થી ૩૦-૮-૭૭ દરમ્યાન 'વડીલોપાર્જીત' મિલ્કતમાં 'ભાગલા' જેવા ફેરફારનો યોગ નોંધી શકાય. તા. ૬-૫-૭૭થી ૨૧-૫-૭૭ અને ૨૪-૭-૭૭થી ૨-૮-૭૭ દરમ્યાન 'વ્યવસાય' ને લગતી મિલ્કતમાં યોગ્ય સુધારા વધારા કરાવી શકશો. તા. ૨૯-૫-૭૭ થી ૧૩-૬-૭૭ અને તા. ૧૮-૯-૭૭થી ૨૮-૯-૭૭ નાં સમય ગાળામાં જો તમે મિલ્કતનાં સ્વામી બનવાની મહત્વાકાંક્ષા સેવતા હશો તો યોગ્ય તક મેળવશો. આ સમય દરમ્યાન 'વાહન' સુખ મળવાની પણ શકયતા છે. તા. ૭-૯-૭૭થી વર્ષના અંત સુધીનો સમય 'રહેઠાણ'ને લગતી સમસ્યાનાં ઉકેલ માટે અનુકુળ જણાશે. તા. ૨૮-૫-૭૭થી ૧૫-૬-૭૭નો સમય મિલ્કતને લગતી સૌદાબાજીથી દૂર રહેવા જેવો છે, આ સમયની ઘટના ખર્ચાળ પુરવાર થશે અથવા નુકશાન આપશે.

સ્ત્રીઓ માટે:- વર્ષની શરૂઆતે પાંચમો કેતુ, આઠમો શનિ અને બારમો નેપચ્યુન માનસિક ઉદ્વેગ, શારીરીક નબળાઈ અને ફકત લાગણી દ્વારા અનુભવી શકાય પરંતુ શબ્દો દ્વારા વ્યકત કરી શકાય નહી તેવો 'વિરોધ' આપનાર છે. આ બધામાં છઠ્ઠો ગુરૂ વર્ષની શરૂઆતથી ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી 'રક્ષણ' આપનાર બને છે. તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી ગુરૂ સાતમો રહેશે, જે વ્યકિતત્વ અને પ્રતિષ્ઠાની દ્રષ્ટિએ અનુકુળ હોવા છતાં લગ્નજીવન કે સમાજને લગતી ઘટનાઓ માટે મિશ્ર બની રહેશે, આ ગોચરનાં પરિણામને અશુભ નહી કહી શકાય, પરંતુ શુભ કહેતાં પણ અચકાવું પડશે. વર્ષની શરૂઆતથી ૪-૫-૭૭ સુધી સંતાનની દ્રષ્ટિએ અથવા 'પ્રેમ' સંબંધ ટકાવી રાખવા માટે સમય પ્રતિકૂળ છે. અહીં તમારી લાગણીઓ દુભાય, લાગણીઓ પંપાળવાથી જેટલા દૂર રહી, વ્યવહારૂ બની શકશો, એટલા આઘાત-પ્રત્યાઘાતની અસરમાંથી મુકત રહેશો. તમારે જીવનસાથીની પસંદગી કરવી હોય અથવા પસંદ કરેલ જીવનસાથી માટે બીજાઓની મંજુરી મેળવવી હોય, તો તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય અનુકૂળ જણાશે. જીવનની અંગત બાબત હોય કે સામાજિક અથવા રાજકીય ક્ષેત્ર હોય વર્ષનો અંત ભાગ 'વિજય' આપનાર બની રહેશે. તા. ૩૦-૧૦-૭૭થી ૭-૧૧-૭૭નો સમય 'લગ્ન' જેવ નિર્ણયો માટે અનુકૂળ જણાશે.

વિદ્યાર્થીઓ માટે:- વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી તમારા વિદ્યાસ્થાનમાં શનિની દ્રષ્ટિમાં કેતુ રહેલ છે. તા, ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ પણ આ સ્થાનમાં આવશે. તા. ૭-૯-૭૭ સુધી શનિની દ્રષ્ટિ આ સ્થાન પર રહેશે. તમારા પાંચમા સ્થાનની મેષ રાશિ શનિની નીચ રાશિ છે. મૂળભૂત રીતે તમે વિદ્યાધ્યયન તરફ રૂચિ રાખનાર હોવા છતાં, આ સ્થાનનો કેતુ તમને અસંતોષી બનાવશે, આ 'અસંતોષ'નાં પરિણામે તમે વિદ્યાધ્યયન તરફ સંપૂર્ણ અરૂચિકર વલણ અપનાવતા થઈ જાઓ, તેવું બને, પરંતુ અહીં શનિની દ્રષ્ટિ તમને અંતિમ વાદી બનતા અટકાવશે, દરમ્યાનમાં થોડો સમય ગુરૂની હાજરી પણ અનુકૂળ મદદ આપી જશે. ઉપરાંત કેતુનું ભ્રમણ અશ્વિની નક્ષત્રમાં થાય છે, જે વિદ્યાભ્યાસ માટે પ્રતિકુળ તો નથી જ. તા. ૨૮-૫-૭૭થી ૮-૭-૭૭ સુધી મંગળ પણ આ સ્થાનમાં રહેશે, જે આ સ્થાનનો સ્વામી છે, આ ઉપરાંત હર્ષલની પૂર્ણ દ્રષ્ટિ આખું વર્ષ રહે છે. ગોચર ગ્રહોની એકંદર સ્થિતિ વિદ્યાભ્યાસમાં સરળતા અને સહેલાઈથી સફળતા આપે એવી તો નથી જ, પરંતુ તમે રણમેદાન છોડીને ભાગી જાવ, તેવું પણ નથી, તમારે પરિસ્થિતિ સામે 'વિજયી લડત' આપવી પડશે, તા. ૨૦-૩-૭૭થી ૨૩-૪-૭૭ અને તા. ૧૧-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય ઓછો પ્રતિકૂળ રહેશે, અહીં તમે પ્રયત્ન પૂર્વક આનુકૂળતા પ્રાપ્ત કરી શકો છો.

વિશેષ વિગતો:- વર્ષની શરૂઆતથી ૨૬-૧૨-૭૬ સુધીનો સમય નોંધનીય સફળતા આપી જશે. તે પછી તા. ૪-૫-૭૭ સુધી માનસિક 'ગૂંગળામણ' અનુભવશો, તે માટેનું કારણ 'વ્યકત' નહીં કરી શકો. આ એક વિશેષ લાગણી છે. તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭નો સમય કહેવાતા પોતાનાઓ તરફથી, તમારી પ્રત્યે જે વલણ અપનાવાશે, તે વિષાદ કે પીડા આપનારૂ બની રહેશે. આ સમયે પ્રવાસ અને કાનૂની દસ્તાવેજમાં સાવધ રહેવું આવશ્યક છે. તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધીમાં તમે 'કંઈક' પ્રાપ્ત કરશો પરંતુ તેમાં 'મધુરતા' નહીં હોય. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય 'કર્મ' માટે યોગ્ય સાધન સામગ્રી પુરા પાડશે. અહીં તમે ઈચ્છિત કાર્યક્ષેત્ર મેળવી શકશો અથવા તમારા કાર્યક્ષેત્રને મરજી મુજબ વળાંક આપી શકશો, પરંતુ તેનું ફળ હજી પ્રાપ્ત નહીં કરી શકો. વર્ષ દરમ્યાન તા. ૭-૮-૭૭થી ૧૪-૮-૭૭નો સમય વિશેષ નોંધનીય છે. આ સમયે 'વ્યવસાય' માટે જોઈતી યોગ્ય સગવડો અને અનુકૂળતા

સહજ 'પ્રાપ્ય' બનશે, જાગૃતિપૂર્વક આ સમયે મળતી 'તક'નો લાભ લઈ શકશો તો ભવિષ્યમાં નોંધનીય 'પ્રાપ્તિ' પામી શકશો.

મકર (ખ. જ.)

વિક્રમ સંવત ૨૦૩૩ના પ્રારંભે તમારા કેન્દ્ર અને ત્રિકોણ સ્થાનોમાં જ મોટા ભાગનાં ગ્રહો ગોઠવાયેલા છે. રાહુ, કેતુ અને સૂર્ય, ચંદ્ર ને 'ગ્રહ' શબ્દ અક્ષરશ: લાગુ પડતો નથી, પરંતુ બોલચાલની ભાષામાં આ બધાને ગ્રહો ગણી લેવામાં આવે છે. આ રીતે કુલ બાર ગ્રહોમાંથી દશ ગ્રહો તો કેન્દ્ર અને ત્રિકોણમાં જ છે, મેષમાં ચોથે કેતુ, પાંચમે ગુરૂ, સાતમે શનિ, ભાગ્યમાં પ્લુટો અને બુધ દશમે રાહુ, હર્ષલ, સૂર્ય અને ચંદ્ર તથા મંગળ. બાકીનાં બે ગ્રહો શુક્ર અને નેપ્ચ્યુન વૃશ્ચિક રાશિમાં તમારા લાભસ્થાનમાં છે. ગ્રહોની આ જમાવટ જોતાં કહી શકાય કે, વિક્રમનું આ નૂતન વર્ષ તમારા માટે જેટલું વિવિધતાભર્યું અને ઝમકદાર નિવડશે, એટલું બીજી કોઈ રાશિ માટે નહીં નિવડે. પરંતુ આ વાક્યનો અર્થ કરવામાં ભૂલ નહીં કરતાં, વિવિધતા અને ઝમકનો અર્થ તમને 'મનગમતું' પ્રાપ્ત થશે અને 'અણગમતું' નહીં પ્રાપ્ત થાય એમ નથી. રાશિચક્રમાં તમારી રાશિ વિશેષ સત્તાપ્રિય હોવા છતાં સમજુ અને વ્યવહારૂ' પણ છે. એટલે તમને એ સ્વીકારવામાં હરકત નહીં આવે કે દરેક પસંદગીની બીજી બાજુ નાપસંદગી હોય જ છે, પ્રાપ્તિનું મૂલ્ય હોય જ છે. 'સિક્કા'નાં અસ્તિત્વનાં સ્વીકાર સાથે જ તેની બન્ને બાજુ આપમેળે સ્વીકારાઈ જવાય છે.

તમારો રાશિસ્વામી શનિ વર્ષની શરૂઆતથી તા. ૨૮-૧૧-૭૬ સુધી માર્ગી અને ત્યારબાદ તા. ૨૫-૩-૭૭ સુધી વક્રી 'આશ્લેષા' નક્ષત્રમાં ભ્રમણ કરે છે, આ નક્ષત્રનો સ્વામી બુધ શનિનો મિત્ર ગ્રહ છે. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ સુધી શનિ પુષ્યમાં સ્વનક્ષત્રી રહેશે, ત્યારબાદ તા. ૭-૯-૭૭ સુધી ફરી પાછો આશ્લેષામાં રહી તા. ૭-૯-૭૭નાં તમારી રાશિથી આઠમે સિંહમાં શત્રુક્ષેત્રી બનશે, જે વર્ષનાં અંત સુધી રહેશે. ગુરૂ પણ વર્ષનાં અંતે મિથુનમાં તમારી રાશિથી છઠ્ઠે રહેશે. છઠ્ઠુ અને આઠમું સ્થાન ખાડનું ગણાયું હોવા છતાં, તે 'ગૂઢ' સ્થાનો ગણાયા છે. શનિ પોતે પણ (તમારો રાશિ સ્વામી) 'ગૂઢ' ગ્રહ છે.

ગોચર ગ્રહોની આ જમાવટ વર્ષની શરૂઆતથી તા. ૨-૧૨-૭૬ સુધી તો તમને 'ભાગ્ય-કર્મ-લાભ'ની ઘટનાઓથી ખુશ-ખુશાલ રાખશે, તા. ૨-૧૨-૭૬ થી તા. ૬-૨-૭૭નો સમય 'સિક્કાની બીજી બાજુ'નો અનુભવ કરાવશે, અહીં કેટલું ગુમાવવું પડશે, એ તો તમારા જન્મનાં ગ્રહો જ નક્કી કરશે, પરંતુ તા. ૬-૨-૭૭થી ફરી પાછો સમય સુધરશે. કસોટી પર કસાયેલા સુવર્ણ જેવી સ્થિતિ તમે અનુભવશો. આ પહેલાંની પ્રાપ્તિને માલિકી હક્ક કે મિલ્કતનાં સ્વરૂપમાં ફેરવી શકશો, આ રીતે તા. ૨૫-૩-૭૭ સુધી ચાલશે, ત્યારબાદ તમારે, કહેવાતા તમારા પોતાના કે માની લીધેલા પોતાનાઓ સાથે ઘર્ષણમાં ઊતરવું પડશે, પરંતુ આ ઠંડા યુદ્ધ જેવો એક પ્રકાર હોવાથી તમે વિજયી નિવડશો. તા. ૨૮-૪-૭૭થી ૬-૬-૭૭ દરમ્યાન વિજયનો આનંદ ઓસરતો જણાશે, માનવ સ્વભાવ જ એવો છે, પ્રાપ્તિ માટેનાં પુરૂષાર્થમાં જે 'મઝા' છે તે પ્રાપ્તિ બાદ નથી. તા. ૬-૬-૭૭થી ૨૩-૬-૭૭ દરમ્યાન ફરી 'નવીનતા'નો મોહ બળવત્તર બનશે. તા. ૭-૭-૭૭ પહેલાં સાધન સામગ્રી જેવી પ્રાથમિક જરૂરીઆતો પણ પ્રાપ્ત થશે, હવે તા. ૭-૭-૭૭થી ફરી પાછો સિક્કાની બીજી બાજુનો અનુભવ લેવો પડશે, અહીં તમારી સામેનો વિરોધ કે તમારી મુંઝવણો 'ઘેરી' બનશે. તા. ૨૪-૭-૭૭થી ૭-૯-૭૭ દરમ્યાન તમારે તમારી મહત્ત્વાકાંક્ષાનું ભારે મૂલ્ય ચૂકવવું પડશે, તમે કહેશો "કાબે અર્જુન લુંટીયો" અને તા. ૭-૯-૭૭થી આખી પરિસ્થિતિ નવો વળાંક લેશે. એક સંપૂર્ણ મુડીવાદી માનસ, એકાએક સંપૂર્ણ સમાજવાદી માનસમાં પલટાઈ જાય, તેવા પ્રકારનો આ 'વળાંક' તમારા સાથીદારો માટે આશ્ચર્યજનક પુરવાર થશે. આ રીતે વર્ષનાં અંત સુધી તમે સતત 'પુરૂષાર્થી' રહેશો, અલબત્ત, 'વર્ષનાં પ્રારંભની 'દિશા' અંતમાં બદલાઈ ગઈ હશે એ ચોક્કસ છે.

તંદુરસ્તી માટે:- તા. ૧૮-૭-૭૭થી ગુરૂ મિથુનમાં તમારી રાશિથી છઠ્ઠે આવશે અને તા. ૭-૯-૭૭થી શનિ સિંહનો આઠમો થશે, આ બેઉ ગ્રહો વર્ષનાં અંત સુધી છઠ્ઠે અને આઠમે રહે છે. તા. ૧૨-૧૧-૭૬થી ૧-૨-૭૭ સુધી, તા. ૧૯-૪-૭૭થી ૨૮-૫-૭૭ સુધી અને તા. ૨૧-૮-૭૭થી ૧૩-૧૦-૭૭ સુધી મંગળ છઠ્ઠા સ્થાન સાથે સંબંધિત રહેશે. ગુરૂ શુભગ્રહ છે અને શનિ તમારો રાશિ સ્વામી છે, એટલે હાનિકારક માંદગીનો યોગ જણાતો નથી. તા. ૩૦-૧૦-૭૭થી ૭-૧૧-૭૭ સુધી તમારી રાશિથી છઠ્ઠા સ્થાનનો સ્વામી બુધ વિશાખા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. આ સમયે આરોગ્ય સંબંધી કાળજી રાખવી જોઈએ. આ સિવાય મઘા નક્ષત્રનો આઠમો શનિ તા. ૭-૯-૭૭થી વર્ષના અંત સુધીનો, પ્રવાસમાં અકસ્માત, ઓપરેશન કે બીજી રીતનાં અકસ્માતથી લાગવાનું સામાન્ય સૂચન કરે છે, પરંતુ જન્મનાં ગ્રહો આ યોગને બળ નહીં આપતા હોય તો પરિશ્રમ દ્વારા થતાં 'થાક'નાં અનુભવની ફરીઆદ સિવાય બીજી માંદગીનો યોગ નથી. તમારી રાશિથી ચોથે મેષમાં શનિની દૃષ્ટિમાં કેતુ, વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી રહેલો છે. 'હૃદય'ની આસપાસની આંતરિક બીમારીનું સૂચન આ યોગ કરે છે, પરંતુ આ ગોચરનો યોગ, મૂળ તો જન્મનાં ગ્રહો દ્વારા પ્રાપ્ત થતી અસરને ઉત્તેજીત કરે છે, એટલે જો જન્મનાં ગ્રહો 'છાતી'ની આસપાસ અંદરની બીમારીનું સૂચન કરતા હોય અથવા જે 'જાતક' આવી માંદગી ધરાવતા હોય તેઓએ આરોગ્યની વિશેષ કાળજી લેવી જોઈએ. આ માદગી સંબંધી શસ્ત્ર-ક્રિયા કરાવવાની આવશ્યકતા જણાય તો પણ સંપૂર્ણ વિવેકપૂર્વક તેનો નિર્ણય લેવાવો જોઈએ.

કૌટુમ્બિક સુખ માટે:- તા. ૨૮-૧૧-૭૬થી ૧૧-૪-૭૭ સુધી તમારો કુટુંબાધિપતિ શનિ વક્રી છે. આ સમય દરમ્યાન તા. ૨૫-૩-૭૭થી ૧૧-૪-૭૭ સુધી તે પુષ્ય નક્ષત્રમાં વક્રી રહે છે, તા. ૧૧-૪-૭૭નાં માર્ગી થયા બાદ તા. ૨૮-૪-૭૭ સુધી પુષ્ય નક્ષત્રમાં તેનું ભ્રમણ તો રહે છે જ એટલે તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ સુધીનાં સમયમાં એક તરફથી વ્યક્તિગત રીતે તમને 'અક્કડ' રહેવાની ફરજ પડશે, તો બીજી તરફ કુટુંબના બીજા સભ્યો પણ તેઓનાં સ્વભાવ મુજબ અતડાપણું" દાખવશે. ત્યારબાદ તા. ૨૫-૭-૭૭ થી ૨૩-૮-૭૭ સુધી શનિનો અસ્ત છે. એટલે આ સમય પણ કૌટુમ્બિક જવાબદારી વધારનારો બની શકે છે. તા. ૧૮-૭-૭૭થી ગુરૂની અને તા. ૭-૯-૭૭થી શનિની દૃષ્ટિ તમારા કુટુંબસ્થાન પર રહેશે, જે વર્ષનાં અંત સુધી મળશે. ગુરૂ તમારી રાશિ પરત્વે શુભ ગણાતો નથી, પરંતુ નૈસર્ગિક શુભ ગ્રહ છે, શનિ નૈસર્ગિક શુભ ગ્રહ નથી, પરંતુ તમારો રાશિસ્વામી અને તમારો કુટુંબાધિપતિ છે, એટલે આ બેઉ ગ્રહોની દૃષ્ટિ અશુભ ફળ તો નહીં જ આપે. તા. ૨-૧૨-૭૬થી ૬-૨-૭૭ સુધીમાં કૌટુમ્બિક ખર્ચા કે જવાબદારી વધી શકે છે. તા. ૨૬-૨-૭૭ થી ૧૫-૩-૭૭ દરમ્યાન કુટુંબમાં નવા સભ્યનો ઉમેરો થવાની શક્યતા નકારી શકાય નહીં, અથવા કૌટુંબિક બેંક બેલેંસમાં વધારો થાય. તા. ૬-૬-૭૭થી ૨૩-૬-૭૭ દરમ્યાન કોઈક કૌટુમ્બિક સમસ્યા ઊંડો વિચાર માંગી લેશે, પરંતુ તા. ૭-૭-૭૭ પહેલાં તેનો યોગ્ય ઉકેલ મળી જશે. તા. ૭-૭-૭૭થી ૨૪-૭-૭૭ દરમ્યાન લગ્ન જેવાં કૌટુમ્બિક જોડાણોનો યોગ છે. તા. ૨૪-૭-૭૭થી ૩૦-૯-૭૭નો સમય કૌટુંમ્બિક મતભેદ કે બીજી રીતે 'છુટા પડવાની ક્રિયાનું સૂચન કરે છે, આ શુભ પણ હોઈ શકે છે અને દુન્યવી દૃષ્ટિએ અશુભ પણ હોઈ શકે છે, આ યોગનું સારા-નરસાપણું તેમજ તીવ્રતાનો મુખ્ય આધાર જન્મનાં ગ્રહો પર છે. જો આ સમયે જન્મનાં ગ્રહો વિશેષ 'અશુભ'નું સૂચન કરતા હશે તો અહીં તેવું પરિણામ મેળવશો, પરંતુ જન્મનાં ગ્રહો 'નિર્બળ' દાખવતા હશે તો, કોઈ ક્ષણિક ઘટના 'જળમાં લકીરની માફક અસર દાખવી જશે. ત્યારબાદ વર્ષનાં અંત સુધીમાં અથવા આવતા વર્ષે રહેઠાણની ફેરબદલી અથવા કૌટુમ્બિક કાર્ય અર્થે પ્રવાસની જરૂર જણાશે.

આર્થિક દૃષ્ટિએ:- વર્ષની શરૂઆતથી તા. ૯-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭ થી

૧૮-૭-૭૭ સુધી વૃષભનાં પાંચમાં ગુરુની લાભ સ્થાન પર દૃષ્ટિ છે. તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી મિથુનનાં છઠ્ઠા ગુરુની ધનસ્થાન પર દૃષ્ટિ છે. તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી ધનાધિપતિ શનિની ધનસ્થાન પર દૃષ્ટિ છે. લાભસ્થાનમાં નેપચ્યુન છે. નેપચ્યુન અતિમંદ ગ્રહ છે એટલે તેની અસર માટે સમયનો નાનો ગાળો નક્કી કરી શકાય નહીં, આ સિવાય તમારા ધનસ્થાન કે લાભસ્થાનમાંથી નોંધનીય ગ્રહનું ભ્રમણ વર્ષ દરમ્યાન થતું નથી. ગુરુ-શનિની દૃષ્ટિ જોઈતું મેળવી આપશે, પરંતુ ઊડીને આંખે વળગે તેટલી આવક કે સંગ્રહ માટે આ દૃષ્ટિ યોગ અપુરતો છે.

તા. ૫-૭-૭૭થી ૧૯-૭-૭૭ દરમ્યાન 'બોજારૂપ' બનતી નાણાંકીય જવાબદારી પુરી કરવા યોગ્ય સગવડ પ્રાપ્ત થશે. તા. ૩૦-૧૦-૭૭થી ૭-૧૧-૭૭નો સમય નોકરીઆતને આગળ વધવાની યોગ્ય તક પુરી પાડશે. તા. ૧૪-૮-૭૭થી ૨૬-૮-૭૭નાં સમયમાં સાહસિક-વ્યવસાયિક યોજના માટે જોઈતી લોન કે બીજી સગવડો મેળવવાનાં પ્રયત્નમાં સફળતા મેળવશો. વર્ષ દરમ્યાન 'આવક' કહી શકાય તેવું તા. ૨૪-૯-૭૭થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન પ્રાપ્ત થશે પરંતુ આ 'સૂક્ષ્મ' આવક હશે. તા. ૧-૧૨-૭૬થી ૧૨-૧૨-૭૬ દરમ્યાન 'આકસ્મિક લાભ' થશે. તા. ૨૩-૧૧-૭૬ થી ૨-૧૨-૭૬ નાં સમયમાં પ્રારબ્ધની અનુકૂળતાનાં કારણે ધનલાભ મેળવશો. તા. ૨૩-૧૦-૭૬થી ૨૯-૧૦-૭૬ દરમ્યાન મિલકત કે મિત્રોનાં સંબંધથી નાણાં મળશે. તા. ૧૪-૨-૭૭થી ૯-૩-૭૭ દરમ્યાન 'ચતુરાઈ' દ્વારા ધનસંગ્રહ કરવાનો યોગ છે. તા. ૩૦-૧૨-૭૬થી ૨૬-૧-૭૭ દરમ્યાન પણ ધનસંગ્રહની આકસ્મિક તક મેળવશો. આ રીતે નાની-સામાન્ય 'તકો' સિવાય વિક્રમ સંવત ૨૦૩૩નાં વર્ષમાં ધ્યાનાકર્ષક' ધનલાભ કે સંગ્રહ માટે ગ્રહોની વિશેષ અનુકૂળતા જણાતી નથી.

સ્થાવર સંપત્તિ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી ચોથા સ્થાનમાં મેષ રાશિમાં કેતુ રહેલો છે. આ સ્થાન પર તા. ૭-૯-૭૭ સુધી શનિની દૃષ્ટિ છે. સ્થાવર મિલકતની દૃષ્ટિએ વર્ષનો પૂર્વાર્ધ નોંધનીય ગણાય. શનિ કેતુની જોડી જૂના'ને સાચવી રાખવાની વૃત્તિ આપશે કે નવું મેળવી આપશે તે એક પ્રશ્ન છે. સામાન્ય સંજોગોમાં આ યોગ જે છે, તે પકડી રાખવાનું વલણ સૂચવે છે, પરંતુ જન્મનાં ગ્રહોની સહજ પણ અનુકૂળતા હશે તો, કંઈક નવું પણ પ્રાપ્ત કરી શકશો. તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી ગુરુ પણ આ સ્થાનમાં રહે છે.

તા. ૧૫-૧૨-૭૬થી ૨૮-૧૨-૭૬ અને તા. ૧૩-૪-૭૭થી ૨૭-૪-૭૭ દરમ્યાન કાનૂની ખટપટ કે વારસા જેવા સંબંધોથી તમે મિલકત મેળવી શકો છો. જો તમને મિલકતનાં સ્વામી બનવાનો મોહ હોય તો તા. ૬-૧૧-૭૬ થી ૧૫-૧૧-૭૬, તા. ૨-૧૨-૭૬થી ૧૧-૧૨-૭૬અને તા. ૩૦-૩-૭૭ થી ૮-૪-૭૭ દરમ્યાન તમારી ઇચ્છા પુરી થઈ શકે તેવાં ગોચર ગ્રહો છે, આ સમય દરમ્યાન સામાન્ય પ્રયત્નો દ્વારા 'લોન' મેળવી શકશો, પ્રારબ્ધની પણ અનુકૂળતા હોવાથી તમને નિષ્ફળતા નહીં મળે. તા. ૯-૧૧-૭૬થી ૨૦-૧૧-૭૬, તા. ૧૩-૧-૭૭ થી ૩૦-૧-૭૭ અને તા. ૯-૩-૭૭થી ૨૩-૩-૭૭ દરમ્યાન વાહન, મિલકત કે મોજશોખની રસવૃત્તિ પોષાય તેવી સગવડો (જેને મિલકત કહી શકાય) મેળવશો. તા. ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭નો સમય પણ સાચા અર્થોમાં જેને 'પ્રોપર્ટી' કહી શકાય તેની પ્રાપ્તિ માટે અનુકૂળ છે, આ રીતે વિક્રમ સંવત ૨૦૩૩નો પૂર્વાર્ધ 'સ્થાવર' પ્રાપ્તિ માટે આશાસ્પદ જણાય છે.

સ્ત્રીઓ માટે :- તમારો રાશિ સ્વામી શનિ વર્ષની શરૂઆતથી ૭-૯-૭૭ સુધી કર્કમાં સાતમે રહી, તમારી રાશિ અને શનિની 'સ્વ' રાશિ પર પૂર્ણ દૃષ્ટિ કરે છે. આ દૃષ્ટિયોગ ફરજના કારણે કઠોરતા અપનાવવાનું સૂચવે છે. સામાન્ય સંજોગોમાં સ્ત્રીઓ દયા, પ્રેમ અને કરુણાથી ભરપૂર હોય છે, પરંતુ આ વર્ષે ફરજની કઠોરતાના કારણે સ્ત્રી-સહજ ગુણ અને લાગણીને દબાવી દેવા પડશે. અપરિણીત બહેનો, જે પરણવાની ઇચ્છા ધરાવતી હશે, તેઓને તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ દરમ્યાન યોગ્ય તક મળશે, અલબત્ત આ તકનું પરિણામ તો તમારાં નિર્ણય પર આધાર રાખે છે, આ ફળ શનિ દ્વારા મળી રહ્યું છે, શનિ મંદગતિ ગ્રહ છે, સિવાય તા. ૨૮-૧૧-૭૬થી ૧૧-૪-૭૭ સુધી વક્રી છે, એટલે જો તમે નિર્ણય લેવામાં વિલંબ દાખવશો, તો આ તક માત્ર 'નિષ્ફળયોગ સાબિત થશે. તા. ૭-૯-૭૭થી શનિ આઠમો બનશે. જે વર્ષનાં અંત સુધી રહેશે. આ શનિ કેતુના મઘા નક્ષત્રમાં છે અને કેતુ ત્રીજા સ્થાનમાં મીન રાશિમાં છે. ત્રીજું અને આઠમું સ્થાન ભૌતિક દૃષ્ટિનું ફળ પ્રાપ્ત કરવા માટે અશુભ ગણાયા છે. પરંતુ "જે જેનું છે, તે તેને મળી રહે" એવા પ્રાકૃતિક કે સામાજીક ન્યાયની દૃષ્ટિએ 'સત્યફળ' આપનારા છે. આ એક એવી પ્રક્રિયા છે, જેને પ્રકૃતિની કઠોરતા પણ કહી શકાય અને પ્રકૃતિનો ન્યાય પણ કહી શકાય. સારાંશ એટલો જ છે, કે તમારો રાશિ સ્વામી શનિ, મૂળથી જ કર્મ-ફળનો સ્વામી, આ વર્ષે તમને નિમિત્ત બનાવી લાગણી કરતાં ફરજ મહાન છે, તેવું સાબિત કરશે. તમે તમારી ઊર્મિઓ, લાગણીઓ ઉપર જેટલો અંકુશ રાખી શકશો, એટલી ફરજ બજાવવાની વિશેષ સ્વાભાવિક અનુકુળતા રહેશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી વક્રી ગુરૂ અને તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી માર્ગી ગુરૂ તમારાં પાંચમાં સ્થાનમાં રહેશે. તા. ૭-૯-૭૭થી શનિની દૃષ્ટિ રહે છે. નેપચ્યુનની દૃષ્ટિ આખુ વર્ષ રહે છે. તા. ૧૬-૩-૭૭થી ૨૩-૮-૭૭ સુધી નેપચ્યુન વક્રી છે. ગુરૂ અહીં શુભ ફળ આપવા પૂર્ણ સમર્થ નથી, પરંતુ નૈસર્ગિક શુભ ગ્રહ હોવાનાં કારણે ઓછું નુકસાન કરશે, શનિની દૃષ્ટિનું ફળ શુભ ગણાયું નથી, પરંતુ તમારો રાશિ સ્વામી હોવાથી, અશુભ તો નહીં જ કરે. નેપચ્યુનનો દૃષ્ટિ સંબંધ 'તરંગી' બનાવશે. નેપચ્યુનની દૃષ્ટિ તમને કલ્પના શક્તિ પુરી પાડશે. પરંતુ પ્રથમનો વક્રી ગુરૂ સાકાર થઈ શકે નહીં તેવા ધ્યેયનો ઇશારો કરે છે, ત્યાર બાદ માર્ગી ગુરૂ તમને સહજ પીછેહઠ કરાવશે પરંતુ છેલ્લે શનિની દૃષ્ટિ વાસ્તવિકતાનું ભાન કરાવશે, આ દૃષ્ટિએ આ વર્ષનાં ગ્રહયોગોનો પૂર્ણ લાભ પ્રાપ્ત કરવો હોય તો, શરૂઆતથી જ મહત્વાકાંક્ષા પર કાબૂ રાખી શક્તિ મર્યાદાનો ખ્યાલ રાખી અભ્યાસને વળગી રહેવું જોઈએ, શનિની દૃષ્ટિ વર્ષને નિષ્ફળ નહીં જવા દે, પરંતુ આશાના મીનારા પહેલેથી ઊંચા રાખી પછી નીચા બાંધવા પડે, એ પરિસ્થિતિમાંથી ઉગરવું હોય તો, પહેલેથી જ ધીમી પ્રગતિનો ધ્યેય નક્કી કરવો જોઈએ, જેથી પાછળ 'હતાશાથી બચી શકાશે. તા. ૧૭-૧-૭૭થી ૩૦-૧-૭૭નો સમય મહત્ત્વપૂર્ણ જણાશે. આ સમયે વ્યવહારૂ નિર્ણય લેશો તો તે પૂર્ણ કરવાની અનુકુળતા મળી રહેશે.

વિશેષ વિગતો :- વર્ષની શરૂઆતથી તા. ૨૬-૧૨-૭૬ સુધી તમે જે વ્યવસાય કે કર્મ ક્ષેત્રમાં હશો, તેમાં તમારાં વર્તુળમાં પ્રથમ હરોળની વ્યક્તિ બનશો. વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી તમારા 'દિલ' ની હાલત વિચિત્ર રહેશે, તમને જોઈતું, લગભગ બધું જ પ્રાપ્ય હશે, છતાં દિલમાં એક 'ખાલી'પણું અનુભવશો, જે શબ્દના માધ્યમદ્વારા વ્યક્ત નહીં કરી શકાય. "બધું જ હોવા છતાં, કંઈ જ નથી" એવા પ્રકારનો આ અનુભવ હોઈ શકે છે. તા. ૨૫-૩-૭૭થી ૧૧-૪-૭૭ દરમ્યાન જેને 'લડત' કહી શકાય, એવા સંજોગોમાં ધકેલાઈ જવું પડશે, તા. ૧૧-૪-૭૭થી ૨૮-૪-૭૭નાં સમયનાં ગાળામાં આ લડતમાં વિજયી નીવડશો. તા. ૨૨-૮-૭૭થી તમારી આજુબાજુ એક નવી પ્રક્રિયા શરૂ થશે, જેમાં તમને તમારી સેવાનાં બદલારૂપે જે મળવું જોઈએ કે જે કદર થવી જોઈએ, તે નહીં થાય, પરિણામે તા. ૭-૯-૭૭થી તમારૂં વલણ બદલાશે. આ વલણ તમને 'નકારાત્મક' કાર્ય તરફ દોરી જશે, જેને 'બદલાની ભાવના' પણ કહી શકાય. આ ક્રિયા વિક્રમ સંવત ૨૦૩૪નાં પ્રારંભમાં પણ ચાલુ રહેશે. શક્ય હોય ત્યાં સુધી આ સમયે બદલાની ભાવના' જેવી, લાગણીથી મુક્ત રહેવું જોઈએ. અહીંની કાર્યપ્રણાલીથી તમને લાભ નહીં મળવાનો, પરંતુ બીજાઓને નુકસાન જરૂર થઈ શકે છે. તા. ૩-૯-૭૭થી સહુ કન્યા રાશિ, ઉત્તરા નક્ષત્રમાં ભ્રમણ કરશે, જે તમને 'પ્રારબ્ધ'ની જોડ જેવી ગતિમાં મુકશે, જેનો છેડો આ વર્ષમાં તો નહીં દેખાય, આવતા વર્ષ પર જોર મૂકતી રહી.

કુંભ (ગ. શ. ષ.)

વર્ષની શરૂઆતમાં તમારો રાશિ સ્વામી શનિ, છઠ્ઠા સ્થાનમાં છે. આ સ્થાનનો શનિ સારો ગણાયો છે, પરંતુ આ શનિ કર્ક રાશિમાં શત્રુક્ષેત્રી બને છે. તા. ૭-૯-૭૭ થી શનિ સિંહમાં તમારી રાશિથી સાતમે આવશે. તેની દ્રષ્ટિ તમારી રાશિ પર રહેશે. તે 'સંરક્ષક' નીવડશે આ રીતે શનિનું ભ્રમણ ઉપદ્રવકારી નથી, પરંતુ કર્ક અને સિંહ બેઉ શનિ માટે શત્રુ રાશિ હોવાથી વિક્રમ સંવત ૨૦૩૩નું આખું વર્ષ અણગમતી સ્થિતિમાં પસાર કરવું પડશે, કેટલીક વખત શત્રુઓની વચ્ચે ઘેરાઈ ગયા જેવી હાલત અનુભવશો. પરંતુ અંતિમ સ્થિતિ 'વિજયી' હશે. વર્ષારંભે ગુરૂ વૃષભમાં વક્રી છે. તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ મેષમાં રહેશે, આ ગુરૂની દ્રષ્ટિ તમારાં લાભસ્થાન પર આવશે, ત્યાર બાદ તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી, મિથુનનાં પાંચમાં ગુરૂની દ્રષ્ટિ પણ તમારાં લાભ સ્થાન પર રહેશે, લાભસ્થાનનો સ્વામી ગુરૂ હોવાથી આ સ્થાનમાંથી જે સમયે બીજા ગ્રહો પસાર થશે તે સમયે તમે લાભ મેળવી શકશો. વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી વૃષભનાં ગુરૂની તમારા દશમ કેન્દ્રમાં રહેલા નેપચ્યુન પર દ્રષ્ટિ રહેશે. જેને 'વિચિત્ર' રીત કહી શકાય. જે રીતે 'કર્મ' ની પ્રેરણા આ નેપચ્યુન દ્વારા પ્રાપ્ત થશે, ગુરૂની દ્રષ્ટિનાં કારણે નેપચ્યુન દ્વારા ઉદ્‌ભવતી વિચારસરણીને ટેકો મળશે, પરિણામે તમે એવા 'કર્મ'નાં પ્રવાહમાં ખેંચાશો, જે પાછળથી તમને 'ટીકાપાત્ર' બનાવે. આમ છતાં છઠ્ઠો અને સાતમો શનિ 'વ્યવહાર-મર્યાદા' નહી ઓળંગવા દે,

ભાગ્યમાં હર્ષલ અને રાહુ રહેલા છે. તા. ૪-૫-૭૭થી રાહુ કન્યાનો આઠમો બનશે, અને ત્યાં રહેલા પ્લુટો સાથે યુતિ કરશે. પ્લુટો આખું વર્ષ હસ્ત નક્ષત્રમાં રહે છે, રાહુ પણ તા. ૩-૯-૭૭થી હસ્ત નક્ષત્રમાં આવશે. આ સમયે કેતુ તમારા કુટુંબસ્થાનમાં હશે. વર્ષનાં પૂર્વાર્ધની રાહુ-હર્ષલની ભાગ્યસ્થાનમાં થતી યુતિ તમે સફળતાના રાહ પર ઝડપી પ્રવાસ કરી રહ્યા છો તેવો ભાસ ઉત્પન્ન કરશે. વર્ષનાં ઉત્તરાર્ધમાં પ્લુટો રાહુની આઠમા સ્થાનમાં થતી યુતિનાં કારણે તમે અનુભવશો કે આ પહેલા જેને તમે સફળતા માનતા હતા, તે ફક્ત 'ભાસ' હતો.

આ રીતે વિક્રમ સંવત ૨૦૩૩નાં વર્ષમાં રાહુ, હર્ષલ અને ગુરૂ તમને 'કલ્પના'નાં ચકડોળે ચઢાવશે. તમારી રાશિ પણ વાયુ તત્ત્વની હોવાથી આવી કલ્પનાને વાસ્તવિકતામાં પરિવર્તન કરવાનું સહજ જણાશે, પરંતુ તમારી રાશિ સ્થિર સ્વભાવની હોવાથી માત્ર વિચારશો, આચરશો નહીં, તેમ જ રાશિ સ્વામી શનિ અને પ્લુટો આ સ્થિરતાની તરફેણ કરશે, એટલે આખું, વર્ષ સહજ 'જાગૃતિ'થી કામ લેશો, તો શક્ય એવી કલ્પનાને સાકાર કરી શકશો. 'આકાશ કુસુમવત' કલ્પના ઉપર કાબૂ મેળવી શકશો.

તંદુરસ્તી માટે :- વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી રાશિ સ્વામી શનિ છઠ્ઠે છે. આ શનિ આરોગ્ય નબળું જરૂર રખાવશે, પરંતુ 'ચિંતાજનક માંદગી' નહીં આપે. પ્લુટો આખું વર્ષ આઠમા સ્થાનમાં છે. તા. ૪-૫-૭૭થી રાહુ પણ આ સ્થાનમાં આવે છે. શનિની આ સ્થાન પર તા. ૭-૯-૭૭ સુધી દ્રષ્ટિ રહેશે. ખાનપાનમાં ભુલ થવાથી અથવા બીજી રીતની બેદરકારીના પરિણામે 'ખોરાકી ઝેર' જેવી અસર આ યોગનાં કારણે સંભવી શકે છે. તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ તા. ૨૬-૬-૭૭ થી ૨-૭-૭૭ અને તા. ૨૨-૧૦-૭૭ થી ૩૦-૧૦-૭૭ દરમ્યાન આરોગ્યની વિશેષ કાળજી રાખવી આવશ્યક છે. તા. ૩-૩-૭૭થી ૨૦-૩-૭૭ અને ૧૧-૮-૭૭થી ૨૧-૯-૭૭ દરમ્યાન પ્રવાસમાં કે બીજી રીતે લાગવા પડવાની શક્યતા રહે છે.

કૌટુંબિક સુખ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૧૫-૧૧-૭૬ દરમ્યાન કૌટુંબિક શુભ પ્રસંગ યાત્રાનો યોગ છે. તા. ૧૪-૧-૭૭થી ૧૨-૨-૭૭ દરમ્યાન કૌટુંબિક ખર્ચાઓમાં વધારો થશે. તા. ૧૪-૩-૭૭ થી ૧૩-૪-૭૭નાં સમયે 'પ્રવાસ અને કુટુંબમિલન'નો આનંદ માણી શકશો. તા. ૮-૭-૭૭થી ૨૧-૮-૭૭ દરમ્યાન કુટુંબનાં કોઈ સભ્યને મિલકતનાં સ્વામી બનવાની તક મળશે. અથવા વિશેષ સુખના સાધનો પ્રાપ્ત થશે. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય કૌટુંબિક દ્રષ્ટિએ શાંતિ આપનાર જણાતો નથી' કુટુંબનાં સભ્યોનાં જન્મનાં વ્યકિતગત ગ્રહોનાં આધારે 'અશાંતિ' ની મર્યાદા રહેશે. સામાન્ય ક્ષણજીવી ખટપટ, કાયમી સંબંધ વિચ્છેદ કે પછી મૃત્યુનાં કારણે જુદાઈની શક્યતા નોંધી શકાય છે.

તા. ૧૬-૮-૭૭ થી ૩૦-૮-૭૭ દરમ્યાન લગ્ન જેવા સંબંધોનાં કારણે ક્રમચલાઉ કે કાયમી વ્યક્તિનો વધારો સંભવે છે. તા. ૬-૫-૭૭ થી ૨૧-૫-૭૭ અને ૨૪-૭-૭૭ થી ૨-૮-૭૭ નાં સમયમાં જન્મનાં ગ્રહોની અનુકૂળતા હોય તો સંતાન યોગ સંભવે છે.

આર્થિક દ્રષ્ટિએ.- તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી અને ૧૮-૭-૭૭ થી વર્ષનાં અંત સુધી લાભાધિપતિ ગુરૂની લાભ સ્થાન પર દષ્ટિ છે. તા. ૪-૫-૭૭ થી વર્ષના અંત સુધી ધન સ્થાનમાં કેતુ રહેલો છે, ધનસંગ્રહ માટે આ સ્થાનનો કેતુ યોગ્ય ગણાયો નથી. લાભસ્થાન પર ગુરૂની દ્રષ્ટિ અનુકુળ ફળ આપનાર હોવા છતા એ સ્થાનમાં નોંધનીય ગ્રહોનું ભ્રમણ નથી. વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી 'ઋણ' સ્થાનમાં શનિ છે, જે વિશેષ મહેનત દ્વારા મદદ મેળવી આપવા શકિતમાન છે. આ રીતે આખું વર્ષ ધનની આવક કે સંગ્રહની દષ્ટિએ અતિ ઉત્તમ જણાતું નથી. તા. ૧૯-૧૧-૭૬ થી ૨-૧૨-૭૬, તા. ૧૭-૩-૭૭ થી ૩૧-૩-૭૭ અને ૧૯-૭-૭૭ થી ૨-૮-૭૭ દરમ્યાન ભાગીદારી જેવા સંબંધો મારફત તમને નાણાંકિય સહાય મળશે. તા. ૧૫-૧૧-૭૬ થી ૨૩-૧૧-૭૬, તા. ૧૭-૩-૭૭ થી ૨૩-૩-૭૭ અને તા. ૯-૭-૬૭૭ થી ૧૬-૭-૭૭ દરમ્યાન નૈતિક કે કાનૂની જવાબદારી પૂરી કરવા માટે નાણાંની જરૂરત જણાશે. આ સમય થોડી મહેનત દ્વારા ઋણ મેળવી શકશો. તા. ૩૦-૧-૭૭ થી ૧૪-૨-૭૭, તા. ૧૩-૪-૭૭ થી ૮-૫-૭૭ અને તા. ૨૬-૮-૭૭ થી ૬-૯-૭૭ દરમ્યાન ધાર્મિક જવાબદારી, વડિલો પ્રત્યેની ફરજ કે અતિ અંગત મોજશોખની જરૂરિયાતો માટે પ્રયત્નપૂર્વક નાણાં મેળવશો. આ રકમ ઋણ કે ભેટનાં રૂપમાં પ્રાપ્ત થશે. તા. ૧૬-૧૧-૭૬ થી ૫-૧૨-૭૬ અને તા. ૨૩-૪-૭૭ થી ૧૧-૫-૭૭ નાં સમયમાં વ્યવસાયિક યોજનાઓ માટે ધનવાન વ્યકિતનો સહારો મેળવશો. નોકરીયાત વર્ગ માટે તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ નો સમય અનુકૂળ જણાશે. તા. ૧૬-૮-૭૭ થી ૩૦-૮-૭૭ નાં સમયમાં ભાગીદારી જેવા સંબંધો દ્વારા ધન સંગ્રહનો યોગ છે. પરંતુ જો તમે લાલચ પર કાબૂ નહી રાખી શકો તો, સોનાનાં ઈંડાં આપતી મરઘીનાં પેટ ચીરવા જેવી સ્થિતિ સર્જાશે.

તા. ૬-૫-૭૭ થી ૨૧-૫-૭૭ અને તા. ૨૪-૭-૭૭ થી ૨-૮-૭૭ નો સમય આકસ્મિક ધનલાભનું સૂચન કરે છે. આ સમયની પ્રાપ્તિ સંગ્રહ બની શકે છે, તા. ૨૯-૫-૭૭ થી ૧૩-૬-૭૭ અને તા. ૧૭-૯-૭૭ થી તા. ૨૮-૯-૭૭ દરમ્યાન અનુકૂળ ભાગ્ય જણાશે. જન્મનાં ગ્રહોની શકિત મુજબ અહીં ધનસંગ્રહ કરી શકશો. તા. ૨૮-૫-૭૭ થી તા. ૧૫-૬-૭૭ નો સમય ચાલુ વ્યવસાય કે રાજકિય બનાવો દ્વારા લાભ પ્રાપ્ત થવાનું સૂચવે છે. તા. ૭-૯-૭૭ થી વર્ષનાં અંત સુધી તમને નાણાં મળતા રહેશે, પરંતુ આ આવક એક હાથમાં આવશે, અને બીજે હાથે ખર્ચાઈ જશે. તા. ૨૦-૧૧-૭૬ થી ૧-૧૨-૭૬ અને તા. ૨૩-૩-૭૭ થી ૩૦-૩-૭૭ નો સમય પણ આર્થિક દષ્ટિએ વિશેષ અનુકળ ઘટનાઓ વાળો બની રહેશે.

સ્થાવર સંપત્તિ માટે:- તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી ગુરૂ વૃષભ રાશિમાં તમારાં ચોથા સ્થાનમાં રહેશે. આ પહેલાં વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી પણ ગુરૂ આ સ્થાનમાં જ રહેશે. તા. ૭-૯-૭૭ થી વર્ષનાં અંત સુધી આ સ્થાન પર શનિની દષ્ટિ છે. તા. ૬-૧૧-૭૬ થી ૧૬-૧૧-૭૬, તા. ૪-૩-૭૭ થી ૧૭-૩-૭૭ અને તા. ૫-૭-૭૭ થી તા. ૧૮-૭-૭૭ ના સમયમાં ભાગીદાર કહી શકાય તેવા સાથીદારોનાં સહકારનાં કારણે, સ્થાવર સંપત્તિ મેળવવાનો યોગ છે. તમે પૂર્વનાં 'ઋણાનુબંધ' માં માનતા હો કે ન માનતા હો, પરંતુ તા. ૬-૧૧-૭૬ થી તા. ૧૫-૧૧-૭૬, ૧૦-૩-૭૭ થી ૧૭-૩-૭૭ અને તા. ૨-૭-૭૭ થી ૯-૭-૭૭ દરમ્યાન મિલકત કહી શકાય તેવું પ્રાપ્ત કરશો, આ પ્રાપ્તિ માટે દેખીતું, તર્કયુક્ત કોઈ કારણ નથી, ફક્ત ઋણાનુબંધ હશે. ગોચર ગ્રહોની ફળ આપવાની શકિત,

૧૮-૭-૭૭ સુધી વૃષભનાં પાંચમાં ગુરુની લાભ સ્થાન પર દૃષ્ટિ છે. તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી મિથુનનાં છઠ્ઠા ગુરુની ધનસ્થાન પર દૃષ્ટિ છે. તા. ૭-૯-૭૭થી વર્ષનાં અંત સુધી ધનાધિપતિ શનિની ધનસ્થાન પર દૃષ્ટિ છે. લાભસ્થાનમાં નેપચ્યુન છે. નેપચ્યુન અતિમંદ ગ્રહ છે એટલે તેની અસર માટે સમયનો નાનો ગાળો નક્કી કરી શકાય નહીં, આ સિવાય તમારા ધનસ્થાન કે લાભસ્થાનમાંથી નોંધનીય ગ્રહનું ભ્રમણ વર્ષ દરમ્યાન થતું નથી. ગુરૂ-શનિની દૃષ્ટિ જોઈતું મેળવી આપશે, પરંતુ ઊડીને આંખે વળગે તેટલી આવક કે સંગ્રહ માટે આ દૃષ્ટિ યોગ અપુરતો છે.

તા. ૫-૩-૭૭થી ૧૯-૩-૭૭ દરમ્યાન 'બોજારૂપ' બનતી નાણાંકીય જવાબદારી પુરી કરવા યોગ્ય સગવડ પ્રાપ્ત થશે. તા. ૨૦-૧૦-૭૭થી ૭-૧૧-૭૭નો સમય નોકરીઆતને આગળ વધવાની યોગ્ય તક પુરી પાડશે. તા. ૧૪-૮-૭૭થી ૨૬-૮-૭૭નાં સમયમાં સાહસિક-વ્યવસાયિક યોજના માટે જોઈતી લોન કે બીજી સગવડ મેળવવાનાં પ્રયત્નમાં સફળતા મેળવશો. વર્ષ દરમ્યાન 'આવક' કહી શકાય તેવું તા. ૨૪૯-૭૭થી ૨૦-૧૦-૭૭ દરમ્યાન પ્રાપ્ત થશે પરંતુ આ 'સૂક્ષ્મ' આવક હશે. તા. ૧--૧૨-૭૬થી ૧૨-૧૨-૭૬ દરમ્યાન 'આકસ્મિક લાભ' થશે. તા. ૨૩-૧૧-૭૬ થી ૨-૧૨-૭૬ નાં સમયમાં પ્રારબ્ધની અનુકૂળતાનાં કારણે ધનલાભ મેળવશો. તા. ૨૩-૧૦-૭૬થી ૨૯-૧૦-૭૬ દરમ્યાન મિલ્કત કે મિત્રોનાં સંબંધથી નાણાં મળશે. તા. ૧૪-૨-૭૭થી ૯-૩-૭૭ દરમ્યાન 'ચતુરાઈ' દ્વારા ધનસંગ્રહ કરવાનો યોગ છે. તા. ૩૦-૧૨-૭૬થી ૨૬-૧-૭૭ દરમ્યાન પણ ધનસંગ્રહની આકસ્મિક તક મેળવશો. આ રીતે નાની-સામાન્ય 'તકો' સિવાય વિક્રમ સંવત ૨૦૩૩નાં વર્ષમાં ધ્યાનાકર્ષક' ધનલાભ કે સંગ્રહ માટે ગ્રહોની વિશેષ અનુકૂળતા જણાતી નથી.

સ્થાવર સંપત્તિ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી ચોથા સ્થાનમાં મેષ રાશિમાં કેતુ રહેલો છે. આ સ્થાન પર તા. ૭-૯-૭૭ સુધી શનિની દૃષ્ટિ છે. સ્થાવર મિલ્કતની દૃષ્ટિએ વર્ષનો પૂર્વાર્ધ નોંધનીય ગણાય. શનિ કેતુની જોડી જૂના'ને સાચવી રાખવાની વૃત્તિ આપશે કે નવું મેળવી આપશે તે એક પ્રશ્ન છે. સામાન્ય સંજોગોમાં આ યોગ જે છે, તે પકડી રાખવાનું વલણ સૂચવે છે, પરંતુ જન્મનાં ગ્રહોની સહજ પણ અનુકૂળતા હશે તો, કંઈક નવું પણ પ્રાપ્ત કરી શકશો. તા. ૮-૧૨-૭૬થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ પણ આ સ્થાનમાં રહે છે.

તા. ૧૫-૧૨-૭૬થી ૨૮-૧૨-૭૬ અને તા. ૧૩-૪-૭૭થી ૨૭-૪-૭૭ દરમ્યાન કાનૂની ખટપટ કે વારસા જેવા સંબંધોથી તમે મિલ્કત મેળવી શકો છો. જો તમને મિલ્કતનાં સ્વામી બનવાનો મોહ હોય તો તા. ૬-૧૧-૭૬ થી ૧૫-૧૧-૭૬, તા. ૨-૧૨-૭૬થી ૧૧-૧૨-૭૬અને તા. ૩૦-૩-૭૭ થી ૮-૪-૭૭ દરમ્યાન તમારી ઇચ્છા પુરી થઈ શકે તેવાં ગોચર ગ્રહો છે, આ સમય દરમ્યાન સામાન્ય પ્રયત્નો દ્વારા 'લોન' મેળવી શકશો, પ્રારબ્ધની પણ અનુકૂળતા હોવાથી તમને નિષ્ફળતા નહીં મળે. તા. ૯-૧૧-૭૬થી ૨૦-૧૧-૭૬, તા. ૧૭-૨-૭૭ થી ૩૦-૧-૭૭ અને તા. ૯-૩-૭૭થી ૨૩-૩-૭૭ દરમ્યાન વાહન, મિલ્કત કે મોજ-શોખની રસવૃત્તિ પોષાય તેવી સગવડો (જેને મિલ્કત કહી શકાય) મેળવશો. તા. ૨૩-૧૨-૭૬થી ૧૦-૧-૭૭નો સમય પણ સાચા અર્થોમાં જેને 'પ્રોપર્ટી' કહી શકાય તેની પ્રાપ્તિ માટે અનુકૂળ છે, આ રીતે વિક્રમ સંવત ૨૦૩૩નો પૂર્વાર્ધ 'સ્થાવર' પ્રાપ્તિ માટે આશાસ્પદ જણાય છે.

સ્ત્રીઓ માટે :- તમારો રાશિ સ્વામી શનિ વર્ષની શરૂઆતથી ૭-૯-૭૭ સુધી કર્કમાં સાતમે રહી, તમારી રાશિ અને શનિની 'સ્વ' રાશિ પર પૂર્ણ દૃષ્ટિ કરે છે. આ દૃષ્ટિયોગ ફરજના કારણે કઠોરતા અપનાવવાનું સૂચવે છે. સામાન્ય સંજોગોમાં સ્ત્રીઓ દયા, પ્રેમ અને કરૂણાથી ભરપૂર હોય છે, પરંતુ આ વર્ષે ફરજની કઠોરતાના કારણે સ્ત્રી-સહજ ગુણ અને લાગણીને દબાવી દેવા પડશે. અપરિણીત બહેનો, જે પરણવાની ઇચ્છા ધરાવતી હશે, તેઓને તા. ૨૫-૩-૭૭થી ૨૮-૪-૭૭ દરમ્યાન યોગ્ય તક મળશે, અલબત્ત આ તકનું પરિણામ તો તમારાં નિર્ણય પર આધાર રાખે છે, આ ફળ શનિ દ્વારા મળી રહ્યું છે, શનિ મંદગતિ ગ્રહ છે, સિવાય તા. ૨૮-૧૧-૭૬થી ૧૧-૪-૭૭ સુધી વક્રી છે, એટલે જો તમે નિર્ણય લેવામાં વિલંબ દાખવશો, તો આ તક માત્ર 'નિષ્ફળયોગ સાબિત થશે. તા. ૭-૯-૭૭થી શનિ આઠમો બનશે. જે વર્ષનાં અંત સુધી રહેશે. આ શનિ કેતુના મઘા નક્ષત્રમાં છે અને કેતુ ત્રીજા સ્થાનમાં મીન રાશિમાં છે. ત્રીજું અને આઠમું સ્થાન ભૌતિક દૃષ્ટિનું ફળ પ્રાપ્ત કરવા માટે અશુભ ગણાયા છે. પરંતુ "જે જેનું છે, તે તેને મળી રહે" એવા પ્રાકૃતિક કે સામાજીક ન્યાયની દૃષ્ટિએ 'સત્યફળ' આપનારા છે. આ એક એવી પ્રક્રિયા છે, જેને પ્રકૃતિની કઠોરતા પણ કહી શકાય અને પ્રકૃતિનો ન્યાય પણ કહી શકાય. સારાંશ એટલો જ છે, કે તમારો રાશિ સ્વામી શનિ, મૂળથી જ કર્મ-ફળનો સ્વામી, આ વર્ષે તમને નિમિત્ત બનાવી લાગણી કરતાં ફરજ મહાન છે, તેવું સાબિત કરશે. તમે તમારી ઊર્મિઓ, લાગણીઓ ઉપર જેટલો અંકુશ રાખી શકશો, એટલી ફરજ બજાવવાની વિશેષ સ્વાભાવિક અનુકુળતા રહેશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી વક્રી ગુરૂ અને તા. ૨૨-૨-૭૭ થી ૧૮-૭-૭૭ સુધી માર્ગી ગુરૂ તમારાં પાંચમાં સ્થાનમાં રહેશે. તા. ૭-૯-૭૭થી શનિની દૃષ્ટિ રહે છે. નેપચ્યુનની દૃષ્ટિ આખુ વર્ષ રહે છે. તા. ૧૬-૩-૭૭થી ૨૩-૮-૭૭ સુધી નેપચ્યુન વક્રી છે. ગુરૂ અહીં શુભ ફળ આપવા પૂર્ણ સમર્થ નથી, પરંતુ નૈસર્ગિક શુભ ગ્રહ હોવાનાં કારણે ઓછું નુકસાન કરશે, શનિની દૃષ્ટિનું ફળ શુભ ગણાયું નથી, પરંતુ તમારો રાશિ સ્વામી હોવાથી, અશુભ તો નહીં જ કરે. નેપચ્યુનનો દૃષ્ટિ સંબંધ 'તરંગી' બનાવશે. નેપચ્યુનની દૃષ્ટિ તમને કલ્પના શક્તિ પુરી પાડશે. પરંતુ પ્રથમનો વક્રી ગુરૂ સાકાર થઈ શકે નહીં તેવા ધ્યેયનો ઇશારો કરે છે, ત્યાર બાદ માર્ગી ગુરૂ તમને સહજ પીછેહઠ કરાવશે પરંતુ છેલ્લે શનિની દૃષ્ટિ વાસ્તવિકતાનું ભાન કરાવશે, આ દૃષ્ટિએ આ વર્ષનાં ગ્રહયોગોનો પૂર્ણ લાભ પ્રાપ્ત કરવો હોય તો, શરૂઆતથી જ મહત્વાકાંક્ષા પર કાબૂ રાખી શક્તિ મર્યાદાનો ખ્યાલ રાખી અભ્યાસન વળગી રહેવું જોઈએ, શનિની દૃષ્ટિ વર્ષને નિષ્ફળ નહીં જવા દે, પરંતુ આશાના મીનારા પહેલેથી ઊંચા રાખી પછી નીચા બાંધવા પડે, એ પરિસ્થિતિમાંથી ઉગરવું હોય તો, પહેલેથી જ ધીમી પ્રગતિનો ધ્યેય નક્કી કરો જોઈએ, જેથી પાછળ 'હતાશાથી બચી શકાશે. તા. ૧૭-૧-૭૭થી ૩૦-૧-૭૭નો સમય મહત્વપૂર્ણ જણાશે. આ સમયે વ્યવહારૂ નિર્ણય લેશો તો તે પૂર્ણ કરવાની અનુકુળતા મળી રહેશે.

વિશેષ વિગતો :- વર્ષની શરૂઆતથી તા. ૨૬-૧૨-૭૬ સુધી તમે જે વ્યવસાય કે કર્મ ક્ષેત્રમાં હશો, તેમાં તમારાં વર્તુળમાં પ્રથમ હરોળની વ્યક્તિ બનશો. વર્ષની શરૂઆતથી તા. ૪-૫-૭૭ સુધી તમારા 'દિલ' ની હાલત વિચિત્ર રહેશે, તમને જોઈતું, લગભગ બધું જ પ્રાપ્ય હશે, છતાં દિલમાં એક 'ખાલી'પણું અનુભવશો, જે શબ્દના માધ્યમદ્વારા વ્યક્ત નહીં કરી શકાય. "બધું જ હોવા છતાં, કંઈ જ નથી" એવા પ્રકારનો આ અનુભવ હોઈ શકે છે. તા. ૨૫-૩-૭૭થી ૧૧-૪-૭૭ દરમ્યાન જેને 'લડત' કહી શકાય, એવા સંજોગોમાં ધકેલાઈ જવું પડશે, તા. ૧૧-૪-૭૭થી ૨૮-૪-૭૭નાં સમયનાં ગાળામાં આ લડતમાં વિજયી નીવડશો. તા. ૨૨-૮-૭૭થી તમારી આજુબાજુ એક નવી પ્રક્રિયા શરૂ થશે, જેમાં તમને તમારી સેવાનાં બદલારૂપે જે મળવું જોઈએ કે જે કદર થવી જોઈએ, તે નહીં થાય, પરિણામે તા. ૭-૯-૭૭થી તમારૂં વલણ બદલાશે. આ વલણ તમને 'નકારાત્મક' કાર્ય તરફ દોરી જશે, જેને 'બદલાની ભાવના' પણ કહી શકાય. આ ક્રિયા વિક્રમ સંવત ૨૦૩૪નાં પ્રારંભમાં પણ ચાલુ રહેશે. શક્ય હોય ત્યાં સુધી આ સમયે બદલાની ભાવના' જેવી, લાગણીથી મુક્ત રહેવું જોઈએ. આવી કાર્યપ્રણાલીથી તમને લાભ નહીં મળવાનો, પરંતુ બીજાઓને નુકસાન જરૂર થઈ શકે છે. તા. ૩-૯-૭૭થી રાહુ કન્યા રાશિ, ઉત્તરા નક્ષત્રમાં ભ્રમણ કરશે, જે તમને 'પ્રારબ્ધ'ની એક એવી ગતિમાં મુકશે, જેમાં છેવટ આ વર્ષમાં તો નહીં દેખાય, આવતા વર્ષ પર મીટ માંડવી રહી.

કુંભ (ગ. શ. ષ.)

વર્ષની શરૂઆતમાં તમારો રાશિ સ્વામી શનિ, છઠ્ઠા સ્થાનમાં છે. આ સ્થાનનો શનિ સારો ગણાયો છે, પરંતુ આ શનિ કર્ક રાશિમાં શત્રુક્ષેત્રી બને છે. તા. ૭-૯-૭૭ થી શનિ સિંહમાં તમારી રાશિથી સાતમે આવશે. તેની દ્રષ્ટિ તમારી રાશિ પર રહેશે. તે 'સંરક્ષક' નીવડશે આ રીતે શનિનું ભ્રમણ ઉપદ્રવકારી નથી, પરંતુ કર્ક અને સિંહ બેઉ શનિ માટે શત્રુ રાશિ હોવાથી વિક્રમ સંવત ૨૦૩૩નું આખું વર્ષ અણગમતી સ્થિતિમાં પસાર કરવું પડશે, કેટલીક વખત શત્રુઓની વચ્ચે ઘેરાઇ ગયા જેવી હાલત અનુભવશો. પરંતુ અંતિમ સ્થિતિ 'વિજયી' હશે. વર્ષારંભે ગુરૂ વૃષભમાં વક્રી છે. તા. ૮-૧૨-૭૬ થી ૨૨-૨-૭૭ સુધી ગુરૂ મેષમાં રહેશે, આ ગુરૂની દ્રષ્ટિ તમારાં લાભસ્થાન પર આવશે, ત્યાર બાદ તા. ૧૮-૭-૭૭થી વર્ષનાં અંત સુધી, મિથુનનાં પાંચમાં ગુરૂની દ્રષ્ટિ પણ તમારાં લાભ સ્થાન પર રહેશે, લાભસ્થાનનો સ્વામી ગુરૂ હોવાથી આ સ્થાનમાંથી જે સમયે બીજા ગ્રહો પસાર થશે તે સમયે તમે લાભ મેળવી શકશો. વર્ષની શરૂઆતથી તા. ૮-૧૨-૭૬ સુધી અને તા. ૨૨-૨-૭૭થી ૧૮-૭-૭૭ સુધી વૃષભનાં ગુરૂની તમારા દશમ કેન્દ્રમાં રહેલા નેપચ્યુન પર દ્રષ્ટિ રહેશે. જેને 'વિચિત્ર' રીત કહી શકાય. તે રીતે 'કર્મ' ની પ્રેરણા આ નેપચ્યુન દ્વારા પ્રાપ્ત થશે, ગુરૂની દ્રષ્ટિનાં કારણે નેપચ્યુન દ્વારા ઉદ્‌ભવતી વિચારસરણીને ટેકો મળશે, પરિણામે તમે એવા 'કર્મ'નાં પ્રવાહમાં ખેંચાશો, જે પાછળથી તમને 'ટીકાપાત્ર' બનાવે. આમ છતાં છઠ્ઠો અને સાતમો શનિ 'વ્યવહાર-મર્યાદા' નહી ઓળંગવા દે,

ભાગ્યમાં હર્ષલ અને રાહુ રહેલા છે. તા. ૪-૫-૭૭થી રાહુ કન્યાનો આઠમો બનશે, અને ત્યાં રહેલા પ્લુટો સાથે યુતિ કરશે. પ્લુટો આખું વર્ષ હસ્ત નક્ષત્રમાં રહે છે, રાહુ પણ તા. ૩-૯-૭૭થી હસ્ત નક્ષત્રમાં આવશે. આ સમયે કેતુ તમારા કુટુંબસ્થાનમાં હશે. વર્ષનાં પૂર્વાર્ધની રાહુ-હર્ષલની ભાગ્યસ્થાનમાં થતી યુતિ તમે સફળતાના રાહ પર ઝડપી પ્રવાસ કરી રહ્યા છો તેવો ભાસ ઉત્પન્ન કરશે. વર્ષનાં ઉતરાર્ધમાં પ્લુટો રાહુની આઠમા સ્થાનમાં થતી યુતિનાં કારણે તમે અનુભવશો કે આ પહેલા જેને તમે સફળતા માનતા હતા, તે ફક્ત 'ભાસ' હતો.

આ રીતે વિક્રમ સંવત ૨૦૩૩નાં વર્ષમાં રાહુ, હર્ષલ અને ગુરૂ તમને 'કલ્પના'નાં ચકડોળે ચઢાવશે. તમારી રાશિ પણ વાયુ તત્ત્વની હોવાથી આવી કલ્પનાને વાસ્તવિકતામાં પરિવર્તન કરવાનું સહજ જણાશે, પરંતુ તમારી રાશિ સ્થિર સ્વભાવની હોવાથી માત્ર વિચારશો, આચરશો નહીં, તેમ જ રાશિ સ્વામી શનિ અને પ્લુટો આ સ્થિરતાની તરફેણ કરશે, એટલે આખું, વર્ષ સહજ 'જાગૃતિ'થી કામ લેશો, તો શક્ય એવી કલ્પનાને સાકાર કરી શકશો. 'આકાશ કુસુમવત' કલ્પના ઉપર કાબૂ મેળવી શકશો.

તંદુરસ્તી માટે :- વર્ષની શરૂઆતથી તા. ૭-૯-૭૭ સુધી રાશિ સ્વામી શનિ છઠ્ઠે છે. આ શનિ આરોગ્ય નબળું જરૂર રખાવશે, પરંતુ 'ચિંતાજનક માંદગી' નહીં આપે. પ્લુટો આખું વર્ષ આઠમા સ્થાનમાં છે. તા. ૪-૫-૭૭થી રાહુ પણ આ સ્થાનમાં આવે છે. શનિની આ સ્થાન પર તા. ૭-૯-૭૭ સુધી દ્રષ્ટિ રહેશે. ખાનપાનમાં ભૂલ થવાથી અથવા બીજી રીતની બેદરકારીના પરિણામે 'ખોરાકી ઝેર' જેવી અસર આ યોગનાં કારણે સંભવી શકે છે. તા. ૨૫-૩-૭૭ થી ૨૮-૪-૭૭ તા. ૨૬-૬-૭૭ થી ૨-૭-૭૭ અને તા. ૨૨-૧૦-૭૭ થી ૩૦-૧૦-૭૭ દરમ્યાન આરોગ્યની વિશેષ કાળજી રાખવી આવશ્યક છે. તા. ૩-૩-૭૭થી ૨૦-૩-૭૭ અને ૧૧-૮-૭૭થી ૨૧-૯-૭૭ દરમ્યાન પ્રવાસમાં કે બીજી રીતે લાગવા પડવાની શક્યતા રહે છે.

કૌટુંબિક સુખ માટે :- વર્ષની શરૂઆતથી તા. ૧૫-૧૧-૭૬ દરમ્યાન કૌટુંબિક શુભ પ્રસંગ યાત્રાનો યોગ છે. તા. ૧૪-૧-૭૭થી ૧૨-૨-૭૭ દરમ્યાન કૌટુંબિક ખર્ચાઓમાં વધારો થશે. તા. ૧૪-૩-૭૭ થી ૧૩-૪-૭૭નાં સમયે 'પ્રવાસ અને કુટુંબમિલન'નો આનંદ માણી શકશો. તા. ૮-૭-૭૭થી ૨૧-૮-૭૭ દરમ્યાન કુટુંબનાં કોઇ સભ્યને મિલકતનાં સ્વામી બનવાની તક મળશે. અથવા વિશેષ સુખના સાધનો પ્રાપ્ત થશે. તા. ૨૨-૮-૭૭થી વર્ષનાં અંત સુધીનો સમય કૌટુંબિક દ્રષ્ટિએ શાંતિ આપનાર જણાતો નથી' કુટુંબનાં સભ્યોનાં જન્મનાં વ્યકિતગત ગ્રહોનાં આધારે 'અશાંતિ' ની મર્યાદા રહેશે. સામાન્ય ક્ષણજીવી ખટપટ, કાયમી સંબંધ વિચ્છેદ કે પછી મૃત્યુનાં કારણે જુદાઈની શક્યતા નોંધી શકાય છે.

તા. ૧૬-૮-૭૭ થી ૩૦-૮-૭૭ દરમ્યાન લગ્ન જેવા સંબંધોનાં કારણે ક્ષણચલાઉ કે કાયમી વ્યકિતનો વધારો સંભવે છે. તા. ૬-૫-૭૭ થી ૨૧-૫-૭૭ અને ૨૪-૭-૭૭ થી ૨-૮-૭૭ નાં સમયમાં જન્મનાં ગ્રહોની અનુકૂળતા હોય તો સંતાન યોગ સંભવે છે.

